# મૂલાચાર્યવાણી

## ભક્તિરસ

ગોસ્વામી શ્યામમનોહર

# ॥ ભક્તિરસ ॥

( વાલ્લભદૃષ્ટિ )

ગોસ્વામી શ્યામ મનોહર

**પ્રકાશક :** ગોસ્વામી શ્યામ મનોહર
૬૩,સ્વસ્તિક સોસાયટી
૪થો રાસ્તો, જુહુસ્કીમ્
વિલે-પાર્લા, મુંબઈ ૪૦૦૦૫૬

**સહયોગ પ્રકાશન :** ૧.ઈન્દુબેન મનુભાઈ સૂચક, યોગીનગર,
બોરીવલી, મુંબઈ ૪૦૦૦૯૨.
૨.હિતેન્દ્ર મધુસૂદન શાહ, મહાવીરનગર
કાંદિવલી, મુંબઈ ૪૦૦૦૬૭
૩.રીટા દેવાંગ શાહ, બાભાઈ નાકા
બોરીવલી, મુંબઈ ૪૦૦૦૬૬

**પ્રથમસંસ્કરણ :** દશેરા વિ.સં.૨૦૭૬,
ઑક્ટોમ્બર્ સન્ ૨૦૨૦

**પ્રતિ :** ૧૦૦૦

**નિઃશુલ્કવિતરણાર્થ**

**મુદ્રક :** પૂર્વી પ્રેસ,
૧, લોહનગર, ગોંડલ રોડ,
રાજકોટ. ૩૬૦૦૦૨.

## પ્રાક્કથન

આ એક ગ્રન્થાકાર થઈ રહેલા પ્રકાશનમાં હકીકતમાં તો પાંચ નોખ-નોખા આલેખ કે પ્રવચનો સંકલિત કરવામાં આવી રહ્યા છે. આ સંકલન પાછળ મૂળ ઉદ્દેશ, આ પાંચે પાંચ, હવે પ્રકરણોનું પરસ્પરોપકાર હોવું છે. જોકે તે રીતે આયોજિત ન હોવાથી એક પ્રકરણ પછી આવતાં બીજાં પ્રકરણોમાં પૂર્વોત્તરભાવમાટે આવશ્યક સામાન્ય-વિશેષભાવ, હેતુહેતુમદ્દ્ભાવ, શંકા-સમાધાન જેવી સંગતિ ન પણ જડતી હોય છતાંય 'રસદષ્ટિની તરફેણ' આલેખથી રસદષ્ટિની પરિભાષા વિષયાન્વય અને વ્યાપ નો અંદાજ આવતાં રસાત્મક ભાવ-ભાવનાની પ્રાસંગિકતા સાધી શકાય. કેમકે રસભાવ કે રસભાવના બાહ્યાર્થનો કેવળ સાક્ષિભાવે અનુભવ અથવા તો કેવળ આન્તરિક અર્થની બાબતને બાહ્યાર્થથી અસ્પૃષ્ટ શેખચિલ્લીની કલ્પનાના વાયરા માની શકાતા નથી.

રસભાવ અથવા રસભાવના બાહ્યાર્થનો રસિક હૃદયના લહેરાતા ઉર્મિલભાવોને સંતોષપ્રદ થનાર પુનર્નિમાણ છે. એક એવું રસાત્મક પુનર્નિર્માણ જે ચર્મચક્ષુથી ન પણ થતું હોય પરન્તુ ભાવચક્ષુથી તેનાં અનુભાવોને અનુભવી શકાતું હોય છે.

જો સૈદ્ધાન્તિક રીતે આ વાત અમાન્ય હોય તો કોઈ પણ કવિતા કથા ચિત્ર મૂર્તિ નાટક કે ચલચિત્ર નો પાઠક કે દર્શક આનન્દ મેળવી જ ન શકે. એટલે પુષ્ટિભક્તિમાર્ગીય ભગવત્સેવામાં સ્વરૂપભાવના લીલાભાવના અને ભાવભાવના ની વિગત પાંચસો વર્ષોમાં ઘણી મહત્તા સ્વીકારવામાં આવી છે. તે છતાંય ભક્તિમાર્ગીય સિદ્ધાન્ત અને ભક્તિમાર્ગીય ભાવ-ભાવના ની વચ્ચે રહેલ એક ઝીણો તફાવત, દા.ત. દર્શનનો ઈતિહાસ અને ઈતિહાસ નું દર્શન અથવા વિજ્ઞાનનું દર્શન અને દર્શનનું વિજ્ઞાન, જે નજર બહાર ન રહેવો જોઈએ.

તેથી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય કહે છે **"ભાવો ભાવનયા સિદ્ધ: સાધનં નાન્યદ્ ઈષ્યતે"** એટલે ભક્તિની એક ધર્મસાધના રસભાવના અને લીલાભાવ માં વિકસિત કરવી હોય તો ભાવભાવનાનો ભગવત્સેવામાં આનુભાવિક મહત્ત્વ સમજી રાખવું જરૂરી છે. તો જ ભગવત્સેવા રસાનુભૂતિમાં ખીલી શકે. જે અન્તે ભગવલ્લીલારૂપ આ સૃષ્ટિમાં આપણી ભક્તિમાર્ગીય ભગવત્સેવાને ભગવલ્લીલામાં ઉદ્દાત્તીકૃત કરવા સક્ષમ થઈ શકશે.

આ પાંચે પ્રકરણોને સંકલન કરનાર સર્વ શ્રીમતી-શ્રી પદ્મિની-ધર્મેન્દ્ર ઝાલા, શ્રીમતી-શ્રી મનીષા-પરેશ શાહ, શ્રીઅતુલ્ય શર્મા તેમજ મુદ્રણ પ્રકાશનમાં સહયોગ આપનાર શ્રીપ્રવીણભાઈ ડઢાણિયા અને પીયૂષભાઈ ગોંધીયા તેમજ આર્થિક સહયોગ કરનાર શ્રીમતી ઈન્દુબેન સૂચક, શ્રીહિતેન્દ્ર શાહ, શ્રીમતી રીટાબેન શાહ, સહુનો હાર્દિક આભાર સ્વીકારતા...

દશેરા વિ.સં.૨૦૭૭ — ગોસ્વામી શ્યામમનોહર
મુંબઈ.

## વિષયાનુક્રમણિકા


| વિષય | પાનાનંબર |
|---|---|
| ૧.રસદષ્ટિની તરફેણમાં | ૧ |
| ધર્મમાં આપણી રસદષ્ટિ | ૫ |
| દર્શનમાં આપણી રસદષ્ટિ | ૧૩ |
| વિજ્ઞાનમાં આપણી રસદષ્ટિ | ૪૦ |
| કલામાં આપણી રસદષ્ટિ | ૫૩ |
| ૨.ભાવ-ભાવના | ૭૭ |
| ૩.ભક્તિરસ | ૧૦૬ |
| રસ શબ્દનાં વિવિધ અર્થો | ૧૦૬ |
| ભક્તિ શબ્દનાં અર્થો | ૧૦૬ |
| રસ શબ્દનો ઔપનિષદિક અર્થ | ૧૦૬ |
| ભરતમુનિદ્વારા 'રસ' શબ્દની પરિભાષા | ૧૦૮ |
| સ્થાયીભાવ માટે વાસનાની મહત્તા | ૧૦૯ |
| સ્થાયીભાવ જ રસરૂપ | ૧૧૨ |
| ભાવનો નિર્વાહ | ૧૧૩ |
| અષ્ટરસ | ૧૧૪ |
| ભક્તિ, 'રસ' ક્યારે? | ૧૧૫ |
| અશ્વઘોષ-અભિનવગુપ્તદ્વારા 'શાન્તભાવ'ની રસમાં ગણના | ૧૧૫ |
| ભાગવતદ્વારા ભક્તિને 'રસ'ની માન્યતા | ૧૨૧ |
| ભક્તિની વિવિધ પરિભાષા | ૧૨૪ |
| ભક્તિની ભાગવતોક્ત પરિભાષા | ૧૨૯ |
| મહાપ્રભૂપદિષ્ટ ભક્તિની પરિભાષા | ૧૩૦ |
| સેવાભિનયદ્વારા ભક્તિની રસરૂપતા | ૧૩૦ |
| ૪.ભગવત્સેવામાં રસાનુભૂતિ | ૧૩૪ |
| શરણાગતિ | ૧૪૦ |

| | |
|---|---|
| સમર્પણ | ૧૪૩ |
| ૫.લીલાવાદ આલ્ફાથી ઓમેગા | ૧૬૧ |
| ૬.ઉદ્ધરણતાલિકા | ૧૭૩ |

# ૧.રસદષ્ટિની તરફેણમાં

સ્થૂળમાં રહેલા સૂક્ષ્મને જાણવામાટે માનવીની બુદ્ધિમાં ચાલતી મથામણ એટલે દર્શન - તત્ત્વજ્ઞાન ( Philosophy ).

સૂક્ષ્મને જાણી લઈને બુદ્ધિને ગમતા બીબામાં સ્થૂળને ઢાળવાની મથામણ એટલે વિજ્ઞાન ( Science ).

સ્થૂળની ભીતર રહેલા સૂક્ષ્મને જાણવામાટેની માનવીના હૃદયની મહેલામણ એટલે ધર્મ ( Religion ).

સૂક્ષ્મને માણીને હૃદયને ગમતા બીબામાં સ્થૂળને ઢાળવાની મહેલામણ એટલે કલા ( Art ).

દર્શન સૂક્ષ્મને *જાણનાર દર્શક* પેદા કરવા માગે છે. ધર્મ સૂક્ષ્મને *માણનાર દર્શક* પેદા કરવા માગે છે. વિજ્ઞાન *બુદ્ધિને* ગમતા બીબામાં સ્થૂળને ઢાળનાર *સર્જક* પેદા કરવા માગે છે. કાવ્ય આદિ કલા *હૃદયને* ગમતા બીબામાં સ્થૂળને ઢાળનાર *સર્જક* પેદા કરવા માગે છે.

સૂક્ષ્મ અને સ્થૂળ, જાણવું અને માણવું, મથામણ અને મહેલામણ ના આવા વિરોધાભાસોની બાબતમાં 'બૃહદારણ્યકોપનિષદ્'માં એક મહાન વિચાર પ્રકટ કરવામાં આવ્યો છે. ઉપનિષદ્ કહે છે: "**દ્વે વાવ બ્રહ્મણો રૂપે મૂર્તં ચૈવ અમૂર્તં ચ મર્ત્યં ચ અમૃતં સ્થિતં ચ યત્ ચ સત્ ચ ત્યત્ ચ**" ( બૃહ.ઉપ.૨।૩।૧ ) અર્થાત્ બ્રહ્મ ( પરમાત્મા ) નાં બે રૂપો છે: મૂર્ત - અમૂર્ત, મર્ત્ય - અમૃત, સ્થાયી - સંચારી અને પ્રત્યક્ષ - પરોક્ષ.

સૂક્ષ્મ - સ્થૂળ, મૂર્ત - અમૂર્ત, જડ - ચેતન, નશ્વર - અનશ્વર, સુખ - દુ:ખ, દ્વૈત - અદ્વૈત વગેરે વિરોધભાસોની વાતો સાંભળતાં જ્યારે

મહાન તત્ત્વચિન્તકો પણ ચકરાઈ જાય છે, તેમને આવા બધા વિરોધાભાસો મિથ્યા - માયિક - ભયંકર લાગતા હોય છે, ત્યારે ઉપનિષદ્ કેટલી સહજતાથી આવા પરસ્પર વિરોધી જણાતાં બન્ને રૂપોને એક જ બ્રહ્મના બે રૂપો તરીકે બિરદાવે છે **''દ્વે વાવ બ્રહ્મણો રૂપે''**!

ઉપનિષદ્ પોતે એક પ્રશ્ન ઉપસ્થિત કરે છે: મૂર્ત - અમૂર્ત જેવાં વિવિધ વિરોધાભાસી રૂપો જો બ્રહ્મનાં કેવળ બે રૂપો જ હોય, તો બ્રહ્મ પોતે શું છે?

પ્રશ્નનો ઉત્તર આપતા ઉપનિષદ્ માનવીના હૃદય કે બુદ્ધિ, બેમાંથી કોઈને પણ કુગાવવા કે ફગાવવા માગતું નથી. તેથી જ સાહજિકતાથી તે જવાબ આપે છે: **''અથાત આદેશો 'ન'ઈતિ 'ન'ઈતિ નહિ એતસ્માદ્ ઈતિ 'ન'ઈતિ અન્યત્ પરમ્ અસ્તિ!''** (બૃહ.ઉપ.૨।૩।૬) કેવળ મૂર્તને બ્રહ્મ માની લેવાનું ઉપનિષદ્‌ને ગમતું નથી, તેમ કેવળ અમૂર્તને પણ બ્રહ્મ માની લેવાનું તેને ગમતું નથી, તેથી તે ''નેતિ નેતિ'' કહે છે. તે જ પ્રમાણે કેવળ મર્ત્યને અથવા કેવળ અમૃતને પણ બ્રહ્મ માની લેવું જોઈએ નહિ. કેવળ સત્ (વ્યક્ત - પ્રત્યક્ષ) ને અથવા કેવળ ત્યત્ (અવ્યક્ત - પરોક્ષ) ને પણ કદી સત્ય ન માની લેવાય.

ત્યારે આપણને પ્રશ્ન થશે: સત્ય કોને કહેવાય? ઉપનિષદ્ તેનું સમાધાન આપે છે: **''અથ નામધેયં સત્યસ્ય સત્યમ્ ઈતિ''** (બૃહ.ઉપ.૨।૩।૬) જ્યારે સત્ (વ્યક્ત) અને ત્યત્ (અવ્યક્ત) બન્ને મળે, ત્યારે જ ''સ + ત્ય = સત્ય'' બને છે. સત્‌થી ત્યત્‌ને અથવા ત્યત્‌થી સત્‌ને છૂટાં કરવા જતાં ક્યારે પણ સત્ય જડવાનું નથી.

આ જ પ્રમાણે મૂર્ત - અમૂર્ત, મર્ત્ય - અમૃત, અને સ્થાયી - સંચારીને

પણ જો આપણે એક બીજાથી છૂટા પાડીને જોવા વિચારીશું, તો ઉપનિષદ આપણને આદેશ આપે છે: **"નેતિ! નેતિ!"**.

આવા વિવિધ વિરોધાભાસોની સમગ્રતા એ જ બ્રહ્મ છે. સમગ્ર તત્ત્વ સત્ય છે. તેનાં જુદાં-જુદાં પાસાઓ અર્ધસત્ય છે, અસત્ય નથી.

અમૂર્તને મૂર્તમાં, અમૃતને મર્ત્યમાં, ગતિને સ્થિતિમાં અથવા અવ્યક્તને વ્યક્તમાં જાણવાની બૌદ્ધિક મથામણદ્વારા, જે સમગ્રતા કે જે સત્યની શોધ દર્શન અને વિજ્ઞાન કરવા માગે છે, તે જ સમગ્રતાને કે સત્યને ધર્મ અને કાવ્ય આદિ કલા પણ શોધે છે. સત્યને શોધવાની કે સમગ્રતાને મેળવવાની દિશા ધર્મ અને કાવ્યાદિ કલાની નોખી છે. ધર્મ અને કાવ્યાદિ કલા મૂર્તને અમૂર્તમાં, મર્ત્યને અમૃતમાં, સ્થિતિને ગતિમાં અને વ્યક્તને અવ્યક્તમાં હૃદયની મહેલામણદ્વારા માણીને સમગ્રતા પ્રાપ્ત કરવા માગે છે, સત્યને શોધવા માગે છે.

દાર્શનિક કે ધાર્મિક, વૈજ્ઞાનિક હોય કે કલાકાર જે સમગ્રતાને અનુભવી શકતો નથી તેને સત્ય જડતું નથી. જેને સત્ય જડતું નથી તે બ્રહ્મને પિછાણી શકતો નથી. જે બ્રહ્મને પિછાણી શકતો નથી તેવા દાર્શનિકના દર્શનમાં, ધાર્મિકના ધર્માચરણમાં, વૈજ્ઞાનિકના વિજ્ઞાનમાં કે સાહિત્યકારના સાહિત્યમાં રસ પ્રકટ થતો નથી. કારણ, રસ સ્વયં બ્રહ્મ છે **"રસો વૈ સઃ"** (તૈત્તિ.ઉપ.૨.૭) જેણે રસ અનુભવ્યો નથી તે આનન્દી બની શકતો નથી. **"રસં હ્યેવ અયં લબ્ધ્વા આનન્દી ભવતિ"** (તૈત્તિ.ઉપ.૨.૭).

અહીં આપણને પ્રશ્ન થશે: આ રસ કેવી રીતે પ્રકટ થાય? રસનિષ્પત્તિના ઉપાય કે પ્રકાર કયા? રસાનિભૂતિનો અધિકારી કોણ?

આપણા ભારતવર્ષમાં ૧. વેદોની સંહિતા બ્રાહ્મણ આરણ્યક ગ્રન્થોમાં તેમજ સ્મૃતિ ધર્મસૂત્ર પુરાણ તન્ત્ર આગમ આદિ ગ્રન્થોમાં મળતા ધર્મનિરૂપણમાં; ૨. ઉપનિષદ્ બ્રહ્મસૂત્ર ગીતા ભાગવત્ વગેરેમાં મળતા તત્ત્વચિન્તનમાં; ૩. આયુર્વેદ જ્યોતિષ ભાષાવિજ્ઞાન યોગશાસ્ત્ર વગેરે વિજ્ઞાનની વિકસિત શાખાઓમાં; તેમજ ૪. રામાયણથી શરૂ કરીને મધ્યકાલીન પ્રત્યેક પ્રાન્તીય ભાષાઓના સાહિત્યમાં વ્યક્ત થતી આપણી રસદૃષ્ટિમાં જવલ્લે જ ઝામર પડતાં દેખાશે!

પરન્તુ આધુનિક યુગમાં પાશ્ચાત્ય સંસ્કૃતિના ઉચ્છ્વાસનો અંગારવાયુ (કાર્બન્ ડાયોક્સાઈડ્) આપણા ધાર્મિક દાર્શનિક વૈજ્ઞાનિક અને સાહિત્યિક વાતાવરણમાં વધી રહ્યો છે. તથા તેનું પ્રદૂષણ (Pollution) પણ વધી ગયું છે, પરિણામે આપણી ભારતીય સંસ્કૃતિની પ્રાણ સમી રસદૃષ્ટિમાં પ્રાણવાયુનું પ્રમાણ ઘટવા માંડયું છે. ધાર્મિક દાર્શનિક વૈજ્ઞાનિક અને સાહિત્યિક ક્ષેત્રોમાં એ વાતાવરણને જો પાછું શુદ્ધ અને સ્વચ્છ બનાવવું હોય તો તે રસદૃષ્ટિને ફરીથી સરખી રીતે જાણી લેવી ખૂબ જ જરૂરી છે.

**ધર્મમાં આપણી રસદષ્ટિ:**

કોઈ પણ વસ્તુનું સરખી રીતે જ્ઞાન મેળવવું હોય તો તેની પરિભાષા અને તેનાં પ્રમાણ નું જ્ઞાન હોવું આવશ્યક છે.

આપણે ત્યાં ધર્મની સરસ પરિભાષા આપવામાં આવી: **"યત: અભ્યુદય-નિ:શ્રેયસ-સિદ્ધિ: સ: ધર્મ:"** (કાણા.સૂ.૧૧૧૨) અર્થાત્ જેનાથી અભ્યુદય અને નિ:શ્રેયસ બન્ને સિદ્ધ થતાં હોય તેને 'ધર્મ' કહેવાય.

અભ્યુદય આધિદૈવિક હોય છે જ્યારે નિ:શ્રેયસ આધ્યાત્મિક હોય છે. જીવનને ખીલવવાની કલાથી અભ્યુદય સિદ્ધ થાય છે. આત્માને ખીલવવાની કલાથી નિ:શ્રેયસ સિદ્ધ થાય છે. જીવનમાં દિવ્યતા પ્રકટે ત્યારે અભ્યુદયસિદ્ધિ મળી એમ કહેવાય.

તેથી જ મૃત્યુના અધિદેવ યમરાજને આપણે ત્યાં પ્રાણ કે જીવન ના અધિદેવ સૂર્યના પુત્ર રૂપે માન્ય કરવામાં આવે છે. આપણી ભીતર રહેલી કામ ક્રોધ લોભ મોહ મદ મત્સર ની મનોવૃત્તિ ઉપર મૃત્યુ પર્યન્ત જેને ધર્મવૃત્તિથી કાબૂ મેળવવામાં સફળતા સાંપડતી નથી તેને મૃત્યુ સમયે તેના અધિદેવના દર્શન 'યમરાજ'ના રૂપમાં થાય છે. કામ-ક્રોધાદિમૂલક અપૂર્ણ કામનાઓ જ્યારે જીવનને લંબાવવા તલપાપડ થતી હોય ત્યારે તેમનું નિયમન યમરાજ કરી દે છે. પરન્તુ જેણે ધર્મમય જીવન વ્યતીત કર્યું હશે તેને મૃત્યુના અધિદેવ 'યમરાજ' નહિ પણ 'ધર્મરાજ' જ લાગશે. તેથી યમરાજને 'ધર્મરાજ' પણ કહેવામાં આવ્યા છે.

જેનાથી જીવનમાં અભ્યુદય સાધી શકાય, પણ તે અભ્યુદયની સિદ્ધિના મૂલ્યરૂપે જો આત્મા હણાતો હોય તો તે ધર્મ નથી. તેમજ આત્માના નિ:શ્રેયસમાટે જેમાં અભ્યુદયની સદન્તર ઉપેક્ષા જ કરવી પડતી હોય તો તેને પણ 'ધર્મ' ન કહેવાય.

જીવનને જીવવાની અને અન્તે મરવાની પણ જે કલા આપણને આપણા વેદાદિ શાસ્ત્રોએ શીખવી છે તે શાસ્ત્રો ધર્મના સાચા સ્વરૂપને સમજવા માટેનું સાધન કે પ્રમાણ છે. **"વેદપ્રણિહિતો ધર્મો હિ અધર્મઃ તદ્વિપર્યયઃ"** (ભાગ.પુરા.૬।૧।૪૦) આ બાબતમાં કેટલી સુન્દર વ્યવસ્થા આપવામાં આવી! જો ધર્મનું સ્વરૂપ સમજવું હોય તો તે શ્રુતિઓ થકી સમજવું કે તેના અર્થોનું ઋષિઓએ સ્મરણ કર્યું તે સ્મૃતિઓ થકી સમજવું જોઈએ.

ધર્મના સ્વરૂપને સરખી રીતે સમજ્યા પછી, તેને જીવનમાં ઉતારવાની સિફત, પ્રાચીન કે વર્તમાન મહાપુરુષો કે જેમણે પોતાના જીવનના ઘડતરમાં શાસ્ત્રીય જ્ઞાન અને શીલ બન્ને જાળવ્યાં છે તેમના આચરણમાંથી અને પોતાના અન્તરાત્માની પ્રેરણા થકી કેળવવી જોઈએ. **"વેદોખિલો ધર્મમૂલં સ્મૃતિશીલે ચ તદ્વિદામ્, આચારશ્ચૈવ સાધૂનામ્ આત્મનઃ તુષ્ટિરેવ ચ"** (મનુસ્મૃ.૨।૬).

આપણે કદી પણ મનુષ્યજીવનને એકાંગી દૃષ્ટિકોણથી જોયું ન હતું. ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારેયને 'પુરુષાર્થ' તરીકે બિરદાવવાની આપણી રીતિથી આ હકીકત સમજી શકાય છે. ઋષીઓએ વનમાં રહીને જ, ધર્મશાસ્ત્ર અને મોક્ષશાસ્ત્ર ની જેમ અર્થશાસ્ત્ર અને કામશાસ્ત્ર નું પણ ચિન્તન અને નિરૂપણ કર્યું છે! ઋષિઓએ **"દ્વે વાવ બ્રહ્મણો રૂપે"**નો સિદ્ધાન્ત જાણ્યો હતો, માણ્યો હતો અને તેઓએ તે સિદ્ધાન્તને જીવ્યો પણ હતો. ઋષિઓમાટે ધર્મ કેવળ કોરી પૂજાપ્રણાલી ન હતો. તેથી ગીતામાં **"ધર્માઽવિરુદ્ધો ભૂતેષુ કામો અસ્મિ"** (ભગ.ગીતા ૭।૧૧) એમ કહેતાં ભગવાન્ અચકાતા નથી.

આજે 'કર્મકાંડ' કે 'પૂજાપ્રણાલી' જેવા અમુક ધાર્મિક શબ્દોને આપણે નિન્દાવાચક શબ્દોના રૂપમાં વાપરતા થયા છીએ તેથી આપણા ધાર્મિક 'કર્મકાંડ' કે 'પૂજાપ્રણાલી' માં રહેલી આપણી અસલ રસદૃષ્ટિને

સમજવા આપણે આજે સમર્થ નથી. તેથી હવે આપણે પણ એમ કહેતા થઈ ગયા છીએ કે પર્વત નદી વૃક્ષ પશુ પક્ષી પથ્થર કે ધાતુની મૂર્તિ માં દેવબુદ્ધિ રાખીને પૂજાનું કર્મકાંડ કરવું તે આપણી અવિકસિત અસભ્ય જંગલી અવસ્થામાં ઉદ્ભવેલી અન્ધશ્રદ્ધાને આભારી છે!

માલિકની નજરમાં પોતાની જાતને યોગ્ય ઠરાવવા, જેમ ગુલામો પોતાની જાતને ઘસી નાખતા, તેમ આપણે પણ આપણા ધર્મમાં રહેલી આપણી પવિત્ર શ્રદ્ધાને અન્ધશ્રદ્ધા માનીને આપણી સાંસ્કૃતિક અસ્મિતાને ઘસી નાખી છે. કેમકે યુરોપના ગોરા સાહેબો આપણને 'પેગાન'ની ગાળ ભાંડતા હતા!!

સૂક્ષ્મને સ્થૂળમાં માણવાની, અમૂર્તને મૂર્તમાં માણવાની, અમૃતને મર્ત્યમાં માણવાની, પરોક્ષને પ્રત્યક્ષમાં માણવાની આપણી સુન્દર સુઘડ અને અક્ષુડ શ્રદ્ધા, તેથી જ આજે ઘરડી થઈ રહી છે.

જગતનાં સર્જન પાલન અને સંહાર માટે એક જ પરમાત્માનાં ત્રણ રૂપો આપણને માન્ય હતાં. બ્રહ્મા વિષ્ણુ અને રુદ્ર ની ત્રણ મૂર્તિઓનાં દ્વૈતમાં એક અમૂર્ત અદ્વૈત પણ આપણને માન્ય હતું જ. શૈવ અને વૈષ્ણવ સમ્પ્રદાયોમાં કોઈક વખતે કલહ પણ થયો હશે. પણ બન્નેમાંથી એક પણ સમ્પ્રદાયે પોતાના ઈષ્ટદેવના રૂપથી ભિન્ન બીજા દેવોના રૂપને કદી શેતાન કે માયા ના રૂપો નહોતાં ગણ્યાં. શૈવોમાટે વિષ્ણુ જેમ પરમાત્માનું અવર (બીજું) રૂપ હતું, તેમ વૈષ્ણવોમાટે શિવ પણ પરમાત્માનું જ એક અવર રૂપ હતું. બેમાં મુખ્ય કોણ તે બાબતમાં કદાચ ભક્તિના અતિરેકથી વિવાદ થયો હશે. પણ શૈવોએ કે વૈષ્ણવોએ શિવની કે વિષ્ણુની મૂર્તિઓને કદી પથ્થરની ગણીને ખંડિત કરી નથી. કદાચ દર્શન કરવા મન્દિરે ન પણ જતા હોઈએ, છતાં બીજા સમ્પ્રદાયોનાં મન્દિરો તોડવાની

વાત આપણા સાંસ્કૃતિક ઈતિહાસમાં જડતી નથી! દ્વૈતમાં અદ્વૈતને, સામ્પ્રદાયિક ભેદોમાં પરમાત્માના અભેદને માણવાથી જ આ સમ્ભવ્યું હતું! આ હતી આપણી ધર્મમાં રસદષ્ટિ.

પૃથ્વી પરના પર્વત નદી કે વૃક્ષ વગેરેને પૂજવામાં પણ આપણી આ જ રસદષ્ટિ ઝળકતી હતી. પરમાત્માના પાલકરૂપ વિષ્ણુની પત્ની તરીકે આપણે પૃથ્વીને આદર આપતા હતા. **''વિષ્ણુપત્ની !નમસ્તુભ્યં પર્વતસ્તનમણ્ડિતે''** . આ પૃથ્વી પર જન્મવું કે જીવવું તે મમતામયી માતાના ખોળામાં રમવા કે આરામ કરવા જેવી સહજ, સુખદ વાત હતી. **''માતા ભૂમિઃ પુત્રોહં પૃથિવ્યાઃ''**. ગોરા સાહેબોની ધાર્મિક માન્યતા મુજબ સ્વર્ગથી અધઃપતનના ધરાતલ રૂપે કદી પણ આપણે આ ભૂતલને ધિક્કાર્યું નહોતું.

પૃથ્વી પરના પર્વતો આપણને પૃથ્વીનાં સ્તન જેવા લાગતા હતાં. **''મધ્યે શ્યામઃ સ્તનઈવ ભુવઃ શેષવિસ્તારપાણ્ડુઃ''** ( મેઘદૂત : ૧૮ ) તે પર્વતોમાંથી પ્રકટ થતી નદીઓની જલધારા આપણામાટે અમીરસ વહાવનારી સ્તન્યધારા જેવી હતી. **''નમોસ્તુ યમુને સદા તવ ચરિત્રમ્ અત્યદ્‌ભુતમ્, ન જાતુ યમયાતના ભવતિ તે પયઃ પાનતઃ''** ( યમુનાષ્ટક.૬ ). વૃક્ષ - વેલીઓની વનરાજીઓ, પોતાના બાળકને સ્તનપાન કરાવતાં પુલકિત થતી માતાની રોમાવલીઓ સમી હતી. કોઈક હૃદયહીન નરપશુ જ આને 'અન્ધશ્રદ્ધા' કહી શકે. કારણ કે આ તો આપણો આપણી માતામાટેનો નિશ્છલ સહજ સ્નેહ જ હતો.

ભૂતલપર આપણો ભવ કોઈક શેતાનના ભરમાવવાથી નથી થયો પણ ભગવાન્ વિષ્ણુ અને ભગવતી પૃથ્વીની પરસ્પરની પ્રણયક્રીડાની તે એક મધુર પરિણતિ છે. તેથી જ ભૂમિના અંગ - પ્રત્યંગોમાં આપણને પૂજ્યભાવ અને સાચું કહીએ તો તેથીય વધુ માતૃભાવાત્મક સ્નેહ જ હતો.

એ તો આપણા ગોરા સાહેબોની ધારણા હતી કે આરમ્ભમાં આપણે આપણા પવિત્ર પિતાની સાથે સ્વર્ગના પવિત્ર ઉદ્યાનમાં રહેતાં હતા. પછી શેતાને આપણને ભરમાવીને પરમ પિતા પરમેશ્વરની સાથે રહેવામાટે આપણને અયોગ્ય અપવિત્ર પાપી બનાવી દીધા. તેથી આપણને ધરાતલ ઉપર ધકેલવામાં આવ્યા. આવી ધારણાના પરિણામે ધરિત્રીના અંગ-પ્રત્યંગો સમા પર્વત નદી વૃક્ષો વગેરેની પૂજા તેમને જંગલિયત લાગે તે સાવ સ્વાભાવિક છે. પણ આપણા ગળે તેમની આ વાત શા માટે ઊતરી ગઈ તે સમજાતું નથી!

પૃથ્વીના ગર્ભમાં સ્થિત ધાતુઓ કે શિલાઓમાં પરમાત્માનું વીર્ય કે સામર્થ્ય રહેલું છે. તેથી જે શિલામયી કે ધાતુમયી મૂર્તિમાં પોતાના ઈષ્ટદેવનો આકાર ઉભારેલો હોય તેમાં સચ્ચિદાનન્દ પરમાત્માના અસ્તિત્વ ચૈતન્ય આનન્દ અને અદ્વૈત આપણને માન્ય હતાં. એટલે કૃપાળુતા ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય જેવા બીજા દિવ્ય ભગવદ્ગુણોને પણ આપણે માણી શકતા હતા. જો પરમાત્મા પોતે વ્યાપક હોય અને તેમનાં જ્ઞાન બળ ઐશ્વર્ય આનન્દ અને અદ્વૈત પણ વ્યાપક હોય તો તે શું મૂર્તિને બાદ કરીને બાકીના બ્રહ્માંડમાં વ્યાપક થતાં હશે?

ગોરા સાહેબોએ આપણને ગાળો ભાંડી: "Idol worshippers, Black Indians!!" (મૂર્તિપૂજક, કાળા હિન્દુસ્તાનીઓ). આપણે આપણો કાળો રંગ તો ભૂંસી શક્યા નહિ, પણ આપણા આદર્શો (Ideals) અને (Idols) મૂર્તિઓ માં રહેલી આપણી શ્રદ્ધાને આપણે ભૂંસી નાખી છે?

પરન્તુ વાસ્તવિક એ છે કે આ પૃથ્વીપર કેવળ આપણે જ ઉદ્ભવ્યા નથી. આપણે ત્યાં તો મત્સ્ય કચ્છપ વારાહ વગેરે અનેક પ્રાણીઓના રૂપમાં પણ પરમાત્મા આ ભૂતલપર પ્રાદુર્ભૂત થતા હોય

છે. અનેક રૂપોમાં પરમાત્માના અવતારની આ વાત આપણેમાટે પાકી *ગેરન્ટી* રૂપ છે કે આ ભૂતલપર કેવળ મનુષ્યાકાર દેહધારીમાં જ નહિ, પરન્તુ દરેક જાતના દેહધારીમાં તે દિવ્યતા ભરેલી છે. છતાંય Atom માંથી Energy મેળવવાના વિજ્ઞાનમાં આપણે એટલા મશગૂલ બની ગયા છીએ કે આજે કણ-કણમાં કૃષ્ણ હોવાની વાત આપણને અન્ધશ્રદ્ધા લાગે છે! આ છે ઉધાર લીધેલી બુદ્ધિનો વૈભવ!!

પરમાત્માના જ્ઞાન બળ ઐશ્વર્ય આનન્દ અનુગ્રહ અને અદ્વૈત ની દિવ્યતા સૂક્ષ્મરૂપે દરેક સ્થૂળમાં વિદ્યમાન છે આ વાત આપણા શાસ્ત્રોના સમીચીન અધ્યયનથી જાણી શકાય છે; પરમાત્માનું માહાત્મ્યજ્ઞાન કેળવતાં આ વાત સમજી શકાય છે અને જીવાત્મા તથા પરમાત્મા ની વચ્ચે વિદ્યમાન સહજ સ્નેહને જો અસહજ અને ઉધાર લીધેલી ધારણાઓથી ઢાંકી ન દઈએ તો મૂર્તિના સ્થૂળ રૂપમાં સૂક્ષ્મરૂપે વિદ્યમાન એવી આ દિવ્યતાને જાણી પણ શકાય છે.

પરમાત્મા પરોક્ષ રૂપ ધારણ કરીને લજ્જાળુ નવોઢા નાયિકાની જેમ પોતાના પ્રેમી જીવાત્માથી સન્તાઈ ગયો છે! આ સન્તાઈ જવામાં જાણે એનામાં રહેલો ગૂઢસ્ત્રીભાવ બહાર છલકાઈ આવતો હોય તેમ જણાતાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ‘રાસપઞ્ચાધ્યાયી’માં ગોપિકાઓની વચ્ચેથી સંતાઈ જનાર કૃષ્ણને ‘સ્ત્રીગૂઢભાવાત્મા’ કહે છે. તે સંતાયેલા કૃષ્ણને શોધનારી ગોપિકાઓને ‘ગૂઢપુંભાવવતી’ કહે છે.

જગતના સ્થૂળ રૂપોમાં પરમાત્માની સાક્ષાત્ અનુભૂતિ ન થવી કે પરમાત્માનું પરોક્ષ હોવું તે નખરાળી લજીલી નવોઢાના જેવો પરમાત્માનો ગૂઢ સ્ત્રીભાવ છે! પણ જ્યારે આજે આપણને સ્થૂળના ખંડનની જ ધૂન લાગી છે ત્યારે સ્થૂળ નામ-રૂપોમાં સન્તાયેલા પરમાત્માની સાથે સન્તાકૂકડી રમવાની મસ્તી ક્યાંથી મળશે?

આપણો ધર્મ આપણને આપણી મમતામયી માતા ધરતીને ધિક્કારીને વિધાતાનું ધ્યાન ધરવાની પ્રેરણા આપતો નથી. જો આ ધરાતલ ઉપર ભગવાન્ અવતરતા હોય તો ભક્તને મુક્તિ નથી મેળવવી. ભગવાન્‌ની ભૂતલપર પ્રકટ થનારી લીલાનાં દર્શનની લાલચમાં ભક્ત પોતાના ભવોભવ ભૂતલ ઉપર જ વિતાવી નાખવા તૈયાર છે.

*પાઓ પ્રેમરસ પ્રાણજીવન રે, દીન થઈ જાચું રે*
*મુક્તિમારગીને આપજો જ્ઞાન રે, હું તો નવ રાચું રે*
*રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગીને ન ભાવે રે*
*અમો રાજના ખાસા ખવાસ રે, મુક્તિ મન ન આવે રે*
*નિત્ય નિરખીને નટવર રૂપ રે, હોંશ હૈયામાંથી રે*
*મન માન્યું મળે સહુ એહ રે, તે એક્તામાં ક્યાંથી રે*
(ભક્તકવિ શ્રીદયારામભાઈ)

આપણી તપશ્ચર્યાનું ફળ તે પરમાત્મા. પરન્તુ આ ફળ આપણે આ ભૂમિપર જ મેળવવું છે. આપણા ભક્તિરસના સ્થાયીભાવનો આલમ્બનવિભાવ તે ભગવાન્ વ્રજાધિપ જ! તેમને ભજવા છે, આ ભૂતલ ઉપર જ. **"ભગવાનેવ હિ ફલં સઃ યથા આવિર્ભવેદ્ ભુવિ"** (પુ.પ્ર.મ.૧૭). તેથી ભૂતલઉપર ભકિતના અનેરા લ્હાવાને લેવાની લાલચમાં ભક્ત કહી દે છેઃ *"વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહિ જાવું! ત્યાં નન્દનો કુંવર ક્યાંથી લાવું ?"* (ભક્તકવિ શ્રીદયારામભાઈ).

ભૂતલ પરથી ભાગીને સ્વર્ગે કે વૈકુંઠ જવાનું પણ આપણને ગમતું નથી; કેમકે ભૂતલ ઉપર ભગવાન્‌ને ભજવા તે જીવનની સાચી સાર્થક્તા છેઃ **"વ્યશેમ દેવહિતં યદાયુઃ"**. (પ્રશ્ન.ઉપ.મંગ.૧૧)

પરમાત્માને પરમપિતા માનવાની જેમ પૃથ્વીને પરમમાતા માનવાની આપણી ધાર્મિક દૃષ્ટિને લીધે, જેમ આજે માં-બાપ છૂટાછેડા લે

તો, સગીર બાળકો માતાની પાસે રહે અને પુખ્ત વયના બાળકો મન ફાવે તેમ કરી શકે છે, તે મુજબ શ્રીદયારામભાઈને સગીર - દીન થઈને રહેવું વધારે રુચે છે, પુખ્ત વયના જ્ઞાની થવું નહિ. તેથી તેઓ કહે છેઃ *''મુક્તિ મન ન આવે રે''*. આ તો છૂટાછેડા લેવાની આધુનિક ફેશન્‌ની ભાષામાં જરાક કહેવાઈ ગયું! વિવાહ પછી છૂટાછેડાની કથા તે પણ આધુનિક દામ્પત્યની કરુણ ગાથા છે. ભગવાન્ વિષ્ણુ અને ભગવતી પૃથ્વી ના મધુર દામ્પત્યના સનાતન સમ્બન્ધમાં તો આવો અવ્યક્ત ભાવ પણ રસાભાસ જ પેદા કરતો હોય છે.

જે બુદ્ધિમાનો પોતાની બુદ્ધિને વાપર્યા વિના આપણા ધર્મની નિન્દા ''ભૂતલથી બંધાયેલ ધર્મ'' (Earth - boune religion) કહીને કરતા હતા તેમના પગ નીચેની જમીન આજે ખસવા માંડી છે. તેથી તેમને (Inter religious dialogues) ની આવશ્યક જણાઈ રહી છે! એટલે હવે આપણામાટે એ સમય પાકી ચૂક્યો છે કે ધર્મમાં રહેલી આપણી રસદષ્ટિને મુખરિત થવા દઈએ. તેથી આપણા ધર્મમાં રહેલી ઊંડી દાર્શનિક ચેતનાને નિર્ભયતાથી બહાર આવવાનો અવસર મળશે.

## દર્શનમાં આપણી રસદૃષ્ટિ

દાર્શનિક ચિન્તનના નામે હવે આપણને જે કંઈ ચિન્તન રુચવા માંડયું છે તે એ કે વિવિધ ધર્મ દેવ દર્શન અને સમ્પ્રદાયો ના ભેદ મિથ્યા છે. પરમાત્માના વિવિધ દેવરૂપોના ભેદ ગુણભેદ લીલાભેદ કે સાધનાપ્રણાલીના ભેદોને આજે સત્ય કહેવા જઈએ તો આપણી ગણના વાડાવાદીઓમાં કરવામાં આવે છે. આપણે અતિ-અદ્વૈતવાદની આવી ભયંકર ગ્રન્થીથી પિડાઈ રહ્યા છીએ! આજથી સો વર્ષ અગાઉ યુરોપમાં અદ્વૈતવાદનું મોટું વાવાઝોડું ફૂંકાઈ રહ્યું હતું! જો કે તે વાવાઝોડું હવે ત્યાં આથમી ગયું છે. પણ આપણે તેને આપણા દેશની વિશ્વને દેન માની બેઠા છીએ!

દ્વૈત અને અદ્વૈત બન્નેને પારમાર્થિક માનવાની આપણા ઉપનિષદોની પ્રાચીન દૃષ્ટિથી હવે આપણું તત્ત્વજ્ઞાન વંચિત થતું જાય છે. આપણને અર્ધસત્ય સમું કેવલ અદ્વૈત આજે વધારે રુચવા માંડયું છે, કેમકે બધાં જ દ્વૈતોને મિથ્યા માની લેવાથી — બધી જ મૂર્તિઓથી, બધાં જ સામ્પ્રદાયિક બન્ધનોથી અર્થાત્ વિધિ-નિષેધોથી, બધી જ સાધનાપ્રણાલીઓથી અથવા તો સ્વધર્મમાં ઐકાન્તિક નિષ્ઠાથી — ભાગી છૂટવાની એક વૈચારિક છટકબારી મળી રહે છે.

એટલે સમ્પ્રદાય ભેદ, સાધનાપ્રણાલીના ભેદ, તે-તે દેવતાઓના રૂપભેદ ગુણભેદ લીલાભેદ ના નામે થતા ઝઘડાઓનું બહાનું કાઢીને ભેદની નિન્દા કરવાની એક ફેશન્ આપણે શરૂ કરી દીધી છે. જ્યારે હકીકત એ છે કે આવા તમામ ભેદોમાંથી નિષ્ઠા તોડીને આર્થિક સામાજિક રાજનૈતિક પ્રાન્તીય રાષ્ટ્રીય અને ઉપમહાદ્વીપીય ક્ષુલ્લક મુદ્દાઓ વિષેના ઝઘડાઓ આજે આપણે વધાર્યા છે, ઘટાડયા નથી! તેવા ઝઘડાઓમાં પક્ષ-પ્રતિપક્ષના પક્ષપાત થકી એકબીજાને તબાહ કરી નાખવાની ક્રૂર હિંસા ઘટી નથી, વધી છે. હકીકતમાં ઝઘડા ધર્મ-સમ્પ્રદાયોને લીધે નહોતા પણ કાળા માથાના માનવીની

ઝઘડાળુ મનોવૃત્તિને લીધે થતા હતા. તે મનોવૃત્તિને સુધારવામાં અતિ - અદ્વૈતવાદની દૃષ્ટિ તદ્દન નિષ્ફળ નીવડી છે. છતાંયે દ્વૈતના મિથ્યા હોવાના પ્રચુર પ્રચારને લીધે પોત - પોતાના વિભિન્ન ધર્મ - સમ્પ્રદાય, આચાર્યગ્રન્થો અને ઈષ્ટદેવની સાધનાપ્રણાલીમાંથી અર્ધદગ્ધ શ્રોતાઓની શ્રદ્ધા કે નિષ્ઠા ને તોડી નાખવામાં સારી એવી સફળતા અતિઅદ્વૈતવાદે મેળવી છે!

એટલે બધા જ ધર્મોના ચાલાક વક્તાઓ પોત - પોતાના ધર્મ અને ગ્રન્થો ને વિશ્વધર્મ અને વિશ્વગ્રન્થ સાબિત કરવાની નિત્ય-નવી દલીલ શોધી કાઢતા થઈ ગયા છે. પહેલાં આ જ ધર્મો પોતાને સત્ય અને બીજાને અસત્ય ઠરાવવાની સ્પર્ધામાં આત્મગૌરવ સમજતા હતાં. હવે તેઓ, સાચી કે ખોટી કોઈ પણ રીતે, વધુમાં વધુ શ્રોતાઓ ઉપર પોતાનો ધર્મ વિશ્વધર્મ છે તેવી છાપ પાડવાની સ્પર્ધામાં ઊતરી ગયા છે. આજે બીજા સમ્પ્રદાયના ગ્રન્થો ઉપર પ્રવચનો કરવાની, ગ્રન્થના મૂળ લેખક જેની કલ્પના પણ ન કરી હોય તેવી તેની સમજૂતી રજુ કરવાની ફૅશન્ વધી છે. આજે સ્વવિચારની દૃષ્ટિ વૈશ્વિક (Universal) હોવાની છાપ ઉભી કરીને પરમતના માન્ય ગ્રન્થ, દેવરૂપ, સાધનાપ્રણાલીમાંની તેના અનુયાયીઓની નિષ્ઠાના ખંડનનું ક્રૂર તાંડવ અતિ અદ્વૈતવાદના નામે ચલાવવામાં આવી રહ્યું છે. આ ક્રૂર તાંડવના કાર્યક્રમમાં જે માણસ, દર્શક કે શ્રોતા તરીકે સામેલ ન થાય તેને સંકીર્ણ વાડાવાદી વૃત્તિના માણસ માનવાની વૈચારિક સંકીર્ણતાને ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે. વૈચારિક સંકીર્ણતાને ઓછી કરવામાં આવી અતિ અદ્વૈતવાદવાળી દૃષ્ટિ સફળ થતી નથી. પણ ''દ્વયોર્કલહે તૃતીયસ્ય લાભઃ''ની કુનેહ દાખવવામાં તે પુષ્કળ કામિયાબ થઈ જાય છે!

ઉપનિષદોનું તત્ત્વચિન્તન દ્વૈતને મિથ્યા માનીને અદ્વૈતને પુરસ્કૃત કરવાનું નહોતું; મૂર્તને મિથ્યા માનીને અમૂર્તને જાણવાની મથામણનું

નહોતું; મર્ત્યની બાબતમાં નિર્મમ થઈને અમૃતની પાછળ ગાંડા-ઘેલા થઈને દોડવાનું પણ નહોતું, સ્થિતિને ભ્રાન્તિ માનીને ગતિના દુશ્ચક્રમાં કે ગતિને ભ્રાન્તિ માનીને સ્થિતિની જડતામાં ફસાઈ જવાનું પણ તે ચિન્તન નહોતું, તે ચિન્તન સ્થૂળ-પ્રત્યક્ષને ધિક્કારીને સૂક્ષ્મ-પરોક્ષની નીરસ શોધમાં મરી ખપવાનું પણ નહોતું.

ઉપનિષદોની દૃઢ વિભાવના હતી કે એક જ બ્રહ્મમાં અનેકવિધ વિરોધાભાસી ગુણો રહેલા છે. તેથી તે કહે છે:

**૧. અજાયમાનો બહુધા વિજાયતે.**

**૨. અણોઃ અણીયાન્ મહતો મહીયાન્.**

**૩. આસીનો દૂરં વ્રજતિ શયાનો યાતિ સર્વતઃ,**

**૪. યસ્ય અમતં મતં તસ્ય મતં યસ્ય ન વેદ સઃ।**
**અવિજ્ઞાતં વિજાનતાં વિજ્ઞાતમ્ અવિજાનતામ્॥**

**૫. ભીષા અસ્માદ્ વાતઃ પવતે ભીષા ઉદેતિ સૂર્યઃ।**
**ભીષા અસ્માદ્ અગ્નિશ્ચ ઈન્દ્રશ્ચ મૃત્યુઃ ધાવતિ પઞ્ચમ ઈતિ॥**
**સ એષા આનન્દસ્ય મીમાંસા ભવતિ।**

(મુણ્ડલોપ.૩૧,કઠોપ.૨૨૦-૨૧, કેનોપ.૨૩, તૈત્તિ.ઉપ.૨૮)

આથી, અજ-નન્દાત્મજ, અણુપરિમાણ-વ્યાપક, કૂટસ્થ-વ્રજવિહારી, અમત-મત, અવિજ્ઞાત-વિજ્ઞાત, ભયંકર-આનન્દરૂપ— આવા અનેક રૂપો એક જ બ્રહ્મના હોઈ શકે છે. જેમ એક જ રતિના સ્થાયીભાવમાં રૂપગર્વ માન પ્રણયકલહ ચિન્તા વગેરેના વિવિધ સંચારીભાવો પ્રકટ થાય છે તેમ સત્યસંકલ્પ પરમાત્માના અદ્વૈતમાં, સર્વભવનસામર્થ્યને લીધે, અનેકવિધ નામ-રૂપોના દ્વૈત પ્રકટ થઈ શકે છે. **"એકમેવાદ્વિતીયં... તદ્ ઐક્ષત બહુ સ્યાં પ્રજાયેય"** (છાન્દો.ઉપ.૬૨૧-૩) આ સૃષ્ટિ રૂપી નાટકનો કુશળ અભિનેતા બ્રહ્મ, અનેક નામો અને અનેક રૂપો ને ધારણ કરીને આપણી સામે પ્રકટ થાય છે **"સર્વાણિ રૂપાણિ વિચિત્ય ધીરઃ નામાનિ કૃત્વાભિવદન્**

યદાસ્તે'' (ચિત્સુ.૧૨૧૭) દ્વૈત અને અદ્વૈત એક જ બ્રહ્મના બન્ને વાસ્તવિક રૂપો છે **''દ્વે વાવ બ્રહ્મણો રૂપે''**. તેથી બ્રહ્મજ્ઞાનમાં ઉપનિષદ્ જેવી રીતે કેવલ દ્વૈતવાદને રદિયો આપે છે **''નેતિ, નેતિ''** કહીને, તેવી રીતે ''નેતિ, નેતિ'' વચનથી જ કેવલ અદ્વૈતવાદને પણ રદિયો મળી રહે છે.

દ્વૈત અને અદ્વૈત બન્ને અર્ધસત્યો છે. બ્રહ્મ આ બન્ને અર્ધસત્યોથી કંઈક વધારે એવો બન્નેનો યોગ છે. ગુલાબનું ફૂલ તેની બધી પાંખડીઓનો એક યોગ છે. તેથી પાંખડીઓને કાપીને, તેમની ઢગલી જમા કરવાથી ગુલાબ થઈ જતું નથી. પાંખડીઓના આકારમાં કાપીને બાંધવામાં આવેલ રંગીન કાગળની કતરણ પણ ગુલાબ નથી. ગુલાબની વાસ્તવિક પાંખડીઓ અને તેમનું વિશિષ્ટ સંયોજન એ ગુલાબ છે. આ ગુલાબના ફૂલ અને તેની પાંખડીઓ વચ્ચે દ્વૈત છે કે અદ્વૈત એ સમસ્યાનું સમાધાન જો કેવલ દ્વૈતવાદને અનુસરીને આપીશું તો એમ કહેવું પડશે કે ગુલાબને તેની સાચી પાંખડીઓની અપેક્ષા નથી. જો કેવળ ગુલાબને પરમાર્થ સત્ય માનીને કેવળ અદ્વૈતવાદનું અવલમ્બન લઈશું તો ગુલાબની પાંખડીઓની ઢગલી કે ગુલાબી રંગના કાગળોની કતરણના ગુલાબના આકારમાં સંયોજનને પણ ફરજિયાત ગુલાબનું ફૂલ માનવું પડશે.

કેનવાસ્ અને કલર્સ માં જેમ પેઈન્ટીંગનું વિશ્લેષણ શક્ય નથી, સિતાર અને તેના સાત સૂરોમાં જેમ લલિત રાગના લાલિત્યનું વિશ્લેષણ શક્ય નથી, તેમ દ્વૈત અને અદ્વૈત માં, મર્ત્ય અને અમૃત માં, સક્રિય અને નિષ્ક્રિય માં, પ્રત્યક્ષ અને પરોક્ષ માં બ્રહ્મનું વિશ્લેષણ શક્ય નથી. નેતિ!નેતિ!!નેતિ!!!

ત્યારે બ્રહ્મ કોને કહેવાય? આ વિરોધાભાસી રૂપોની સમગ્રતા એ બ્રહ્મ છે. બ્રહ્મ વિરોધાભાસી રૂપોનો ઢગલો નથી પણ તેમનું

એક વિશિષ્ટ સંયોજન છે. તે ગુલાબના ફૂલ જેવું સુગન્ધિત, સિતારના સુરો જેવું સુલલિત, કવિના કંઠથી નીકળેલા શબ્દો જેવું કાવ્યાત્મક અને એક કુશળ ચિત્રકારે વિવિધ રંગોથી રંગેલા ચિત્ર જેવું આકર્ષક છે.

વિવિધ વિરોધાભાસી રૂપોનું વિશિષ્ટ સંયોજન તે બ્રહ્મ છે તેથી તેના ઘટક એવા વિરોધાભાસી રૂપોમાં તેનું વિશ્લેષણ શક્ય નથી. આવા વિશ્લેષણથી વિખેર્યા પછી તે વિશિષ્ટ બ્રહ્મને જાણવું પણ અશક્ય બની જતું હોય છે તો માણવાની તો વાત જ ન થાય. તેથી ઋગ્વેદ કહે છે: **"સ ભૂમિં વિશ્વતો વૃત્વા અત્યતિષ્ઠદ્ દશાંગુલમ્"** (પુરુ.સૂ.૧) સત્ + ત્યત્ = સત્યની સમગ્રતા તે સત્યતા છે, પણ તેના એક વિશિષ્ટ સંયોજન 'સત્' પછી 'ત્યત્'ને મૂકતાં 'સત્ય' પ્રગટ થાય છે. 'ત્યત્ + સત્ = ત્યસ્'માં 'સત્' અને 'ત્યત્' ની ઢગલી ભેગી તો થાય છે પણ તેમાંથી 'સત્ય' ઊભરતું નથી. સમગ્રતાના બોધમાટે પુષ્પ સંગીત ચિત્ર કે કાવ્ય ને માણવાનો હૃદયનો જે ભાવ હોય છે તે જો ન હોય તો પાંખડીઓ સૂરો રંગો કે શબ્દો ને વિખેરી નાખતાં શબ્દોનો અભાવ સિદ્ધ થઈ શકે છે. તેથી ભાગવત પુરાણ કહે છે કે તે પરમ સત્ય એવા પરમાત્માનું 'વપુ'સ્વરૂપ ભાવાત્મક સંયોજનમાં રહેલું છે, અને તેને ભાવયોગથી જ જાણી શકાય છે. તે સ્વરૂપ વિશ્લેષણ થકી થતાં વિયોજનમાં નથી. **"ત્વં ભાવયોગપરિભાવિતહૃત્સરોજ: આસ્સે શ્રુતેક્ષિતપથો નનુ નાથ! પુંસામ્, યદ્-યદ્ ધિયા ત ઉરુગાય વિભાવયન્તિ તત્તદ્ વપુ: પ્રણયસે સદનુગ્રહાય"** (ભાગ.પુરા.૩।૯।૧૧).

આ સૃષ્ટિના આરમ્ભનો ચિતાર ઉપનિષદ્માં અતિશય આકર્ષક રીતે આપવામાં આવ્યો છે:

"બ્રહ્મને એકાકી રહેવું ગમ્યું નહિ, તેથી આજે

> પણ કોઈ એકાકી રહી શક્તું નથી. તેને બીજાની કામના થઈ. (તે બીજું કોઈ ક્યાંક બહારથી આવી શકે તેવો સમ્ભવ નહોતો, કેમકે સમગ્ર બ્રહ્મની બહાર કશું હોઈ શક્તું નથી) એટલે તેણે પોતાને જ બે રૂપોમાં વહેંચી નાખ્યો. એક રૂપમાં તે પતિ બન્યો અને બીજા રૂપમાં પત્ની. આમ કરતાં, એક રૂપને બીજા રૂપનો ભય લાગ્યો. પણ પોતે એક જ તત્ત્વે બે રૂપ ધારણ કર્યાં છે એ તથ્યને ધ્યાનમાં લાવતાં ભય દૂર ભાગી ગયો. (આજે પણ તેથી જે આમ એક તાત્ત્વિક અદ્વૈતની ભાવના અનેકવિધ નામ-રૂપોના દ્વૈતમાં કરશે તેનો ભય નિવૃત થઈ જશે!) પછી જે રૂપે તે પત્ની બન્યો હતો તે રૂપે તેણે સંતાવાનું શરૂ કર્યું. જે રૂપે તે પતિ બન્યો હતો તે રૂપે તેણે સંતાયેલા રૂપની શોધખોળ શરૂ કરી. પતિથી સંતાવામાટે પત્નીએ જે જુદાં-જુદાં રૂપો ધારણા કર્યા હતાં તેટલાં રૂપો પતિરૂપે પણ ધારણ કરીને તેણે તેને શોધી કાઢી! આમ એકબીજા રૂપે, એકબીજાને શોધવાની સંતાકૂકડીની જે રમત શરૂ થઈ તે આ સૃષ્ટિ'' (બૃહ.ઉપ.૧।૪।૧૫).

દ્વૈતમાં ભયની સમ્ભાવના છે, પરન્તુ અદ્વૈતમાં રમણ સમ્ભવતું નથી! આપણી આવશ્યકતા નથી દ્વૈતની કે નથી અદ્વૈતની. આપણને આવશ્યક છે નિર્ભય રમણ. જો કેવળ દ્વૈત હોત તો રમણ સમ્ભવિત હતું પણ તે રમણમાં ભયનું નિરાકરણ ન થઈ શક્યું હોત! જો કેવલ અદ્વૈત હોત તો પૂરેપૂરી નિર્ભયતા મળી રહેત, પણ તે નિર્ભયતામાં રમણ સમ્ભવિત ન હોત! પરમાત્માએ નિર્ભય રમણની સિદ્ધિમાટે દ્વૈતને પ્રકટાવ્યું. એકાકીતામાં અનેકતા ઉભારવામાં આવી. અમૂર્તે મૂર્ત રૂપો ધારણ કર્યાં. અમૃત પોતે જ મર્ત્ય બની ગયું. સ્થિતિમાં ગતિના સ્પન્દન થવા માંડયાં. અનેક ગતિશીલ

રૂપો તે એક કૂટસ્થ પરમાત્મામાં અવસ્થિત થયાં. તે સનાતન આત્મસત્તામાં રહેલા આત્માનન્દની સનાતન આત્મચેતનામાં કંઈક પ્રત્યક્ષ અને કંઈક પરોક્ષ જેવું થવા માંડયું. એટલે અનિર્વચનીય આત્માનન્દના અગાધ સિન્ધુમાં ''ક્વાસિ, ક્વાસિ'' ની વિરહવ્યથાની વાણી ત્યારે લહેરવા માંડી. ત્યારે જે મૂર્ત મર્ત્ય પ્રત્યક્ષ રૂપ હતું, તેણે ગતિશીલ થઈને અમૂર્ત અમૃત પરોક્ષ કૂટસ્થ અચલ રૂપને શોધવાનું શરૂ કર્યું. તેથી શુકદેવ મુનિ ભાગવતમાં કહે છે: **''ગોપીનાં તત્પતીનાં ચ સર્વેષામપિ દેહિનાં, યો અન્તશ્ચરતિ સો અધ્યક્ષ: ક્રીડનેન ઈહ દેહભાક્''** (ભાગ.પુરા.૧૦।૩૩।૩૬) (અર્થ: ગોપિકાઓની ભીતર, તે ગોપિકાઓના પતિઓની ભીતર અને બધા જ દેહધારીઓની ભીતર જે છુપાઈને બેઠો છે તે જ આ સમગ્ર સૃષ્ટિની લીલાનો મુખ્ય નાયક એક રૂપે સન્તાઈને બીજા રૂપે પોતાને જ શોધી રહ્યો છે!).

એક ભાષામાં લખાયેલા ગ્રન્થનો જ્યારે બીજી ભાષામાં અનુવાદ કરીએ છીએ ત્યારે કેવળ ભાષા જ બદલીએ છીએ, ભાવ નહિ. જે અનુવાદમાં ભાવ બદલાઈ જાય તેને અશુદ્ધ અનુવાદ કહેવામાં આવે છે. તેવી જ રીતે રમણના ભાવથી મુખરિત થયેલી વાણીમાં ક્યારેક ભયના સુરો પણ સંભળાય છે. તેનો અનુવાદ જો અદ્વૈતની ભાષામાં કરવામાં આવે તો આપણને નિર્ભયતા મળી રહે છે. આમ કરતાં રમણનો ભાવ ન ખોવાઈ જાય તેની કાળજી રાખવી આવશ્યક હોય છે. **''સ વૈ નૈવ રેમે, સ દ્વિતીયમ્ ઐચ્છત્''** (બૃહ.ઉપ.૧।૪।૩) ની દ્વૈત ભાષાનો મુખ્યભાવ રમણનો હતો તેથી **''એકમેવાદ્વિતીયમ્''** (છાન્દો.ઉપ.૬।૨।૧) ની અદ્વૈતની ભાષામાં તેનો અનુવાદ કરતાં **''એકો અહં બહુ સ્યાં પ્રજાયેય''** એક તત્ત્વે રમણાર્થ અનેક નામ-રૂપોને ધારણ કર્યાં છે તે કદી પણ ભુલાવું જોઈએ નહિ.

નિર્ભય રમણના આ નાટકને જો સરખી રીતે ભજવવું

હોય તો દ્વૈત અને અદ્વૈત ની બન્ને ભાષાના સમુચિત જ્ઞાનની આવશ્યકતા છે. નહિતો નામ-રૂપોના આ મેળાવડામાં નિર્ભય થવાની આંધળી દોડાદોડમાં નાજુક-નમણો રમણનો ભાવ કચડાઈ જશે!

તેથી ઉપનિષદ્ કહે છેઃ ''આ દેખાતી અનેકતામાં જ જો તમે એક્તાનું અનુદર્શન કરશો તો તે અનેક્તાના લીધે થતા શોક - મોહ તમને રંજાડશે નહિ'' ( **યસ્મિન્ સર્વાણિ ભૂતાનિ આત્મૈવાભૂદ્ વિજાનતઃ તત્ર કો મોહ કઃ શોકઃ એકત્વમ્ અનુપશ્યતઃ!** ) ( ઈશા.ઉપ.૭ ).

જંગલમાં છૂટા ફરતા સિંહના દર્શન સામાન્ય દર્શકમાં નીરસ શોક મોહ ભય પેદા કરે છે. કેમકે દશ્ય અને દષ્ટા માં ત્યાં તેને દ્વૈતનું સ્ફુરણ થાય છે, ભક્ષક અને ભક્ષ્ય હોવાની ભીતિને લીધે. છતાંય કેવળ સિંહના ચિત્રને જોવામાં તે રસાનુભૂતિ થતી નથી કે જે ગર્જના કરતા અને સરકસની રિંગ્માં ખુલ્લા ફરતા સાક્ષાત્ સિંહને જોઈને થતી હોય છે. કેમકે ચિત્રનો દષ્ટા પોતે પારમાર્થિક સત્ય હોવા છતાંય તેની સામે આવેલો ચિત્રિત સિંહ પારમાર્થિક સત્ય નથી. તેથી સિંહના ચિત્રના દષ્ટાનું કેવલ અદ્વૈત રસાનુભૂતિમાં બાધક નીવડે છે. સરકસમાં સિંહને જોવો તે ભયાનક રસની મહેલામણ છે. સરકસના અદ્વૈતમાં દર્શક અને દશ્ય સિંહનું દ્વૈત ભીતિને રસાનુભૂતિમાં ફેરવી દે છે! સિંહના ભયંકર હોવાના શુષ્ક તથ્યને રિંગમાસ્ટર્ એક કવિ કે ચિત્રકારની જેમ રસાત્મક ભાવમાં રૂપાન્તરિત કરી દે છે. છતાંએ સરકસમાં સિંહને જોયા વિના સિંહની ભયાનક વાર્તાઓ સંભળાવીને જે બાળકને અસ્વાભાવિકરીતે બીકણ બનાવી દેવામાં આવ્યા હોય તે સરકસના સિંહને જોઈને અતિશય અધીર થઈ બૂમરાણ મચાવે કે ગભરાઈને રડવા માંડે તેમાં કસૂરદાર તેનાં ગુરુજન હોય છે, રિંગમાસ્ટર્ નહિ.

એકતાના અનુદર્શનમાં, અનુવાદની જેમ, અનેકતામાં સમ્ભવિત રમણનો ભાવ જળવાઈ રહેવો જોઈએ, નહિ તો ભ્રામક અનુવાદની જેમ તે અનુદર્શન પણ ભ્રમપૂર્ણ બનશે, અદ્વૈતની નિર્ભીક ભાષામાં અરતિનો દોષ પ્રકટ થઈ જશે. આ સૃષ્ટિ પણ ખરેખર એક કાવ્ય છે. તેની રચના પરમાત્માએ કરી છે. તેથી જ 'ગીતા'માં બ્રહ્મને 'કવિ' પણ કહેવામાં આવ્યો: **"કવિં પુરાણમ્ અનુશાસિતારમ્"** (ભગ.ગીતા ૮।૯).

આજે આપણે રસાત્મક શબ્દોના સંયોજનના સીમિત અર્થમાં 'કાવ્ય' શબ્દને વાપરતા હોઈએ છીએ. પરન્તુ સંસ્કૃત ભાષાના સૌન્દર્ય શાસ્ત્રમાં નાટકને પણ દશ્યકાવ્ય માનવામાં આવ્યું છે. થોડાક મુક્ત માનસથી વિચારીશું તો પણ જો આપણે કાવ્ય માનતા હોઈએ તો પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ કાન નાક જીભ અને ત્વચા) થી આ સૃષ્ટિકાવ્યને જોઈ શકાય છે, અનુભવી શકાય છે, સૂંઘી શકાય છે, સાંભળી શકાય છે, ચાખી શકાય છે અને સ્પર્શી શકાય છે એટલું જ નહિ, પણ પાંચ કર્મેન્દ્રિયો (હાથ પગ વાણી વગેરે) થી આ કાવ્યને પકડી પણ શકાય છે, આ કાવ્યનું ગાન પણ કરી શકાય છે. મૂક દર્શક બનીને ફરજિયાત બેસી રહેવાની યન્ત્રણા આ કાવ્યમાં નથી! તેમાં ભાગ ભજવવો હોય અને તેને જોવું પણ હોય તો બન્ને ભાવ જળવાઈ રહે તેવો દિગ્દર્શકીય નિર્દેશ આ સૃષ્ટિના 'નાટક'ની સ્ક્રિપ્ટ્માં જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો ની ગોઠવણદ્વારા કરવામાં આવ્યો છે. આ નાટકની કથામાં આપણે કયું પાત્ર ભજવવું છે, કયા સંવાદો બોલવા છે તે આપણા હૃદયમાં બેઠેલો અન્તર્યામી પરમાત્મા આપણને સૂચવી (prompt) રહ્યો છે. તે અન્ત:પ્રેરણાને આપણી બુદ્ધિથી સરખી રીતે જાણી શકાય છે. આ નાટકમાં આપણા પોતાના તેમજ બીજા અભિનેતાઓના અભિનયને માણવામાટે આપણને મન પણ આપવામાં આવ્યું છે. આ નાટકમાં અભિનયની તન્મયતામાં કોઈ પણ જાતનું વ્યવધાન ન થાય તે માટે

અહન્તા - મમતાની ભુલામણી આપણી અન્દર ભરવામાં આવી છે. આ અહન્તા - મમતાની ભુલામણી જો કેવળ આપણને અભિનય પૂરો પાડવામાં સીમિત થઈ જતી હોય તો તેને 'અવિદ્યા' કહેવાય છે. પણ જો આ અહન્તા - મમતા આ સૃષ્ટિની ક્રીડાને સમગ્રતાથી આવરી લેતી હોય તો તેને વિદ્યાની પરાકાષ્ઠારૂપ 'સર્વાત્મભાવ' કહેવાય છે.

મહર્ષિ વામદેવને, તેથી જ, બ્રહ્માનુભૂતિની મસ્તીમાં પોતાનો અહંભાવ પોતાના દેહમાં સીમિત ન લાગતાં સમગ્ર બ્રહ્માંડમાં જાણે વ્યાપીન ગયો હોય તેવો લાગવા માંડયો!: **"તદ્ હિ એતત્ પશ્યન્ ઋષિર્ વામદેવ: પ્રતિપેદે અહં મનુ: અભવં અહં સૂર્ય: ચ"** (બૃહ.ઉપ. ૧।૪।૧૦).

કોઈ પણ કાવ્ય નાટક કે નવલિકા ના પાત્ર સંવાદ કે ઘટના માટે જ્યારે વાચક કે દર્શક માં સાધારણીકરણ (Identification) નો ભાવ જાગતો નથી ત્યારે રસનો આવિર્ભાવ થતો નથી. પાત્રના સુખ - દુ:ખ જ્યાં સુધી વાચક કે દર્શક ને પોતાના સુખ - દુ:ખ લાગતાં નથી, ત્યાં સુધી રસ પ્રકટ થઈ શકતો નથી. પાત્રના કરુણ રુદનથી આપણું હૈયું જો ભરાઈ ન આવતું હોય તો આપણે તે કરુણ રસને અનુભવી શકતા નથી. પ્રણય-પ્રસંગમાં છલકાતી બે પાત્રો વચ્ચેની પ્રસન્નતાની ગલીપચી જો આપણને ન અનુભવાય તો શૃંગાર રસનો અનુભવ આપણને થઈ શકતો નથી.

નાટક અને દર્શક ની વચ્ચે રહેલી દ્વૈતની ધારણા જો નાટકને જોતાં શિથિલ ન થતી હોય તો તે નાટકના પાત્ર સંવાદ કે કથા ની સાથે દર્શકમાં સાધારણીકરણ શક્ય બનતું નથી. જે રામલીલાનો દર્શક "રામની સીતાને રાવણ ઉઠાવી ગયો, તેમાં મારે શું રડવાનું હોય?" એવો દ્વૈતભાવ રામની સાથે રાખીને બેઠો હોય તે રામના હૃદયને સાલતા સીતાના વિપ્રયોગને સમજી નહિ જ શકે. એવા દર્શક જ્યારે રામલીલાને જોવા આવી ચઢે ત્યારે તેના રામ ખરેખર

રડતા જ હોય છે! સહાનુભૂતિહીન દર્શક દરેક રામને માટે રાવણ કરતાંય વધુ ભયંકર સાબિત થતા હોય છે. કેમકે રાવણને મારીને પોતાની સીતાને પાછી મેળવવી તે રામલીલામાં શક્ય છે પણ એના દર્શકની સહાનુભૂતિ મેળવવી શક્ય નથી! સૃષ્ટિ પણ એક ભગવલ્લીલા છે. તેમાં દ્વૈતભાવ રાખનાર આવા દર્શકોની બાબતમાં જ ઉપનિષદે ચેતવણી આપી છે: **''દ્વિતીયાદ્ વૈ ભયં ભવતિ''.**

બીજી બાજુએ રામલીલાના નાટકને મિથ્યા દશ્ય માનીને પોતાના પારમાર્થિક દૃષ્ટા હોવાના કેવલ અદ્વૈતમાં ગાફેલ રહેતો દર્શક પણ રામલીલામાં રમી શક્તો નથી! કેવલ અદ્વૈતવાદના વાયરે ચઢેલો હૈયામાં હેતાળ દર્શક મરી જાય છે એટલે વાસ્તવિક રામચરિત્રને પણ રૂપક માનવાનું સૌને વધારે ગમતું હોય છે. આવા દર્શકને રામકથા કહેવાનું કહીએ તો તે આવી રીતે શરૂ કરે:

> આ આપણો આત્મા એ જ આત્મારામ રામ છે. તેની સીતા તે મિથિલાની રાજકુંવરી નહિ પણ આત્માદ્વૈતમાં રહેલી શાન્તિ તે વાસ્તવિક સીતા છે. આ પાંચભૌતિક દેહની પંચવટીમાંથી રાગદ્વેષના દ્વૈતભાવનો રાવણ આત્મશાન્તિ રૂપી સીતાને હરી જતો હોય છે. આ ભયંકર રાક્ષસથી સીતાને જો છોડાવવી હોય તો સાંસારિક મોહના સાગરની પેલે પાર જવું પડશે. પારંગત(!) થવું પડશે. પછી રાગદ્વેષના દ્વૈતભાવના રાવણને મારીને, તમારા આત્માદ્વૈતની શાન્તિ સમી સીતાને તમે પાછી મેળવી શકો છો: **''તીર્ત્વા મોહાર્ણવં હત્વા રાગદ્વેષાદિરાક્ષસાન્, શાન્તિસીતા સમાયુક્તો આત્મારામો વિરાજતે''.**
>
> (દ્ર.શ્રીશં.વિ.આત્મબોધ.૫૦)

પણ ઉપનિષદ્ કંઈક જુદું જ કહે છે! કોઈ પણ જ્ઞાની

જીવાત્મા પરમાત્માથી વધુ જ્ઞાની હોઈ શક્તો નથી. તે પરમાત્માથી પણ જો આત્મરમણમાં પૂરેપૂરી રમણની મજાને ન માણી શક્યો **"સ: વૈ નૈવ રેમે. તસ્માદ્ એકાકી ન રમતે, સ: દ્વિતીયમ્ ઐચ્છત્. સ: હ એતાવાન્ આસ. સ: આત્માનં દ્વેધા અપાતયત્, પતિશ્ચ પત્ની ચ અભવતામ્"** (બૃહ.ઉપ.૧।૪।૩) ત્યારે અલ્યા! તું એવો કેવો જ્ઞાની પાક્યો કે આ જગતમાં આત્મારામ બનીને બિરાજમાન રહી શકીશ?

પરમાત્માની આ રામલીલામાં દર્શકની હેસિયતથી આવેલા પરમાત્માની લીલામાં લીલારામ બનવાને બદલે લીલાથી વિરત થઈને કેવળ આત્મદર્શનમાં રમનારા આત્મારામ બનવા માગે છે તેમનું ભવિષ્ય શ્રુતિએ હળવે રહીને ભાખી દીધું છે: **"તસ્માદ્ એકાકી ન રમતે"** તું આત્મારામ થઈને એકાકી રમણ કરી શકવાનો નથી. આ ભવિષ્યવાણી કદી ખોટી ઠરતી નથી.

સીતા અને રામ ના પ્રિયા-પ્રિયતમના દ્વૈતઘટિત પ્રણયદશ્યને માયાનું મિથ્યા 'કપટ નાટક' કહીને ધિક્કારનાર જ્યારે પોતાને જ કેવળ પારમાર્થિક દ્દષ્ટા માનીને બેસી જાય છે ત્યારે મૂંગા બેસવું તેને ગમતું નથી! એટલે તે આત્માના અદ્વૈત ઉપર પ્રવચન શરૂ કરી દે છે. આત્મારામ થવા માગતા તે જ્ઞાનીની વાણી સાંભળવા જીજ્ઞાસુ શ્રોતાઓ ભેગા થવા માંડે. દરરોજ જ્ઞાન મેળવવા આવતા શ્રોતાઓ સાચા વિરક્ત કે મુમુક્ષુ હોય કે ન હોય પણ વક્તાને તો આત્મીય લાગવા માંડે. જતે દિવસે આ આત્મારામ સાધક શ્રોતારામ (શ્રોતાઓની સમક્ષ કરવામાં આવતા આત્માના અદ્વૈતના પ્રવચનમાં રમનાર) વક્તા બની રહે છે! એટલે શ્રુતિની ભવિષ્યવાણી સાચી ઠરે છે: "તે પરમાત્માને એકાકી રહેવું ગમ્યું નહિ, તેથી આજે પણ કોઈ એકાકી રહી શક્તો નથી".

તેથી દ્દષ્ટાની કેવલ અદ્વૈતી દ્દષ્ટિ રામલીલાના રસમાં રસાભાસ પેદા

કરનારી હોય છે. કેવલ અદ્વૈતની પરિણતિ કાં તો કેવલ અરતિમાં અથવા તો કેવલ શ્રોતારતિમાં થઈ જતી હોય છે. આ જગતમાં આત્મરમણ સમ્ભવિત નથી.

નાટક જોતી વખતે દ્દષ્ટા અને દ્દશ્ય ની વચ્ચે તાદાત્મ્યના ભાવના એવા ઝરણા વહેવા જોઈએ કે જેના પ્રવાહમાં આપણી ચેતનામાં લાગેલા કેવલ-દ્વૈત અને કેવલ-અદ્વૈત ના બધાજ ડાઘ ધોવાઈ જાય! પોતાના અદ્વૈત સ્વરૂપમાં ભરેલા નિજાનન્દના સિન્ધુમાં નામ - રૂપાત્મક દ્વૈતની અનેક પરમાનન્દરૂપ લહેરો પરમાત્માએ પ્રકટાવી છે. આ આધિદૈવિક લીલામાં આપણો તાદાત્મ્ય ભાવ કેળવાય એટલા માટે ઉપનિષદોએ બોધપાઠ આપ્યો છે: **"ઐતદાત્મ્યમ્ ઈદં સર્વં સઃ આત્મા તત્ ત્વમ્ અસિ"** (છાન્દો.ઉપ.૬।૮।૭) આ દેખાતી જડ-ચેતનરૂપ બધી જ સૃષ્ટિ અને તે આનન્દરૂપ પરમાત્મા ની વચ્ચે ઘનિષ્ઠ તાદાત્મ્ય છે. તે આત્મા છે, તું પણ તે જ છે. **"અહં બ્રહ્મ અસ્મિ"** (શુકરહસ્યોપ.૨૨)ની સાધનાનું તાત્પર્ય પણ અહંકારાસ્પદ જીવાત્માના કેવલ અદ્વૈતમાં ન હોઈ, જીવાત્મા અને પરમાત્મા ની વચ્ચે રૂપગત વાસ્તવિક દ્વૈત હોવા છતાંય તત્ત્વગત મૌલિક અદ્વૈતમાં રહેલું છે, લીલાના દ્દશ્ય અને દ્દષ્ટા ની વચ્ચે એક સાધારણીકરણમાં રહેલું છે.

આધુનિક વૈજ્ઞાનિક તત્ત્વચિન્તનમાં દેશ (Space), કાલ (Time), દ્રવ્ય (Matter), અને ઊર્જા (Energy) ના પરસ્પર સાપેક્ષ (Relative) હોવાની ધારણા પ્રવર્તે છે. આની ક્યારેક ખોટી વ્યાખ્યાઓ રજૂ કરવામાં આવે છે કે મહાન વૈજ્ઞાનિક *આઈન્સ્ટીને* પણ દેશ કાલ દ્રવ્ય અને ઊર્જા ના દ્વૈતને પારમાર્થિક સત્ય (Absolutely real) ન માની કેવલ વ્યાવહારિક સત્ય (Relatively real) તરીકે સ્વીકાર્યું છે.

સાપેક્ષતાવાદના સિદ્ધાન્ત Theory of relativity ની આ

તદ્દન વિપરિત વ્યાખ્યા છે. આ ચારેય પદાર્થોનાં સ્વરૂપ પરસ્પર સાપેક્ષ છે; પણ તેમની સત્તા સમાન જ છે, એકબીજાથી ચડતી કે ઊતરતી નથી. પરસ્પર સાપેક્ષ અને વ્યાવહારિક સત્ય એ બન્ને પર્યાયવાચી શબ્દો નથી.

વ્યાવહારિક સત્ય ખરેખર સત્ય ન હોય, વ્યવહાર પૂરતું જ સત્ય હોય છે. જે દિવસે આપણી ચેતનામાં કર્તા ભોક્તા કે દ્દષ્ટા નું હોવાપણું સ્ફુરતું બંધ થાય તે દિવસથી વ્યાવહારિક સત્ય બાધિત થઈ જાય છે એમ માનવામાં આવે છે. કર્તા દ્દષ્ટા કે ભોક્તા હોવાની ભ્રાન્તિ નિવૃત્ત થતાં શુદ્ધ ચેતનાને મુક્ત માનવામાં આવે છે. તે મુક્તાવસ્થામાં વ્યાવહારિક સત્યની સ્ફુરણા થતી નથી. બ્રહ્મજ્ઞાન મેળવતાં એટલે કે પારમાર્થિક સત્યના સાક્ષાત્કારથી શ્રીશંકરાચાર્યના મત મુજબ દેશ કાલ દ્રવ્ય વગેરેનાં દ્વૈત બાધિત થઈ જતાં હોય છે.

જ્યારે આઈન્સ્ટીન્‌ના મત મુજબ સાપેક્ષ સત્યનો કદી પણ બાધ થતો નથી. સાપેક્ષાતાવાદનો સિદ્ધાન્ત દેશ કાલ દ્રવ્ય ઊર્જા ના દ્વૈતને મિથ્યા પ્રતિભાસ કે મિથ્યા વ્યવહાર Subjective માનતો નથી. આ દેશ કાલ દ્રવ્ય ઊર્જા ની સત્તા કોઈક જીવ-ચેતના કે ઈશ્વર-ચેતના ની માયિક કલ્પના નથી. દેશ કાલ દ્રવ્ય ઊર્જા માંથી દરેકની સત્તા વાસ્તવિક Objective હોવા છતાંય એકબીજાથી નિરપેક્ષ ન હોઈ સાપેક્ષ હોય છે. આ ચારેયનાં સ્વરૂપ એવાં છે કે ચારેયને એકબીજાની અપેક્ષા છે. આઈન્સ્ટીન્ તો આટલું જ કહેવા માગે છે.

સાપેક્ષતાવાદને આધારે દ્રવ્યનું ઊર્જામાં રૂપાન્તરણ શક્ય બન્યું છે. આ વ્યાવહારિક સત્તાના પગથિયાં પરથી પારમાર્થિક સત્તાનાં પગથિયાં ઉપર પગ મૂકવા જેવી વાત નથી. કેમકે સાપેક્ષતાવાદના સિદ્ધાન્ત મુજબ દ્રવ્ય અને ઊર્જા બન્ને સાપેક્ષ છે. એટલે જો

પારમાર્થિક હોય તો બન્ને પારમાર્થિક છે અને વ્યાવહારિક હોય તો બન્ને વ્યાવહારિક છે. એટલે સ્થૂળ દ્રવ્યના દ્વૈતથી સૂક્ષ્મ ઊર્જાના અદ્વૈતને મેળવવાની વાત પણ અહીં અસ્થાને છે.

આવા સાપેક્ષતાવાદે દેશ કાલ દ્રવ્ય ઊર્જા માં માની લેવાતા કેવલ દ્વૈત કે કેવલાદ્વૈત ની સમ્ભાવનાને સાવ નકારી કાઢી છે. જો આ ચારેય પદાર્થો ભિન્ન-ભિન્ન હોવા છતાંય એકબીજાની અપેક્ષા રાખનારા - એકબીજા ઉપર નિર્ભર હોય તો સિદ્ધ થાય છે કે આ ચારેય પદાર્થોના દ્વૈત કોઈ એક સમષ્ટિ whole ના ચાર અંગો, પાસાઓ કે પ્રક્રિયાઓ, Parts aspects or functions of a single system છે. **"દ્વે વાવ બ્રહ્મણો રૂપે મૂર્ત ચૈવ અમૂર્ત ચ, મર્ત્યં ચ અમૃતં ચ, સ્થિતં ચ યત્ ચ, સત્ ચ ત્યત્ ચ".** ( બૃહ.ઉપ.૨।૩।૧ )

ઉપનિષદે દર્શાવેલા ઉપરોક્ત વિવિધ યુગલોની વાસ્તવિકતા દેશ કાલ દ્રવ્ય ઊર્જા માં પિછાણી શકાય છે. દ્રવ્ય મૂર્ત હોય છે અને ઊર્જા અમૂર્ત. દ્રવ્યથી ઊર્જામાં અને ઊર્જાથી દ્રવ્યમાં થતા રૂપાન્તરણને વ્યષ્ટિરૂપે જોવા જતાં તે મર્ત્ય જણાય છે; પણ સમષ્ટિ રૂપે જોવા જતાં એમ જણાય છે કે નથી કંઈક ઊત્પન્ન થઈ રહ્યું કે નથી કંઈક નષ્ટ થઈ રહ્યું, એક રૂપમાંથી પરિવર્તન થઈ રહ્યું છે. એટલે સમષ્ટિ રૂપે બધું જ અમૃત છે. ત્રિઆયામી (Three dimensional) રૂપે સ્થિત દેશમાં 'સ્થિત' અને ભૂતથી ભવિષ્યની એક જ દિશામાં ચાલતા એક આયામી mono - dimensional રૂપે સઞ્ચારી કાલમાં 'યત્'ને પિછાણી શકાય છે. તેમજ દેશ કાલ દ્રવ્ય ઊર્જા ના વિવિધ વ્યષ્ટિ રૂપોને પ્રત્યક્ષ દ્વૈતના રૂપે જાણી શકાય છે અને આ ચારેય સમષ્ટિ રૂપને અપરોક્ષ દ્વૈત પણ માની શકાય છે. એટલે **"સત્ ચ ત્યત્ ચ"** ના યુગલની વાસ્તવિકતાનો ઈન્કાર સાપેક્ષતાવાદમાં પણ શક્ય નથી.

કેટલાક આધુનિક વેદાન્ત પ્રવચનકારો કહેતા હોય છે કે પરસ્પર

સાપેક્ષ હોવાથી જ દેશ કાલ દ્રવ્ય ઊર્જા ના દ્વૈતને પારમાર્થિક સત્ય માની શકાતું નથી. તેમની ધારણા મુજબ જે નિરપેક્ષ સત્ય હોય તેને જ પારમાર્થિક સત્ય કહી શકાય છે. આ લોકોએ સત્યની પરિભાષા જ દુરાગ્રહ ભરેલી બાંધી છે તેથી આ લોકો કહે છે કે સાપેક્ષ વસ્તુ બ્રહ્મ ન હોઈ શકે અને નિરપેક્ષ બ્રહ્મથી બીજું બધું માયિક એટલે માયાવડે ભાસતું કે અજ્ઞાનથી કલ્પિત હોય છે.

હવે ઉપનિષદ્ જ્યારે એમ કહે છે કે **"સો અકામયત બહુ સ્યાં પ્રજાયેય ઈતિ"** (તૈત્તિ.ઉપ.૨।૬) ત્યારે આ વિચારકોને એમ લાગતું હોવું જોઈએ કે પારમાર્થિક બ્રહ્મની જેમ કોઈક માયિક બ્રહ્મ પણ હોવો જોઈએ, જેને બહુભવનની કામના કે અપેક્ષા હોઈ શકે છે! આ બ્રહ્મને 'માયાશબલિત' કહેવામાં આવે છે. બ્રહ્મના પારમાર્થિક અદ્વૈતમાં આમ માયિક દ્વૈતની કલ્પના ઘડવામાં આવી છે. ઉપનિષદ્માં એવું એક વચન મળી આવે છે: **"અસ્માન્ માયી સૃજતે વિશ્વમ્ એતત્"** (શ્વેતા.ઉપ.૪।૯) આને લઈને આ લોકોને પાકી ખાતરી થવા લાગી છે કે નિરપેક્ષ પારમાર્થિક બ્રહ્મ અને સાપેક્ષ માયાશબલિત બ્રહ્મ નોખાં - નોખાં હોવાં જોઈએ.

આવા અર્થઘટનની સૌથી મોટી ખામી એ છે કે 'માયી' શબ્દનો અર્થ સંસ્કૃત ભાષાના વ્યાકરણ મુજબ 'માયિક' થતો નથી, જેનામાં માયાનું સામર્થ્ય હોય તેને 'માયી' કહેવાય છે. માયાથી કલ્પિત કે માયાથી ભાસતા પદાર્થને 'માયી' કહેવાતું નથી.

> **"અસ્માન્ માયી સૃજતે વિશ્વમ્ એતત્,**
> **તસ્મિંશ્ચ અન્યો માયયા સંનિરુદ્ધ:॥**
> **માયા તુ પ્રકૃતિં વિદ્યાદ્ માયિનન્તુ મહેશ્વરમ્।**
> **તસ્ય અવયવભૂતૈસ્તુ વ્યાપ્તં સર્વમ્ ઈદં જગત્॥"**
>
> (શ્વેતા.ઉપ.૪।૯-૧૦)

આમ આ વચન સમ્પૂર્ણ આ પ્રમાણે છે. જે માયાથી વિશ્વનું સર્જન કરવામાં આવ્યું છે તે માયાથી સર્જનહાર પોતે સન્નિરુદ્ધ કે શબલિત થતો નથી. માયા પ્રકૃતિ છે અને માયી મહેશ્વર છે. તેથી આ સમગ્ર જગતમાં તે મહેશ્વરના અવયવ વ્યાપ્ત છે.

આમ 'માયા' શબ્દનો અર્થ પ્રકૃતિ કરવામાં આવ્યો છે. આ સ્થૂલ વ્યક્ત જગતની સૂક્ષ્મ અવ્યક્ત અવસ્થાને 'પ્રકૃતિ' કહેવાય છે અથવા પરમાત્માના સ્થૂલ બીજરૂપ અદ્વૈતમાં પત્ર-પુષ્પ-ફલ સમા દ્વૈતની જ સૂક્ષ્મ સમ્ભાવનાઓ છે તેને પણ 'પ્રકૃતિ' કહેવાય છે. પ્રકૃતિને પરમાત્માથી ભિન્ન માનો કે અભિન્ન માનો, કોઈ પણ સંજોગમાં તે પ્રકૃતિના બન્ધનથી 'માયી' પરમાત્મા પોતે બંધાતો નથી. પરમાત્મા પોતે મહેશ્વર હોવાના કારણે બંધાતો નથી પણ જીવાત્માના રૂપે બંધાય છે. જયારે સૃષ્ટિમાં જન્મેલો જીવાત્મા બંધાય છે. આ સંજોગોમાં આ સૃષ્ટિના સર્જનહારને 'માયાશબલિત' કેવી રીતે માની શકાય ?

ગીતા અને ભાગવત આ પ્રકૃતિને સુસ્પષ્ટ શબ્દોમાં પરમાત્માની પ્રકૃતિ તરીકે બિરદાવે છે.

**૧. ભૂમિરાપોનલો વાયુ: ખં મનો બુદ્ધિરેવ ચ।**
**અહઙ્કાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિ: અષ્ટધા॥**
**અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્।**
**જીવભૂતાં મહાબાહો યયા ઈદં ધાર્યતે જગત્॥**

( ભગ.ગીતા ૭૪-૫ )

**૨. દ્રવ્યં કર્મ ચ કાલશ્ચ સ્વભાવો જીવએવ ચ।**
**વાસુદેવાત્ પરો બ્રહ્મન્ ન ચ અન્યોર્થોસ્તિ તત્ત્વત:॥**

( ભાગ.પુરા.૨૫૫૧૪ )

ભાગવત્‌ના શ્લોકમાં દ્રવ્ય Matter, કર્મ Kinetic energy,

સ્વભાવ Static energy, કાલ Time, જીવ Consciousness આ પાંચેયને પરબ્રહ્મ વાસુદેવથી તત્ત્વત: અભિન્ન ગણ્યા છે. આધુનિક વિજ્ઞાન સમ્મત દેશ કાલ દ્રવ્ય અને ઊર્જા ના વર્ગીકરણથી આ વર્ગીકરણમાં કંઈક તફાવત દેખાય છે; પરન્તુ જો આપણે વધુ વિચાર કરીશું તો સ્પષ્ટ થશે કે ભાગવતકારના મત મુજબ દ્રવ્ય અને દેશ નોખા - નોખા પદાર્થ નથી. એમને નોખા ગણવાની પદ્ધતિ—એક દ્રવ્ય અને બીજો તેનો અભાવ તે આકાશ—આવા દ્વૈતવાદી પૂર્વગ્રહને આભારી છે. ભાગવતકાર અને ગીતાકાર બન્નેના મત મુજબ દ્રવ્યાત્મિકા પ્રકૃતિમાં પૃથ્વી જલ તેજ વાયુ આકાશ મન બુદ્ધિ અહંકાર માં આકાશના રૂપે દેશ (Space) નો સમાવેશ કરી લેવામાં આવ્યો છે. એટલે આપણા દર્શનની પરિભાષામાં જેને 'દ્રવ્ય' કહેવામાં આવે છે તેનું નિરૂપણ આધુનિક વિજ્ઞાન સમ્મત 'Matter' અને 'Space' માં થઈ જાય છે.

વિજ્ઞાન સમ્મત *એનર્જિના* બે રૂપો ભાગવતકાર દર્શાવે છે: ૧. કર્મ (Kinetic Energy) અને ૨. સ્વભાવ (Static Energy). તેથી ઊર્જાને ઠેકાણે આપણે ત્યાં કર્મ અને સ્વભાવ એવા બે પદાર્થો સ્વીકારવામાં આવ્યા છે.

કાલ (Time) વિજ્ઞાન અને ભાગવત બન્નેની સૂચિમાં આવતો સમાન પદાર્થ છે.

જીવની સત્તાની બાબતમાં આધુનિક વિજ્ઞાન હજી મૌન સેવે છે. કેટલાક અધીર વિચારકો એનો અર્થ એમ કરે છે કે ચેતનાને નોખો પદાર્થ માનવો તે અવૈજ્ઞાનિક દષ્ટિકોણ છે. તેની પાછળ એક મજાનું ઐતિહાસિક કારણ રહેલું છે.

યુરોપના ધર્મમાં આત્મા (Soul) નું અસ્તિત્વ કેવળ મનુષ્ય - પ્રાણીમાં

જ સ્વીકારવામાં આવ્યું છે, વનસ્પતિ વૃક્ષ કીટ સર્પ મત્સ્ય કાચબા પશુ - પક્ષી જેવાં પ્રાણીઓમાં નહિ. આ ભેદના તેઓ સાત હેતુ ગણાવે છે, જે હેતુઓને લીધે મનુષ્યની પરિભાષા જ નોખી ઘડવામાં આવી છે.

૧. કેવળ મનુષ્ય જ તર્કશક્તિવાળું પ્રાણી છે.
Only man is discursive animal.
૨. કેવળ મનુષ્ય જ યન્ત્રશક્તિવાળું પ્રાણી છે.
Only man is technological animal.
૩. કેવળ મનુષ્ય જ રાજનૈતિક પ્રાણી છે.
Only man is political animal.
૪. કેવળ મનુષ્ય જ સાંસ્કૃતિક પ્રાણી છે.
Only man is cultural animal.
૫. કેવળ મનુષ્ય જ ધાર્મિક પ્રાણી છે.
Only man is religious animal.
૬. કેવળ મનુષ્ય જ નીતિમાન પ્રાણી છે.
Only man is ethical animal.
૭. કેવળ મનુષ્ય જ સૌન્દર્યાનુભૂતિશીલ પ્રાણી છે.
Only man is esthetic animal.

મનુષ્યાકાર પ્રાણીની આ વિશિષ્ટતા તેના દેહમાં રહેલા આત્માને લીધે છે તેમ યુરોપના ધર્મનું કહેવું છે. પણ આધુનિક વિજ્ઞાન તેને રદિયો આપતાં કહે છે કે આ વિશિષ્ટતા સ્થૂલરૂપમાં મનુષ્યાકાર પ્રાણીમાં જણાતી હોવા છતાં સૂક્ષ્મરૂપમાં મનુષ્યેતર પ્રાણીઓમાં પણ હતી જ. તે સિવાય આજે અનન્ત બ્રહ્માંડમાં હજારો નહિ તો સેંકડો ગ્રહલોક એવા હોઈ શકે છે કે જે લોકમાં પૃથ્વી કરતાં વધુ બુદ્ધિમાન અથવા પૃથ્વીના જેટલા બુદ્ધિમાન પ્રાણીઓ વિકસ્યાં હોય. એટલે આ વિશિષ્ટતા ઉપર મનુષ્યાકાર પ્રાણીના એકાધિકારની ધારણાને આજે અવૈજ્ઞાનિક માનવામાં આવે છે. મનુષ્યાકાર પ્રાણીમાં

આ વિશિષ્ટતાઓ લાખો વર્ષની વિકાસ શૃંખલાની એક કડી છે. વિકાસવાદી સિદ્ધાન્ત મુજબ માનવીય શરીર બંધારણમાં અને માનવેતર પ્રાણીઓના શરીર બંધારણમાં કોઈ પણ જાતનો તફાવત નથી.

વિજ્ઞાનની પ્રયોગશાળામાં આજે સચેતન શરીરના ઘડતરમાં ઈંટની જેમ વપરાયેલા પ્રોટીન્ અને ન્યૂક્લીયીક્ એસીડ્ને પેદા કરી શકાય છે. આજથી કરોડો વર્ષ પૂર્વે સરળ એકકોષીય અણુનો વિકાસ જે પ્રક્રિયાથી થયો હતો તેનું કૃત્રિમ પુનરાવર્તન કરીને આજે પણ તેનું નિર્માણ સમ્ભવિત છે. હાઈડ્રોજન્ પાણી એમોનિયા મિથેન્ અને હાઈડ્રોજન્ સલ્ફાઈડ્ ના દ્રાવણમાંથી અલ્ટ્રાવાયોલેટ્ કિરણોને પસાર કરવાથી આ ચમત્કાર સિદ્ધ કરીને બતાવી શકાય છે.

જો કે ઈંટ બનાવનાર મજૂરને મકાન બનાવવાની ઈજનેરી વિદ્યા ન પણ આવડતી હોય, તેવી રીતે આ પ્રોટીન્ અને ન્યૂક્લીયીક્ એસિડ્ ના નિર્માતાને હજી માનવીય દેહની જટિલ ઈજનેરી વિદ્યા પ્રાપ્ત ન થઈ હોય તે દેખીતી વાત છે. છતાં જે કંઈ રહસ્ય રહ્યું છે તે ઈંટોથી કુશળ બાંધકામ કરવાની કારીગરીની બાબતમાં છે, મકાન શેનાથી બન્ધાયું છે તે બાબતમાં નથી!

આ ઈંટોની જટિલ સંરચનામાં કરોડો નહિ બલ્કે અરબો વર્ષ લાગ્યાં છે. આટલા લાંબા ગાળામાં જટિલથી જટિલતર અને જટિલતમ બનતી આવી સંરચનાને એક-બે વર્ષમાં વિકસિત કરીને દેખાડવી દેખીતી રીતે શક્ય નથી; પણ તેથી આ માનવદેહના જટિલતમ બંધારણમાં વાપરવામાં આવેલી ઈંટોની ઓળખાણને કોઈ કેવી રીતે ખોટી ઠેરવી શકે? અમેરિકાના મહાન વૈજ્ઞાનિક કાર્લ સેગાન કહે છે કે વિકાસનો સિદ્ધાન્ત હવે વાદથી આગળ વધીને સત્ય સાબિત થયો છે. "Evolution is fact, not a theory." આનું સ્પષ્ટ પ્રમાણ આજે જોઈ શકાય છે. માનવનિર્મિત કમ્પ્યુટર્ માનવીની

બુદ્ધિ કરતાં વધુ પ્રભાવશાળી રીતે તર્ક કરવા સક્ષમ બની રહ્યું છે! તેથી કમ્પ્યુટર્માં આત્માના અસ્તિત્વને સ્વીકારી શકાતું નથી. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે તર્કશક્તિ યન્ત્ર વિજ્ઞાન રાજનીતિ સંસ્કૃતિ ધર્મ નીતિ કે સૌન્દર્યાનુભૂતિ વગેરે ગુણો પૃથ્વીના દરેક સ્થળે, દરેક કાળમાં, દરેક માનવીમાં એકસરખી રીતે, એક સરખા પ્રમાણમાં વિકસિત થયેલા દેખાતા નથી. એટલે શું એમ માનવું કે દેહમાં રહેલા આત્માનાં માપ નોખા - નોખા હશે?

આ યુક્તિવાદોથી કેવલ મનુષ્યાકારવાળા પ્રાણીના દેહમાં વિદ્યમાન રહી શકે તેવાં યુરોપિયન ધર્મસમ્મત આત્માના સ્વરૂપ કે અસ્તિત્વ નું ખણ્ડન થતું માની શકાય છે. આપણે ત્યાં તો આ બાબતમાં તદ્દન નોખી વિચારસરણી હતી. આપણી આત્માવિષયક વિચારસરણીનું હજી વિજ્ઞાને ખણ્ડન કર્યું નથી અને ભવિષ્યમાં કરી શકે તેવી સમ્ભાવના પણ નથી!

આપણા ધર્મમાં આત્માના અસ્તિત્વના એંધાણ આપણી તર્કશક્તિ તન્ત્રશક્તિ રાજનીતિ સંસ્કૃતિ ધર્મ નીતિ કે સૌન્દર્યાનુભૂતિ ના આધારે કરવામાં આવેલા નથી કેમકે આ બધી શક્તિઓ દેહથી સમ્બન્ધ રાખનારી છે. આપણે ત્યાં આત્મચેતનામાં મન બુદ્ધિ અહંકાર ચિત્ત પ્રાણ જ્ઞાનેન્દ્રિયો કર્મેન્દ્રિયો વગેરે દરેકના સામર્થ્યને બાહ્ય આરોપિત માનવામાં આવ્યા છે. દા.ત. જેમ વિજળી (Electricity) માં શબ્દને અભિવ્યક્ત કે ગ્રહણ કરવામાટે પોતાનું સામર્થ્ય ન હોવા છતાં સ્પીકર્ કે માઈક્ જેવા સાધનોથી તે સામર્થ્ય આવી જાય છે, તેવી જ રીતે ચેતનમાં પણ શબ્દોચ્ચારણનું સામર્થ્ય કે શબ્દશ્રવણનું સામર્થ્ય નથી, છતાં વાણી અને કાન ને લીધે આપણી ચેતના શબ્દોચ્ચારણ કે શબ્દગ્રહણ માટે સમર્થ બને છે.

આખા દેહને પહેલાં એક ઘડિયાળની માફક બનાવીને પાછળથી

ચાવી ભરવામાં આવતી હોય અથવા ટેપરેકોર્ડર્માં બૅટ્રી મૂકવાથી તે ચાલુ થાય તેવી રીતે દેહમાં આત્મા મૂકવામાં આવ્યો હોય એમ આપણે નહોતા માનતા. દેહમાં આત્માના આગમનનું એક યજ્ઞના રૂપમાં ખૂબ સરસ વર્ણન ઉપનિષદ્માં આપવામાં આવ્યું છે.

"આ લોક એક અગ્નિ છે, તેમાં સૂર્ય સમિધા જેવો છે. સૂર્યના કિરણો તે સમિધામાંથી નીકળતો ધુમાડો છે. દિવસનો પ્રકાશ તે અગ્નિનો ચમકારો છે. ચન્દ્રમા તે અગ્નિના અંગારા જેવો છે. નક્ષત્રો તેના તણખાં જેવા છે. આ અગ્નિમાં દેવતાઓએ પાણીની આહુતિ આપી તેથી સોમ તત્ત્વની ઉત્પત્તિ થઈ. તે સોમની આહુતિ મેઘ રૂપી અગ્નિમાં આપવામાં આવે છે. હવા મેઘની સમિધા જેવી હોય છે. વાદળાં ધુમાડાને ઠેકાણે હોય છે. ચમકતી વીજળી આ ધુમાડા રૂપી અગ્નિની જ્વાળા છે. પડતી વીજળી તેના અંગારસમી હોય છે. મેઘગર્જના આ મેઘ રૂપી અગ્નિના તણખા જેવી હોય છે. આમાં સોમની આહુતિ આપવાથી વરસાદ ઉત્પન્ન થાય છે. તે વરસાદની આહુતિ પૃથ્વી રૂપી અગ્નિમાં આપવામાં આવે છે.

તે પૃથ્વી રૂપી અગ્નિની સમિધા સમો સંવત્સર (એક વર્ષનો સમય) હોય છે. આ પૃથ્વી રૂપી અગ્નિનો ધુમાડો તે આકાશ છે. રાત્રિ તેની જ્વાળા છે. દિશાઓ અંગારા જેવી છે અથવા તણખા છે. આ પૃથ્વી રૂપી અગ્નિમાં વર્ષાની આહુતિ આપવાથી અન્ન ઉત્પન્ન થાય છે. અન્નની આહુતિ પુરુષ રૂપી અગ્નિમાં આપવામાં આવે છે.

પુરુષરૂપ અગ્નિની સમિધા વાણી છે, પ્રાણ ધુમાડો છે, જીભ પુરુષ રૂપી અગ્નિની જ્વાળા છે, તેના નેત્રો

અંગારા છે, શ્રવણેન્દ્રિય તણખાં છે. આ પુરુષ રૂપી અગ્નિમાં અન્નની આહુતિ આપવાથી વીર્યની ઉત્પત્તિ થાય છે. વીર્યની આહુતિ સ્ત્રી રૂપી અગ્નિમાં આપવામાં આવે છે.

સ્ત્રી રૂપી અગ્નિમાં જનનેન્દ્રિય (ઉપસ્થ) સમિધા જેવી હોય છે, શૃંગારિક સંકેતો ધુમાડા છે. યોનિ જ્વાલા જેવી હોય છે, સમ્ભોગ અંગાર છે, તેનાથી મળતું સુખ તણખા છે. આ સ્ત્રી રૂપી અગ્નિમાં વીર્યની આહુતિ આપવાથી એટલે કે પાંચમી આહુતિથી મૂળ જલતત્વ પુરુષાકારે પ્રકટ થાય છે.

તે પુરુષ ગર્ભમાં દશેક માસ રહીને બહાર આવે છે. પછી આયુષ્ય પ્રમાણે જીવે છે. મર્યા પછી તે જે પાંચ અગ્નિઓમાંથી પસાર થઈને આવ્યો હતો, તેમાંથી પસાર થઈને પાછો ચાલ્યો જાય છે''.(છાન્દો.ઉપ.પા૩-૯)

આપણે જોઈ શકીએ છીએ કે આપણો આત્મા, પાણી વરસાદ અન્ન વીર્ય અને ગર્ભ એમ અનેક અવસ્થાઓમાંથી પસાર થતો હોય છે. એટલે આધુનિક વિજ્ઞાન પ્રયોગશાળામાં હાઈડ્રોજન્ પાણી એમોનિયા મિથેન્ હાઈડ્રોજન્ સલ્ફાઈડ્ ના દ્રાવણમાં અલ્ટ્રાવાયોલેટ્ના કિરણોને પસાર કરવાથી જે ચેતના સૂક્ષ્મ રીતે પ્રકટ થતી હોય છે તે ચેતનામાં તર્કશક્તિ તન્ત્રશક્તિ રાજનીતિ સંસ્કૃતિ ધર્મ નીતિ કે સૌન્દર્યાનુભૂતિ નું સામર્થ્ય ન હોય તો આપણને તેનો કોઈ વાંધો હોવો જોઈએ નહિ. અથવા તો માનવનિર્મિત કમ્પ્યુટર્માં માનવી કરતાં વધારે સમર્થ તર્કશક્તિ ખીલવી શકાતી હોય તો તે કમ્પ્યુટર્માં આત્માના અસ્તિત્વને સ્વીકારવાની આવશ્યક્તા આપણને જણાતી નથી કારણ કે આત્માના એવા સ્થૂલ લક્ષણો આપણે ક્યારે પણ ઘડ્યાં જ ન હતાં.

આધુનિક વિજ્ઞાનની વિવિધ શાખાઓ (Soul) ને મારી નાખવાની મથામણ છે. પણ આત્મા તો અજય અમર છે અને રહેશે. વિજ્ઞાનની પ્રયોગશાળામાં પ્રોટીન્ કે ન્યુકલીયીક્ ઍસિડ્ ના અણુના નિર્માણથી આપણા આત્માને કોઈ આંચકો લાગતો નથી. તે શુદ્ધ ચેતનારૂપ છે અને સર્વત્ર વિદ્યમાન છે. તે પાણીમાં વાદળામાં વરસાદમાં અન્નમાં અને દરેક પ્રાણી—કીટ સર્પ મત્સ્ય કાચબા પશુ-પક્ષી વનસ્પતિ વૃક્ષ કે મનુષ્ય —માં સર્વત્ર વિદ્યમાન છે. તે ક્યાંય પણ પ્રકટ થઈ શકે છે. હાઈડ્રોજન્ વગેરે તત્ત્વોના પ્રવાહને સ્ટરીલાઈઝ્ કરવાથી જીવાણુઓ મરી જતા હશે; પરન્તુ જીવાત્મા મરતો નથી. ગીતામાં ભગવાન્ કહે છે: **"અછેદ્યો અયમ્ અદાહ્યો અયમ્ અક્લેદ્યો અયમ્ અશોષ્યએવ ચ, નિત્યઃ સર્વગતઃ"** (ભગ.ગીતા ૨૨૪) જીવાત્માને કાપી બાળી ભીંજવી સૂકવી શકાતો નથી. તે નિત્ય અને સર્વગત સર્વત્ર વિદ્યમાન છે.

જે નિત્ય છે તે નથી મરી શકતું કે નથી જન્મી શકતું, છતાંય ક્યારેક તે પ્રકટ થઈ શકે છે તો ક્યારેક તિરોહિત પણ થઈ શકે છે. તેથી જ વિજ્ઞાનની પ્રયોગશાળામાં પણ તે ચેતના પ્રકટ થાય છે પણ પેદા થતી નથી. ગર્ભમાંથી બાળક પ્રકટ થાય છે, પેદા થતું નથી.

મનુષ્યની તર્કશક્તિ નીતિમત્તા વગેરે ગુણોનું જેવું સ્વરૂપ આજના મનોવિજ્ઞાન સમાજવિજ્ઞાન નૃતત્ત્વવિજ્ઞાન શરીરવિજ્ઞાન રસાયણવિજ્ઞાન ભૌતિકવિજ્ઞાન કે જ્યોતિર્વિજ્ઞાન ને આધારે સિદ્ધ થઈ રહ્યું છે તે આનો પુરોવો છે. જડ અને ચેતન ની વચ્ચે અતિ દ્વૈત કે અતિ અદ્વૈત ને આ સૃષ્ટિમાં ક્યાંય પણ સ્થાન નથી. તેનું સ્થાન કેવળ હઠવાદી દાર્શનિકની બુદ્ધિમાં જ છે.

ઉપનિષદોની રસદષ્ટિની આ મહત્તા છે કે આત્મચેતનાને સમષ્ટિરૂપે

તે સર્વવ્યાપી અને વ્યષ્ટિરૂપે પરમાણુરૂપ આમ વિરોધી ધર્મોથી યુક્ત માને છે. વિજ્ઞાન આજે પ્રકાશને કિરણ અને તરંગ ઉભયરૂપે સ્વીકારે છે તેવી જ રીતે ભગવાને ગીતામાં આત્મચેતનામાં રહેલા આ બન્ને ગુણોને સ્વીકાર્યા છે.

**નિત્ય: સર્વગત: સ્થાણુ: અચલોઽયં સનાતન।**
**મમૈવાંશો જીવલોકે જીવભૂત: સનાતન:।**
**મન: ષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ।**
**શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વર:।**
**ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવ આશયાત્॥**
(ભગ.ગીતા ૨૨૪,,૧૫૭-૮)

એટલે જીવાત્મા સમષ્ટિરૂપે વ્યાપ્ત છે અને વ્યષ્ટિરૂપે અણુપરિમાણ છે. સમષ્ટિરૂપે તે અચલ છે જ્યારે વ્યષ્ટિરૂપે એક દેહમાંથી બીજા દેહમાં અથવા એક લોકમાંથી બીજા દેહમાં સંચાર પણ કરી શકે છે. જેમ વાયુ સર્વત્ર વ્યાપ્ત છે પણ તેવા વાયુથી પુષ્પની સુવાસ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જઈ શકતી નથી; પરન્તુ જ્યારે વાયુની લહેર આવે છે ત્યારે પુષ્પની સુગન્ધ સઞ્ચારી બને છે. તેથી ઉપનિષદ્ પરમાત્માને વ્યષ્ટિરૂપ અણુ જીવાત્મા કરતાંય અણીયાન્-પરમાણુરૂપ ગણે છે અને સમષ્ટિરૂપ સર્વવ્યાપી મહાન ચૈતન્ય કરતાંય વધુ મહીયાન્-મહાવ્યાપી ગણે છે. બ્રહ્મ આપણા જીવાત્માની ભીતર રહેલો અન્તર્યામી પરમાત્મા છે, પ્રકૃતિમાં વ્યાપી રહેલા પુરુષ કરતાં મહાન પુરુષોત્તમ છે.

કાલ કર્મ સ્વભાવ દ્રવ્ય અને જીવ ના પંચવિધરૂપો એક જ બ્રહ્મની દ્વિવિધ પ્રકૃતિઓ છે: ૧. અપરા પ્રકૃતિ ૨. પરા પ્રકૃતિ.

**ભૂમિરાપોઽનલો વાયુ: ખં મનોબુદ્ધિરેવ ચ।**
**અહઙ્કાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા।**
**અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્।**

**જીવભૂતાં મહાબાહો યયા ઈદં ધાર્યતે જગત્॥**

(ભગ.ગીતા ૭।૪-૫)

એક જ પરમાત્મામાં અપરા પ્રકૃતિના વિવિધ રૂપોના અને પરા પ્રકૃતિના વિવિધ રૂપોના દ્વૈતની સૂક્ષ્મ સમ્ભાવનાઓ ભરેલી રહે છે, જેમ એક જ બીજમાં કોઈક વૃક્ષના વિવિધ વર્ણ આકૃતિ ગન્ધ અને સ્વાદવાળા પત્ર પુષ્પ અને ફળ ના દ્વૈતની સૂક્ષ્મ સમ્ભાવનાઓ વિદ્યમાન હોય છે. તેથી ભાગવત કહે છે કે **"દ્રવ્યં કર્મ ચ કાલશ્ચ સ્વભાવો જીવએવ ચ"** (ભાગ.પુરા.૨।૫।૧૪) તે વાસુદેવ પરમાત્મામાંથી તત્ત્વદષ્ટિએ નોખા નથી, રૂપ નોખા-નોખા હોવા છતાંય. આ વિવિધ રૂપોમાં બ્રહ્મે પોતાને જ પ્રકટ કર્યો છે. **"તદ્ આત્માનં સ્વયમ્ અકુરુત"**. (તૈત્તિ.ઉપ.૨।૭) તેથી આ વિવિધ રૂપો પરમાત્માની સુકૃતિ-સુન્દર કૃતિ છે. **"તસ્માત્ તત્ સુકૃતમ્ ઉચ્યતે ઈતિ"** (તૈત્તિ.ઉપ.૨।૭) અહીં જે કંઈ અભિવ્યક્ત થયું છે તે પરમાત્માની સુકૃતિ જ છે **"યદ્ વૈ તત્ સુકૃતમ્"** (તૈત્તિ.ઉપ.૨।૭). કેમકે પરમાત્મા રસરૂપ છે, તેથી તેની દરેક કૃતિમાં એક વિશિષ્ટ રસ અભિવ્યક્ત થયો છે: **"રસો વૈ સઃ"** (તૈત્તિ.ઉપ.૨।૭). આ રસને ઓળખ્યા વિના આ સૃષ્ટિમાં આનન્દ મળવાનો નથી: **"રસં હિ એવ અયં લબ્ધ્વા આનન્દી ભવતિ"** (તૈત્તિ.ઉપ.૨।૭). આ સૃષ્ટિમાં દરેક પ્રાણીમાં રહેલી જીજીવિષા-જીવવાની લાલસા જણાય છે તે આ વાતોનો પુરાવો છે. આ આકાશમાં ભરેલા વાયુમાંથી જ્યારે આપણે એક શ્વાસ અન્દર લઈએ છીએ ત્યારે આપણે તે આનન્દને જ માણીએ છીએ. નહિ તો શા માટે કોઈ પ્રાણી શ્વાસ લેવાની ભાંજગડમાં પડે? **"કો હિ એવ અન્યાત્ કઃ પ્રાણ્યાદ્ યદ્ એષઃ આકાશે આનન્દો ન સ્યાત્?"** (તૈત્તિ.ઉપ.૨।૭). તે બ્રહ્મ ખરેખર દરેક પ્રાણીને આનન્દિત બનાવી રહ્યો છે: **"એષઃ હિ એવ આનન્દયાતિ"** (તૈત્તિ.ઉપ.૨।૭).

આ હતી આપણી ઉપનિષદોની રસદષ્ટિ. વિજ્ઞાને આ રસદષ્ટિનું

ખણ્ડન કર્યું નથી કે તે તેમ કરી શકતું પણ નથી. વિજ્ઞાનના વિકાસની સાથે આ રસદૃષ્ટિનું મણ્ડન થવાનું છે. જો ક્યારે પણ વિજ્ઞાન આ રસદૃષ્ટિનું ખણ્ડન કરવા ઈચ્છશે તો તે વિજ્ઞાન ત્યારે માનવીય બુદ્ધિને ગમતા બીબામાં સ્થૂળને ઢાળવાની મથામણ નહિ રહે પણ કેવળ આ સૃષ્ટિમાં વિનાશકારી સાધનાને શોધવાની મથામણમાં વિકૃત બની જશે.

એટલે આપણા દર્શનમાં રહેલી રસદૃષ્ટિને મેળવ્યા વિના જો આપણે વિજ્ઞાનથી આંધળા બનવા જઈશું તો આપણે આપણા વિનાશના સાધનોને જ વહોરતા હોઈશું. આવશ્યકતા તો એ છે કે જેમ આપણા દર્શને ધર્મદ્વારા રસદૃષ્ટિ મેળવી તેમ વિજ્ઞાને પણ તે દૃષ્ટિનો વારસો આપણા દર્શનદ્વારા મેળવવો જોઈએ. એટલે હવે આપણે વિજ્ઞાનના ક્ષેત્રે રસદૃષ્ટિના મહત્ત્વ અને સ્વરૂપ ને પિછાણવું જોઈએ.

## વિજ્ઞાનમાં આપણી રસદષ્ટિ

'જ્ઞાન' એ સામાન્યવાચક શબ્દ છે. 'જ્ઞાન' શબ્દની આગળ 'વિ' ઉપસર્ગ જોડવાથી 'વિજ્ઞાન' શબ્દ બન્યો. 'વિ' ઉપસર્ગનો અર્થ છે વિશિષ્ટતા. વિશિષ્ટ જ્ઞાન એટલે વિજ્ઞાન.

વિજ્ઞાનના વિષય સ્થૂળ હોય કે સૂક્ષ્મ હોય, તે બધા હોય છે વિશિષ્ટ વિષયો. તે-તે વિષયોની વિશિષ્ટતા તે-તે વિષયોના શ્રેષ્ઠત્વ કે વધુ પ્રામાણિક હોવાના અર્થમાં કહેવાતી નથી. એક સાચા વૈજ્ઞાનિકનું માનસ એટલું આગ્રહરહિત હોવું જ જોઈએ કે તેણે પોતે કરેલાં નિરીક્ષણ કે પરીક્ષણ થી જે સાબિત થયું છે તે સત્ય છે કે અસત્ય છે તેની ભાંજગડમાં પડવાને બદલે પોતે કરેલાં પરીક્ષણ કે નિરીક્ષણ ના નિષ્કર્ષની તટસ્થ રીતે તે રજુઆત કરે. એક વૈજ્ઞાનિકમાટે આ પ્રક્રિયા વધુ વાઞ્છનીય છે.

જે માન્યતાનું પરીક્ષણ કે નિરીક્ષણ શક્ય ન હોય તેવી માન્યતામાં વિશ્વાસ રાખવા છતાંય તે માન્યતાને વૈજ્ઞાનિક સિદ્ધાન્તનો દરજ્જો આપી શકાતો નથી. એક દિશામાં કરેલા નિરીક્ષણ કે પરીક્ષણ નો એક નિષ્કર્ષ કાઢવામાં આવતો હોય, પછી બીજી દિશામાંથી તેનું નિરીક્ષણ કે પરીક્ષણ કરતાં પોતાના અગાઉના નિષ્કર્ષથી બીજો કોઈક વિપરીત નિષ્કર્ષ પણ કાઢી શકાય. એટલે પોતાના નિષ્કર્ષને ત્રિકાલાબાધિત સત્ય માનવાની મનોવૃત્તિ એક સાચા વૈજ્ઞાનિકની કદી હોઈ શકતી નથી. તેથી વિશિષ્ટ જ્ઞાનનો અર્થ એટલો જ છે કે કોઈક ચોક્કસ રીતે કરવામાં આવેલા નિરીક્ષણ કે પરીક્ષણ થી મળતો એક વિશિષ્ટ નિષ્કર્ષ તેનું નામ 'વિજ્ઞાન'.

સ્થૂળમાં સૂક્ષ્મને જાણવાની દાર્શનિક મથામણથી જે સન્દેહ અને પ્રશ્નો માનવીય બુદ્ધિની સામે ઊભા થયા તે સન્દેહના અને પ્રશ્નોના સમાધાન વૈજ્ઞાનિક મથામણદ્વારા આપવાનો પ્રયાસ

તે વિજ્ઞાન છે. પ્રશ્નો દર્શને ઊભા કર્યા, તેના ઉત્તર વિજ્ઞાન આપવા માગે છે. માટે દર્શન પ્રશ્નકર્તા છે તો વિજ્ઞાન ઉત્તરદાતા છે. પણ એકબીજાને સાંભળ્યા વિના જ જો બન્ને બોલવા માંડે તો માનવીય બુદ્ધિની ધારાસભામાં સંવાદ અને વિવાદ ના બદલે નર્યો ઘોંઘાટ જ સંભળાશે. દર્શન અને વિજ્ઞાન વચ્ચે વિવાદ પછી કોઈક સંવાદ અને તે સંવાદમાં પાછો કોઈક પ્રકારનો વિવાદ ચાલતો રહે તેમાં કશો વાંધો ન જ હોઈ શકે; પરન્તુ બન્નેની વચ્ચે અબોલાની મનોવૃત્તિ હોવી બન્નેમાટે હાનિકારક થશે. તેવી જ રીતે, એકબીજાની મર્યાદા જાળવ્યા વિના પોતેજ બોલતા રહેવાની મનોવૃત્તિ પણ અવાઞ્છનીય છે.

સત્યાસત્યનો સામાન્ય નિષ્કર્ષ કાઢતા પહેલાં દર્શને વિજ્ઞાને કરેલાં નિરીક્ષણ કે પરીક્ષણ ના વિશિષ્ટ નિષ્કર્ષોની વાત ધ્યાનમાં રાખવી જોઈએ. તેવી રીતે, વિજ્ઞાને પણ પોતાના વિશિષ્ટ નિષ્કર્ષની સફળતાથી એટલા બધા ન ફુલાઈ જવું જોઈએ કે મનુષ્યની બુદ્ધિની સામે કયા સામાન્ય પ્રશ્નો છે તેના તરફ બેદરકાર થઈ જાય.

વૈજ્ઞાનિક નિરીક્ષણ અને પરીક્ષણ માં સંશ્લેષણ અને વિશ્લેષણ ની પ્રક્રિયાને અપનાવીને કંઈક જોડ-તોડ ચાલતી રહેવી જોઈએ. જે એકમનું નિરીક્ષણ કે પરીક્ષણ અભિપ્રેત હોય તે જો સ્થૂળ સમષ્ટિ હોય તો તેની ઘટક સૂક્ષ્મ વ્યષ્ટિઓનું જ્ઞાન તે એકમના વિશ્લેષણ વિના નહિ મળે, તેને તોડીને જોયા વિના છૂટકો નથી. તેવી રીતે, જો એકમમાં સ્થૂળ વ્યષ્ટિ હોય તો તે કઈ સૂક્ષ્મ સમષ્ટિનો ભાગ કે અંગ છે તે જાણવામાટે તે એકમનું સંશ્લેષણ પણ કરવું જ પડશે. જો તેને જોડતાં ન આવડતું હોય તો જ્ઞાન મળશે નહિ.

આથી સિદ્ધ થાય છે કે પરીક્ષણ હોય કે નિરીક્ષણ, વિજ્ઞાનમાં વિશ્લેષણાત્મક તર્કપદ્ધતિ અને સંશ્લેષણાત્મક તર્કપદ્ધતિ બન્નેની મહત્તા એક સરખી હોય છે.

દા.ત. મૅડિકલ્ સાયન્સ્‌ના વિદ્યાર્થીને શરીરરચનાનું જ્ઞાન મેળવવા માટે દેડકાનું ડિસેકશન્ કરવું પડે છે, કારણ કે શરીર એક એવો એકમ છે કે જેને આપણે સ્થૂળ સમષ્ટિ માની શકીએ છીએ. શરીરના સૂક્ષ્મ અંગ - પ્રત્યંગો શરીરની ભીતર હોય છે, એટલે શરીરને ચીર્યા વિના તેની અન્દરની રચના જાણી શકાતી નથી. યુરેનિયમ્‌ના અણુના વિઘટન વિના આણવિકી ઊર્જા મળી શક્તી નથી કેમ કે યુરેનિયમ્‌નો અણુ ઈલેકટ્રોન્ ન્યુટ્રોન્ અને પ્રોટોન્ ના પરમાણુઓની સમષ્ટિ છે.

મૅડિકલ્ સાયન્સ્‌નો વિદ્યાર્થી જ્યારે એક દેડકાનું વિશ્લેષણ કે ડિસેકશન્ કરીને તેના અંગ - પ્રત્યંગોની રચનાને સમજવાનો પ્રયત્ન કરતો હોય ત્યારે તેનું લક્ષ્ય આ જ્ઞાન મેળવીને અનેક રોગીઓના રોગી અંગ - પ્રત્યંગોને કાઢીને અથવા ઉપચાર કરીને અથવા નવાં પ્રત્યારોપણ કરીને તેઓને સ્વસ્થ બનાવવાનું હોવું જોઈએ. આવો હેતુ જો ન હોય તો નિરર્થક હિંસા ક્રૂર અપરાધ છે. ટ્રેન્ કે મોટર્ ની હોનારતમાં ઘાયલ થયેલ લાવારીસ ગરીબના શરીરને કાપી નાખવા માટે ઘણી વખત સરકારી હોસ્પીટલ્‌માં જુનિયર્ ડોકટરો તૂટી પડતા હોય છે. જ્ઞાન મેળવવાની તેમની ભૂખને સંતોષવા બીજાની એવી ક્રૂર છલના કરવાની મનોવૃત્તિમાં રસદષ્ટિનો સર્વથા હ્રાસ થયો કહેવાય. જો કે દેડકાના ડિસેકશન્‌માં પણ તેવી જ ક્રૂરતા રહેલી છે, છતાંયે રસનિષ્પત્તિમાં સાધારણીકરણની મહત્તા કેટલી બધી છે તે આપણે જોઈ ગયા છીએ. એક દેડકો પોતે ગમે તેટલો ભૂખ્યો હોય છતાં બીજા દેડકાને મારીને ખાઈ જતો નથી. જો તે કીડા-પતંગીઆઓને ન ખાય તો તે પોતે ભૂખ્યો મરી જાય છે, તેથી પ્રકૃતિમાં એક દેડકામાં બીજા દેડકામાટે સાધારણીકરણનો એટલો બોધ સ્વત:સિદ્ધ હોય છે. પરન્તુ મનુષ્યે આ સ્વત:સિદ્ધ બોધને પોતાના કૃત્રિમ વિજ્ઞાનથી આજે દબાવી દીધો છે. તેથી મનુષ્ય - મનુષ્ય વચ્ચેનું સાધારણીકરણ ક્યારેક ખતમ થઈ જતું હોય તેવું દેખાય છે. એકબીજાથી

પરિચિત થવામાટેના વૈજ્ઞાનિક સાધનોનો પુષ્કળ વિકાસ થવા છતાંય નવું જાણવાની દોડાદોડમાં રસદષ્ટિના કચડાઈ જવાની હકીકત આ હોનારતને આભારી છે.

આપણું દર્શન તો આ જગતના કણ-કણની સાથે રસદષ્ટિ કેળવવાના પ્રયોજનથી સાધારણીકરણનો બોધ આપવા માગે છે. **"સર્વં ખલુ ઈદં બ્રહ્મ"** (છાન્દો.ઉપ.૩।૧૪।૧) આ બ્રહ્મદષ્ટિ કેળવવી પ્રારમ્ભિક દશામાં શક્ય ન હોય ત્યારે આપણા ધર્મ અનેકવિધ પ્રાણીઓને અનેકવિધ પૂજનીય દેવતાઓના વાહન તરીકે સ્વીકારીને તેમની હિંસાથી આપણને દૂર રાખે છે. સિંહ અમ્બાનું વાહન, બળદ શિવનું, ઉંદર ગણપતિનું, ગરુડ વિષ્ણુનું, સર્પ મહાદેવનું આભૂષણ, મયૂરપિચ્છ કૃષ્ણનું આભૂષણ વગેરે. દેવપૂજા અથવા તેવા પ્રયોજન વિના કોઈ પણ વૃક્ષના પત્ર કે પુષ્પ ને તોડવામાં પણ **"અલ્પીયસી હિંસા"** (સુબો.૩।૨૯।૧૫) માનવામાં આવી છે.

મનુષ્યેતર પ્રાણીમાં આત્મા ન હોવાથી તેમને ખાઈ જવામાં કોઈ જાતનું પાપ નથી, એવું વિધાન આપણા ધર્મમાં નથી. દરેક પ્રાણીમાં આત્મા છે, તેથી કોઈ પણ પ્રાણીની હિંસા તે પાપ છે. જે સ્મૃતિકાર **"ન માંસભક્ષણે દોષ: ન નિદ્રાયાં ન મૈથુને, પ્રવૃત્તિ: એષા ભૂતાનામ્"** (મનુસ્મૃ.પ।પ૬) કહે છે તે જ સ્મૃતિકાર એમ પણ કહે છે કે: **"માં સ ખાદયિતા અમુત્ર યસ્ય માંસમ્ ઈહ અદ્મિ અહમ્, એતદ્ માંસસ્ય માંસત્વં પ્રવદન્તિ મનીષિણ:".** (મનુસ્મૃ.પ।પપ) પ્રથમ સ્મૃતિકારે કહ્યું કે જેમ નિદ્રા કે મૈથુન દેહમાટે સ્વાભાવિક છે, તેમ માંસભક્ષણ પણ સ્વાભાવિક છે. માટે માંસભક્ષણમાં દોષ નથી. તે સ્મૃતિકારે બીજા વચનમાં કહ્યું કે જેનું માંસ આજે તમે ખાઈ રહ્યા છો તે આવતા ભવમાં તમારું માંસ ખાશે. 'માં' = મને 'સ' = તે ખાશે તેથી માંસને 'માંસ' કહેવામાં આવે છે.

બીજા પ્રાણીને ખોરાક બનાવવામાટે પ્રકટ થતા ભયંકર રસના સાધારણીકરણનો આ બોધપાઠ છે. બીજાની ભયંકરતા જેમ આપણા જીવનને કરુણ બનાવી દે છે તેમ આપણી ભયંકરતા બીજાને માટે કરુણ નીવડતી હોય છે.

કર્મશૃંખલાની કડીના રૂપમાં માનવેતર પ્રાણીઓના રૂપે પણ માનવદેહમાં આવેલો આત્મા પ્રકટી શકે છે એમ કહીને આપણો ધર્મ બધા જ પ્રાણીઓ માટે આપણામાં સાધારણીકરણનો ભાવ જણાવવા માગે છે, તેવી રીતે, આધુનિક વિજ્ઞાન તે કર્મમૂલક ''લખ ચોરાસીના ફેરા'' ને ઠેકાણે ડાર્વિન્‌ના વિકાસવાદી સિદ્ધાન્તના આધારે વિકાસ શૃંગલાની કડીરૂપે માનવ અને માનવેતર પ્રાણીઓની વચ્ચે સાધારણીકરણનો હેતુ સિદ્ધ કરે છે.

અમીબા કે પ્રોટોપ્લાઝમ્ થી માંડીને મનુષ્યાકાર શરીરની જટિલતમ સંરચનામાં એક સૂક્ષ્મ સમષ્ટિનો અદ્વૈત સમ્બન્ધ જણાતાં ''Man is rational animal'' અને ''Reason is the seat of soul'' માં વખણાયેલી 'રૅશનાલીટી' અને 'સોલ્' ની દ્વિધા આજે મરી પરવારી છે. આજે હવે આધુનિક વિજ્ઞાનને 'નૅચરલ્ બૅલેન્સ્'ની મહત્તા ખ્યાલમાં આવી છે. પણ આપણી ધર્મદષ્ટિ જેવી સમતુલા જાળવવા સમર્થ હતી તે મહત્તાને પાછી સ્વીકારતાં હજી આપણને થોડોક સમય લાગશે. ક્રમબદ્ધ વિકાસશૃંખલામાં જોડાયેલી એક કડી કરતા વધુ પડતું મહત્ત્વ જ્યારે એક નરે પોતાને બુદ્ધિમાન કહીને માની લીધું ત્યારે ''આત્મા વાનરમાં નહિ, પણ નરમાં હોય છે'' ની ભ્રાન્તિ બુદ્ધિમાં ભરાઈ ગઈ! તે બુદ્ધિમત્તાથી નરે વાતાવરણને એટલું પ્રદર્શિત કર્યું કે તે સ્થૂળ બુદ્ધિમત્તાની ભીતરમાં રહેલી સૂક્ષ્મ મૂર્ખતા આજે ઉઘાડી પડી ગઈ છે! આવી મૂર્ખતા કદાચ વાનર ગધેડા કે ઘુવડ ન કરી શક્યા હોત! તેઓની સ્થૂળ બુદ્ધિરહિતતામાં એક સૂક્ષ્મ બુદ્ધિમત્તા પોતાનો ભાગ ભજવી રહી હતી!

આ દેહમાં ચીરફાડ કરનાર આધુનિક સર્જનને તે મહાન સર્જકદ્વારા દેહમાં મુકાયેલ આત્મા જડતો નથી! તેથી વૈજ્ઞાનિક ચિન્તન અનાત્મવાદી થવા માગે છે.

રશિયાએ જ્યારે અવકાશમાં પહેલો સ્પૂતનિક ગબડાવ્યો ત્યારે અવકાશમાં તેમને ક્યાંય પણ પરમેશ્વર જડયો નહિ, તેથી આધુનિક બ્રહ્માંડવિજ્ઞાનના આધારે કેટલાક લોકો અનીશ્વરવાદી વિચારધારાને વધાવવા માગે છે.

આપણી માનવનિર્મિત ધારાસભાઓમાં અનેક જાતના છળકપટથી ચૂંટાઈ આવેલા મનુષ્યોએ પાર્ટીના આદેશને અનુસરીને માથા ગણવાની પદ્ધતિથી સાચા-ખોટાનું ધારાકીય નિર્ધારણ શરૂ કર્યું એટલે આપણે માની લીધું કે વગર વોટે ઘડી કાઢવામાં આવેલી શાસ્ત્રોની ધારાઓમાં નિર્ધારિત કરેલા પાપ-પુણ્યના ભેદ ખોટા છે. એટલે સાચા-ખોટાના નિર્ણયમાં બિનધાર્મિક વિચારસરણીના ગુણગાન વધુ ગવાય છે.

શાસ્ત્રોએ આ સૃષ્ટિને પાંચભૌતિક પૃથ્વી જલ તેજ વાયુ અને આકાશ થી નિર્મિત માની હતી. રસાયણવિજ્ઞાને જલના એક Molecule માં $H_2O$ ના રૂપમાં હાઈડ્રોજન્ અને ઓક્સિજન્ ના પરમાણુ શોધી કાઢ્યા એટલે લોકો શાસ્ત્રકારોને અજ્ઞાની માનવા માંડયા! રસાયણવિજ્ઞાનના વૈજ્ઞાનિકો જગતના મૂળ તત્ત્વોની સૂચિ ૮૦થી ૯૬ ઉપર અને ૯૬થી વધારી ૧૦૦ સુધી કરીને પણ થાકવાનું નામ નહોતા લેતા. ત્યારે ભૌતિક વિજ્ઞાને રસાયણવિજ્ઞાનદ્વારા ઊભી કરેલી ભ્રાન્તિને ભાંગી નાંખી. કહેવાતા મૂળ રાસાયણિક તત્ત્વોનું (p+n) e રૂપે પ્રોટોન્ ન્યુટ્રોન્ અને ઈલેકટ્રોન્ પરમાણુઓમાં વિભાજન શક્ય બની ગયું! છતાંય આપણે હાઈડ્રોજન્‌ની હકીકતનો અસ્વીકાર કર્યો નથી. કેટલાક ઉત્સાહી અધાર્મિકો એમ કહેવા માંડ્યા કે પાંચભૌતિક તત્ત્વો નથી. આ તો એવો જ યુક્તિવાદ કહેવાય કે સુન્દર ચિત્રકલાનું

વિશ્લેષણ તેના રંગો અને કેનવાસ્ માં થઈ જતું હોવાથી આપણે તે ચિત્રોની હકીકતનો અસ્વીકાર કરી દઈએ.

એક અણુરૂપ એકમનું અમુક પરમાણુઓમાં વિશ્લેષણ થઈ શકતું હોવાથી જો તે અણુનું સ્વરૂપ અવાસ્તવિક થઈ જતું હોય તો જેને આપણે પરમાણુ માન્યો છે તેનું તેના કરતાંય સૂક્ષ્મ પરમાણુઓમાં વિભાજન શક્ય હોય છે. મનોવિજ્ઞાનનો 'જેસ્ટાલ્ટ્' નામનો સિદ્ધાન્ત છે કે એક વર્ગાકૃતિનું ચાર લીટીઓમાં વિભાજન થઈ શકતું હોવાથી વર્ગાકૃતિ અવાસ્તવિક બની જતી નથી. કેમ કે તે લીટીઓનું પાછું બિન્દુઓમાં વિભાજન શક્ય હોય છે. જેમ ચોપડીનું તેના પાનાઓમાં, પાનાઓનું તેના ફકરાઓમાં, ફકરાઓનું લીટીઓમાં, લીટીઓનું વાક્યમાં, વાક્યનું શબ્દોમાં, શબ્દોનું અક્ષરોમાં, અક્ષરનું સ્વર અને વ્યંજન ના સંકેતોમાં વિભાજન કરતાં તે એક સ્વરના કે વ્યંજનના સંકેતોને ચોપડીના પરમાણુ માની શકાતા નથી; કેમકે એક સંકેતને લખવા કે છાપવામાં વપરાયેલી શાહીના ટપકામાં તે સંકેતોનું વિભાજન કરવું હોય તો તે પણ શક્ય છે. અને તે શાહીનું પણ રાસાયણિક વિશ્લેષણ કરવું હોય તો તે પણ શક્ય છે. આવા વિશ્લેષણોથી શું આપણે ચોપડીને અવાસ્તવિક ઠરાવી શકીશું! તેવી રીતે, સર્જને કરેલા શારીરિક વિશ્લેષણથી આત્માને અવાસ્તવિક માની લેવો તેના કરતાં વધારે અવિચારીતા બીજી કઈ હોઈ શકે? બ્રહ્માંડવિજ્ઞાનના વિશ્લેષણથી તેથી જ બ્રહ્મ પણ અવાસ્તવિક થઈ જતો નથી.

બ્રહ્માંડવિજ્ઞાનની જે સૂક્ષ્મ સમષ્ટિ છે તેને આપણે 'અક્ષરબ્રહ્મ' કહીએ છીએ :

> **"ક્ષર: સર્વાણિ ભૂતાનિ કૂટસ્થો અક્ષરમ્ ઉચ્યતે"**
> **"આંડકોશો બહિર્ અયં પઞ્ચાશત્કોટિવિસ્તૃત:।**
> **દશોત્તરાધિકૈ: યત્ર પ્રવિષ્ટ: પરમાણુવત્॥**
> **લક્ષ્યતે અન્તર્ગતાશ્ચ અન્યે કોટિશો હ્યણ્ડરાશય:।**

તદ્ આહુર્‘અક્ષરં બ્રહ્મ’ સર્વકારણકારણમ્॥’’( ભગ.ગીતા ૧૫।-૧૬,ભાગ.પુરા.૩।૧૧।૩૯ )

એક અક્ષરબ્રહ્મમાં અનન્તકોટિ બ્રહ્માણ્ડો છે, જેમનું વિશ્લેષણ બ્રહ્માંડ વિજ્ઞાનમાં થાય છે. તેના એકે-એક બ્રહ્માંડમાં પાછા અનન્તકોટિ તારાઓ છે. જેમ એક બ્રહ્માંડ અક્ષરબ્રહ્મમાં પરમાણુ જેટલી હૈસિયત ધરાવે છે તેમ બ્રહ્માંડમાં આપણા સૂર્ય જેવા વિશાળ પિંડો પણ એક નાનકડા પરમાણુથી વધારે હૈસિયત ધરાવતા નથી. જ્યોતિર્વિજ્ઞાન કે ખગોળવિજ્ઞાન માં એક બ્રહ્માંડનું વિશ્લેષણ તેના ઘટક એવા અનેક પરમાણુ જેવડા તારાઓમાં કરવામાં આવતું હોવાથી બ્રહ્માંડ અવાસ્તવિક બની જતું નથી. તેવા એક વિશાળ તારાના અનેક ગ્રહો હોઈ શકે છે. આપણા સૂર્યની આજુબાજુ બુધ શુક્ર પૃથ્વી મંગળ ગુરુ શનિ યુરેનસ નેપ્ચ્યુન અને પ્લૂટો જેવા ગ્રહો ફરી રહ્યા છે. આમ ખગોળવિજ્ઞાનનો વિષય તારાનું તેના ગ્રહોમાં ગ્રહવિજ્ઞાન (Solar Astronomy) વિશ્લેષણ કરી દેખાડે છે. આ ગ્રહો પૈકી કોઈ પણ એક ગ્રહને જાણવો હોય તો તે ગ્રહનું ભૂવિજ્ઞાનમાં (Geology) વિશ્લેષણ સમ્ભવિત છે.

તે ગ્રહ ઉપર જો જીવન ટકાવી રાખે તેવું વાતાવરણ હોય તો તે ગ્રહનું ફરીથી જડ અને જીવ માં પૃથક્કરણ થઈ શકે છે. જીવવિજ્ઞાન (Biology) ના વિવિધ શાસ્રીય વિભાગો જેવા કે વનસ્પતિવિજ્ઞાન (botany) પ્રાણીવિજ્ઞાન (Zoology) નૃતત્ત્વવિજ્ઞાન (Anthropology) શરીરવિજ્ઞાન (physiology) માં સજીવ વસ્તુની વિવેચના સમ્ભવિત છે. તેવી જ રીતે નિર્જીવ જડ વસ્તુના સ્વરૂપ અને નિયમો ની વિવેચના વિજ્ઞાનના વિવિધ શાસ્ત્રીય વિભાગો જેવા કે રસાયણવિજ્ઞાન (Chemistry) ભૌતિકવિજ્ઞાન (Physics) યન્ત્રવિજ્ઞાન (Engineering technology) દ્વારા થઈ જ શકે છે.

હવે કોઈક કલ્પનાવાદી વિચારક (Idealist) સજીવ વસ્તુમાં

વ્યક્ત થતી ચેતનાનું પૂછડું પકડીને જડ વસ્તુને ભ્રાન્તિ કલ્પિત માયિક કે (Mental Construct) માનીને બેસી જાય તો તેનો દૃષ્ટિકોણ જેમ એકાંગી કહેવાય તેવી રીતે કોઈક ભૌતિકવાદી (Materialist) વિચારક ભૌતિક દ્રવ્ય (Matter) નું પૂછડું પકડીને આત્મા (Mind) ની હકીકતનો તેનું ભૌતિક વિશ્લેષણ કરીને અસ્વીકાર કરે અથવા તેને અન્ધશ્રદ્ધા માને તો તે પણ એકાંગી દૃષ્ટિકોણ જ છે. ચેતનાના છેડેથી જોવા જતાં દરેક ભૌતિક વસ્તુ કલ્પના (Mental Construction) લાગે તે સ્વભાવિક જ છે. તેવી રીતે ભૌતિક વસ્તુના છેડેથી જોવા જતાં દરેક વસ્તુ પણ ભૌતિક તત્ત્વોથી ઘડાયેલી (Material Construction) લાગે તે પણ સ્વાભાવિક જ છે.

સજીવ વસ્તુના વ્યવહારમાં અન્નગ્રહણ મળવિસર્જન જીજીવિષા વગેરે જે ગુણો દેખાય છે તે પ્રયોગશાળામાં ગુણોના કરેલા પ્રોટીન્ કે ન્યુક્લિઈક્ એસિડ્ ના વિવિધ સંયોજનોમાં વિશ્લેષણથી ચેતનાની હકીકત ખોટી ઠરતી નથી. તે જ પ્રમાણે, ભૌતિક દ્રવ્યોની હકીકત ઈન્દ્રિયજન્ય સ્ફુરણા (Sensation) કે તેનાથી ઘડાયેલા માનસિક પ્રત્યય (Conception) માં વિશ્લેષણ કરી નાખવાથી ખોટી ઠરતી નથી. ચેતનાનું ભૌતિક દ્રવ્યમાં તેમજ ભૌતિક દ્રવ્યનું ચેતનાના માનસિક પ્રત્યયોમાં વિશ્લેષણ શક્ય હોવાથી કાં તો બન્ને જ નથી એમ માની લેવું જોઈએ અથવા તો બન્ને જ છે એમ સીધેસીધું માનવું જોઈએ. અભૌતિક અચેતન અદ્વૈતવાદ (Neutral Monism) ના સમર્થક બર્ટ્રન્ડ્ રસેલે એક રમૂજ રજૂ કરી છે. તેઓ કહે છે: What is mind? No matter! What is matter? Never mind. અર્થાત્ ચેતના શું છે? તે વિચારવા જેવું નથી. વસ્તુ શું છે? તે કંઈ ચિન્તા કરવા જેવું નથી. આ નિષેધાત્મક દૃષ્ટિ છે. જો વિધાયક દૃષ્ટિ કેળવવી હોય તો એમ કહી શકાય કે: What is matter? It is mental. What is mind? It is material.

ચેતના ભૌતિક છે અને ભૌતિક વસ્તુઓ ચેતનાત્મક છે. માટે ઉપનિષદોએ કહ્યું હતું: **"સર્વં સર્વમયં સર્વે જીવા: સર્વમયા:"** (નૃસિંહો.ઉપ.૯). પણ કોઈ પૂછે કે બન્ને શું છે? તો ઉપનિષદ્ તેનો જવાબ આપે છે: **"દ્વે વાવ બ્રહ્મણો રૂપે મૂર્તં ચૈવ અમૂર્તં ચ, મર્ત્યં ચ અમૃતં ચ, સ્થિતં ચ યત્ ચ, સત્ ચ ત્યત્ ચ"**. પૃથ્વી ઉપર જન્મેલ કોઈ પણ વિચારક પ્રથમ પ્રકટ થયેલાં જડ-ચેતનનાં આ બે રૂપોને ન સ્વીકારે તો તે ભૂતલ ઉપર ઊભો રહી શક્તો નથી. આ હતી આપણી અસલ રસદષ્ટિ જેની વિજ્ઞાનને આજે ખૂબ જરૂર છે.

અણુનો અર્થ થાય છે અવિભાજ્ય. અણુ માટે અંગ્રજી શબ્દ Atom (=at to man) છે. માટે ઍટમ્ નો પણ અર્થ તે જ થાય છે. કોઈ પણ વસ્તુ અવિભાજ્ય છે કે વિભાજ્ય તે કેવી રીતે સમજમાં આવે?

વાસ્તવિક્તા એ છે કે વસ્તુ વિભાજ્ય હોય છે અને અવિભાજ્ય પણ હોય છે. અણુની પરિકલ્પના પાછળ મુખ્ય હેતુ એ જ હતો કે જો એક રાઈના દાણાના અનન્ત વિભાજન શક્ય હોય અને તે પ્રમાણે જો એક પર્વતના પણ અનન્ત વિભાજન શક્ય હોય તો બન્નેના માપ અને પરિમાણ માં પણ ભેદ ન હોવો જોઈએ; પરન્તુ ભેદ તો છે જ. તેથી સિદ્ધ થાય છે કે અમુક અવિભાજ્ય અણુ રાઈ કરતાં પર્વતમાં વધારે સંખ્યામાં હોવા જોઈએ.

આ તર્ક ખોટો નથી પણ 'અવિભાજ્ય' શબ્દનો સાચો અર્થ આપણે સમજવો જોઈએ. દા.ત. સમાજવિજ્ઞાનમાં એક માનવ વ્યક્તિને (Individual) કહેવાય છે. તેનો અર્થ પણ પાછો તે જ થાય છે કે જેનું વિભાજન (ડિવિઝન્) ન સમ્ભવતુ હોય. આ વાતેય તદ્દન ખરી છે, કેમકે જો સમાજશાસ્ત્ર માણસનું વિભાજન કરી નાખે તો સમાજ ટકી જ નહિ શકે. તેથી સમાજશાસ્ત્રમાટે એક માનવ વ્યક્તિ અણુ (Individual) હોય છે. પણ શરીરવિજ્ઞાન જો એક

માણસને અવિભાજ્ય એકમ માનીને બેસી રહે તો શરીરની બાબતમાં કશું જ્ઞાન મેળવી શકે નહિ. તેમજ એવા શરીરવિજ્ઞાનથી કોઈ જાતનો લાભ માણસને મળી શકે નહિ. તેથી સમાજવિજ્ઞાનમાં જેને અવિભાજ્ય માનવામાં આવે છે તેવી વ્યક્તિનું વિભાજન - વિશ્લેષણ શરીરવિજ્ઞાન તેના અંગ - પ્રત્યંગોમાં, તેમના નવ કે દસ નાડીસંસ્થાન, રક્તસંચાલન વગેરે ક્રિયાકલાપોમાં, શરીરની વિવિધ પ્રકારની બનાવટ વગેરેમાં કરતું હોય છે. એટલે શરીરવિજ્ઞાનના પોતાના નોખા અવિભાજ્ય અણુ એકમો છે કે જેનાથી શરીરની સમષ્ટિ ઘડાયેલી છે. સમાજવિજ્ઞાનની વ્યષ્ટિ શરીરવિજ્ઞાનમાં સમષ્ટિ બની જાય છે. સમાજવિજ્ઞાનના અવિભાજ્ય અણુ (Molecule) નું શરીરવિજ્ઞાનમાં અનેક પરમાણુઓ (Atom) ના રૂપે વિભાજન થઈ શકે છે. પણ આથી શરીરવિજ્ઞાન એક માણસ કે વ્યક્તિ ની એમ વ્યષ્ટિ તરીકેની હેસિયતનો અસ્વીકાર કરી શકતું નથી. કેમકે શરીરવિજ્ઞાનમાં અવિભાજ્ય એકમના રૂપમાં માન્ય કરવામાં આવેલ અંગ - પ્રત્યંગોની બનાવટનું પાછું રસાયણવિજ્ઞાનમાં રાસાયણિક વિશ્લેષણ-વિભાજન તો શક્ય છે જ. તેમજ તે રાસાયણિક અવિભાજ્ય તત્ત્વોનું કે અણુઓનું પણ પાછું ભૌતિકવિજ્ઞાનમાં માન્ય કરાયેલા તત્ત્વોના પરમાણુઓમાં વિભાજન પણ શક્ય છે જ.

એટલે જલના જે એક અણુનું વિભાજન કરવા જતાં જલ જ્યારે જલ ન રહેતાં હાઈડ્રોજન્ અને ઓકસીજન્ વાયુના રૂપોમાં ફેરવાઈ જતું હોય ત્યારે જલના તેવા નાનકડા અંશને જલનો અવિભાજ્ય અણુ સમજવો જોઈએ. તે અણુ એની સરખામણીમાં જે હાઈડ્રોજન્ના બે અણુઓ અને ઓકસીજન્નો એક અણુ છે તેમને પરમાણુ માનવા જોઈએ. જલના પરમાણુ સમા હાઈડ્રોજન્ અને ઓકસીજન્ ના અવિભાજ્ય અણુઓનું પાછું ઈલેકટ્રોન્ ન્યુટ્રોન્ અને પ્રોટોન્ ના પરમાણુઓમાં વિભાજન શક્ય છે. એટલે અવિભાજ્ય અને વિભાજ્ય બન્ને વિભાજ્ય અને અવિભાજ્ય પણ હોય છે!

તેથી ઉપનિષદોએ અવિભાજ્ય અણુ કરતાં વધારે અણીયાન્

પરમાણુની વાત આપણને સમજાવી છે. એકમેવાદ્વિતીય બ્રહ્મના અનેક નામ-રૂપોમાં વિભાજનની શક્યતાને પણ ઉપનિષદો સ્વીકારે છે. તેમાં નામ-રૂપને સત્ય માનવું અને બ્રહ્મને મિથ્યા માનવું અથવા તો બ્રહ્મને સત્ય માનીને નામરૂપને મિથ્યા માનવું તે બન્ને દૃષ્ટિઓ એકાંગી છે, તેમાં સમગ્ર સત્યનું નિરૂપણ નથી.

બ્રહ્મનું વિશ્લેષણ નામ-રૂપમાં શક્ય હોવાથી કાં તો બ્રહ્મને અથવા નામ-રૂપને એમ બન્નેમાંથી એકને પણ મિથ્યા માનવાની જરૂરિયાત નથી. કેમકે બ્રહ્મના અદ્વૈતમાં નામ-રૂપના દ્વૈતને વિકાર કે માયિક માનવું તે તો નર્યો વાણીવિલાસ છે. નામ-રૂપના દ્વૈતનું વાસ્તવિક નામધેય બ્રહ્માદ્વૈત(!) જ છે. જેમ માટીના ઘડાને માટીનો વિકાર કહેવો તે એક વાણી-વિલાસ છે. ખરું નામધેય માટીના ઘડાનું 'માટી'જ હોય છે **''વાચારમ્ભણં 'વિકારો' નામધેયં 'મૃત્તિકા'ઈત્યેવ સત્યમ્''**. (છાન્દો.ઉપ.૬।૧।૪)

મોટે ભાગે આ શ્રુતિનો ખોટો અર્થ કાઢવામાં આવતો હોય છે કે આ વચનમાં **''બ્રહ્મ સત્યં જગદ્ મિથ્યા''** સિદ્ધાન્તનું પ્રતિપાદન છે. નામરૂપાત્મક જગતને મિથ્યા માનવાની વિચારસરણીને ખરી રીતે જોતાં આ વચનમાં જેવો રદિયો મળ્યો છે તેવું સશક્ત નિરસન શ્રુતિના અન્ય વચનોમાં સુલભ નથી. **''વાચારમ્ભણં 'વિકારો' નામધેયં ત્રીણિ રૂપાણિ ઈત્યેવ સત્યમ્''** (છાન્દો.ઉપ.૬।૪।૧,૨,૩,૪) નામ-રૂપ દ્વૈતને વિકાર કહેવો તે તો નર્યો વાણીવિલાસ-વાચારમ્ભણ છે. નામ-રૂપના દ્વૈતનું સાચું નામધેય તો બ્રહ્માદ્વૈત જ છે. **''સર્વં ખલુ ઈદમ્ બ્રહ્મ''** (છાન્દો.ઉપ.૩।૧૪।૧) તે મુજબ પૃથ્વી-જલ-તેજથી ઘડાયેલા જગતના પદાર્થોને પૃથ્વી આદિના વિકાર કહેવા તે પણ નર્યો વાણી-વિલાસ જ છે. કેમકે તેમનું ખરું નામધેય તો પૃથ્વી-જલ-તેજની રૂપત્રયી હોય છે. તેથી તૈત્તિરીય ઉપનિષદ્ તો ડિંડિંઘોષ કરતાં કહે છે કે જે કંઈ છે તે બધું સત્ય જ

છે ''યદિદં કિઞ્ચ તત્ 'સત્યમ્' ઈતિ આચક્ષતે''. (તૈત્તિ.ઉપ.૨૧૬)

તેથી વિજ્ઞાનની એક શાખા જો બીજી શાખાના પ્રમેયનું વિશ્લેષણ કરવા સમર્થ હોવાથી તે પ્રમેયને મિથ્યા માનવા માંડે તો સુન્દ-ઉપસુન્દ રાક્ષસોની માફક, બન્ને અજેય હોવા છતાં, પરસ્પરના કલહથી બન્ને મરી પરવારશે!

વિશ્લેષણ થકી કોઈક પદાર્થનું ઘડતર સમજમાં આવી શકે છે પણ તે પદાર્થના વિશિષ્ટ સ્વરૂપ કે રસ ને વિશ્લેષણ થકી સમજવું કઠણ હોય છે.

એક પ્રોષિતભર્તૃકા નાયિકાના નયનોમાં ઝરતી અશ્રુધારાનું કોઈક રસાયણશાસ્ત્રી રાસાયણિક વિશ્લેષણ કરી નાખે તો તેના હાથમાં શું પ્રાપ્ત થાય? તેવા વિશ્લેષણમાં અશ્રુપ્રવાહમાં વહેતી વિરહવેદનાની અન્તર્ધારાનું એક ટીપું પણ નહિ જડે? એટલે તે-તે વસ્તુઓના વિભાજન અને અવિભાજન ની બાબતમાં જ્યાં સુધી વૈચારિક સમતુલા જાળવવામાં ન આવે ત્યાં સુધી વિજ્ઞાનમાં રસદષ્ટિ પ્રકટ થઈ શકતી નથી.

આજે આપણે જોઈ શકીએ છીએ કે આધુનિક સમાજશાસ્ત્રીય અર્થશાસ્ત્રીય શરીરશાસ્ત્રીય કે માનસશાસ્ત્રીય વિશ્લેષણના વધારે પડતા મહત્વની ભ્રાન્તિને લીધે વિજ્ઞાન આપણી કલાત્મિકા અનુભૂતિ અને અભિવ્યક્ત માં કનડગત ઊભી કરી રહ્યું છે. તેથી કલાને ક્ષેત્રે રસદષ્ટિની જો પુન: પ્રતિષ્ઠા કરવી હોય તો આપણે કલામાં રસદષ્ટિની આવશ્કતાને પિછાણવી પડશે.

## કલામાં આપણી રસદષ્ટિ

સૂક્ષ્મ કે સ્થૂળ ને, હૃદયને ગમતા બીબામાં ઢાળનાર સર્જકને ‘કલાકાર’ કહેવાય છે.

બાહ્ય જગતના જેવા પ્રભાવો એક કલાકારના સંવેદનશીલ હૃદયમાં સરખી રીતે પડતા હોય છે તેવા સંવેદનહીન સામાન્ય માણસના હૃદયમાં પડતા હોતા નથી. એટલે તેવા પ્રભાવોના આબેહૂબ ચિતારને જ શું ‘કલાસૃજન’ કહેવાય? શું બાહ્ય જગતની પરવા કર્યા વિના પોતાની આન્તરિક પ્રેરણાને અનુસરતા સર્જકના સૃજનને ‘કલાસૃજન’ કહી શકાતું નથી?

ચિત્ર મૂર્તિ કાવ્ય નૃત્ય ગીત અભિનય કે વાદ્યવાદન વગેરે કલાઓમાં શું અભિવ્યક્તિની જ મહત્તા હોય છે?

શું એક રસને કે ભાવને અભિવ્યક્ત કરવામાટે અનુભાવો કે જેના થકી રસભાવનું સમ્પ્રેષણ (Communication) શક્ય બનતું હોય તેની મહત્તા હોતી નથી?

શું કલાની વિવિધ વિધાઓનો ઉદ્દેશ્ય કેવળ કલાત્મક સૌન્દર્યને વ્યક્ત કરવા પૂરતો જ સીમિત હોય છે?

શું સૌન્દર્યેતર ઉદ્દેશો જેવા કે અસુન્દર શુભને કે અસત્ય શુભને અથવા તો અસુન્દર સત્યને કે અશુભ સત્યને કલાની વાણીમાં મુખરિત કરી શકાતું નથી?

આવા અનેક પ્રશ્નો આજે આપણને તે-તે કલાકૃતિઓના સાચા મૂલ્યાંકનમાં મૂંઝવતા હોય છે.

ક્યારેક કેવલ દ્વૈતવાદી અથવા તો ક્યારેક કેવલ અદ્વૈતવાદી હઠાગ્રહને કારણે બાહ્ય અને આન્તર ની વચ્ચે ખરેખર જેટલો તફાવત હોય છે તેના કરતાં આપણે વધુ તફાવત માની બેઠા છીએ, તેથી અન્તરમાં પડતા બાહ્ય વસ્તુના કલાત્મક પ્રભાવ અને આન્તરિક

પ્રેરણાને અનુસરીને કરવામાં આવતી કલાત્મિકા અભિવ્યક્તિની જે દ્વિવિધ ક્રિયાઓ છે તેમની વચ્ચે પણ વધુ પડતો વિરોધાભાસ હોવાની ભ્રાન્તિ આપણને સતાવતી હોય છે.

જડ જગત અને ચેતન જગતની વચ્ચે એકને પરાશ્રિત - પ્રયોજનશાલી (En soi) અને બીજાને સ્વાશ્રિત - પ્રયોજનશાલી (Pour soi) હોવાના ખોટા ભેદો ઘડીને આપણને કલાસૃજનના પ્રયોજનની બાબતમાં ઝઘડી પડયા! કલાસૃજન સોદ્દેશ્ય હોય કે નિરુદ્દેશ્ય? વેદાન્તના ચિન્તનમાં જડ-જીવાત્મા રૂપી સૃષ્ટિનું સપ્રયોજન કે નિષ્પ્રયોજન હોવાનું સ્વીકાવામાં આવ્યું નથી. વેદાન્ત મુજબ તો આ સૃષ્ટિ એ પરમાત્માની લીલા છે.

સોદ્દેશ્યતા કે નિરુદ્દેશ્યતા એ બન્ને અધૂરા પાસાઓ છે. લીલાને નથી સોદ્દેશ્ય કહી શકાતી કે નથી તેને સર્વથા નિરુદ્દેશ્ય પણ કહી શકાતી. ઉદાહરણ તરીકે મકાનની ભીંત ઉપર ત્રણ લીટીઓ દોરીને તેમાં વિકેટ્‌ની ભાવના કરીને શેરીમાં છોકરાઓ ક્રિકેટ્ રમતા હોય છે. તે ક્રિકેટ્‌દ્વારા તેમને હીરો બનવાની કે નામના મેળવવાની કે પૈસા કમાવાની કે કોઈને દેખાડવાની કામના હોતી નથી. આવી ક્રિકેટ્‌માં ટેસ્ટમૅચ્‌ના જેવા નિયમો હોતા નથી. ટેસ્ટમૅચ્‌ની મર્યાદા કે પ્રયોજન પણ હોતાં નથી. છતાં પણ, નિરુદ્દેશ્ય કામ કરનારી વ્યક્તિને મૂર્ખ માનવાની યુક્તિ બાળકોને લાગુ પડતી નથી. આવી ક્રિકેટ્ રમાય છે લીલાના રૂપમાં, જેની બાબતમાં તે સોદ્દેશ્ય રમાય છે કે નિરુદ્દેશ્ય એવો સવાલ એક બાલિશતા જ છે. રમનાર બાળકોની રમત બાલિશ નથી; પણ તેમાં સોદ્દેશ્યતા કે નિરુદ્દેશ્યતા ના સવાલો પૂછનાર દાર્શનિકનું ચિન્તન ખરેખર બાલિશ હોય છે. તેવી રીતે આ જગત રૂપી કાવ્યના કવિએ પણ આ મનોહર કાવ્યને કેવળ લીલાના રૂપે જ પ્રકટ કર્યું છે. આ સૃષ્ટિકાવ્યની ભીતર કવિની ભૂમિકા અદા કરતા કોઈક પાત્રને કાવ્યની રચના સોદ્દેશ્ય છે કે

નિરુદ્દેશ્ય એમ પૂછે તો શું આ સૃષ્ટિકાવ્યના કવિને એમ નહિ લાગતું હોય કે: **"અરસિકેષુ કવિત્વનિવેદન શિરસિ મા લિખ! મા લિખ!".**

આ જ પ્રમાણે કલામાં તટસ્થ અભિવ્યક્તિની પ્રમુખતા છે કે રસિકજન સંવેદ્ય અનુભાવોની પણ પ્રમુખતા છે એ પ્રશ્નની બાબતમાં કંઈક વિચારવા જેવું લાગે છે.

પહેલાં બાહ્ય જગતની સર્વાંગપૂર્ણ અનુકૃતિ કરી નાખવામાં કલાના ઉત્કર્ષની ભ્રાન્તિથી ભરેલા લોકોએ અનુકૃતિમાં પરિપૂર્ણતા લાવવાની પોતાની મથામણમાં એક દિવસ 'કૅમેરા' નામનું એવું યન્ત્ર શોધી કાઢ્યું કે જેનાથી ચિત્રકલાની કલાત્મિકા મહત્તા ઘટીને ઐતિહાસિક મહત્તામાં ફેરવાઈ જવાની અણી ઉપર પહોંચી ગઈ! બધું Antique value માં વિકૃત થવા માંડ્યું! એટલે એવા લોકો દોટ મૂકીને બીજે છેડે અમૂર્ત કલામાં જ કલાના ચરમોત્કર્ષની ભ્રમણમાં ભમતા થઈ ગયા! આ બન્ને અતિવાદી દૃષ્ટિબિન્દુઓ હતાં. કેમકે પહેલાં જેઓ સ્થૂલ-બાહ્ય જગતની નીરસ અનુકૃતિને સર્વસ્વ માની બેઠા હતાં તેઓ હવે અમૂર્ત આન્તરજગતની નીરસ અનુકૃતિને સર્વસ્વ માનીને અમૂર્તકલાના ગુણગાયક બની ગયા છે! પણ હકીકત એમ છે કે નવસૃજનવિહોણી અનુકૃતિ બાહ્યની હોય કે આન્તરની, સ્થૂલ તથ્યની હોય કે સૂક્ષ્મની, મૂર્તની હોય કે અમૂર્તની તે અનુકૃતિ, અનુકૃતિ જ હોય છે, કલાકૃતિ નહિ!

રસશાસ્ત્રના પ્રસિદ્ધ વિદ્વાન મમ્મટે કલાસૃષ્ટિની નિર્મિતિ બાબતમાં એક સુન્દર વાત કહી છે:

**નિયતિકૃતનિયમરહિતાં હ્લાદૈકમયીમ્ અનન્યપરતન્ત્રામ્।**
**નવરસરુચિરાં નિર્મિતિમ્ આદધતી ભારતી ક્વેઃ જયતિ॥**

( કાવ્યપ્રકાશ ૧।૧ )

ભાવાર્થ: કલાસર્જક ( કવિ )ની કલાસૃષ્ટિને ઘડવાની આવડતની

અધિષ્ઠાત્રી દેવી ભારતીનો કોઈક અનેરો ઉત્કર્ષ છે! વિધાતાની સૃષ્ટિના નિયમોથી આ કલાસૃષ્ટિ ઘડાયેલી નથી. વિધાતાની કલાસૃષ્ટિ કદાચ સુખ-દુઃખાત્મિકા હોઈ શકે છે પણ આ કલાસૃષ્ટિ કેવલ આહ્‌લાદમયી જ હોય છે. વિધાતાની સૃષ્ટિ કાલ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ ના નિયમોને અધીન હોઈ શકે છે; પરન્તુ કલાસૃષ્ટિમાં તેવી કોઈ પણ જાતની પરાધીનતા હોતી નથી. વિધાતાની સૃષ્ટિમાં રતિ રોષ હાસ શોક ઉત્સાહ ભય ઘૃણા વિસ્મય ઉદાસીનતા વગેરે અવસ્થાઓમાં કોઈક રુચે તેવી રુચિર હોય છે અને કોઈક ન રુચે તેવી અરુચિકર પણ હોય છે. જ્યારે કલાસૃષ્ટિમાં રૌદ્ર હાસ્ય કરુણ વીર ભયાનક બીભત્સ અદ્‌ભુત અને શાન્ત રસોના રૂપમાં તે સર્વદા રુચિર જ હોય છે. શૃંગારરસમાં પ્રગટ થતી રતિની જેમ રૌદ્ર રસમાં પ્રગટ થતા રસમાં પણ રુચિરતા રહેલી છે. હાસ્યરસમાં રહેલા હાસની જેમ કરુણરસમાં પ્રગટ થતાં શોકમાં પણ રુચિરતા હોય છે. વીરરસમાં ઝળકતા ઉત્સાહની માફક ભયાનક રસમાં મનને ભંભેરતી ભીતિમાં પણ રુચિરતા રહે છે. અદ્‌ભુત રસમાં પ્રગટ થતા વિસ્મયની જેમ બીભત્સ રસમાં પ્રગટ થતી ઘૃણામાં પણ રુચિરતા હોય છે! કલાસૃષ્ટિ આવી નવરસરુચિરા હોય છે!

આ કલાસૌન્દર્યની વિવેચનામાં આપણે જોઈ શકીએ છીએ કે વિધાતાની સૃષ્ટિની નીરસ અનુકૃતિમાં કલાસૌન્દર્ય પ્રકટ થતું નથી, તેમજ ખરેખર કાવ્યાત્મક હોવા છતાંએ વિધાતાની સૃષ્ટિને મૂંગી રીતે માણીને ચૂપ બેસી રહેવાથી પણ કલાસૌન્દર્ય પ્રકટ થતું નથી.

તે પરમ કવિના કાવ્યસમી આ સૃષ્ટિને કેવળ માણવી જ હોય તો ધર્મ એ સમર્થ અને પર્યાપ્ત વિદ્યા છે. તેથી બાહ્ય કે આન્તર જગતમાં અનુભવાતાં સૌન્દર્યને જો તે અમૂર્ત હોય તો એક ઉત્તમ કેમેરાની માફક રંચ માત્ર પણ બદલ્યા વિના તેને એમને એમ રજૂ કરી દેવાના દાવામાં કલાસૃજન સિદ્ધ થતું નથી. એક

નાનકડો બાળક જો મોટા વિદ્વાનોની જેમ પ્રત્યેક સ્વર અને પ્રત્યેક વ્યંજન ની ધ્વનિઓના એકદમ શુદ્ધ ઉચ્ચાર કરવા માંડે તો તેમાં આપણને અહોભાવ જાગે છે; પણ તેવા બાળકમાટે વ્હાલ પ્રકટ થવું જરૂર મુશ્કેલ હોય છે! જે બાળક સાવ મૂંગો હોય તો તેની સાથે પણ આપણને બહુ મજા આવતી નથી. પોતાની તોતડી વાણીમાં કંઈક અટપટા ઉચ્ચારણ કરવાનો પ્રયાસ કરતો એક નાનકડો બાળક આપણને અતિશય વ્હાલો લાગતો હોય છે, તે અન્યથા સમ્ભવ નથી.

એક પ્રસિદ્ધ સંગીતકારે શાસ્ત્રીય સંગીતની મજા માણવાની બહુ પ્રચલિત પ્રણાલી, વાહ-વાહ અને આહા વચ્ચે રહેલા સૂક્ષ્મ તફાવતને સમજાવતાં એક સરસ વાત કહી છે. કલાકારે વર્ષોથી રિયાઝ કરી-કરીને જે કઠણ તાન-પલટાને સાધી લીધા હોય તેવા અઘરા તાન-પલટાની રજૂઆત જ્યારે ગાયન કે વાદન માં સફળ રીતે થઈ જાય ત્યારે ''વાહ-વાહ'' કહેવું જોઈએ. વાહ-વાહ એ યાન્ત્રિકી પુનરાવૃત્તિમાં મળેલી સફળતાને વધાવી લેવાની ધ્વનિ છે. પરન્તુ ક્યારેક ગાયક કે વાદક ને પોતાને પણ ખ્યાલ ન હોય તેવા અવનવા મધુર સ્વરો તેના દ્વારા અજાણે નીકળી જાય ત્યારે તેવા સ્વરનાવીન્યને કે સ્વરમાધુર્યને વધાવવામાટે 'આહ!' નો ધ્વનિ કરવો જોઈએ. તેને વાહ-વાહ કહેવું તે સ્વરમાં રહેલ મધુરતા કે નૂતનતા નો અનાદર છે. જેમ કોઈ સુન્દર ષોડશીને દાદીમાં કહીને આદર આપીએ તો તેવો આદર ષોડશીના યૌવન અને લાવણ્ય નો વાસ્તવિક રીતે અનાદર જ હોય છે! એટલે યાંત્રિકી પુનરાવૃત્તિ અને નવસૃજન ની વચ્ચે રહેલા તફાવતને પિછાણવામાં કોઈ પણ કલાકૃતિના સાચા મૂલ્યાઙ્કનમાં તે ખૂબ જ સહાયક થાય છે. અલ્પ સંવેદનશીલ કે અરસિક જનોદ્વારા સફળ પુનરાવૃત્તિની વાહ-વાહથી વધાવી લેવાના કોલાહલમાં કોઈક અલ્પ સફળ છતાંય તદ્દન નવનિર્મિત અથવા તો પુનઃનિર્મિત વસ્તુ રસિકજનની 'આહ'ના અભાવે આહ

ભરતી ન રહી જાય તેની કાળજી રાખવી આવશ્યક હોય છે!

રસશાસ્ત્રકારોએ રસની સર્વ કલાઓના ઉદાહરણોની બાબતમાં સામાન્ય રીતે માની શકાય તેવી એક રસપરિભાષા નાટ્યને અનુલક્ષીને આપી છે.

> **"વિભાવાનુભાવસઞ્ચારિભાવસંયોગાદ્ રસનિષ્પત્તિ:... નાનાભાવોપહિતાઅપિ સ્થાયિનો ભાવા: રસત્વમ્ આપ્નુ-વન્તિ...નાનાભાવાભિનયવ્યઞ્જિતાન્ વાગઙ્ગસત્ત્વોપેતાન્ સ્થાયિભાવાન્ આસ્વાદયન્તિ સુમનસ:..."**

(ભર.નાટ્ય.૬।૩૨)

અર્થ: વિભાવ, અનુભાવ અને સંચારી ભાવોના ઈતરેતરસંયોગવશ રસ નિષ્પન્ન થાય છે...નાનાભાવોથી ઉપહિત થવાથી સ્થાયી ભાવ જ રસતયા પ્રકટ થાય છે...નાના ભાવોનાં વાચિક આંગિક સાત્ત્વિક અને આહાર્ય અભિનયદ્વારા અભિવ્યક્ત થવાથી રસિકજનો માટે તે ભાવ આસ્વાદ્ય બની જાય છે.

આમાં વિભાવના બે ભેદ ગણવામાં આવ્યા છે: ૧. આલમ્બન વિભાવ અને ૨. ઉદ્દીપન વિભાવ. 'આલમ્બનવિભાવ' એટલે જે વ્યક્તિને અવલમ્બીને આપણા હૃદયમાં રતિ રોષ હાસ્ય શોક ઉત્સાહ ભય વિસ્મય કે ઘૃણાના ભાવ જાગતા હોય તેને 'આલમ્બનવિભાવ' માનવો જોઈએ. તેવા વિવિધ ભાવોને ઉદ્દીપ્ત કરનાર તે વ્યક્તિની ચેષ્ટાઓ કે આસપાસનું વાતાવરણ 'ઉદ્દીપનવિભાવ' કહેવાય. જેના થકી રોષ રતિ વગેરે ભાવોનો અનુભવ કોઈ પણ રસિકજનને સહજ રીતે મળી શકતો હોય તેને 'અનુભાવ' કહેવાય છે. રતિ કે રોષ વગેરે ભાવોના સ્થાયી હોવા છતાંયે તેમની વચ્ચે-વચ્ચે અસ્થાયી રૂપે જે બીજા ભાવોનું સંચરણ થતું હોય છે તેમને 'સંચારીભાવ' કહેવાય છે. દા.ત. પ્રિયા-પ્રિયતમના પ્રણયના સ્થાયી ભાવની વચ્ચે-વચ્ચે ક્યારેક માન ઉદાસીનતા શંકા લજ્જા ગર્વ વિષાદ વગેરે સંચારી ભાવોના સંચાર સમ્ભવે છે.

આમાં વિભાવ મોટે ભાગે બાહ્ય અને સ્થૂળ હોય છે, સંચારી ભાવો ક્યારેક આન્તર તો ક્યારેક બાહ્ય પણ હોય છે. સ્થાયીભાવ સૂક્ષ્મ અને આન્તર હોય છે, અનુભાવો સ્થૂળ અને બાહ્ય હોય છે.

હૃદયને ગમતાં બીબામાં ઢાળવાની મહલામણમાં સ્થૂળ અને સૂક્ષ્મ ની મહત્તા એકસરખી જ હોય છે, તેથી જ સ્થાયીભાવ સૂક્ષ્મ અમૂર્ત હોય છે. જ્યારે આલમ્બનવિભાવ સ્થૂળ મૂર્ત હોય છે. સ્થાયીભાવ સ્થાયી હોય છે પણ સંચારી ભાવો અસ્થાયી હોય છે. અનુભાવો (expressions) વ્યક્ત - સત્ હોય છે, સ્થાયીભાવ અવ્યક્ત - ત્યત્ હોય છે. કલાસર્જક મર્ત્ય હોય છે, કલાસૌન્દર્ય અમૃત હોય છે! તેથી જ એને ''બ્રહ્માનન્દ સહોદર'' કહેવામાં આવે છે. આથી સિદ્ધ થાય છે કે ઉપનિષદોની રસદૃષ્ટિ કલાક્ષેત્રે પણ આવી શકે છે. **''દ્વે વા બ્રહ્મણો રૂપે મૂર્તં ચ અમૂર્તં ચ, મર્ત્યં ચ અમૃતં ચ, સ્થિતં ચ યચ્ચ સચ્ચ ત્યચ્ચ''**

તે-તે કલાઓમાં અનુભાવો જુદા - જુદા હોઈ શકે છે. દા. ત. નાટ્યકલામાં રસનો અનુભાવ પેદા કરનાર અભિનેતાના આંગિક વાચિક આહાર્ય અભિનય હોઈ શકે છે. તે ત્રિવિધ અભિનયનું સ્થાન સંગીતમાં તાલ અને સ્વરો લે છે. ચિત્રકલામાં રંગો અને રેખાઓ લે છે. તેઓ અનુભાવક બની જાય છે. આમ સર્વત્ર ભાષા બદલાય છે. ભાવ બદલાતા નથી.

કલાસર્જકની વિચક્ષણતાને લીધે ક્રોધ ભય શોક જુગુપ્સા ની લાગણીઓ પણ કલાસૃષ્ટિમાં રસાત્મિકા બની જતી હોય તો પણ કલાસર્જકે સુન્દરતા જ વ્યક્ત કરવી જોઈએ, અસુન્દરતા નહિ. સત્યને વ્યક્ત કરવું જોઈએ, અસત્યને નહિ. શુભને જ વ્યક્ત કરવું જોઈએ, અશુભને નહિ. આવી હઠ રસદૃષ્ટિની બાબતમાં આપણા અજ્ઞાનને

આભારી છે, કેમ કે જુગુપ્સાની લાગણી કલાસૃષ્ટિમાં બીભત્સરસની ગૌરવમયી પદવી ઉપર બિરાજતી હોય છે. અશુભ - શુભની લાગણીઓને કરુણરસ તરીકે બિરદાવવામાં આવતી હોય છે. અતિશયોક્તિ ભરેલી અસત્ય વાતોથી હસવાની હલકી મનોવૃત્તિને હાસ્યરસનું ગૌરવ આપવામાં આવતું હોય છે ત્યારે કલાસર્જકે સત્યં શિવં સુન્દરં નું બન્ધન પાળવું જોઈએ એવો હઠાગ્રહ રાખવો તે કલાસર્જકની નવરસરુચિરા ભારતી દેવીનો અનાદર છે!

તૈત્તિરિયોપનિષદ્‌માં તેથી જ એક ઘણી સુન્દર વાત કહેવામાં આવી છે :

**"સો અકામયત બહુ સ્યાં પ્રજાયેય ઈતિ. સઃ તપો અતપ્યત. સ તપઃ તપ્ત્વા, ઈદં સર્વમ્ અસૃજત. યદિદં કિં ચ તત્ સૃષ્ટ્વા તદેવ અનુપ્રાવિશત્. તદ્ અનુપ્રવિશ્ય. સત્ ચ ત્યત્ ચ અભવત્. નિરુક્તં ચ અનિરુક્તં ચ. વિજ્ઞાનં ચ અવિજ્ઞાનં ચ. સત્યં ચ અનૃતં ચ સત્યમ્ અભવત્. યદિદં કિઞ્ચ તત્ 'સત્યમ્' ઈતિ આચક્ષતે...અસદ્ વા ઈદમ્ અગ્ર આસીત્. તતો વૈ સદ્ અજાયત. તદ્ આત્માનં સ્વયમ્ અકુરુત. તસ્માત્ તત્સુકૃતમ્ ઉચ્યતે ઈતિ યદ્ વૈ તત્ સુકૃતમ્. રસો વૈ સઃ રસં હયેવ લબ્ધ્વા આનન્દી ભવતિ".**

(તૈત્તિ.ઉપ.૨૬-૭)

અર્થ : તેણે અનેક થવાની કામના કરી અને અનેક્તાનું ચિન્તન કરતાં તે અનેક થઈ ગયો. જે કંઈ દેખાય છે તે બધું એણે સર્જ્યું છે. આ જગતને સર્જીને તે પરમાત્મા આમાં પ્રવિષ્ટ થઈ ગયો. આ સૃષ્ટિમાં પ્રવેશીને તેણે અનેક રૂપો ધારણ કર્યાં વ્યકત - અવ્યકત, નિર્વચનીય - અનિર્વચનીય, આધાર - નિરાધાર, વિજ્ઞાન - અવિજ્ઞાન ... માટે સત્ય કે અનૃત જેવું જે કંઈ દેખાય છે તેને સત્ય કહેવું જોઈએ. કદાચ આ દેખાતી વસ્તુમાં કોઈક પહેલા ન પણ હોય

તેવું સમ્ભવે, પણ જે પ્રકટ થયું છે તે સત્ જ છે. કેમકે તેણે પોતાની જાતને આવી રીતે પ્રકટાવી છે. તેથી આ સૃષ્ટિ તેની સુકૃતિ છે. આ સૃષ્ટિમાં જે કંઈ સર્જાયું છે તે પરમાત્માની સુકૃતિ જ છે કારણ કે તે પરમાત્મા ખરેખર રસ છે!

જે રસથી પ્રકટ્યું હોય કે રસરૂપે પ્રકટ્યું હોય તે બધું રસરૂપ હોય છે. રસરૂપે પ્રકટેલું શોક કે મોહ હોય, ક્રોધ હોય કે ભય હોય, વિસ્મય હોય કે જુગુપ્સા હોય—રસરૂપ બધું કેવળ આહ્લાદમય હોય છે!

આન્તર કે બાહ્ય ના, સૂક્ષ્મ કે સ્થૂળ ને પોતાના હૃદયને ગમતા બીબામાં ઢાળવામાટે એક કલાસર્જક સ્વતન્ત્ર હોય છે. આ પુનઃસર્જનમાં સત્યને અસત્ય અને અસત્યને સત્ય બનાવી શકાય છે, શુભને અશુભ અને અશુભને શુભ તેમજ સુન્દરને અસુન્દર અને અસુન્દરને સુન્દર બનાવવામાટે પણ કલાસર્જક સ્વતન્ત્ર હોય છે. એક કલાકૃતિમાં સત્ય - અસત્ય, શિવ - અશિવ કે સુન્દર - અસુન્દરની રસવિવેચના થાય તેમાં કશો વાંધો નથી, પણ કલાસર્જકના સ્વાતન્ત્ર્યમાં વાંધો કાઢવામાં આવે તો વાંધો આવે છે. એટલે આપણા પ્રાચીન ગ્રન્થોમાં કલાસૃજનની શરત તરીકે ક્યાંક પણ "સત્યં શિવં સુન્દરમ્" વચનને ટાંકવામાં આવ્યું નથી. એવું સહજ સમ્ભવ છે કે સંસ્કૃત ભાષાના જાણકાર કોઈક માણસે અંગ્રેજીમાં વપરાતા "Truth Good and Beauty" નો કરેલો આ શાબ્દિક તરજુમો જ હોય.

પ્રસિદ્ધ ત્રિમૂર્તિના ત્રણ મુખોમાં એક મુખ શાન્તરસને વ્યક્ત કરનાર શિવનું છે, બીજું શૃંગારરસને વ્યક્ત કરનાર પાર્વતીનું છે. એટલે શિવ અને સુન્દર તો જડ્યા પણ સત્ય તેમાં જરાક છુપાયેલું છે. કેમકે, દેખીતી રીતે ત્રિમૂર્તિમાં ત્રીજું રૂપ સત્યનું નથી પરન્તુ રૌદ્રરસને વ્યક્ત કરનાર ભૈરવનું મુખ છે. હવે સત્ય મોટે ભાગે

ભયંકર જ હોય છે એમ કહીને જો તેને સત્યના મુખ તરીકે રૌદ્રને કહેવામાં આવે તો એમ સ્વીકારવું રહ્યું કે દરેક ઉદાહરણમાં સત્ય શુભ કે સુન્દર હોતું નથી. તેથી એક કવિ મહાદેવના ત્રિનેત્રોમાં ત્રણ રસોની ઉદ્‌ભાવના કરે છે :

**એકં ધ્યાનનિમીલનાદ્ મુકુલિતપ્રાયં દ્વિતીયં પુનઃ।**
**પાર્વત્યા વદનામ્બુજસ્તનભરે સમ્ભોભોગભાવાલસમ્॥**
**અન્યદ્ દૂરવિકૃષ્ટચાપમદન-ક્રોધાનલોદ્દીપિતમ્।**
**શમ્ભોર્ભિન્નરસં સમાધિસમયે નેત્રત્રયં પાતુ વઃ॥**

અર્થ : શમ્ભુએ લગાવેલી સમાધિ (સાધારણ યોગીઓની સમાધિ જેવી એક રસાત્મિકા Monotony ભરેલી નથી) ભિન્ન રસાત્મિકા વિવિધ રસભાવોથી ભરપૂર હોય છે! સમાધિ અવસ્થામાં જ શમ્ભુનું એક દક્ષિણ નેત્ર શાન્તરસાત્મક ધ્યાનમાં અડધું મીચાયેલું હોય છે. બીજું વામ નેત્ર વામ બાજુએ સ્થિત પાર્વતીના મુખકમળ અને ઉર્વરિત શૃંગારરસ સમા ઉરોજ ઉપર રસમત્ત મધુપની માફક મન્થર ગતિથી મંડરાતું રહે છે. ત્રીજું નેત્ર દૂરથી કામબાણ છોડનાર પેલા કામદેવ ઉપર ક્રોધિત થઈ જવાથી પ્રજ્વલિત ક્રોધાગ્નિ જેવું ઉદ્દીપ્ત દેખાય છે. એવી નિર્વિકલ્પ સમાધિની ટોચની અવસ્થામાં પણ મહાદેવ શૃંગાર શાન્ત અને રૌદ્ર રસના મહેરામણમાં તરતા હોય છે.

મહાદેવને તો સમાધિમાં પણ વિવિધતા માટે વિરોધીભાવ હોતો નથી ત્યારે સમાધિવિહોણા કેવલાદ્વૈતવાદીઓ કેટલીક વખતે વ્યવહારમાં પણ તે વિવિધતાને સાંખી શકતા નથી!

સત્યં શિવં અને સુન્દરં ના દ્વૈતને કે અદ્વૈતને વખોળવાની કેવળ - અદ્વૈતવાદીઓ કે કેવળ - દ્વૈતવાદીઓની હઠ એક વૈચારિક સઙ્કીર્ણતા જ છે. મહાદેવની વાસ્તવિકતા તો ત્રિનેત્ર (કે એક જ દેવતાના ત્રિમૂર્તિ) હોવાની છે.

શૈવ સમ્પ્રદાય તેથી જ મહાદેવને 'નટરાજ' કહે છે. મહાદેવ બધા જ રસોનું નાટન કરવા સમર્થ દેવ છે, તેથી તેઓ મહાદેવ છે. વળી, કેવલ ત્રિનેત્ર હોવાને લીધે કે ત્રિમૂર્તિ હોવાને લીધે મહાદેવને કેવલ રૌદ્ર, શાન્ત અને શૃંગાર રૂપી રસત્રૈતમાં સીમિત ન માની લેવા જોઈએ. કેમકે આ ત્રણ રસોથી બીજા છ રસો કાર્યકારણભાવે સંકળાયેલા હોય છે.

એક બાજુ કામદેવને ભસ્મસાત્ કરી નાખવા છતાંય બીજી બાજુએ પાર્વતીને શૃંગારરસાત્મિકા દૃષ્ટિથી અનિમેષ નિહાળતા મહાદેવને જોઈને હાસ્યરસ પ્રકટ થઈ જાય તો તે કોનો અપરાધ કહેવાય? બીજી બાજુ મહાદેવની રૌદ્રરસાત્મિકા ત્રીજી દૃષ્ટિથી ભસ્મસાત્ થયેલા પોતાના પતિને જોતી રતિમાં શોક અને ભય પેદા થાય તો મહાદેવના સ્વરૂપમાં કરુણરસ અને ભયાનકરસ ને સ્થાન મળ્યું કહેવાય કે નહિ? શાન્તરસની સમાધિ લગાવીને બેઠેલા મહાદેવ ઉપર કામબાણ ચલાવીને એમને પરાજિત કરવા માગતા કામદેવને દૃષ્ટિમાત્રથી ભસ્મ કરી નાખવાની શૂરવીરતમાંથી વીરરસ પ્રકટ થયો જ છે. રતિ કામને વરેલી છે તેથી રતિપતિ એવા કામને ખતમ કર્યા પછી અશક્ય બનેલી રતિક્રીડામાં પાર્વતીને પ્રણયદાન તો મહાદેવ જેવા દાનવીર જ કરી શકે છે! બીજી રીતે વિચારીએ તો કામના વધથી વિધવા થયેલી રતિને રડતી રાખીને પોતે પાર્વતીની સાથે જ્યારે રતિરસનો લહાવો લે છે ત્યારે મહાદેવ-પાર્વતીના એ પ્રણયમાં કોઈક કામુકને જુગુપ્સાનો ભાવ જાગે તો તેને અસ્વાભાવિક કેમ માની શકાય? એટલે મહાદેવની લીલાનું કામભાવથી મૂલ્યાંકન કરવા જતાં બીભત્સરસ પ્રકટ થાય છે, પણ તત્ત્વદૃષ્ટિથી જોતાં નિષ્કામ રમણ વિસ્મયજનક હોય છે.

આથી પણ વધુ વિસ્મય એવા વિવિધ રસભાવોની પરસ્પર વિરોધાભાસી ઉથલ-પાથલ કરીને શિવ રૂપે શાન્તરસને વ્યક્ત કરનાર

મહાદેવની અદ્‌ભુતરસાત્મકતામાટે કહો કોને વિસ્મય ન થાય! છતાંય કેવલ અઘોર ‘‘શાન્તં શિવમ્ અદ્વૈતમ્’’ માનવાની હઠમાં આપણે શિવના નટરાજ હોવાની હકીકતનો અસ્વીકાર કરતા હોઈએ છીએ. આપણે સ્વીકાર ન કરીએ તેથી શું રુદ્ર પોતાનું ઘોર-ઘોરતર-દ્વૈતનું તાંડવનૃત્ય બંધ કરી દેશે?

**‘‘અઘોરેભ્યો અથ ઘોરેભ્યો ઘોર-ઘોરતરેભ્યઃ, સર્વતઃ શર્વ સર્વેભ્યો નમસ્તે અસ્તુ રુદ્રરૂપેભ્યઃ’’.** (મહાના.ઉપ.૧૦૧૬) એટલે વેદ તો રુદ્રરૂપ પરમાત્માના ત્રણેય રૂપોને, અઘોરને ઘોરને અને ઘોરથી પણ ઘોરતરને, વન્દનીય ગણે છે. એટલે ‘‘શાન્તં શિવમ્ અદ્વૈતમ્’’ની સમાધિની માફક ‘‘અશાન્તમ્ અશિવમ્ દ્વૈતમ્’’ ના તાંડવને જેઓ સ્વીકારી શકતા નથી તેઓ શંકરના સાચા કિંકર થવા લાયક નથી.

ભાગવતકાર શ્રીકૃષ્ણને નટવર કહે છે. મથુરામાં કંસના દરબારના મંચઉપર ભગવાનનું અવતરણ તો જાણે વિવિધ રસભાવોનો વિલક્ષણ મહેરામણ જ હતો! તે સમયે ભગવાને નવ રસના સિદ્ધાન્તને અપૂર્ણ સિદ્ધ કરવામાટે એક કાલમાં પોતાના દશ રૂપ પ્રકટ કરી બતાવ્યાં. આ પ્રસંગનો હેવાલ નીચેના શ્લોકમાં ભાગવતકાર આપે છેઃ

**[૧]મલ્લાનામ્ અશનિઃ [૨]નૃણાં નરવરઃ [૩]સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્**
**[૪]ગોપાનાં સ્વજનો [૫]અસતાં ક્ષિતિભુજાં શાસ્તા [૬]સ્વપિત્રોઃ શિશુઃ।**
**[૭]મૃત્યુર્ભોજપતેઃ [૮]વિરાડ્ અવિદુષાં [૯]તત્ત્વં પરં યોગિનાં**
**[૧૦]વૃષ્ણીનાં પરદેવતા ઈતિ વિદિતો રંગં ગતઃ સાગ્રજઃ॥**

(ભાગ.પુરા.૧૦।૪૩।૧૭)

ભગવાન્ જ્યાં સુધી આપણી સામે પ્રકટ થતા નથી ત્યાં સુધી ભગવાન્‌ની બાબતમાં ઉપેક્ષા કરી શકાતી નથી. પછી ભગવાન્‌ના પ્રકટ સ્વરૂપથી કોઈ ઉદાસીન રહી શકતો નથી

ભગવાન્‌ના પ્રકટ સ્વરૂપને જો સ્નેહદૃષ્ટિથી નિહાળવું શક્ય

ન હોય તો દ્વેષદૃષ્ટિથી નિહાળવું પડશે. જે ભગવાન્‌ના પ્રકટ સ્વરૂપના દર્શન મેળવીને પ્રસન્ન થઈ શક્તો નથી તેને શોકવ્યાકુળ થવું પડશે. જે ભગવદ્દર્શન કરતાં વિસ્મય પામતો નથી તેનામાં જુગુપ્સાનો ભાવ જાગી જશે. શૂરવીર હોવાના અહંકારથી ભરેલા પુરુષોમાં વીર્યવાન્ ભગવાન્‌ને જોઈને યુદ્ધનો ઉત્સાહ ઉભરાતો નથી તેઓને ભગવાન્‌ની સામે તદ્દન બીકણ બની જવું પડશે. ભગવાન્‌ના પ્રકટ રૂપથી કોઈ ઉદાસીન રહી શક્તો નથી. તેથી, યોગી-મુનિઓના જેવી પોતાના અન્તરમાં પરમાત્માને શાન્તરસપૂર્વક એકાગ્રતાથી જોવાની સિદ્ધિ જેને સાંપડતી નથી તેને હૃદયથી બહાર, ઉપર જણાવેલ, આઠ અશાન્ત રસો પૈકી કોઈ એક રસાત્મિકા વૃત્તિથી અધીર બનીને ભગવાન્‌ને નિહાળવા પડશે. અપ્રકટ ભગવાન્‌થી વિમુખ રહેવું કોનામાટે શક્ય નથી! પ્રકટ ભગવાન્‌ને અભિમુખ થઈ જવું પણ કોનામાટે શક્ય નથી!

કંસના દરબારમાં શ્રીકૃષ્ણથી વિમુખ રહેવાની બધી સમ્ભાવનાઓ ખતમ થઈ ગઈ. નટવરના નાટ્યમાં કયા રસનો પ્રવાહ વહી રહ્યો નથી કે કોઈ પણ સ્થાયીભાવમાં સ્થિર થયેલું મન તે પ્રવાહવેગથી વહી ન જાય! છતાંય, બીજા પ્રવાહો પોતાના ઉદ્ગમની દિશામાં વસ્તુને વહાવી શક્તા નથી; પરન્તુ જે રસપ્રવાહોના ઉદ્ગમ કૃષ્ણ હોય ત્યાં તો ઊલટી ગંગા વહેતી હોય છે! કંસના દરબારમાં ઉપસ્થિત પ્રત્યેક દર્શકને તેથી પોતાના મનોભાવ મુજબ ભગવાનનાં દર્શન થયાં. તે-તે દર્શકોની માંગને અનુસરીને આ નટવર અનેક રૂપોને ધારણ કરવા સમર્થ છે.

જગતનાં નટ-નટીઓ પણ અનેક રૂપો ધારણ કરતાં હોય છે. તેઓ અનેક જાતના વેશપલટા કરે છે. તો શ્રીકૃષ્ણની બાબતમાં નવાઈની વાત કેમ હોઈ શકે? પણ શ્રીકૃષ્ણ સામાન્ય નટ નથી, એ તો નટવર છે. તેમને અવનવા કે નિતનવા રૂપોને ધારણ કરવા

સારું ક્યાંક ગ્રીન્-રૂમ્માં મેક-અપ્ બદલવા જવાની જરૂર હોતી નથી. એ તો આપણા હૃદયને ગ્રીન્-રૂમ્ માની લે છે અને તેમાં રહેલા ભાવને તેઓ પોતાના મેક-અપ્ તરીકે વાપરી લે છે. જો અનેક દર્શકો એકસામટા અનેક ભાવોથી કૃષ્ણને નિહાળતા હોય તો તેમના અનેકવિધ ભાવોને અનુસરીને આ નટવર પણ એક જ સમયમાં, એકી સાથે અનેક રૂપોને ધારણ કરવા સમર્થ છે! કહો આવો બીજો નટ કયો હોઈ શકે? તેથી શ્રીકૃષ્ણ ખરેખર નટવર છે.

(૧) જે મલ્લો કંસની સભામાં હતા તેઓ ભગવાન્‌ને મારી નાખવાના તામસ ભાવવાળા હતા. તેવા આધિભૌતિક સ્વભાવને અનુરૂપ મલ્લોને જાણે આકાશમાંથી રૌદ્રરૂપે વીજળી તૂટી પડતી હોય એવા શ્રીકૃષ્ણ જણાયા.

(૨) અનેક સામાન્ય લોકો પણ ત્યાં ઊભા હતાં. તેમના ભાવ તામસ હોવા છતાંય કંઈક રાજસ જેવા હતા. તેથી તેમના આવા આધિભૌતિક સ્વભાવને અનુરૂપ તેમને ભગવાનનાં દર્શન વિસ્મયજનક અસામાન્ય પુરુષરૂપે થયાં. પુરુષોત્તમને પુરુષ માન્યો તે તામસસ્વભાવને લીધે; પરન્તુ રાજસભાવથી ચિત્ત ચંચળ થતાં તે અસામાન્ય નટવર લાગ્યા. હકીકતમાં તો નટવરનો આ અદ્‌ભુત તમાશો હતો!

(૩) ત્યાં આધિભૌતિક સ્વભાવવાળી અનેક સ્ત્રીઓ પણ ઉપસ્થિત હતી. તેઓ તામસોમાં કંઈક શ્રેષ્ઠ એવા તામસ-સાત્ત્વિક ભાવવાળી હતી, તેથી સાત્ત્વિક અંશને લીધે તેમને ભગવાન્‌માં સ્નેહ જાગ્યો પણ તામસ અંશને લીધે તે સ્નેહ કામભાવથી યુક્ત બની ગયો હતો, તે નિષ્કામ નહોતો રહ્યો. આવી સ્ત્રીઓને તેમના સ્વભાવને અનુરૂપ ભગવાન્ કામભાવના અધિષ્ઠાતા કામદેવ જેવા જણાયા. શિવે ભસ્મસાત્ કર્યા પછી કામદેવ તો અનંગ બની ગયા હતા; પણ ભગવાન્ તો સર્વાંગસુન્દર કામદેવ કરતાંય કામણગારા લાગ્યા. એટલે

કામભાવાત્મિકા રતિ રૂપી સ્થાયીભાવવાળો શૃંગારરસ પ્રકટ થઈ ગયો.

(૪) જે ગોપબાળકો ભગવાન્‌ની સાથે વ્રજથી મથુરા આવ્યા હતા તેમનો સ્વભાવ આધ્યાત્મિક હતો. ભગવાન્‌માં તેમનો ભાવ એમ તો રાજસ હતો પણ સાથે - સાથે કંઈક તામસતા પણ તેમાં હતી. તેથી વિચિત્ર વેશમાં કંઈક અનેરી છટાથી પોતાના સખાને દરબારી રંગભૂમિમાં પ્રવેશ કરતાં જોઈને ગોપબાળકોને ભગવાન્ ઉપર હસવું આવવા માંડયું. એટલે ભગવાન્‌ની હાસ્યરસાત્મક્તા પોતાના મિત્રોની વચ્ચે પ્રકટ થઈ ગઈ!

(૫) જે રાજવીઓ ત્યાં ભેગા થયા હતા તેમનો સ્વભાવ આધ્યાત્મિક હતો, પણ તેમનો ભગવાન્ માટેનો ભાવ રાજસ - રાજસ હતો, તેથી તેમના સ્વભાવને અનુરૂપ ભગવાન્‌ને જોઈને તેમનામાં વીરજનોચિત યુદ્ધોત્સાહ ઉભરાયો. તેઓ જો રાજસ-સાત્વિક ભાવવાળા રાજપુરુષો હોત તો તેમનામાં ભગવાન્‌ની તરફેણમાં લડી લેવાનો ઉત્સાહ જાગ્યો હોત; પણ દુષ્ટ રાજસ - રાજસ ભાવને લીધે તેમને ભગવાન્‌ની સાથે યુદ્ધ કરવાનો ઉત્સાહ વધ્યો. તેમણે થોડાંક ધ્યાનથી ભગવાન્‌ને જોયા ત્યારે દુષ્ટદમન કરનાર એક સમ્રાટ જેવા ભગવાન્ દેખાયા એટલે તેમનો ઉત્સાહ ઠંડો પડી ગયો. આથી ભગવાન્‌ની વીરરસાત્મક્તા સિદ્ધ થઈ.

(૬)ભગવાન્‌નાં માતા-પિતા દેવકી-વસુદેવના હૃદયમાં કરુણરસનો સાગર છલકાવાની અણી ઉપર પહોંચી ગયો. તેઓ પણ આધ્યાત્મિક સ્વભાવવાળા હતાં; પણ ભગવાન્‌ની બાબતમાં તેમનો ભાવ રાજસ-સાત્ત્વિક હતો. સાત્ત્વિક્તાને લીધે તેમનો વાત્સલ્યભાવ ઉભરાઈ રહ્યો હતો, પણ રાજસતાને લીધે ચિત્ત ચઞ્ચળ બનીને ચિન્તામગ્ન થઈ જતું હતું કે આ સુકોમળ બાળકને કંઈક થઈ ગયું તો! સ્નેહમાં અનિષ્ટની આશંકા ડગલે - પગલે થતી રહેતી હોય છે. એટલે અનિષ્ટ આશંકાથી

ભગવાન્‌માં કરુણરસાત્મકતાની ઝલક પ્રકટ થઈ.

(૭) કંસનો સ્વભાવ મુક્તિ યોગ્ય આધિદૈવિક હતો, છતાંયે તામસ આસુરાવેશને લીધે ભગવાન્‌થી બીવાની વૃત્તિમાં પણ મૂળમાં સાત્ત્વિકભાવને લીધે યોગીજનોચિત ચિત્તની ભગવાન્‌માં એકતાનતા કેળવી શક્યો હતો. તેથી તેના સ્વભાવને અનુરૂપ તેને ભગવાન્ કાળા કાળ જેવા લાગ્યા. એટલે કંસે કલ્પેલી ભયાનકતા ભગવત્સ્વરૂપમાં એકદમ સાકાર થઈ ગઈ.

(૮) ભગવાન્‌માં સ્નેહભાવ રાખનાર એવા અજ્ઞાની હોવા છતાંયે નિખાલસ હૃદયના માણસો પણ ત્યાં હતા. તેમનો પણ સ્વભાવ આધિદૈવિક હતો. ભગવાન્‌માં તેમનો ભાવ સાત્ત્વિક-રાજસના મિશ્રણનો હતો, તેથી સાત્ત્વિક અંશને લીધે ભગવાન્‌માં સ્નેહ હોવા છતાંય રાજસ અંશને લીધે કુવલયાપિડના વધથી ભગવાન્‌ના વસ્ત્રો ઉપર છંટાયેલા રક્તના ડાઘા જોઈને તેમનું ચિત્ત ગ્લાનિથી ભરાઈ ગયું. તેમને લાગ્યું કે જો અવસર મળે તો ભગવાન્‌ને પોતાને ઘેર પધરાવી જઈને, સરખી રીતે નિર્મળ જળથી સ્નાન કરાવી, નવાં સુન્દર વસ્ત્રો ધરાવી દઈએ. આ રક્તરઞ્જિત વસ્ત્રો આવા સુન્દર સ્વરૂપ ઉપર કંઈ શોભતાં હશે? કેવી અનેરી ભાતથી આ નટવરે બીભત્સરસને પ્રકટ કરી દેખાડ્યો!

(૯) અમુક યોગીજનો પણ ત્યાં જઈ ચઢયાં હતા. તેમનો પણ આધિદૈવિક સ્વભાવ હતો. ભગવાન્‌માં તેમનો ભાવ સાત્ત્વિક - સાત્ત્વિક હતો, તેથી તે સ્વભાવને અનુરૂપ ભગવાન્‌નાં દર્શન તેમને થયાં. પોતાના યોગાભ્યાસની ધ્યાન-ધારણા-સમાધિની વિદ્યાથી જેમ મૂર્તિ ઉપર તેઓ પોતાના ચિત્તને એકાગ્ર કરવા નિરન્તર મથામણ કરતા રહેતા હતા તે મૂર્તિ જાણે આજે હૃદયની બહાર પ્રકટ થઈ ગઈ ન હોય એવું યોગીઓને લાગ્યું. એટલે જે યોગસાધનાના યમ - નિયમોના

ઉપાયોથી એમણે જગતની દરેક વસ્તુમાં વિરક્તિ કેળવેલી હતી તે યોગસાધનોમાં પણ આજે આ મૂર્તિમાં શાન્તરસને જોઈને અનુરક્તિ લાગુ થઈ ગઈ!

(૧૦) રાજવીઓમાં જે વૃષ્ણિઓ હતા, જેમના કુલમાં ભગવાન્ અવતર્યા હતા, તેઓ ગુણાતીત સ્વભાવના હતા. અર્થાત્, તેઓ તામસ રાજસ કે સાત્ત્વિક ન હોવાથી આ ગુણોથી ઉપર ઉઠેલા ભાવવાળા હતા તેથી તેમને તેમના સ્વભાવને અનુરૂપ ભગવાનનાં દર્શન કરતાં નિર્ગુણા-ભક્તિનો હૃદયમાં આવિર્ભાવ થયો. તેમને ભગવાન્ કેવળ પરદેવતા જ લાગ્યા!


ભક્તિ પણ ૧૦મો રસ છે. તે લૌકિક કે પ્રાકૃત ગુણોથી પ્રકટ થતો રસ નથી. આઠ રસો, શૃંગારથી બીભત્સ સુધીના, લૌકિક અને પ્રકૃતિ માં રહેલા સાત્ત્વિક રાજસ અને તામસ ભાવોની વિવિધ મેળવણીથી ઘડાયેલા રસો છે. તેવા બધા જ પ્રાકૃત ભાવો જ્ઞાનયોગથી બાળી નાખતાં અભાવમાં ફેરવાઈ જાય છે. એટલે શાન્તરસનો આવિર્ભાવ થાય છે. ભક્તિ નથી સર્વ લૌકિક રસોનો અભાવ એટલે કે શાન્તરસ અથવા નથી લૌકિક રસમાંનો કોઈ એક રસ. જે હૃદયમાં પ્રાકૃત ગુણોના ઉપદ્રવ શાન્ત થઈ જાય, છતાંય આત્મા અને પરમાત્મા ની વચ્ચે રહેલી નિરુપાધિક પ્રીતિ પ્રકટ રહી શક્તી હોય તે હૃદય ભક્તિરસની યમુનાના તટ ઉપર મહાલી શકે છે. ભક્તિ ગુણાતીત હૃદયમાં અંકુરિત પલ્લવિત પુષ્પિત અને ફલિત થાય છે. તે સ્નેહ આસક્તિ વ્યસન અને સર્વાત્મભાવ ના રૂપોમાં પ્રકટ થાય છે. શાન્તરસયુક્ત હૃદય બ્રહ્મજ્ઞાનની પરાકાષ્ઠા ઉપર પહોંચીને કદાચ ગુણાતીત થઈ શક્તું હશે; પરન્તુ ભૂમિ ફળદ્રુપ હોવા છતાંયે તેમાં બીજ ન વાવીએ તો જેમ પાક પેદા થતો નથી તેવી રીતે ગુણાતીત હૃદયમાં પણ જો ભગવાન્ પોતાના અનુગ્રહનું બીજ ન વાવે તો ભક્તિરસ ભગવત્સ્નેહરૂપે અંકુરિત થઈ શક્તો નથી. એટલે કેવળ શાન્તરસયુક્ત હૃદય મોટે

ભાગે વાવેતર વિનાના ખેતર જેવું હોય છે. જ્યાંથી શાન્તરસની સીમા પૂરી થાય છે ત્યાંથી ભક્તિરસની સીમાની શરૂઆત થાય છે.

આપણે વિવિધ રસોનું પ્રાથમિક વર્ગીકરણ સમજીએ.

શાન્તરસ ⟷ અશાન્તરસ.

આમાં જે અશાન્તરસનો વર્ગ છે તેના ફરીથી આઠ પેટા વિભાગ થાય છે. તે છે: શૃંગાર હાસ્ય બીભત્સ ભયાનક રૌદ્ર કરુણ અદ્ભુત અને વીરરસ. આ વિવિધ રસોના સ્થાયી ભાવો ઉપર નજર કરીએ તો આપણને સમજાશે કે આ આઠેય રસો એકબીજાથી વિપરીત સ્વભાવવાળા છે.




આઠ રસોના સ્થાયીભાવો પરસ્પર વિપરીત હોવા છતાં તેમનામાં અશાન્તિનો એક સામાન્ય સ્વભાવ રહ્યો છે. શૃંગાર વીર હાસ્ય

અને અદ્‌ભુત રસો થી પેદા થતી અશાન્તિ મધુર અશાન્તિ હોય છે, તેથી તે અશાન્તિને સુખદ (Comedy) કહી શકાય. કરુણ રૌદ્ર ભયાનક અને બીભત્સ રસ થકી પેદા થતી અશાન્તિ દુ:ખદ (Trajedy) હોય છે. શાન્તરસમાં આઠ રસોમાંના કોઈ પણ અશાન્ત ભાવોથી મનમાં પેદા થતી વિષમતાઓ રહી જતી નથી. કરુણરસનો દુ:ખદ શોક, અદ્‌ભુત અને હાસ્ય રસોના સુખદ વિસ્મય કે હાસ્ય, ભયાનકમાં અનુભવાતો ચિન્તાજનક ભય, રૌદ્રરસમાં પ્રકટ થતો રોષ કે દ્વેષ, શૃંગારરસમાં જણાતો રાગ અને વીરરસમાં શત્રુને પરાજિત કરવાની ઈચ્છાથી ઉદ્ભવેલો ઉત્સાહ શાન્તરસમાં રહેતો નથી. એટલે 'શાન્તરસ' શબ્દ હકારાત્મક હોવા છતાં તેનો સ્થાયીભાવ નિર્વેદ નકારાત્મક હોય છે. તેવી જ રીતે, અશાન્તરસોને 'અશાન્ત' કહીએ ત્યારે 'અશાન્ત' શબ્દ નકારાત્મક હોવા છતાં તેના વિવિધ ભાવો હકારાત્મક હોય છે.


**ન યત્ર દુ:ખં ન સુખં ન ચિન્તા ન દ્વેષરાગૌ ન ચ કાચિદિચ્છા।**
**રસ: સ: શાન્તો કથિતો મુનીન્દ્રૈ: સર્વેષુ ભાવેષુ સમપ્રમાણ:॥**

(સાહિ.દર્પ.૩।૨૩૦)

અર્થાત્, સાધારણ લૌકિક દષ્ટિથી જોવા જતાં શાન્તરસના રસિકમાં અને અરસિક માં તફાવત કરવો એ જરા કઠણ કામ છે. આત્મજ્ઞાનીના નિજાનન્દ અને અક્ષરબ્રહ્મ - જ્ઞાનીને મળતા બ્રહ્માનન્દ થી અપરિચિત માણસ વાસ્તવિક રીતે શાન્તરસની પૂરેપૂરી મજા માણી શક્તો નથી.

શાન્તરસમાં રહેલી મસ્તી અતિશય સૂક્ષ્મ અમૂર્ત અમૃત સ્થાયી અને અવ્યક્ત હોય છે. જ્યારે બીજા આઠ રસોમાં રહેલી મસ્તી સ્થૂળ મૂર્ત મર્ત્ય અસ્થાયી અને વ્યક્ત હોય છે: "**દ્વે વાવ બ્રહ્મણો રૂપે મૂર્ત ચૈવામૂર્ત ચ, મર્ત્યં ચ અમૃતં ચ, સ્થિતં ચ યચ્ચ, સચ્ચ ત્યચ્ચ**". તેથી શાન્તરસમાં જ્યાં અદ્વૈતભાવની પ્રમુખતા હોય છે ત્યાં

અન્ય આઠ રસોમાં દ્વૈતભાવની પ્રમુખતા હોય છે. સાગરના પેટાળમાં સમ્ભવે તેવી સ્થિરતા શાન્તરસમાં રહેલી હોય છે. જ્યારે સાગરની સપાટી ઉપર ઊઠતી ચંચળ લહેરો જેવી અસ્થિરતા બીજા આઠ રસોમાં રહેલી છે. આધુનિક જ્યોતિર્વિજ્ઞાન (Astronomy) માં સૂર્યની જેવી કેન્દ્રિય સ્થિતિ માન્ય કરવામાં આવી છે તેવી રીતે, શાન્તરસ બધા રસોના કેન્દ્રમાં સ્થિત છે. જેમ સૂર્યપિંડની ચોમેર નવ ગ્રહો પરિભ્રમણ કરે છે તેમ બીજા નવ રસો શાન્તરસની ચોમેર ભમે છે. તેથી દરેક રસના ચરમોત્કર્ષ (Climax) માં એક અવ્યક્ત શાન્તિ મળે છે. સૌરમંડળની માફક શાન્તરસને કેન્દ્રમાં રાખીને પરિક્રમા કરતા નવ રસોને નીચેની આકૃતિદ્વારા સમજી શકાય છે.



નવ ગ્રહો પૈકી પોતાના સૌર પરિવારને જાણી અને માણી શકે તેવી જીવસૃષ્ટિ કેવળ પૃથ્વી ઉપર સમ્ભવિત છે. એનું કારણ એ છે કે જે ગ્રહો પૃથ્વી કરતાં સૂર્યની વધારે નિકટ છે, જેમકે બુધ અને શુક્ર, તેમની સપાટી ઉપર તાપમાન એટલું બધું હોય છે કે જીવનની સમ્ભાવના બળી જતી હોય છે. તેવી રીતે, જે ગ્રહો પૃથ્વી કરતાં સૂર્યથી વધુ દૂર છે તે ગ્રહો ઉપર પૃથ્વી જેવા જીવનની સમ્ભાવના ઠંડી પડી જતી હોય છે.

આ ઉદાહરણથી એમ સમજવું જોઈએ કે ભક્તિરસ થકી રસ પરિવારના પ્રત્યેક ભાવો કે લાગણીઓ ને જાણી અને માણી શકાય છે; પરન્તુ ભક્તભાવોચિત દ્વૈતથી આપણું હૃદય ભયભીત કે ક્રોધિત થઈને શાન્તરસ તરફ ઢળવા જશે તો શાન્તરસને માણી શકવાની શક્યતાઓ પણ ઓછી થવા માંડશે. રસને માણવાનું સામર્થ્ય ઘટતાં તાપમાન વધશે. જો ભક્તરસોચિત દ્વૈતભાવ કરતાં વધુ દ્વૈત તરફ, અર્થાત્ શૃંગાર હાસ્ય કે વીર રસ વગેરેના દ્વૈતો તરફ, આપણું હૃદય ઢળવા માંડશે તો રસભાવોને માણવાની શક્યતાઓ ધીમે - ધીમે ઠંડી પડતી જશે. એટલે અન્તે હૃદયમાં અશાન્તિ જ જણાતી હોય છે. ભક્તિરસદ્વારા બધા રસો - ભાવોને માણી શકાય છે, છતાં એ ભક્તિરસ શાન્ત અને અશાન્ત નવે - નવ રસોથી અનેરો અને એકમાત્ર જીવન્ત રસ છે, તેથી તેની સરખામણી સૌરમંડળમાંની પૃથ્વી સાથે થઈ શકે. તે ન અતિ ઉષ્ણ છે કે ન અતિ શીતલ છે, ન અતિ દ્વૈતઘટિત છે કે ન અતિ અદ્વૈતઘટિત છે.

ભાગવતકારના મત મુજબ આવો રસ વૃષ્ણિ વંશના રાજવીઓએ અનુભવ્યો હતો **"વૃષ્ણીનાં પરદેવતા ઈતિ વિદિતો રંગં ગતઃ સાગ્રજઃ"**. પરમદેવને રુષ્ટ કરી શકાય છે, પરમદેવથી ભયભીત થઈ શકાય છે, પરમદેવને ભજી શકાય છે, પરમદેવમાં રતિ કેળવી શકાય છે, પરમદેવની સખ્ય ભાવે હાંસી કરી શકાય છે, પરમદેવને

યુદ્ધમાં હરાવી શકાય છે, તેનાથી લડ્યા વિના પરાજિત પણ થઈ શકાય છે, પરમદેવને પોતાના વહાલા ગણીને તેની બાબતમાં કરુણાશીલ બની શકાય છે, જો પરમદેવ પોતાનું મલીન - અશુચિરૂપ પ્રકટ કરે તો નિખાલસ પ્રીતિથી તેને સ્વચ્છ - શુદ્ધ બનાવી શકાય છે, પરમદેવના આવા પરમ માહાત્મ્યને જોઈને વિસ્મિત થઈ શકાય છે, પરમદેવને આપણા આત્મામાં નિવાસ કરતો પરમાત્મા માનીને અન્તરાત્મામાં શાન્ત - એકાન્ત ભાવે જોઈ શકાય છે! આવી હોય છે પરમદેવની પરમતા. તેથી જ તે સર્વ રસભાવોનો આલમ્બન બનવા સમર્થ છે; પરન્તુ જો તે પરમદેવને ભૂલીને આપણે આત્મામાં શાન્તરસભાવને માણવા બેસીશું તો અનાત્મા સાથે પ્રકટ થતા શૃંગાર આદિ રસોની વાતોને હૃદય નહિ સમજી શકે, તેમજ આ લૌકિક રસોમાં તલ્લીન બનેલું મન શાન્તરસની મજાને નહિ માણી શકે. આથી શાન્તરસના રસિકો લોકમાં અરસિક જેવા જણાય છે અને લૌકિક રસોના રસિકો જ્ઞાનીઓને પામર લાગતા હોય છે. આમાં કોણ સાચો અને કોણ ખોટો ?

મૂળ મુદ્દાની વાત એ છે કે ઉપનિષદે **"બ્રહ્મ પુચ્છમ્ પ્રતિષ્ઠા"** (તૈત્તિ.ઉપ.૨ા૫) એવું વચન ઉચ્ચાર્યું એટલે શાન્તરસના રસિકો બ્રહ્મને પરિપૂર્ણતાથી પિછાણ્યા વિના અમૂર્ત અમૃત કૂટસ્થ અવ્યક્ત નામ - રૂપવિહીન અદ્વૈત નિર્ગુણ નિર્વિશેષ અક્ષરબ્રહ્મ રૂપી પૂંછડાને પકડીને, અન્ધહસ્તિન્યાયે બ્રહ્મના બીજા અંગો કે પાસાઓ ને વખોડે છે! બ્રહ્મહસ્તિની વિશાળતાને જોવા તેઓ સમર્થ હોતા નથી. જેને તેઓ બ્રહ્મ માને છે તે ખોટી વાત નથી, પણ તે સિવાય બીજાને મિથ્યા માને છે તે હકીકતમાં મિથ્યાદષ્ટિ છે.

આ જગતનાટકના નટે જગતમાં આઠ પ્રમુખ રસો વ્યક્ત કર્યા એટલે **"અષ્ટૌ નાટ્યે રસાઃ સ્મૃતાઃ"** (ભર.નાટ્ય.૬ા૧૫) ની ભ્રમણા ઊભી થઈ. કેમકે તે પરમ નટે આ સૃષ્ટિના મૂર્ત મર્ત્ય

અસ્થિર વ્યક્ત રંગમંચ ઉપર આઠ રસોની થોડીક પ્રમુખતા દાખવી છે એટલે બ્રહ્મને ન જાણનારા લૌકિક પામર રસિકોએ અન્ધહસ્તિન્યાયે અમૂર્ત અમૃત કૂટસ્થ અવ્યક્ત પાસામાં અનુભવાતા રસને રસ તરીકે સ્વીકારવામાં વિદ્રોહ કર્યો! હસ્તિના કોઈ પણ પાસાનો અસ્વીકાર કરવો તે એક નહિ તો બીજી રીતે અન્ધાપાનું જ લક્ષણ છે. તેથી જ ઉપનિષદ્ કહે છે: **"તસ્ય પ્રિયમેવ શિર:, મોદો દક્ષિણ: પક્ષ:, પ્રમોદ ઉત્તર: પક્ષ:, આનન્દ આત્મા, બ્રહ્મ પુચ્છં પ્રતિષ્ઠા"**. (તૈત્તિ.ઉપ.૨૫) આ વાક્યથી ઉપનિષદ્ નટવરની સમગ્રતાને જ બિરદાવે છે. **"સર્વકર્મા: સર્વકામ: સર્વગન્ધ: સર્વરસ: સર્વમ્ ઈદમ્"** (છાન્દો.ઉપ.૩૧૪૪) ભક્તિરસમાં માહાત્મ્ય જ્ઞાનના અંશમાં શાન્ત રૌદ્ર ભયાનક વગેરે રસોને આવરી લેવાય છે. તેવી રીતે "સુદૃઢ સર્વતોધિક સ્નેહ"ના અંશમાં શૃંગાર હાસ્ય કરુણ વીર બીભત્સ અને અદ્‌ભુત રસોને આવરી લેવાયા છે. **"માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢ: સર્વતોધિક: સ્નેહો ભક્તિરિતિ પ્રોક્ત:"**.

ભક્તિ સિવાયની બીજી ધાર્મિક મનોવૃત્તિઓમાં સ્થૂળમાં સૂક્ષ્મને માણી શકવાનું સામર્થ્ય આપણી ભીતર ભરવાની તાકાત હોય છે; પણ ભક્તિ એ સૂક્ષ્મને માણવાની કેવળ ધર્મસાધના નથી, ભક્તિ કલા છે. સૂક્ષ્મ અવ્યક્ત અમૂર્ત સર્વવ્યાપી અનાદિ અનન્ત એવા પરમાત્માને ભાવની કોતરણીથી સ્થૂળ વ્યક્ત મૂર્ત રૂપે દેશકાળમાં ઘડી કાઢવાની કલા એટલે ભક્તિ. બ્રહ્મને ઉપનિષદે રસરૂપે બિરદાવ્યો છે તેથી ભક્તિ એક એવી કલા છે કે જેના દ્વારા બ્રહ્મ રસરૂપે આવિર્ભૂત થાય છે. ભક્તિરસની મનોવૃત્તિથી બ્રહ્મને માણી જાણી મ્હાલી પિછાણી ને મનગમતા બીબામાં ઢાળી શકાય છે: **"યદ્-યદ્ ધિયા ત ઉરુગાય વિભાવયન્તિ તત્તદ્ વપુ: પ્રણયસે સદનુગ્રહાય"**. (ભાગ.પુરા.૩૯૧૧) આથી ભાગવતકાર બીજા રસોની સર્વમાન્ય સૂચિમાં ભક્તિને ઉમેરવા માગે છે. તેનો ગૂઢ હેતુ આપણા જીવનમાં ભક્તિરસને ઉમેરવાનો જ છે!

કૃષ્ણને પરમ દેવતા તરીકે પિછાણો અને જુઓ કે તે નટવર તમારા હૃદયના રંગમંચઉપર અને નયનોમાં પણ કેવા અવનવા અને નિતનવાં રૂપોને ધારણ કરીને વિવિધ રસભાવોના મહેરામણ વરસાવવા સમર્થ છે!

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય કહે છે:

**યદિ શ્રીગોકુલધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ।**
**તતઃ કિમપરં બ્રૂહિ! લૌકિકૈર્ વૈદિકૈરપિ॥**

જો તે નટવર ગોકુલધીશને તમે તમારા હૃદયમાં ધારણ કરવા સમર્થ હો તો મને કહો, શું અલૌકિક શાન્તરસ ભક્તિરસ કરતાં વધુ આહ્લાદક છે? શું લૌકિક આઠ રસો ભક્તિરસ કરતાં વધુ આહ્લાદક હોઈ શકે ખરા?

પૂર્ણને માણવાનો રસ તે ભક્તિરસ. તેમાં બીજા બધા જ રસોને પૂર્ણતાથી માણી શકાય છે! આ હતી આપણી અસલ રસદષ્ટિ!

**પ્રસીદતાં મયિ શ્રીમન્વ્રજેશચરણાશ્રયે।**
**સ્વામિનૌ વલ્લભાધીશ વિટ્ઠલેશાભિધૌ સદા॥**

## ૨.ભાવ-ભાવના*

**પ્રશ્નઃ :** સાહસ્રીભાવનામાં શ્રીહરિરાયજીએ જે સેવા-સામગ્રીની બધી ભાવનાઓ લખી છે તે મુજબ ભાવનાઓ કરવી જોઈએ અથવા ન કરીએ તો ઠાકોરજી આરોગે કે ન આરોગે?

**ઉત્તર :** સૌથી પહેલાં ભાવ અને ભાવના નો તફાવત સમજવો જરૂરી છે. 'ભાવના'ના એમ તો ઘણાં બધા અર્થો થાય પણ મુખ્યત્વે આપણાં માર્ગમાં જ્યારે આપણે 'ભાવ' કહીએ ત્યારે હૃદયના આશયને 'ભાવ' કહેવાય અથવા તો હૃદયનો પ્રભુ પ્રત્યેનો કોઈ સ્નેહયુક્ત આશય, સ્નેહનો ભાવ તેને પણ 'ભાવ' કહેવાય.

મહાપ્રભુજી આજ્ઞા કરે છે **"ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં ન અન્યદ્ ઈષ્યતે"** (સં.નિ.૮) ભાવ કેવી રીતે સિદ્ધ થાય? ભાવ તો ભાવના કરવાથી સિદ્ધ થાય. ભાવ એટલે જાણે કોઈ દરિયો કે તળાવ અને ભાવના એટલે નદી. એમના સ્વરૂપમાં ભેદ નથી, પણ એમના કાર્યમાં ભેદ છે. ભાવ કરવાથી નથી થતો અને કરીએ તો 'ભાવ' ન કહેવાય. જેમ 'સ્નેહ છે' એ હોય તો હોય છે, નથી હોતો તો નથી હોતો. કોઈ એમ કહે કે અમે સ્નેહ કરીએ છીએ તો હૃદયમાં હશે તો સ્નેહ કરી શકો છો. પણ હૃદયમાં સ્નેહ નથી તો જે કરી રહયા છો તે સ્નેહ નથી પણ સ્નેહનો ડોળ છે. આ સ્નેહની જ વાત નથી, ક્રોધની પણ આવી જ વાત છે. ક્રોધ છે તો છે પણ ધારોકે ક્રોધનો ભાવ નથી હૃદયમાં તો પછી જે કાંઈ આપણે કરી રહયા છીએ એ ક્રોધનો ડોળ છે, ક્રોધ નથી.

તેમજ વૈરાગ્યમાં પણ એવું જ છે. વૈરાગ્ય જો હૃદયમાં હોય

* સન્ ૨૦૧૨માં ગોંડલમાં થયેલ પ્રશ્નોત્તરી

તો હોય અને વૈરાગ્યનો ભાવ ન હોય તો આપણે ડોળ કરી શકીએ. પણ ડોળ કરવાથી વૈરાગ્ય સિદ્ધ થતો નથી. તે છતાંય દરેક પ્રાણીમાં એક એવી સિસ્ટમ્ ઉભી કરવામાં આવી છે અને તે મનુષ્યમાં જ છે એવું નહીં વિચારી લેવાનું. મનુષ્ય પશુ પક્ષી માછલાં બધામાં આ એક સિસ્ટમ્ છે.

એક રમૂજી વાત બતાવું તો તમને ખ્યાલ આવશે. એક એવો પોપટ લોકો બનાવે છે, એકદમ અસલ પોપટ જેવો લાગે. એની પાંખ હોય, ચાંચ હોય, એમાં બેટરી ભરીએ એટલે આપણે બોલીએ તેમ બોલે પણ ખરો. મારા ઘરમાં પણ એક પાળેલો પોપટ છે. એ પોપટની સામે પેલો ચાઈનીઝ પોપટ મૂકું તો એને રમકડાના પોપટની એટલી બીક લાગે છે કે ફફડી જાય છે! જ્યારથી આ રમકડાંનો પોપટ એની સામે મૂક્યો અને તેને ફફડતો જોયો ત્યારે મને એક વિચાર આવ્યો કે પોતાની જાતના પ્રાણીની પ્રતિકૃતિથી આ પોપટને બીક લાગે અને આપણી માણસની બીક ન લાગે આવું તે કેમ!! આજે આપણે કોઈ સાપ અજગર કે વાઘ ને જોઈએ તો આપણને બીક જેવું લાગે પણ માણસને માણસ જોઈને બીક ન લાગે. તો પોપટને આવું કેમ થતું હશે? પણ હકીકત એ છે કે એ પોપટ જ્યારે જન્મ્યો હતો અને ઉડવાનું શરૂ જ કર્યું હતું ત્યારે અમારા એક ઓળખીતા ભાઈના ઘરમાં ઓચિંતો આવીને બેસી ગયો. એને ઉડવાનું સરખી રીતે આવડતું નહોતું અને કૂદાકૂદ કરતો હતો. તે રોટી શેકવાનાં તવા ઉપર બેસી ગયો અને એના પગ બળી ગયા. પછી તો એને સારવાર કરીને ઠીક કર્યો અને એ લોકોએ તેને પાંજરામાં મૂકી દીધો. એના પછી પોપટે બીજા પોપટને જોયો જ નથી, માણસોને જ જોયા છે એટલે માણસથી નથી બીતો. આપણે એની પાસે જઈએ તો બોલાવે, અમારા ઘરમાં કોઈ વૈષ્ણવ આવે તો એમને પણ બોલાવે, એમની સામે નાચે, આવું બધું કરે પણ પેલો રમકડાંનો પોપટ જ્યાં આવે

ત્યાં ફફડી જતો. ઘોંઘાટ કરી નાખે એટલી બધી એને બીક લાગે છે.

ભગવાને ગીતામાં કહયું છે કે **"સંગાત્ સંજાયતે કામઃ"** (ભગ.ગીતા ૨ાદ૨) કોઈપણ વસ્તુનો આપણે સંગ કરીએ તો તેની બાબતમાં કામના, એની બાબતની ભાવના આપણાં હૃદયમાં જન્મે. જેનો સંગ ન કર્યો હોય, પછી ભલે આપણી જ વ્યક્તિ કેમ ન હોય! નાના બાળકને માં-બાપથી નોખું રાખો, તો સગા માં-બાપથી પણ નાનું બાળક બીશે. જેણે ઉછેર્યો છે એનાથી નહીં બીએ પણ જેણે ઉછેર્યો નથી તેવા સગા માં-બાપથી પણ નાનું બાળક બીશે. એ આપણામાં જ વ્યવસ્થા છે એવું નહીં, દરેકમાં છે.

એટલે ભાવનાનો મૂળ મુદ્દો સમજો. એવું વાતાવરણ, એવી પરિસ્થિતિ ઉભી કરવી જે પરિસ્થિતિને કારણે આપણને એકબીજાનો સંગાથ થાય તો ઑટોમેટીકલી એ ભાવના ભાવમાં ખીલી ઉઠે. માણસ માટે એ પોપટને સ્નેહનો ભાવ છે અને રમકડાના પોપટ માટે બીકનો ભાવ છે. નાના બાળક સામે તમે એક પ્રયોગ કરીને જોશો તો તમને ખબર પડશે કે જે રમકડું હોય તે રમકડાંથી જ એને બીવડાવવાનું શરૂ કરો. નાના બાળકને રમકડાંથી બીવડાવી દેવું બહુ સહેલું છે. પછી બાળક એ રમકડાંથી રમશે જ નહીં. જ્યારે રમકડું સામે આવશે ત્યારે બાળક રડવા માંડશે. કોઈ ઝટકો લાગે કે કોઈ ચૂંટલી ભરે કે કાંઈ એના ઉપર અચાનક પટકી દો તો બાળક ગભરાઈ જાય. હવે ગભરાય એટલે એ રમકડાંથી બાળકને બીક લાગવા માંડે. બીકનો ભાવ એના હૃદયમાં પેદા થઈ ગયો કે આ વસ્તુ ભયંકર છે તો એ ભાવની ભાવના કેવી રીતે થાય? એનો સીધો ઉપાય જ એ છે કે જે ભાવ તમારે પેદા કરવો હોય, તે જાતનો એ વ્યક્તિનો કે વસ્તુનો સંગ કરો. એ વસ્તુ કે વ્યક્તિ સાથે તમારા તેવી જાતના સંગને કારણે તેમાં તેવો

ભાવ પ્રગટ થાય ત્યારે એ સંગને આપણે 'ભાવના' કહીએ. જ્યારે પણ કોઈ બાળક ધારોકે ચોકલેટ ખાતો હોય તે વખતે ચોકલેટમાં આપણે મરચું ભરી દઈએ કે કોઈ કડવો સ્વાદ છૂપાવીને ભરી દઈએ અને જ્યારે બાળક ચોકલેટ ખાય તે વખતે ચોકલેટમાંથી કડવો સ્વાદ આવે તો ચોકલેટ ગમતી બંધ થઈ જશે. જો ગળ્યો સ્વાદ આવે તો એ ગમતી થઈ જાય. મૂળ સિદ્ધાન્ત આ છે!!

એટલે કોઈપણ ભાવ કે ભાવના નો મૂળ સિદ્ધાન્ત એ છે કે તમે કઈ ભાવનાથી સંગ કરી રહયા છો! સ્નેહની ભાવનાથી, દ્વેષની ભાવનાથી, ભયની ભાવનાથી કે ખાવાની ભાવનાથી. જે લોકો નોનવેજ્ જમતા હોય તેમને શા માટે તેની સૂગ નથી આવતી? આપણને કેમ સૂગ આવે છે કેમકે નાનપણથી એમણે એને જમવાનું શરૂ કર્યું. એમની ભાવના એ રીતે કેળવાઈ ગઈ કે આ જમવાની વસ્તુ છે, પછી સૂગ આવતી બંધ થઈ જાય. પુષ્ટિમાર્ગમાં પણ એવું જ થયું ને! છેલ્લા ૧૦૦-૧૫૦ વર્ષમાં દેવદ્રવ્ય ખાવાનું શરૂ કર્યું. હવે પુષ્ટિમાર્ગીઓને દેવદ્રવ્યમાં સૂગ આવતી બંધ થઈ ગઈ. એ સહજ વસ્તુ છે. જેટલા દારૂ પીનારાઓ છે એમને આવું જ થાય છે. દારૂની કેટલી વાસ આવે છે! આપણી બાજુમાં કોઈ પીને વાત કરતું હોય તો આપણને માફક ન આવે અને પીનારાને વાસ કેમ ન આવે કેમકે પીવાની ભાવના કરી પછી ધીમે-ધીમે વાસ આવતી બંધ થઈ જાય.

એટલે કોઈ પણ ભાવ કે ભાવના નો મૂળ સિદ્ધાન્ત એ છે કે 'ભાવ' એટલે આપણાં હૃદયનો એક જાતનો અભિગમ કે કોઈ જાતનો દ્રષ્ટિકોણ કે આ વસ્તુ મને ગમે છે કે નથી ગમતી. પ્રિય છે કે અપ્રિય છે, ભયંકર છે કે પ્રસન્નતાજનક છે. ભાવ એ દર વખતે સ્થિર હોય છે, તેવી કંડિશનિંગ્ આપણે દર વખતે ઉભી કરી દઈએ.

મને મારા નાનપણની વાત ખ્યાલ છે. તે વખતે હિન્દુ-મુસલમાન દંગા બહુ થતા. અમે તો મંદિરમાં રહીએ. દર વખતે એમ સંભળાય કે મુસલમાનોએ આટલા હિન્દુઓને મારી દીધા. હિન્દુઓએ પણ મુસલમાનોને માર્યા જ હશે ને! તે વખતે કોઈ બધા મુસલમાનો જ હિન્દુઓને મારે તેવું નહોતું. એ કથા આપણને સંભળાય નહીં. એ કથા સંભળાય કે મુસલમાનોએ હિન્દુઓને માર્યા. અમારા દાદાજી એક હકીમસાહેબ પાસે કુરાન ભણવા જતા. તે અંદર કુરાન ભણવા ગયા અને હું બહાર ગાડીમાં બેઠો. એક મુસલમાન, બે મુસલમાન, ત્રણ મુસલમાન આમ બધા મુસલમાનોને જોઈ મને થયું, આજે તો મારી જ નાંખશે એટલે મેં પોક મૂકીને રડવાનું શરૂ કર્યું. કોઈ મારતું નહોતું, બધાં પોતપાતાને રસ્તે જઈ રહયાં હતાં પણ મુસલમાનો હિન્દુને મારી નાખે છે એ વાતો સાંભળી-સાંભળીને ભાવના એવી થઈ ગઈ કે મને રડવા પર કન્ટ્રોલ્ જ ન આવે. છેવટે દાદાજીને બહાર આવવું પડ્યું. એમણે પૂછ્યુ "શું છે?" મેં કહયું "આટલા બધા મુસલમાન અહીં દેખાય છે." તેઓ કહે "દેખાય છે એમાં તને શું વાંધો આવ્યો?" હવે કેવી રીતે બતાવું કે વાંધો શું આવ્યો! જોતા જ બીક લાગે તો શું કરવાનું! ભાવ જ એવો થઈ ગયો કેમકે ભાવનાઓ તેવી રીતે જ ઘડાયેલી હતી. તો જે વહેતી નદી હોય તેનું નામ 'ભાવના' છે. અને જ્યાં પાણી ભરાઈ ગયું તેનું નામ 'ભાવ' છે.

કોઈ ભાવ જેનો છે તેનો જ છે. જો તમારા હ્રદયમાં એ ભાવ ન હોય તો આર્ટિફિશિયલી કરવાથી એ ભાવ જાગે નહીં. એના માટે માનસિક પ્રોસેસ્ જોઈએ કે જે પ્રોસેસ્માં આપણું માનસ ઢળાય, પછી એ ભાવ ઘડાય. અચાનક આપણે કહીએ કે ભાવ ઉત્પન્ન કરવાથી થઈ જાય, તો ન થાય. એક પ્રોસેસ્ છે. તે પ્રોસેસ્ આપણે ત્યાં કેવી રીતે બતાવવામાં આવી? આપણે ત્યાં મહાપ્રભુજી કહે છે કે વ્રજભક્તોના જે ભાવ છે એ ભાવથી તમે

ઘરમાં સેવા કરો, પોતાના ઠાકોરજીને ઘરમાં સેવો. ઠાકોરજીને એ રીતે જગાડો કે જેમ વ્રજભક્ત જગાડતાં હતાં, ઠાકોરજીને એ રીતે ભોગ ધરો જે રીતે વ્રજભક્તો ભોગ ધરતાં હતાં, એ રીતે પોઢાઓ જે રીતે યશોદામૈયા પોઢાવતાં હતાં. આ ઘરસેવાની પ્રણાલીથી તમારા મનનાં ચોમેર એવું વાતાવરણ નિર્મિત થાય પછી આપણો ભાવ સ્થિર થઈ જાય. કોઈ પણ ભાવ આર્ટિફિશિયલી અચાનક કરવા જઈએ તો ડોળ કરી શકીએ પણ એમ ભાવ કોઈ દિવસે થાય નહીં.

એક વાત ધ્રુવ નક્કી કરી લો. સાહસ્રીભાવનાની વાત તો જવા દો. કોઈપણ ભાવનું તમને હું લિસ્ટ આપી દઉં કે આનો આ ભાવ, આનો આ ભાવ, આનો આ ભાવ, પણ તે ભાવ તમારા હૃદયમાં જો નહીં હોય તો તમે એનો ડોળ કરી શકશો, એનું પ્રવચન કરી શકશો પણ ખરેખર સેવા કરતી વખતે એ ભાવ જાગ્રત થવો મુશ્કેલ છે. અને જો તમારા હૃદયનો ભાવ હશે તો એને ભૂલાવવો મુશ્કિલ છે.

મારા અનુભવની વાત કહું. વૈષ્ણવોના મનમાં એક ભાવ ભરી દીધો છે કે મહારાજ દેખાયા નહીં કે રૂપિયા ભેટ ધર. એ ભાવ એટલો રૂઢ થઈ ગયો છે કે મહારાજ દેખાય અને વૈષ્ણવો ગજવામાં હાથ નાંખતા હોય છે. પાંચની નોટ, દસની નોટ, પાછી ભેટ ક્યાંય પણ ધરી દે. અમે છીવે જતાં હોય તો ત્યાંય ભેટ ધરી જાય. રેલ્વે સ્ટેશન્ પર ઉભા હોઈએ તો ત્યાંય ભેટ ધરી જાય. હવે આપણે કહીએ કે ભાઈ! આવી રીતે ભેટ ન ધરાય, પણ ભાવ ભરાઈ ગયો કેમકે વડીલોને એમ કરતાં જોયા છે. વડીલો કેવી રીતે કરતાં હતાં, શું કરતાં હતાં? એ બધું તો આપણે જાણ્યું નહીં, જોયું નહીં અને ભાવ રૂઢ થઈ ગયો. હવે એના પર કન્ટ્રોલ્ ન આવી શકે.

હું કલકત્તા એરપોર્ટ પર ઉભો હતો. એક ભાઈ આવ્યા. અહોહો! આપ પધાર્યા! મેં કીધું હા! આવીને ફટથી ૧૦૦રૂ.ની ભેટ ધરી દીધી અને પ્લેન્ પકડવા ભાગી ગયા. હું વિચારતો રહયો કે આને ઉપાડું કે ન ઉપાડું, શું કરૂં, શું ન કરૂં એ વિમાસણમાં હતો. એક ભાઈ મારી બાજુમાં ઉભા હતાં. એણે જોયું કે કોઈ ઉપાડી નથી રહયું. એણે મારી સામે ઉપાડીને પોતાના ગજવામાં મૂકી દીધાં. હવે હું એને કેવી રીતે ના પાડી શકું? હું ઉપાડતો નથી તો કોઈને પણ હક છે ઉપાડવાનો.

દરેક વસ્તુમાં ભાવનું એટલું મહત્ત્વ છે. આજે સરકારે માન્ય રાખ્યું છે કે શહેરના કે શહેરની બહાર, ખેતરનો પ્લોટ્ તમે રજિસ્ટર્ કરાવો તો એ તમારો ગણાશે. એ કાનૂન બનાવ્યો તે મુજબ આપણામાં એ ભાવ સ્થિર થઈ ગયો કે ‘‘મારો પ્લોટ્.’’ બાકી કોના બાપનાં ક્યા પ્લોટ્ છે, જેના હોય તે સાથે લઈ જતો નથી. બધા પ્લોટ્ અહીં છૂટી જતા હોય છે. તોય ભાવ રૂઢ થઈ ગયો કે મારા નામની રજિસ્ટ્રી કરાવી છે. આ પ્લોટ મારો છે. આટલું જ નહી રેલ્વેની બર્થ ઉપર પણ આપણને આવો ભાવ જાગે કે ‘‘આ સીટ્ મેં રીઝર્વ કરાવી છે, મારી સીટ્ છે.’’ ભાવ આનું નામ. પણ પેલો જબરદસ્તી કોઈ ભાવના કરે કે તમારી જ નથી. યુ.પી-બિહારમાં તમે યાત્રા કરો તો આ રહસ્ય ખબર પડે કે તમે બેઠા હો તમારી બર્થ ઉપર અને પરાણે ધૂસીને કહે ‘‘ચલો હટો!’’ ‘‘અરે ભાઈ! પણ મેં બર્થ રીઝર્વ કરાવી છે!’’ તો કહેશે ‘‘તો શું થયું અમે ન બેસીએ એવું ક્યાં કહયું છે રીઝર્વેશન્માં?’’ બેસી જ જાય. એ લોકોનો એવો ભાવ છે કે ‘‘રેલ્વેની સીટ્ બધાનાં માટે છે. તમારાં એકલા માટે કેવી રીતે થઈ ગઈ?’’ જૂના કૉમ્યુનિસ્ટ્ દેશોમાં એમ જ હતું. જમીન કોઈની કહેવાતી નહીં. ઘર કોઈનું કહેવાતું નહીં. બધા સરકારનાં કહેવાતાં. ઘણાં લોકો જૂની આદત મુજબ એમ સમજતા હતાં કે ‘‘મારું ઘર છે.’’ પણ સરકાર કહે ‘‘શેનું

તમારૂં ઘર! ઘર બધા સરકારના. બધા જ પ્લોટ્ સરકારના.'' પણ પછી સમજમાં આવી જાય. બે-ચાર પેઢી એવી પસાર થાય કે આપણું નથી તો આપણને સમજમાં આવી જાય. જેમ રાજાઓને આજે સમજમાં આવી ગયું કે ગોંડલ મારું નથી. સરકારે લઈ લીધું, બે પેઢી વીતી ગઈ તો સમજમાં આવી ગયું. મારાપણાનો ભાવ નિવૃત્ત થઈ ગયો. હવે આ મારૂં નથી. જેમ બધા ગોંડલમાં રહે છે તેમ અમે પણ ગોંડલમાં રહીએ છીએ. ઈતિહાસની વાત જુદી છે.

દર વખતે ભાવ સ્થિર હોય છે અને ભાવ પહેલાં થવાની જે પરિસ્થિતિ છે તેને આપણે 'ભાવના' કહીએ કે તે રીતે આપણે વરતતા જઈએ. જેમ આપણે માથું નમાવીને બાળકને કહીએ કે ''જે-જે બાવા છે માથું નમાવો દંડવત્ પ્રણામ કરો'' પછી ધીમે-ધીમે માથું નમાવતા-નમાવતા બાળકને જે-જે બાવા પ્રત્યે આદરનો ભાવ પેદા થઈ જાય. શરૂઆતમાં બાળકને આદર સમજ ન પડે, પણ એટલું સમજ પડે કે આ જેજે બાવાનું સ્વરૂપ છે તો માથું નમાવવું જોઈએ.

હમણાં જ હું પ્લેન્માં બેઠો હતો. એક નાનો ૩-૪વર્ષનો બાળક પોતાની બાના ખોળામાં હતો. પછી બાને કોઈ સામાન ઉતારવો હતો અને દાદા બાજુની સીટ્માં હતા. દાદાએ એને કહયું ''લાવ, બાબાને મને આપી દો.'' દીકરી પણ સાથે હતી. દીકરીએ એમ કહયું કે ''ના! દાદા થાકી જશે'' ૩વર્ષના બાળકને દાદાએ ગોદમાં લીધો પછી નાનો છોકરો એમ કહેતો હતો ''દાદા! તમે થાકી જશો'' થાકવાનો મતલબ પણ એને ખબર નહીં હોય. હું ઉભો હતો મેં કહયું ''ન થાકે'' તો મને એણે દલીલ કરી કે ''ના! દાદા થાકી જાય.'' થાકી જવાનો મતલબ નહીં ખબર હોય પણ એમ બોલવા લાગ્યા એટલે ભાવ ઉત્પન્ન થઈ શકે કે ''દાદા થાકી જાય.''

ભાવ અને ભાવના કોઈ દિવસે હાર્ડ એન્ડ્ ફાસ્ટ્ હોઈ શકતી નથી. સિદ્ધાંત એક જુદી વસ્તુ છે. ભાવ-ભાવના જુદી વસ્તુ છે. મેં મારા ઘરમાં જ સરસ્વતીનાં ચરણારવિંદમાં બે ઘુવડ રાખ્યા છે. મારી ભાવના છે કે પુષ્ટિમાર્ગની હવેલીઓનાં એ ટ્રસ્ટીઓ છે. ક્યારેક તો અક્કલ આવશે. મારો ભાવ સ્થિર થઈ ગયો છે કે સરસ્વતીનાં ચરણારવિંદમાં બેસાડીએ તો ક્યારેક અક્કલ આવી જાય. હવે જે મારે ત્યાં આવે તે જુએ અને કહે કે ''આ શું છે?'' મેં કહ્યું ''આતો લક્ષ્મીવાહન છે. તો કહે કે ''સરસ્વતીનાં ચરણમાં કેમ બેસાડ્યા છે?'' મેં કહયુ ''લક્ષ્મીનાં વાહનોએ જ તો લોચો માર્યો છે ને! એટલે હું હવે એને સરસ્વતીનાં ચરણમાં પધરાવી રહયો છું કે અક્કલ સુધરતી હોય તો સુધરી જાય.

મૂળ સમજવાનો મુદ્દો સમજો કે કોઈપણ ભાવ-ભાવના એટલી ફિક્સ્ હોઈ શકતી નથી, જેને આપણે સિદ્ધાંત કહી શકીએ. સિદ્ધાંત એક જુદી વસ્તુ છે. ભાવ-ભાવના આપણા મનની એક માનસિકતા છે. જેટલાં પણ આપણાં સંબંધો છે; ભાઈ-બહેન પતિ-પત્ની માતા-પિતા મિત્ર, એ બધા આપણાં ભાવનાત્મક સંબંધો છે. એ રીતે જો આપણે વર્તીશું તો એ ભાવ સિદ્ધ થઈ જાય. અને એ રીતે જો ન વરતીયે તો એ ભાવ નિવૃત્ત પણ થઈ જતો હોય છે. એનો કોઈ દિવસે સિદ્ધાંત હોઈ શકતો નથી. પણ શાસ્ત્રમાં એક બહુ સુંદર વ્યવસ્થા બતાવી છે કે ધારોકે તમારો ભાઈ સાથે ઝઘડો થઈ ગયો. તમે છૂટા રહેવા મંડ્યા. તમારી માનસિકતા એવી ન રહી ગઈ કે તમે ભાઈને ભાઈ તરીકે માની શકો. તમારો ભાવ ખંડિત થઈ ગયો પણ શાસ્ત્ર કહે છે કે ''લોહીનાં સંબંધ છે તેથી તેનાથી નિવૃત્ત થતા નથી. એટલે સૂતક-પિંડરૂ તો તમારે પાળવું જ પડશે.'' તમે કહો કે તમારે ભાઈનો ભાવ નથી. ત્યાં પ્રશ્ન ભાવનો નથી. ત્યાં પ્રશ્ન સિદ્ધાંતનો આવી ગયો. ભાવ નિવૃત્ત થઈ શકે છે પણ જેને આપણે સામાજિક અથવા ધાર્મિક સંબંધ

કહીએ એ નિવૃત્ત થતા નથી.

એટલે મૂળ મુદ્દાની વાત સમજો કે ભાવનું જેટલું આપણે આ બખડજંતર ઉભુ કર્યું છે એટલું ભાવનું બખડજંતર છે નહીં. મુખ્ય હકીકત એ છે કે ગુસાંઈજીએ ભાવનો એક ગ્રંથ લખ્યો. મહાપ્રભુજીનાં પણ ગ્રંથો મળે છે. પણ એ પોતાનાં લખેલા નથી. પણ મહાપ્રભુજીએ ઉપદેશેલ છે અને કોઈકે લખ્યા છે, એવા ભાવના ગ્રંથો મળે છે. શ્રીગોપીનાથજીએ શ્રીગુસાંઈજીએ તો લખ્યા છે. એ ભાવના 'સાહસ્રીભાવના'માં શ્રીહરિરાયજીએ નથી લખી પણ જુદી લખી છે. શ્રીદ્વારકેશજી ભાવનાવાળાએ ભાવ-ભાવનાનાં ગ્રંથો લખ્યા છે. એમાં જુદી ભાવનાઓ લખેલી છે. તેમાં સાહસ્રીભાવના નથી. હવે આપણને થાય કે એક વસ્તુમાં કેટલાં ભાવ કરવા? શ્રીગોપીનાથજીએ કોઈ અલગ ભાવ બતાવ્યો હોય, શ્રીગુસાંઈજીએ કોઈ અલગ ભાવ બતાવ્યો હોય, શ્રીહરિરાયજીના ગુરુ શ્રીગોકુલનાથજીએ કોઈ અલગ ભાવ બતાવ્યો હોય. શ્રીદ્વારકેશજી ભાવનાવાળાએ કોઈ અલગ ભાવ બતાવ્યો. હવે એક વસ્તુને ધરવા જતાં જો આટલી પાંચ-છ ભાવના કરવાની હોય તો સેવા જ પૂરી ન થાય. ભાવના કરવામાં જ સાંજ પડી જાય. એટલે ભાવના કરવાની નથી હોતી.

આ જે પોપટની વાત તમને કરી રહયો છું તે પોપટની જ વાત તમને બતાવું. શરૂમાં મારી પાસે આવ્યો તો મને એના પર બહુ વહાલ આવતું. તો મેં એના માથા પર હાથ ફેરવવાનુ શરૂ કર્યું. પોપટને ગેરસમજ થઈ ગઈ કે આને ભૂખ લાગી છે કારણ પોપટ જેવા પક્ષીઓ શું કરે કે બચ્ચાઓને જ્યારે ભૂખ લાગે ત્યારે જે ખાધું હોય તેને વાગોળી-વાગોળીને બચ્ચાઓને પાછુ ખવરાવે. તે મારા હાથમાં થૂંકવા માંડ્યો. મને થયું કે એને વોમીટ્ થઈ રહી છે કે શું થઈ રહયું છે? પછી મને ખ્યાલ આવ્યો કે એને ભાવના થઈ રહી છે કે મને ભૂખ લાગી છે એટલે

હું એનું માથું સહેલાવું છું. ભૂખ લાગી છે તો કાંઈક આપો. જે એણે ખાધું તે જોર મારી-મારીને કાઢે, પછી હાથમાં મૂકે. પછી મેં એના માથા ઉપર હાથ ફેરવવાનું બંધ કર્યું. મને થયું આને ખોટો ભાવ સિદ્ધ થઈ ગયો છે.

ભાવનો સિદ્ધાન્ત નથી બાંધી શકાતો, તેથી શ્રીગોપીનાથજી શ્રીગુસાંઈજી શ્રીગોકુલનાથજી શ્રીહરિરાયજી શ્રીદ્વારકેશજી બધાએ જુદી-જુદી ભાવનાઓ કરી છે એમાંથી જે ભાવના તમારા હૃદયને સ્પર્શતી હોય તે ભાવના તમે કરો, એમાં કશું જ ખોટું નથી પણ કોઈ ભાવનાનો ક્યારે પણ સિદ્ધાન્ત હોઈ શકતો નથી. 'ભાવના' એટલે ભાવ જે રીતે વિકસિત થાય તે રીતે આપણી સરાઉન્ડીંગ્ સર્કમસ્ટન્સ્ ઉભા કરીએ.

ખરી રીતે ભાવનાનો પ્રશ્ન કેવો છે કે કોઈ પણ ગીત આપણે કોઈ પણ રાગમાં ગાઈ શકીએ. જે રાગ તમને આવડતો હોય તેમાં ગાશો તો ગીત સારું ગવાશે. જે રાગ જ તમને ન આવડતો હોય અને પરાણે એમાં ગાવા જશો તો શું થશે? ગીતે પણ બગડશે અને રાગ પણ બગડશે.

તમે વલ્લભાખ્યાન વાંચીને જુઓ. વલ્લભાખ્યાનમાં કેદારો રાગ છે. આજે કેદારો નથી ગવાતો. સામેરી રાગ છે બહુ જૂજ લોકોને સામેરી રાગ ખબર છે કે સામેરી રાગ કેવી રીતે ગવાય. ગુજરાતમાં કેમકે દક્ષિણની રાજકુમારીઓ પાટણમાં પરણી હતી એટલે દક્ષિણથી એ લોકો ગવૈયાઓ લઈને આવતી હતી, જે ગુજરાતમાં 'નાયક' કહેવડાવતા હતા. જે નાયક ગાનારાઓ હતા તે બધા દક્ષિણનાં હતા. ચૌલાદેવી વિગેરે બધી દક્ષિણ ભારતીય રાજકુમારીઓ હતી. એ લોકો જ્યારે પરણીને આવી ત્યારે એ પોતાના દહેજમાં નાયક ગાયકોને લઈને આવી. એને કારણે ગાયકો ઘણાં દક્ષિણી રાગ

અહીં ગુજરાતમાં ગાય છે. અહીં સામેરી ગવાય છે પણ ઉત્તરમાં તમે જાઓ તો કોઈને સામેરી રાગ નથી આવડતો અને સામેરી ગુજરાતનાં લોકગીતમાં હતો. આમ સામેરી રાગ દક્ષિણથી આવ્યો છે. જૂના ફટાણાંઓ પણ સામેરીમાં હતાં તેથી સામેરી રાગ તમને આવડે છે. મોટાભાગે આજની તારીખમાં પુષ્ટિમાર્ગમાં રામકલીનાં પદો રામકલીને ઠેકાણે ભૈરવમાં ગવાઈ રહયા છે. રામકલી રાગ ભૂલી ગયા. હવે તમે પરાણે રામકલી રાગ ગાવા જશો તો રામકલી પણ બગડશે અને તમારું ગળુ પણ બગડશે. તો ભૈરવ આવડતો હોય તો ભૈરવમાં જ ગાઓ ને! જેમ વલ્લભાખ્યાનમાં પરજ આવી ગયો. પરજ કોને આવડે છે? રૂપાલ કેટલું નાનું ખાબોચિયા જેવું ગામ છે. ત્યાનાં ગોપાલદાસજીને સામેરી રાગ ખબર હતો. આજે મોટા-મોટા સંગીતજ્ઞોને સામેરી રાગ ખબર નથી. કારણ શું? અપ્રચલિત થઈ ગયો. એટલે કોઈ પણ વસ્તુ ભાવ-ભાવના જે વખતે પ્રચલિત હોય તે વખતે દરેકને એનું વાતાવરણ નિર્માણ થતું હોય અને આવડી જતું હોય છે. અને અપ્રચલિત થાય તો દરેક વસ્તુ અઘરી બની જતી હોય છે.

મૂળ વાત સમજો કે સાહસ્રીભાવનાનો મૂળ મુદ્દો નથી. કોઈપણ ભાવ-ભાવનાની વાત છે. મેં એક બહુ સુંદર પ્રસંગ વાંચ્યો કે એક ભગવદીય એકલા હાથે પરિવારમાં સેવા કરે. ઠાકોરજીને સ્નાન કરાવે શૃંગાર કરે પછી એ દાડમ અડધું કાપીને ઠાકોરજી આગળ ભોગ ધરે. દાણાં કાઢે નહીં. કોઈ ભગવદીય કે મરજાદી ત્યાં જઈ ચઢ્યાં. એમણે ઘોંઘાટ કર્યો કે ''આવી રીતે ધરાય! આ પુષ્ટિમાર્ગની રીત નથી. દાડમનાં દાણા બધા કાઢીને સંવારીને ભોગ ધરવો જોઈએ.'' પણ એમનો ભાવ એવો હતો કે બધું એક સાથે ધરું અને ઠાકોરજી આરોગી જાય તો મારે સામગ્રી ક્યારે સિદ્ધ કરવી? એટલે ઠાકોરજી એક-એક દાડમનાં દાણા તોડી-તોડીને આરોગે તેટલામાં મારી સામગ્રી સિદ્ધ થઈ જાય. આ એમનો ભાવ છે. આપણને રોમાંચ પણ

થઈ શકે, સાંભળીએ તો લાગે કે કેટલો મીઠો ભાવ છે! આપણે એની અનુકૃતિ કરવાની ન હોય કે જાણી જોઈને અડધું દાડમ ધરવું. પેલા દાતણ જેવી કથા થાય. દાતણની વાર્તામાં એમનો ભાવ હતો કે ચમચા નથી તો ચાલો ઠાકોરજીને ગરમ ન લાગે એટલે દાતણથી હલાવી તો શકે. હવે આને કોઈ એકે જોયું, બસ એ ભાવનો સિદ્ધાન્ત પકડી લીધો કે ગામમાં બધાજ ચમચાને ઠેકાણે દાતણ ધરવા મંડ્યા. તો ભાવનો કોઈ દિવસે સિદ્ધાન્ત ન બંધાય. ભાવ તો હૃદયમાં હોય. જેમ દોસ્તીનો ભાવ, છે તો છે.

ગણિતમાં એવો સિદ્ધાંત છે કે અ=ક અને ક=સ તો અ=સ થઈ જાય. હવે રમેશભાઈ સુરેશભાઈના દોસ્ત, સુરેશભાઈ દીનેશભાઈના દોસ્ત. રમેશભાઈ સુરેશભાઈના દોસ્ત થાય? ન થાય. એ તો દોસ્તીનો ભાવ હોય તો થાય. દોસ્તીનો ભાવ હોય તો દોસ્ત થાય. ગણિતનો સિદ્ધાંત અહીંયા લાગુ ન પડે. એક વાત સમજવાની કે સિદ્ધાંત એક જુદી વસ્તુ છે, ભાવ એક જુદી વસ્તુ છે. ભાવ તો જેના હૃદયમાં હોય તેને કહેવાનીયે જરૂરત નથી પડતી. ભાવ પૂરની માફક તળાવની પાળને લાંઘીને બહાર આવતો હોય છે. અને આપણે પરાણે કરવા જઈએ તો એનો ડોળ થઈ જાય, ભાવ ન કહેવાય. પણ એ વાતાવરણમાં કન્ટિન્યુઅસ્ આપણે જીવીએ તો ધીમે-ધીમે હળવેથી એ ભાવ ભીતર ભરાઈ જતો હોય છે. તેથી મહાપ્રભુજી આજ્ઞા કરે છે, ‘‘**ભાવો ભાવનયા સિદ્ધઃ** આ ઍન્ગલ્થી જોશો તો આ પ્રશ્ન તમને એટલો બધો મૂંઝવશે નહીં.

**પ્રશ્ન** : ઠાકોરજી અરોગતા જ નથી પણ ભાવ જ આરોગે છે એમ કહ્યું છે. ધરેલ સામગ્રી આત્મક્લિષ્ટ ચિત્તક્લિષ્ટ કે લોકક્લિષ્ટ નથી તેની શું ખાતરી?

**ઉત્તર** : વાર્તામાં કે વચનામૃતમાં છે કે અનોસર વખતે તિલકાયત

મહારાજશ્રી શ્રીનાથજીને પેંડો બિછાવવાનું ભૂલી ગયા. પછી શ્રીનાથજીએ અનુભવ જતાવ્યો કે આજે પેંડો નથી બિછાવવામાં આવ્યો એટલે હું શૈયામંદિરમાં જતો નથી. હવે એક વાત સમજો કે "સૂરદાસ પ્રભુ નાંગે પાયન અનુદિન ગૈયા ચારી" ચરણમાં પાદુકા નહોતા ધરાવતા. ગોપીગીતમાં ગોપીજનો કહે છે કે "**અટતિ યદ્ ભવાન્ અહ્નિ કાનનં ત્રુટિ યુગાયતે ત્વામ્ અપશ્યતામ્**" (ગોપીગીત ૧૫) આ બધા કાંકરા પથ્થર લાગે છે તે અમને દુ:ખ થાય છે. હવે એ શ્રીનાથજીને નિજમંદિરથી શૈયામંદિર જવામાં વાંધો કેવી રીતે પડી ગયો! પણ ત્યાં વચનામૃતમાં એ ખુલાસો કર્યો છે કે મહાપ્રભુજીનો એવો ભાવ હતો કે ઠાકોરજીને અનોસરમાં પેંડો બિછાવવો. તો શ્રીનાથજીને પણ એવો ભાવ સિદ્ધ થઈ ગયો. એ રીતે મહાપ્રભુજીએ પણ નિત્યસેવા કરી. પણ તમારું મંદિર નાનકડું હોય તો એમાં પેંડો ક્યાં બિછાવવો અને કેવી રીતે કરવું અને શું કરવું.

અમારા દાદીજી કોટાથી કિશનગઢ પધાર્યા. એમને મથુરાધીશમાં પુષ્કળ ભાવ. દાદીજીએ ઘર છોડી દીધું પણ ઠાકોરજીએ એમના હૃદયમાંથી પોતાનું ઘર છોડ્યું નહોતું. એટલે નિરંતર મથુરાધીશ એમનાં હૃદયમાં બિરાજેલા જ રહયા. એમનાં ઠાકોરજી આટલા નાનકડા લાલન. એમને બે શ્રીહસ્ત તો પણ એમને ચાર શ્રીહસ્તની માફક ચાર ધરાવે, બાજુ-પોંચી લાલનને કોઈ દિવસે ઠાડા સ્વરૂપની માફક વેણુવેત્ર ધરાવવાના હોતા નથી. તો પણ દાદીજી ધરાવતા. કેમકે એમનાં હૃદયમાં મથુરાધીશનો ભાવ હતો. લાલનની પણ સેવા ઠાડા ઠાકોરજીની માફક કરતા. કેમકે એમના હૃદયનો ભાવ હતો. હવે એનો સિદ્ધાંત નથી બનતો. એ જાણીને આપણને આશ્ચર્ય થાય કે મથુરાધીશજી પ્રત્યે એમનો કેટલો ભાવ હતો! મથુરાધીશજીની વાર્તામાં બહુ સુંદર આવે છે કે પહેલાં ઘરમાં મથુરાધીશને રોટી સિદ્ધ થતી નહોતી. મથુરાધીશને શયનમાં ખાલી પૂરી શાક આવતું. પછી ઘરમાં બાળકો વધી ગયા એટલે ઉપર તપેલીમાં નોખી રસોઈ

સિદ્ધ કરવાની શરૂ કરી. જે વહુજીમાઁ હતાં (માજી મહારાજ) એ મથુરાધીશજીને 'મધુમાં' કહેતા. એમને આંખે ઓછું દેખાતું. બધા બાળકોને રોટી આપે. તો મથુરાધીશજી પણ આવીને અરોગવા મંડયા. એમણે કહયું "તમને તો શયનભોગ ધર્યા હતા" મથુરાધીશજીએ કહયું "તમે ઉપર નોખી રોટી સિદ્ધ કરો એ મને ન ધરો અને મને ખાલી પૂરી ધરીને ટીલીલીલી કરી દો, એમ કેમ ચાલે!" હવે જુઓ મથુરાધીશજીનો ભાવ છે. એક વાત સમજો મથુરાધીશજીને રોટી વગર ચાલતું નથી એવું નથી, પણ જો તમે તમારાં દરેક બાવાની માફક ઠાકોરજીને પણ મધુમાં કહેતા હો અને બાવાઓ માટે તમે તપેલીમાં નોખી રોટી ધરાવતા હો તો પછી મથુરાધીશજીનો પણ ભાવ છે કે "મને પણ જોઈએ લાવ." એ ભાવની વસ્તુ છે, સિદ્ધાંતની વસ્તુ નથી. એટલે કોઈ દિવસે ભાવને સિદ્ધાંત સાથે ધાલમેલ કરવી નહીં. ભાવ જેનામાં છે બહુ સુંદર વસ્તુ છે, નથી તો એનો ડોળ કરવાથી કાંઈ જ ફાયદો થતો નથી. સિદ્ધાંત મુજબ સેવા કરવી જોઈએ અને સિદ્ધાંત મુજબ સેવા કરીશું તો આ વચનામૃતમાં ચોખ્ખુ આવે છે કે ઠાકોરજીને પણ જે મહાપ્રભુજીએ કાનિ રાખી તે મુજબ આપણે કાનિ રાખીને સેવા કરશું તો ઠાકોરજી શા માટે અંગીકાર ન કરે! અને ધારો કે આપણને એમ સંદેહ થતો હોય કે આત્મક્લિષ્ટ છે કે ચિત્તક્લિષ્ટ છે કે લોકક્લિષ્ટ છે, તે પ્રભુ અંગીકાર કરે કે ન કરે? એ તો એવી વાત છે કે રોગ પગમાં હોય અને દવા પેટમાં નાખો તો દવા પગ સુધી પહોંચશે કેવી રીતે? એ પણ સંદેહ તો થઈ જ શકે. અરે ભાઈ, પણ દવા એ સિસ્ટમ્‌થી બનાવવામાં આવી હોય કે પેટમાં જઈને તમારો જ્યાં રોગ હોય ત્યાં મટાડી શકતી હોય તો મટાડતી પણ હશે. તમને સમજાણ ન પડતી હોય કે કેવી રીતે મટી ગયુ! મનેય ખરેખર ખબર પડતી નથી. ઘણી વખતે ડૉક્ટર્ કોઈ લીલી લાલ બ્લુ ગોળીઓ આપે. પછી એનો ટાઈમ્ બતાવે કે બ્લુ ગોળી સવારે લે જો, લાલ ગોળી બપોરે લે જો. હવે હું તો લઈ લઉં

તમે કહો તે રીતે પણ પેટને ખબર પડશે કે લાલ આવી કે પીળી આવી. કેમકે પેટમાં તો આંખ નથી હોતી. પણ પેટને ખબર પડે કે ન પડે એ મુદ્દો છે જ નહીં. મુખ્ય મુદ્દો એ છે કે જે દવા જે રોગ માટે આપવામાં આવી છે તે દવાને તે રોગ માટે લેવી જોઈએ. એમ મહાપ્રભુજીએ જે સિદ્ધાંત આપણને સમજાવ્યો છે તે સિદ્ધાંત મુજબ આપણે સેવા કરવી જોઈએ. બાકી સંદેહ કરવા જશું તો બધામાં થઈ શકે છે.

મૂળ મુદ્દો પકડવાનો એ છે કે ભાવ તમારા હૃદયમાં છે, તો ઉત્તમ વસ્તુ છે. પ્રભુનું સ્વરૂપ ભાવાત્મક છે, એ જ્યારે કહેવામાં આવે એની પાછળનો મુદ્દો એ છે કે પ્રભુ પ્રત્યે તમારો કોઈક ભાવ હોવો જોઈએ. જૂના જમાનામાં છોકરા-છોકરી જોઈને મેરેજ્ ફીક્સ્ થતા નહોતા. માં-બાપ પરબારા મેરેજ્ ફીક્સ્ કરી આવતા. પૂછ્યા વગર પરબારા પરણાવી દેતા. પણ સાથે રહેવા લાગે ત્યારે પતિ-પત્નીને પરસ્પર પતિ-પત્ની હોવાનો ભાવ પેદા થઈ જતો હતો. આજે પોતે પસંદ કરીને પરણે છે તો પણ ભાવ રહેતો નથી. વરસ, છ મહીનામાં ડાયવોર્સ થઈ જાય. એ કેવીરીતે થતું હતું? માં-બાપ પરણાવતા તો પણ પત્નીની સાથે રહેવાથી ભાવ સિદ્ધ થઈ જતો. આજે જાતે પરણ્યા હોય તોયે ભાવ રહેતો નથી. એનો મતલબ સીધો છે કે ભાવનો સિદ્ધાન્ત બાંધી શકાતો નથી. ભાવ જેનામાં હોય છે તેનામાં હોય છે અને જેનામાં નથી હોતો તેનામાં નથી હોતો.

**પ્રશ્ન** : હાલ આધુનિક જીવ પ્રકૃતિમાં રહી પુષ્ટિ-ભક્તિ-સંપ્રદાયમાં દીક્ષિત થઈ સમર્પિત જીવન વ્યતીત કરવા પ્રયત્ન કરી રહયો છે. કથાપક્ષમાં પણ ઈતિકર્તવ્યતાના ગ્રન્થોનો યથાયોગ્ય અધ્યયન કરી રહયો છે અને જ્ઞાન અને સમજ પણ છે. છતાં પ્રકૃતિમાં કાંઈ ફરક નથી જણાતો. જ્યારે દેહને પ્રકૃતિમાં કષ્ટ પડે અને ઈન્દ્રિયોને

અસંતોષ થાય ત્યારે તેની મૂળ પ્રકૃતિમાં આવી કાંતો દુઃખી થવા લાગે છે અથવા તો બીજાને દુઃખ થાય તેવું વર્તન કરે છે. સ્વસ્થ થવામાં સહાયક થાય છે. પરંતુ પ્રકૃતિ પીછો નથી છોડતી તો જ્ઞાન કે ભક્તિ ની કઈ કક્ષામાં પ્રકૃતિ તે જીવ પર હાવી નહીં થાય? આ જન્મમાં પ્રકૃતિને સંભાળવાનો આરંભ થયો છે તો તે ક્યારે જણાય? તેના ચિન્હો કયા કહી શકાય?

ઉત્તર : ગાડીની બાબતમાં એવો સિદ્ધાંત છે કે ૧૦ કિ.મી.ની સ્પીડ્થી ગાડી દોડતી હોય તો જેટલી જલ્દી રોકી શકાય એટલી જલ્દી ૩૦ કિ.મી.ની સ્પીડથી દોડતી ગાડીને ન રોકી શકાય. ૬૦ કિ.મી.ની સ્પીડ્થી દોડતી હોય એને તરત રોકશો તો ગોથા જ ખાશે, ઉલટી થઈ જશે, એટલે દરેક વસ્તુમાં એવું છે કે સ્પીડ્ અને બ્રેક્ બંનેનો આપણે સમન્વય વિચારવો જોઈએ. કોઈપણ વસ્તુ જેટલી સ્પીડ્માં ચાલી રહી છે એને કન્ટ્રોલ્ કર્યા પહેલાં આપણે રોકવાનો પ્રયાસ કરીએ તો એ રોકવાના ઠેકાણે નષ્ટ જ થતી હોય છે.

હું મારી વાત તમને બતાવું. હું નાનો હતો તો અમારે ત્યાં એક ભાઈ રહેતા હતા. એમણે એક દિવસે મને કહયું કે નહેરુજી રોજ ૪૫ મિનિટ શીર્ષાસન કરે છે એટલે હિન્દુસ્તાનનો આખો કારભાર સંભાળે છે. તો મને થયું કે આપણે પણ શીર્ષાસન ચોક્કસ કરવું જોઈએ. શીર્ષાસન કરવાથી જો નહેરુજી હિન્દુસ્તાનને સંભાળતા હોય તો આપણે શા માટે વંચિત રહી જવું! એટલે મેં પહેલે જ દિવસે ૪૫ મિનિટ શીર્ષાસન કર્યું. હવે કરવા માટે તો કર્યું. મને આજ સુધી યાદ છે કે ઉભા થઈને જોવાનો પ્રયત્ન કર્યો કે કેટલું તેજ વધ્યું. કેમકે એણે મને કહયું હતું કે ''આંખમાં તેજ વધશે, બુદ્ધિ વધશે'' મને એટલું જ યાદ છે કે કાચમાં જઈને જોયું અને બેહોશ થઈ પડી ગયો. એવું નથી કે ૪૫ મિનિટ

શીર્ષાસન ન થઈ શકે. પણ આજે જ ઈચ્છા થઈને રાતે જ શરૂ કરી દો, તો હિન્દુસ્તાન ચલાવવાની વાત તો દૂર રહી, ભેજુ જ ચાલતું બંધ થઈ જાય.

એટલે દરેક વસ્તુનો આપણને વિવેક હોવો જોઈએ કે કોઈ વસ્તુ કેટલી સ્પીડથી ચાલી રહી છે, કેટલા કાળથી ચાલી રહી છે તેને થોભાવવી હોય તો પહેલાં એની સ્પીડ્ ઓછી કરો. પછી થોભાવો તો તો એ થોભી શકે. અચાનક એને રોકવા જાઓ તો એ રોકાય નહીં પણ ગુલાંટ ખાઈ જાય. એમ આપણી જે પ્રકૃતિ છે એ કેટલા વખતથી પેદા થઈ છે એનું તો આપણે સરવૈયું કાઢ્યું નથી અને આપણે કહીએ કે આજે અમે સેવા શરૂ કરી, કાલથી અમારી પ્રકૃતિ અમારા વશમાં આવી જાય. આજે અમે ગ્રંથ વાંચ્યા, કાલથી અમે બદલાઈ જઈએ.

ઋષિમુનીઓ ૬૦-૬૦ હજાર વરસ તપ કરતાં હતાં અને માછલાંને ક્રીડા કરતાં જોઈને એમને વિવાહ કરવાની ઈચ્છા થઈ ગઈ. તો આપણે એવા કયા સુરખાબની પાંખ લગાવીને આવ્યા છે કે થોડીક સેવા કરતાંની સાથે જ તરત આપણને સિદ્ધિ થઈ જશે! મૂળ મુદ્દો સમજવાનો પ્રયાસ કરો. સિદ્ધિ નથી થતી એવું નહીં, કોઈપણ વસ્તુ સિદ્ધ થાય પણ છે અને નથી પણ થતી. દરેક વખતે તમારી પાસે એનો સ્પષ્ટ અભિગમ અને સ્પષ્ટ સરવૈયું હોવું જોઈએ કે કોઈ વસ્તુ કેટલા વખતથી ચાલી રહી છે. એને ધીમે-ધીમે હળવાશથી કાબૂમાં લો તો તમે કાબૂમાં લાવી શકો છો. કોઈપણ તબલા કે પખાવજ શીખવા હોય કે ઝાંઝ શીખવી હોય તો, અચાનક તમે વગાડવા લાગો તો ખાલી ભટ ભટ એમ ઝાંઝ વાગતી હોય છે. મેં ઘણાંને જોયા છે. ઝાંઝની એક મુવમૅન્ટ્ છે, તે રીતે વગાડો તો ઝાંઝ કહેવાય. નહીં તો ઘોંઘાટ ઉભો થાય છે. કોઈપણ વસ્તુમાં આપણે તરત જ રીઝલ્ટ્ ઓરિએન્ટેડ્ થઈએ

છીએ. આજે મોટા ભાગની પ્રોબ્લેમ્ છે કે આપણી લાઈફસ્ટાઈલ્ એટલી ફાસ્ટ્ થઈ ગઈ છે કે આપણને કોઈપણ વસ્તુમાં ધીરજ રહી નથી ગઈ. આજે કામ કર્યું અને કાલે આપણને રિઝલ્ટ્ જોઈએ છે. એટલે દરેક વ્યક્તિ આજે બિઝનેસમેન્ કરતાં સટોડિયા વધારે થઈ ગયા છે. મટકાનો નંબર લગાવ્યો અને આવ્યો. બિઝનેસ્ એવી રીતે ન થાય. બિઝનેસ્માં તમારે ધીરજ રાખવી પડે. જે બિઝનેસ્ ધીમે-ધીમે વિકસિત થાય તે સધ્ધર પાયા ઉપર થશે અને સટ્ટાની માફક અચાનક આવ્યું તો તો પાછું અચાનક જ જતું હોય છે. એટલે કોઈપણ વસ્તુમાં આપણો અભિગમ સ્પષ્ટ હોવો જોઈએ કે રિઝલ્ટ્ની આપણને જે તરત અપેક્ષા હોય છે એ ખોટી અપેક્ષા છે. પહેલા સાધના તો કરો!

તમે તબલાવાદક ઝાકીર હુસેનનું નામ સાંભળ્યું હશે. ૧૬-૧૬ કલાક રીયાઝ કરતો હતો ત્યારે એ સારો તબલા વગાડનારો થયો. આજે બધાંને ઝાકીર હુસેન થવું છે પણ રીયાઝ કરવો નથી. કેવી રીતે ઝાકીર હુસેન થવાય! ન થઈ શકે. સેવાની બાબતમાં જ એવું નથી દરેક બાબતમાં એવું છે.

જૂના જમાનામાં ખેડૂતો જમીન જોઈને કહી શકતા હતાં કે આમાં ક્યું અનાજ પાકશે અને આજના મિનિસ્ટરો માટે એમ કહેવાય છે કે બાજરા ઉગ્યા હતા અને જઈને એમ કહયું ‘‘બહુ સારો ઘઉંનો પાક ઉભો છે.’’ અરે ભાઈ! બાજરો છે, ઘઉં નથી. પણ એમને ખબર જ ન પડે. ખાદ્યમંત્રી પાછા!! કેમકે જીવન ધાંધલીયું થઈ ગયું છે. દરેક વાતમાં આપણને રિઝલ્ટ્ પહેલાં જોઈએ છે. સાધના કરવી નથી. હવે સાધના જ્યારે નથી કરવી ત્યારે તો આવું દુષ્પરિણામ આવશે આવશે અને આવશે જ. એટલે આવશ્યકતા છે સાધના કરવાની. સાધના કરશો તો રિઝલ્ટ્ મોડુ પણ આવશે પણ નિશ્ચિત આવશે અને ધાંધલમાં જે પરિણામ આવશે એ વહેલુ

પણ આવ્યું તો જેવું આવ્યું તેવું ચાલ્યું જશે. એટલે એ વિવેક દર વખતે રાખવો જોઈએ.

**પ્રશ્ન :** રસદષ્ટિની તરફેણમાં વાંચન કરતાં કલામાં રસદષ્ટિમાં અશાંતરસ-શાંતરસ જે રિવર્સિબલ્ પ્રક્રિયા સમજાવી તે સ્પષ્ટ સમજમાં ન આવતાં આ અંગે વિશેષ પ્રકાશ પાડી સમજાવવા વિનંતી.

**ઉત્તર :** સૌથી પહેલાં રસની એક વાત સમજો. જે લોકોએ રસશાસ્ત્રનું અધ્યયન નથી કર્યું એ લોકોને રસની બાબતમાં ખાસ કરીને આપણાં પુષ્ટિમાર્ગીઓને બહુજ ખોટી સમજ કે ભ્રમણા ઓ સતાવતી હોય છે. રસનો મુખ્ય મુદ્દો એ છે કે કોઈક વસ્તુને હું જોતો હોઉં તેમાં મારી જોવાની શક્તિની સીમાઓ છે. સીમાની ભીતર મને જે વસ્તુ દેખાય. સમગ્ર વસ્તુ મને ન દેખાય. જેમ આપણે આ કમ્પાઉન્ડ્માં બેઠા છીએ. આ કમ્પાઉન્ડ્ આપણને દેખાઈ રહયું છે. આ કમ્પાઉન્ડ્માં આપણને ગોંડલ દેખાઈ રહયું છે? કોઈ પૂછે તો આપણે શું સમજવું? કેમકે આપણે ગોંડલમાં છીએ એવી આપણી સમજ છે. આ કમ્પાઉન્ડ્ દેખાઈ રહયું છે. તેથી આપણને સમજ આવી જશે કે ગોંડલ દેખાઈ રહયું છે. કેમકે આ બિલ્ડીંગ્, આ કમ્પાઉન્ડ્ જો ગોંડલનો પાર્ટ્ હોય તો આ કમ્પાઉન્ડ્નું દેખાવું ગોંડલનું દેખાવું છે. ધારો કે આંખ ઉપર પાટા બાંધીને ઓચિંતા કોઈ માણસને અહીંયા લાવીને આંખ ખોલવામાં આવે અને પછી એને પૂછવામાં આવે કે બોલ, તને અહીંયા ગોંડલ દેખાઈ રહયું છે? તો એને ગોંડલ નહીં દેખાય, કમ્પાઉન્ડ્ દેખાશે. કેમકે આંખની સીમાઓ કમ્પાઉન્ડ્ને જોઈ શકે છે. કમ્પાઉન્ડ્ની બહાર શું છે? ગોંડલ છે કે નહીં? આંખ પર પાટા બાંધીને લાવ્યા તો એ વ્યક્તિને ખબર નથી પડતી.

તેથી વસ્તુ જેવી છે તેવી વસ્તુની એક હકીકત છે. આ

કમ્પાઉન્ડ્ની એક હકીકત છે કે આ કમ્પાઉન્ડ ગોંડલનો હિસ્સો છે તેથી આ કમ્પાઉન્ડ્ દેખાતુ હોય તે વખતે ગોંડલ પણ દેખાઈ રહયું છે. પણ એ હકીકતની સમજ હશે તો દેખાશે, સમજ નહીં હોય તો ચર્મચક્ષુથી નહીં દેખાય. એટલે એક ચર્મચક્ષુથી દેખાતી વસ્તુ અને એક બુદ્ધિથી દેખાતી વસ્તુ, આ કમ્પાઉન્ડ્માં ગોંડલનું દેખાવું બુદ્ધિથી શક્ય છે, ચર્મચક્ષુથી શક્ય નથી. પણ બુદ્ધિ જો આપણી સ્વસ્થ હોય તો ચર્મચક્ષુથી જે કમ્પાઉન્ડ્ આપણને દેખાઈ રહયું છે તેમાં પણ ગોંડલ દેખાવાનો અહેસાસ થઈ શકે છે.

હવે આ બે મુદ્દાઓ દર્શનશાસ્ત્રના બહુ જ વિરોધાભાસી મુદ્દાઓ છે કે જો માણસને ગોંડલ ન દેખાતું હોય અને કમ્પાઉન્ડ્ દેખાતું હોય તો એની એ સમજ કે અહીંયા ગોંડલ દેખાઈ રહયું છે તે સાચી કે ખોટી? જો આપણે એમ કહીએ કે ગોંડલ ન દેખાતું હોય તો પણ ગોંડલ દેખાઈ રહયું છે એવી સમજ ખોટી. તો એ એક દર્શનની રીત છે. દર્શનની બીજી રીત છે કે ના એવું નથી. કેમકે જે આપણે જોઈએ છીએ એ બધું કેવળ ચર્મચક્ષુથી જ નથી દેખાતું, જ્ઞાનચક્ષુથી પણ ઘણું બધું આપણને દેખાતું હોય છે અને જ્ઞાનચક્ષુને જો આપણે પ્રત્યક્ષમાં બાદબાકી કરશું તો દેખાતી ઘણીબધી વસ્તુઓમાં વસ્તુ જ દેખાતી બંધ થઈ શકે એમ છે. એનો એક સામાન્ય દાખલો તમને આપું કે આ કાગળ ઉપર આ તરફ લખાણ છે. તમને આ લખાણ દેખાઈ રહયું છે. કાગળની પાછળનો હિસ્સો તમને નથી દેખાઈ રહયો, મને દેખાઈ રહયો છે. પાછળ લખાણ છે કે નહીં એ ચર્મચક્ષુથી તમને નહીં સમજ પડે પણ એક વખતે એમ કહી દઉં કે પાછળ લખાણ નથી પછી તમને લખાણ દેખાતુ નથી, તો પણ જ્ઞાનચક્ષુથી સમજ પડશે કે ભલે લખાણ અહીં દેખાઈ રહયું છે પણ કાગળની પાછળ લખાણ નથી. આ તમને જ્ઞાનચક્ષુથી દેખાય છે, ચર્મચક્ષુથી નથી દેખાતું.

કેટલાંક લોકો એવા પ્રત્યક્ષવાદી હોય છે કે જે ચર્મચક્ષુથી દેખાતી વસ્તુનું જ પ્રામાણ્ય માને છે. જ્ઞાનચક્ષુથી દેખાતી વસ્તુનું પ્રામાણ્ય નથી માનતા. કેટલાંક દાર્શનિક લોકો એવું માને છે કે નહીં, પ્રત્યક્ષને આટલા સીમિત અર્થમાં નહીં લેવું કેમકે આટલા સીમિત અર્થમાં લેવા જતાં આપણો જોવાનો વ્યવહાર પણ ખોરવાઈ જશે. અને ચરક ઋષિએ એ બાબતમાં બહુ સુંદર વિધાન કર્યું છે કે **''અનલ્પમ્ અપ્રત્યક્ષમ્ અસ્તિ યૈઃ ઈન્દ્રિયૈઃ તાવત્ પ્રત્યક્ષં ગૃહયતે તાન્યેવ ખલુ અપ્રત્યક્ષાણિ''** તમે શું પ્રત્યક્ષ કરી રહયા છો? જે પ્રત્યક્ષ તમને આંખથી દેખાય તેને તમે પ્રત્યક્ષ કહો છો. તમને આંખના ડોળા દેખાય છે પણ આંખની જોવાની શક્તિ તમને દેખાય છે? તો જે આંખની જોવાની શક્તિ છે એ તમને જો ન દેખાતી હોય તો તેને તમે માનો છો કે નથી માનતા? જોઈને માનો છો કે જ્ઞાનચક્ષુથી માની રહયા છો? આંખની જોવાની શક્તિ આપણે ચર્મચક્ષુથી નથી જોઈ શકતા. જ્ઞાનચક્ષુથી સમજમાં આવે છે. મને દેખાઈ રહયું છે તો મારામાં જોવાની શક્તિ છે. જ્ઞાનચક્ષુથી દેખાશે, ચર્મચક્ષુથી નહીં દેખાય. આ બે મુદ્દાઓ દર્શનશાસ્ત્રના છે.

એના ઉપર રસશાસ્ત્ર એક ત્રીજો મુદ્દો રજુઆત કરે છે. રસશાસ્ત્ર એમ કહે છે કે સાચી વાત છે કે વસ્તુ જ્ઞાનચક્ષુથી અને ચર્મચક્ષુથી બે રીતે દેખાય છે. એક ત્રીજો પ્રત્યક્ષનો અલગ પ્રકાર છે તેને રસશાસ્ત્ર 'ભાવચક્ષુ' કહે છે. ઘણી બધી વસ્તુ આપણને ભાવચક્ષુથી દેખાતી હોય છે.

એક સામાન્ય દાખલો આપું. મુંબઈમાં એક વખતે રામન રાઘવન નામનો ગાંડો માણસ બધાંની હત્યા કરી દેતો હતો પણ પકડાતો નહોતો. સરકાર એના માટે પરેશાન હતી. રોજ છાપામાં જુદા-જુદા એના અનુમાનિત ચિત્રો આવતા. હું ભણીને માહીમથી બસમાં મારે ઘેર જઈ રહયો હતો. એમાંના એક ચિત્ર સાથે મળતા

આવતા ચહેરાને મારી બાજુમાં બેઠેલો દેખાયો. મને થયું કે આ રામન રાઘવન આવી ગયો. એના માટે પાછુ એમ કહેવાતું હતું કે એ પહેલાં હિપ્નોટાઈઝ્ કરે છે પછી મારે છે અને હું ધોતી-ઉપરણામાં એટલે સહજ રીતે લોકો મને ઘૂરે કે કોણ છે આ માણસ! એટલે એ મને ઘૂરતો હતો. પછી મને કન્ફર્મ્ થયું કે આ રામન રાઘવન જ છે. મને ઘૂરે છે એટલે કદાચ હિપ્નોટાઈઝ્ કરતો હશે. મારે માહીમથી ચર્નીરોડ ઉતરવાનું હતું. પણ એ ઉતરી ગયો હયુજીસ્ રોડ્ તો હું એની પાછળ-પાછળ ઉતરી ગયો. પછી એ ક્યાં ગયો તે મને ખબર ન પડી. પછી મને થયું કે મારે ચર્નીરોડ ઉતરવાના ઠેકાણે અહીં હયુજીસ્ રોડ્ કેવી રીતે ઉતરી ગયો! ૨ થી ૨.૩૦ માઈલ પહેલાં. પછી મને થયું આટલી વાર સુધી હું એને ઘૂરી રહયો હતો કે એ મને ઘૂરી રહયો હતો? એટલે એ હિપ્નોટાઈઝ્ નહોતો કરી રહયો પણ હું હિપ્નોટાઈઝ્ થઈ ગયો કે આ રામન રાઘવન છે. આ રામન રાઘવન હોવું ભાવચક્ષુથી જ દેખાતું હતું અને મારો ભાવ એવો પેદા થઈ ગયો કે આ જરૂર રામન રાઘવન છે. એટલે મને રામન રાઘવન લાગ્યો.

ઘણી વખતે આવું થતું હોય છે. મોટાભાગે જાનવરો અને માણસો વચ્ચેની ગેરસમજમાં આવું ‘‘આંધળે બહેરું કુટાય’’ જેવી સ્થિતિ વર્તાતી હોય છે. જાનવરો આપણાંથી બીતા હોય છે. આપણે જાનવરોથી બીતા હોઈએ છીએ. સાપને કોઈ દિવસે માણસને કરડવાની ઈચ્છા હોતી નથી. સાપને માણસને ખાવાનો શોખ જ નથી પણ આપણે સાપથી બીતા હોઈએ એટલે સાપ સાથે એવો વિચિત્ર વ્યવહાર કરીએ કે સાપ પાછો આપણાંથી બીતો થઈ જાય! પછી સાપ આપણાંથી બીતો થાય એટલે એ બિચારો થોડી પોતાની સેફ્ટી માટે કોઈક ઉપાય કરે એમાં પાછી આપણને વધારે બીક લાગે. એ ફૂંકાર કરે તો આપણને લાગે કે કરડવા આવ્યો. પણ એ કરડવા નથી આવ્યો, ભાગવા માટે ફૂંકાર કરતો હોય છે. એ

એકબીજાના ભાગવાથી એકબીજાને હિંસક સમજીને બંને એકબીજાથી ડરતા હોય અને એકબીજા પ્રત્યે ક્રૂર વ્યવહાર કરતા હોય છે. આવું જ વાઘ સાથે પણ હોય છે. વાઘના પાંજરા પાસે જઈએ તો એને આપણી સૂગ આવતી હોય છે. આપણે જઈએ તો આંખો મીંચી લે. પછી નાની આંખ કરીને જુએ કે આપણે ફૂટ્યા કે નહીં! એને આપણે ગમતા નથી હોતા. એ આપણાંથી બીતા હોય છે. આપણે એનાથી બીતા હોઈએ છીએ. પછી ભાવચક્ષુથી એકબીજા પ્રત્યે ક્રૂરતાનો વ્યવહાર શરૂ કરી દેતા હોઈએ છીએ. એ ભાવચક્ષુની વસ્તુ છે.

તો જેમ ચર્મચક્ષુ જ્ઞાનચક્ષુ અને ત્રીજી ભાવચક્ષુ છે. એ ભાવચક્ષુની ભીતર જે સિફત રહેલી છે, એ સિફતને રસશાસ્ત્રે એક્સપ્લોઈટ્ કરી અને ભાવચક્ષુ ડેવલપ્ કેવી રીતે કરવી તેની પ્રક્રિયાઓ બતાવી. એમાં રસશાસ્ત્રે બતાવ્યું કે આપણને ભાવ ન પણ હોય, પણ આ પ્રક્રિયા કરશો તો ભાવ ઉત્પન્ન થઈ જશે. જે વ્યક્તિ નાટકમાં અકબર બનતો હોય તે અકબર નથી. જે રામ બનતો હોય તે રામ નથી. જે અશોક બનતો હોય તે અશોક નથી. જે શિવાજી બનતો હોય તે શિવાજી નથી, જે ઔરંગઝેબ બનતો હોય તે ઔરંગઝેબ નથી પણ અમુક એના શાસ્ત્રકારોએ બતાવ્યું છે કે **૧. સાત્ત્વિક, ૨. વાચિક, ૩. આંગિક અને ૪. આહાર્ય** ચાર જાતના અભિનય હોય છે. **૧. સાત્ત્વિક :** 'સાત્ત્વિક' એટલે ચહેરાપરના હાવભાવ (ફેઈસ્પરના એક્સપ્રેશન્). હવે તમને ક્રોધ ન આવતો હોય પણ ચહેરા પર ક્રોધના ભાવ તમે દેખાડો તો સામેવાળાને એવું લાગશે કે આને ક્રોધ આવી રહયો છે. **વાચિક :** તમને ક્રોધ ન આવતો હોય પણ તમારી વાણીમાં ક્રોધ આવતો હોય એવા ઉચ્ચારો કરો તો સામેવાળાને એવો અનુભવ થશે કે તમને ક્રોધ આવી રહયો છે. **આંગિક :** ક્રોધ આવ્યા પછી આંગિક ચેષ્ટાઓ કેવી રીતે હોય? તે બધી ચેષ્ટાઓ અંગથી કરો તો તમને ક્રોધ

ન આવતો હોય તો પણ જોનારને એ ભાવ પ્રકટ થઈ શકે છે કે તમને ક્રોધ આવી રહયો છે. **આહાર્ય :** પછી છેલ્લે આહાર્ય (મેકઅપ્) તમે મેકઅપ્ એવો કરી લીધો. જેમ ભૂત-પ્રેતનો ઔરંગઝેબનો શિવાજીનો મેકઅપ્ કરી લીધો. એ મેકઅપ્ કર્યા પછી આપણે એ રીતે બધું વર્તીએ તો એ ભાવ આપણને પેદા થતો હોય છે. નાટકની પ્રક્રિયામાં મૂલતઃ આ વાત સ્વીકારવામાં આવી કે સાત્ત્વિક વાચિક આંગિક અને આહાર્ય આ ચતુર્વિધ અભિનયથી માણસમાં જે ભાવ પેદા કરવો હોય તે થઈ શકે છે. એ પ્રક્રિયાથી જો ભાવ પેદા કરવામાં આવે તે ભાવને 'રસ' કહેવામાં આવે છે. દરેક ભાવને રસ કહેવામાં ન આવે.

આપણાં ઠાકોરજીને રસ શા માટે કહેવામાં આવે છે એનો મુદ્દો સમજો. જે રીતે વ્રજભક્તોનો ઠાકોરજી પ્રત્યે જે ભાવ હતો તે ભાવથી આપણે ઠાકોરજીને શણગારીએ, તે ભાવનાં બધાં પદો ગાઈએ. તો શણગારીએ એટલે ઠાકોરજીનો આહાર્ય અભિનય, પદો ગાઈએ એ ઠાકોરજીનો વાચિક અભિનય, આંગિક અભિનય તે ઠાકોરજીને તે રીતે વેણુ-વેત્ર ધરાવીએ, તેવી બધી સજાવટો કરીએ. મહાપ્રભુજી કહે છે કે એ રીતે કરશો તો પ્રભુ તમને ધીમે-ધીમે સાનુભાવ જતાવશે. સાનુભાવ જતાવશે એટલે સાત્ત્વિક અભિનય પ્રભુ કરશે કે આજે ઠાકોરજી પ્રસન્ન છે એવું તમને જણાશે. આજે ઠાકોરજી પ્રસન્ન નથી, પરિશ્રાંત છે એવું જણાશે. એ જ્યારે જણાવવા માંડે ત્યારે ઠાકોરજીનો સાત્ત્વિક અભિનય છે. ઠાકોરજીના સ્વરૂપમાં સાત્ત્વિક અભિનય જ્યારે શરૂ થાય ત્યારે વાર્તાઓમાં ઈનવેરીયેબલી એમ આવતું હોય છે કે "તા પાછે ઠાકુરજી સાનુભાવ જતાવન લાગે" એ ઠાકોરજીનો સાત્ત્વિક અભિનય છે. જો સેવાની પ્રક્રિયામાં એ ચતુર્વિધ અભિનય આપણે ઠાકોરજીથી કરાવી લઈએ, તો આપણાં પ્રભુનું સ્વરૂપ રસાત્મક થઈ ગયું કહેવાય.

જે નાટકની પ્રક્રિયામાં ચાર અભિનય કોઈપણ નાટકનો અભિનેતા

કરતો હોય છે, તે જ આખી પ્રક્રિયા સેવામાં ગૂંથી લેવામાં આવી છે. ઠાકોરજીને પિછવાઈ, ચોમેર સજાવટ એવી કરો કે જેથી જે લીલામાં પ્રભુ બિરાજ્યા તે લીલામાં બિરાજેલા પ્રભુના તમને દર્શન થાય. જેમ હિંડોળામાં કે પારણામાં, તેવા પદો ગાઓ, તેવા શણગાર કરો. તેવી રીતે પ્રભુ સાથે વર્તો તો પ્રભુ પછી ધીમે-ધીમે સાત્ત્વિક અભિનય તમારી સામે પ્રકટ કરશે અને એ પ્રકટ કરશે એટલે પ્રભુનું સ્વરૂપ રસાત્મક થઈ ગયું. કેમકે તમને એ ભાવ સ્પષ્ટ થયો. તો એક ચર્મચક્ષુથી દેખાતી વસ્તુ, એક જ્ઞાનચક્ષુથી દેખાતી વસ્તુ, એક ભાવચક્ષુથી દેખાતી વસ્તુ, એના ઉપર રસચક્ષુ એક ચોથી ચક્ષુ છે. તે રસચક્ષુથી જ્યારે આપણને કોઈ વસ્તુ દેખાય તે વસ્તુ રસાત્મક હોય છે.

એ રસના ભરતમુનિએ આઠ ભાગ ગણ્યા. આઠ રસો ગણ્યા. કેમકે ભરતમુનિ વખતે એવી ધારણા હતી કે શાંતરસ નથી. પણ આમાં આપણે બૌદ્ધોનો ઉપકાર માનવો જોઈએ કે બૌદ્ધોએ સૌથી પહેલાં બૌદ્ધચરિત્રો એવા લખ્યા, જે લખવાના કારણે ઓચિંતી બધાંને વાત ખ્યાલમાં આવી કે શાંતરસ પણ એક નોખો રસ છે. શૃંગાર વીર કરુણ અદ્‌ભુત હાસ્ય રૌદ્ર બીભત્સ વિગેરે આઠ જ રસો છે એવું નહીં પણ શાંતરસ પણ એક રસ છે. ભરતમુનિને એ પ્રૉબ્લેમ્ હતી કે શાંતરસનો અભિનય કરાય કેવી રીતે? કેમ કે જો અભિનય કરવા જઈએ તો શાંત નથી રહી જતો અને શાંત હોય તો અભિનય થઈ શકતો નથી. પણ એ ધારણામાં થોડી ખામી હતી. વિદ્વાનોએ, બુદ્ધ કવિઓએ બુદ્ધના એવા-એવા ચરિત્રો અને કાવ્યો લખ્યા કે જેમાં ખરેખર શાંતરસ જ ઉભરીને આવ્યો અને લોકોને પછીથી ક્લિક્ થયું કે શાંતરસ પણ છે.

એટલે એક બાજુ શાંતરસ અને બીજી બાજુ અશાંતરસ. એમ નવ રસ થયા. **"નવરસઃ રુચિરાં કવેઃ ભારતી જયતિ"** એવું થયું.

સૂરદાસજી નહોતા પ્રકટ્યા ત્યાં સુધી વાત્સલ્ય રસ છે એ કોઈને ખ્યાલ જ નહોતો. સૂરદાસજીએ પહેલી વખતે વાત્સલ્યના પદો, બાલલીલાના ઠાકોરજીના પદો એવા-એવા લખ્યાં, ત્યારે બધાંને ક્લિક્ થયું કે વાત્સલ્ય એક નોખો રસ છે. અને આપણે ખરેખર સૂરદાસજીના બાલલીલાના પદો વાંચીએ તો આપણને ખબર પડે કે એ પદો ગાવાથી જ મનમાં વાત્સલ્ય રસ ઉભરાઈ જતો હોય છે. તેમ ઘણાં બધા રસોની પહેલાં મર્યાદા હતી કેમ કે એ રસનો અનુભવ નહોતો થઈ શકતો. મુદ્દો એ હતો કે ત્યારે બાળકથી નાટક કરાવવું કેવી રીતે! બાળક મૅચ્યોર્ હોય તો જ નાટક કરી શકે. પણ એવી ધારણાથી વાત્સલ્યને રસ તરીકે માનવામાં નહોતો આવ્યો. પણ આજે આપણે જોઈ શકીએ છીએ ટી.વી.ના પ્રોગ્રામ્માં કે ઘણાં બધા બાળકો મોટાઓ કરતાં પણ કોઈક વખતે સારો અભિનય કરતાં હોય છે.

હમણાં જ એક મેરેજમાં ગયો. અઢી કલાક મારે બેસવાનું થયું એટલે બાથરૂમ જવાની ઈચ્છા થઈ. બાથરૂમમાં ગયો ત્યાં નાની-નાની ૪-૫વર્ષની બે બેબીઓ ઘૂસીને ચૂપચાપ ચોકલેટ્ ખાઈ રહી હતી, એમના મમ્મી-પપ્પાએ ના પાડી હશે. મોઢા ઉપર બ્રાઉન્ ચોકલેટ્ લાગેલી. મેં પૂછ્યું, ‘‘શું કરી રહી છે? જાઓ હટો.’’ તો એ રડવા માંડી. ‘‘અમને સુ-સુ આવે છે.’’ તો મેં કીધુ ‘‘સુ-સુ આવે છે તો સુ-સુ કરો, બહાર નીકળો, મારેય કરવી છે.’’ પછી થોડીક વાર અંદર બંધ કરીને ખડબડ ખડબડ કરીને પાછી નીકળી. પછી મેં કીધું ‘‘શું કરતી હતી અંદર?’’ બોલે ‘‘સુ-સુ કરતી હતી.’’ મેં કીધું ‘‘ચોકલેટ મોઢા પર કેમ લાગી ગઈ?’’ તો ત્યાંથી ભાગી. તો એમને પણ અભિનય કરતાં આવડે છે. ખરેખર, સુ-સુ નહોતી કરતી પણ મમ્મી-પપ્પાએ ના પાડી હશે કે ‘‘ચોકલેટ્ નહીં ખાવાની.’’ એટલે બાથરૂમમાં ઘૂસીને બંને ચૂપચાપ ચોકલેટ્ ખાઈ રહી હતી. બાળકોને અભિનય કરતાં આવડતું નથી એવું

નહીં, બહુ સારો અભિનય કરતાં આવડે છે. આપણે એમને એક્સપ્લોઈટ્ નથી કર્યો એટલે એ બિચારા નથી કરતા. બાકી કરીએ તો બાળકો પણ અભિનય કરી શકે છે. એટલે કેટલા રસો છે એની જે ગણતરી છે એ ગણતરીમાં ભરતમુનિએ આઠ રસો ગણ્યા તેના ઓપોઝિશન્માં બૌદ્ધોએ શાંત રસ નોખો ગણ્યો.

શ્રીમહાપ્રભુજી અને શ્રીપુરૂષોત્તમજી બન્ને એ અભિપ્રાયના છે કે રસની ચોકક્સ સંખ્યા નિર્ધારિત થઈ શકતી નથી. જેટલા રસો આપણે પ્રકટ કરી શકતા હોઈએ તેટલા રસો પ્રગટ થઈ શકે છે અને તેથી આપણે ત્યાં ભક્તિરસને પણ નોખો રસ ગણવામાં આવ્યો છે. શ્રીપુરૂષોત્તમજીએ પોતાના ૨૪વાદગ્રન્થોમાં ભક્તિરસત્વવાદ પણ લખ્યો છે. ભક્તિ પણ એક રસ છે અને ખરેખર એની રસાત્મિકા અનુભૂતિ થઈ શકે છે એટલું જ નહીં ભક્તિરસનું નાટન કરો, ભક્તિરસનાં ગીત ગાઓ તો હૃદય ભક્તિરસથી તરબોળ થઈ જતું હોય છે એ પણ અનુભવસિદ્ધ વસ્તુ છે. એટલે શ્રીમહાપ્રભુજી કે શ્રીપુરૂષોત્તમજી એ નથી માનતાં કે રસ આઠ જ છે. પણ કેમકે ભરતમુનિએ આઠ રસ માન્યા એટલે તે વખતે એક ક્લેરિફિકેશન્ થયું કે એક શાંતરસ બાકીના આઠ અશાંતરસ, એમાં પાછ્ આપણે ભક્તિરસ ઉમેરીએ છીએ. સૂરદાસજીએ વાત્સલ્ય રસ ઉમેર્યો છે. એમ બીજા પણ ઘણાં બધાં રસો હજી ઉમેરી શકાય છે.

રસની પ્રક્રિયાથી એટલે આ ચતુર્વિધ અભિનયની પ્રક્રિયાથી જે ભાવ ઉત્પન્ન કરવામાં આવે તે ભાવ રસચક્ષુથી અનુભવાતો હોય છે. એ રસચક્ષુ હોય તો આપણને અનુભવાય અને રસચક્ષુ ન હોય તો ન અનુભવાય.

સંગીતમાં શબ્દો નથી હોતા. ખાલી એક ધૂન તમે સાંભળો. એ ધૂનમાં જ તમને ક્યારેક એ અનુભવ થશે કે આમાં વિરહનું

ગીત છે કે આ કોઈ હર્ષનું ગીત છે. તો સુરો પણ અભિનય કરતા હોય છે. ઈવન્ તાલમાં પણ અભિનય છે. કોઈપણ સારા નૃત્યકારને તમે જુઓ, એક તાલના બોલ એવા બોલે તો એમાં અભિનય પ્રકટ થતો હોય છે.

દા.ત. એક વાત સમજો ધાધાધીંતા કીટધા ધીંતા કીટતક ગદીગન...વીરરસ દેખાય છે ને! તાલના બોલમાં વીરરસ અનુભવાય છે અને ધીમેથી - ધાગીનતિનકધીન ધાગીનતિનકધીન - તો આમાં વીરરસ નથી દેખાતો. આ બોલ પર શિવાજી નાચે તો શિવાજી વીર નહીં દેખાય પણ કોઈ નૃત્યાંગના જેવા દેખાશે. એટલે તાલના બોલમાં પણ જુદા-જુદા રસો પ્રકટ થઈ શકે છે. આપણે ત્યાં તો શ્લોકના છંદોમાં પણ એ વસ્તુ સ્વીકારવામાં આવી છે કે કયો છંદ કયા રસને પ્રગટ કરનારો છે અને કયો છંદ કયા રસને પ્રગટ નથી કરી શકતો, એટલે રસની મર્યાદાઓને સંખ્યામાં બાંધવું ઉચિત નથી. તે દેખાડવા માટે રસદષ્ટિની તરફેણમાં મેં શાંત અને અશાંત રસ એમ બે ભાગલા પાડ્યા. એ ભાગલા પાડયા પછી એમાં ભક્તિરસ પણ ઉમેર્યો અને જોકે મેં ઉમેર્યો નથી. બાકી હકીકત તો શ્રીમહાપ્રભુજી અને શ્રીપુરૂષોત્તમજી એમ કહે છે કે રસને સંખ્યાઓમાં બાંધી શકાતા નથી એ તો રસદષ્ટિથી જો આપણે અનુભવીએ તો અનુભવાય છે આમ ઘણાં બધાં રસો છે.

# ૩.ભક્તિરસ *

### રસ શબ્દનાં વિવિધ અર્થો

ભક્તિ, રસ કેવી રીતે છે, તેની રસાત્મકતા કેવી રીતે છે, શા માટે છે અને કયા આધારે છે? 'રસ' શબ્દ સંસ્કૃતમાં ઘણાં બધાં અર્થોમાં વપરાય છે જેમકે જ્યુસ પ્રવાહી ઍસેન્સ્ સૅન્ટિમૅન્ટ્ વિગેરે. પંચ જ્ઞાનેન્દ્રિયમાં પણ જેમ રૂપ રસ ગંધ સ્પર્શ. રૂપ = આંખથી દેખાય તે. રસ = કડવો મીઠો તીખો વિગેરે. એમ ઘણા બધાં અર્થોમાં 'રસ' શબ્દ વપરાયો છે. તદુપરાન્ત બ્રહ્મને પણ 'રસ' કહેવામાં આવ્યો છે. **"રસો વૈ સઃ"** (તૈત્તિ.ઉપ.૨।૭) 'રસ' શબ્દ કેવી રીતે પ્રયોગમાં આવ્યો અને એના કેટલા બધા શૅડસ્ ઍક્વાયર્ કર્યા.

### ભક્તિ શબ્દનાં અર્થો

ભક્તિના ઘણા અર્થો પરાપૂર્વથી લેવાતા આવ્યા છે. ભક્તિનો એક અર્થ થાય છે ભંગાણ, જેનાથી 'વિભાગ' શબ્દ બને છે. **"ભક્તેઃ ભાગઃ"** ભંગાણ વિના નૅચરલ્ ડિવિજન્ હોય તેને પણ 'ભક્તિ' કહેવાય. ભક્તિનો અર્થ રૅલિશમૅન્ટ્ (ભાવ/રસ) પણ થાય છે. આ બધાં શબ્દકોષ અને વ્યાકરણ ની દૃષ્ટિથી ભક્તિના અર્થો છે.

### રસ શબ્દનો ઔપનિષદિક અર્થ

ટૅક્નિકલ્ મિનિંગ્ પણ ભક્તિના ઘણા બધાં થાય છે. ભક્તિને આપણા સંદર્ભમાં વિચારીએ તે પહેલાં માઈન્ડ્માં ઓપન્નેસ્ આવવી જોઈએ કે ભક્તિનાં એક નહીં પણ અનેક અર્થ છે. તેને પૅનેરોમિક્ વ્યૂથી જોઈ લેશું કે કયા અર્થમાં ભક્તિ રસ છે. તેને માટે ભક્તિ અને રસ બન્નેનો અર્થ સમજવો જરૂરી છે. ઉપનિષદ્ કહે છે **"એષાં ભૂતાનાં પૃથિવી રસઃ"** (છાન્દો.ઉપ.૧।૧।૨) જેટલા પ્રાણીઓ

*વલ્લભવેદાન્તના વર્ષ ૨૦૨૦ સર્ટિફિકેટ્ કોર્સમાં આપેલું લૅક્ચર્

છે તેમનો રસ પૃથ્વી છે. અહીં 'રસ'નો અર્થ પ્રવાહી નથી. દરેક પ્રાણીઓ માટે પૃથ્વી રસ છે. પૃથ્વીનો રસ જળ છે. **"અપામ્ ઓષધયો: રસ:"** ( છાન્દો.ઉપ.૧૧૧૨ ) પાણીનો રસ એ એની કૅમિકલ્ પ્રૉપર્ટી છે. **"ઓષધીનાં પુરુષો રસ:"** ( છાન્દો.ઉપ.૧૧૧૨ ) જેટલી પણ કૅમિકલ્ પ્રૉપર્ટી છે એનો રસ પુરુષ છે. પુરુષ = બૉડી (શરીર). **"પુરુષસ્ય વાગ્ રસ:"** ( છાન્દો.ઉપ.૧૧૧૨ ) ફિઝિકલ્ બૉડીવાળાનો રસ એમની વાણી છે. વાણીનો રસ ઋગ્વેદ છે. ઋગ્વેદનો રસ સામ છે. સામનો રસ ઉદ્ગીત છે. 'ઉદ્ગીત' એટલે 'ૐ' કારને ઊંચેથી ગાવામાં આવે તે અને 'સામ'ને મધ્ય સ્વરમાં ગાવામાં આવે છે. રસના પ્રયોગ કેટલા પ્રકારે થાય છે તેનો સ્પેક્ટ્રમ્ બતાવ્યો.

તૈત્તિરીય ઉપનિષદ્માં કહ્યું છે **"અસદ્ વા ઈદમ્ અગ્રે આસીત્ તતો વૈ સદ્ અજાયત"** (તૈત્તિ.ઉપ.૨૧૭) આ જે કાંઈ છે તે પહેલાં પ્રકટ ન હતું પછીથી પ્રકટ થયું. એટલે આપણી આજુ-બાજુમાં જે બ્રહ્માંડ દેખાઈ રહ્યું છે તે પહેલાં ન હતું અને પછીથી પ્રકટ થયું. તે પ્રકટ કેવી રીતે થયું તેના માટે ઉપનિષદ્ કહે છે **"તદ્ આત્માનં સ્વયમ્ અકુરુત"** ( તૈત્તિ.ઉપ.૨૧૭ ) પોતે પોતાની જાતને બ્રહ્માંડ કે જગત્ ના રૂપે ઢાળ્યો. **"તસ્માત્ તત્ સુકૃતમ્ ઉચ્યતે."** ( તૈત્તિ.ઉપ.૨૧૭ ) સ્વયંને જગદ્રૂપે ઢાળ્યો તેથી તેનું આ 'સુકૃત' છે. **"યદ્ વૈ તત્ સુકૃતમ્"** (તૈત્તિ.ઉપ.૨૧૭) દુનિયામાં જે કાંઈ છે તે તેના દ્વારા કરેલું છે. આ જગત્ તેની કલા છે અને તે તેનો કલાકાર છે. જો જગત્ બ્રહ્મનું પેઈન્ટિન્ગ્ હોય તો તે પોતે ચિત્રકાર છે. જગત્ જો સંગીત હોય તો તે સંગીતકાર છે. જગત્ જો નૃત્ય હોય તો તે નૃત્યકાર છે. **"યદ્ વૈ તત્ સુકૃતમ્"** માત્ર વાહ-વાહ જ કરવાની હોય બીજું કાંઈ નહીં.

ઉપનિષદ્ કહે છે કે તે શા માટે સુકૃત છે તેનું કારણ બતાવતાં કહે છે **"રસો વૈ સ:"** (તૈત્તિ.ઉપ.૨૧૭) જે રસ છે

તેણે પોતાની જાતને જગતરૂપે ઢાળ્યો છે. 'રસ'નો એક બીજો અનેરો અર્થ મળે છે. જગત્‌માં ક્યાંક નીરસતા દેખાતી હોય છે એટલે દરેક વસ્તુ રસરૂપ નથી હોતી પણ જેણે આ જગત્‌નું રૂપ ધારણ કર્યું છે તે દરેકને માટે રસ છે. Nobody can refuse his characteristic of being ras.**"રસો વૈ સઃ રસં હ્યેવ અયં લબ્ધ્વા આનંદી ભવતિ"** (તૈત્તિ.ઉપ.૨।૭) આ રસને જે મેળવે છે તે ખરેખર આનંદને પામે છે. એટલે રસની સરખામણી આનંદ સાથે કરવામાં આવી છે. રસનો આ એક અર્થ ઉપનિષદ્‌માં કરેલો છે.

### ભરતમુનિદ્વારા 'રસ' શબ્દની પરિભાષા

ભરતમુનિએ તેમના નાટ્યશાસ્ત્રમાં 'રસ'ની પરિભાષા કરતાં કહે છે કે **"વિભાવાનુભાવસંચારિભાવસંયોગાદ્ રસનિષ્પત્તિઃ..."** (ભર.નાટ્ય.૬।૩૨) એટલે વિભાવ અનુભાવ સંચારી ભાવઓનાં ઈતરેતરસંયોગવશ 'રસ' નિષ્પન્ન થાય છે. ભરતમુનિના આધારે વિભાવના બે પ્રકાર છે, ૧. આલંબન વિભાવ. ૨. ઉદ્દીપન વિભાવ.

**આલંબન વિભાવ :** તમને કોઈના ઉપર ગુસ્સો વહાલ બીક કે ઘૃણા આવી રહી છે, એટલે જેના ઉપર આવા ભાવો આવી રહ્યા છે તેને 'આલંબન વિભાવ' કહેવાય છે. એટલે આપણા ભાવને કૉરસ્પૉન્ડિન્ગ્ કરતો જે ઑબ્જેક્ટ્ હોય તેને 'આલંબન વિભાવ' કહેવાય. કેમકે તમારો ભાવ તેના ઉપર ટકે છે. ચાર્લી ચેપ્લીન્ કે લૉરેન્ હાર્ડી જેવા કોમેડિયન્‌ને જોતાં આપણો હસવાનો ભાવ તેમના ઉપર ટકી રહેતો હોય છે. તેઓ આલંબન વિભાવ થયા. હિરોઈનને હિરો ઉપર લાગણી છે તો તે તેનો આલંબન વિભાવ છે. રામને રાવણ પર ગુસ્સો આવી રહ્યો છે તો રામના ગુસ્સાનો આલંબન રાવણ છે. રાવણને સીતા ગમે છે તો સીતા તરફનો ગમાનો, સીતાજી આલંબન વિભાવ છે. એ ભાવ સાથે જો ઈન્ટરેક્ટિવ્ મોડ્‌માં (પારસ્પિરક પ્રકારે) આવીએ તો ભાવ ટકી રહે છે.

**ઉદ્દીપન વિભાવ :** ઈન્ટરેકિટવ્ મોડ્માં આવવા માટે ઈન્સ્પાયરીંગ્ (પ્રેરણાત્મક) કે ઈન્સ્ટિગેટિવ્ ફૅક્ટર્ હોવા જોઈએ. જેમ રોડ્ ઉપર જાહેર ખબર નિયોન્ લાઈટ્થી ઝબકતી હોય તો તેને જોવાની ઈચ્છા થાય તેને 'ઉદ્દીપન વિભાવ' કહેવાય. કોઈના વ્યવહારથી આપણો ગુસ્સાનો સ્વભાવ ન પણ હોય તો પણ આપણને ગુસ્સો આવી જાય અથવા કોઈકનો હાસ્યાસ્પદ વ્યવહાર અથવા તેનું તેવું પાત્ર હોય તો તેની ઉપર હસવું આવે તો તે ઉદ્દીપન વિભાવ થશે.

અમારા ખવાસે જ્યારે પહેલીવાર હૅલિકૉપ્ટર્ જોયું ત્યારે તેને લાગ્યું કે ખાંડણી ઉપર પંખો લગાડીને ખાંડણી ઉડે છે. આ પ્રસંગ જ્યારે મેં બીજા વ્રજવાસીને કહ્યો ત્યારે તે વ્રજવાસી મારી સામે તો હસી ન શક્યો પરન્તુ પાર્લા સ્ટેશને પહોંચતાં જ્યારે તેમને તે વાત યાદ આવી તો અચાનક જોરથી હસી પડ્યા. જેને કારણે તેમની આજુ-બાજુના પ્રવાસીઓ સરકી ગયા. એમને મેં કહેલી વાત યાદ આવી એટલે તેઓ હસવું રોકી શક્યા નહીં. આમાં સમજવાની વાત એ કે તે વ્રજવાસી માટે આલંબન વિભાવ તેના ગામનો માણસ થયો જેને ખાંડણીયું ઉડતું લાગ્યું. હું તેના માટે ઉદ્દીપન વિભાવ થયો. કારણ કે તેણે તો તેના ગામનાં વ્રજવાસીને જોયો નોહતો ગયો પણ મારી રજૂઆતને કારણે તેને હસવું આવી ગયું.

### સ્થાયીભાવ માટે વાસનાની મહત્તા

ભાવ બધાં એક સરખા હોતા નથી. કોઈ હસતું હોય તો રડવું આવી જાય અને કોઈ રડતું હોય તો હસવું આવી જાય. એટલે આપણે પીન-પોઈન્ટ્ પર નક્કી નથી કરી શકતા કે આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવ થી કયો ભાવ પ્રકટ થશે. ભરતમુનિ કહે છે કે આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવ છે અને એમાંથી જે જાતનો અનુભાવ (expression) બહાર પ્રકટ થઈ રહ્યો છે

એની તમારી ભીતર વાસના હશે તો 'સ્થાયીભાવ' પ્રકટ થશે. જો વાસના ન હોય તો સ્થાયીભાવ પ્રકટ થશે નહીં. અનુભાવને ઍક્સપ્રેશન્ અથવા ઍક્ટિંગ્ કહી શકીએ. અનુભવ = જે છે તેને અનુભવવું. અનુભાવ = જે છે તેને પ્રકટ કે ઍક્સપ્રેસ્ કરવું.

૩૦-૪૦ વર્ષ પહેલાં 20 thousand leagues under the sea નામની એક સાયન્ટિફિક્ ફિક્શન્વાળી ફિલ્મ આવી હતી. મારી નાની દીકરી તે વખતે ૫-૬ વર્ષની હતી. તેને દરિયાની અંદર શું છે તે જોવાનો મૂડ મારા કહેવાના કારણે આવી ગયો. તે ફિલ્મમાં જેઓ સબમરીન્માં રહેતાં તે લોકો દરિયાના પેટાળમાંથી કાચબા પકડતા હતા. મારી દીકરીએ પૂછ્યું "તેઓ શા માટે કાચબાને પકડે છે?" એટલે મેં કહ્યું "ખાવા માટે" આટલું સાંભળવાથી તેણે રડવાનું શરૂ કર્યું અને કહેવા લાગી કે "મારે હવે પીક્ચર્ જોવું નથી." આવું કેમ થયું? કારણકે પહેલાં તેને ઉત્સુકતા હતી પછી તેણે જોયું કે તેઓ કાચબાને ખાય છે પણ કાચબાને ખાઈ શકાય તેવી વાસના તેની ન હતી એટલે રડવાનું તેણે ચાલું કર્યું.

ભરતમુનિ કહે છે કે વિભાવથી પડતી ઈમ્પ્રેશન્નો( અનુભવ ) અનુભાવ ( ઍક્સપ્રેશન્ ) ત્યારે પ્રકટ થાય જો આપણા હૃદયમાં તેવી વાસના ( inclination ) હોય તો. તેવો અનુભાવ સ્થાયીભાવ પ્રકટ કરે છે. અહીં વાસના, કામવાસનાનાં અર્થમાં નથી પણ જેમ કપડામાં ડામરની ગોળી નાખીએ તો તેની વાસ કપડાંમાં બેસી જાય તે અર્થમાં વાસના છે. જો હૃદયમાં વાસના ન હોય તો આલંબન, ઉદ્દીપન વિભાવ આપણા હૃદયમાં ભાવ પ્રકટ કરી શકતો નથી જેનો ખુલાસો ભરતમુનિએ ૪૦૦૦ વર્ષ પહેલાં કર્યો હતો.

**સંચારીભાવ :** એટલે ટ્રાન્ઝિટરી મૂડ્, ફિક્સ મૂડ્ નહીં. ઘણીવાર હસતાં-હસતાં રડવું આવી જાય તો હસવું એ સ્થાયીભાવ છે અને

રડવું એ સંચારીભાવ છે. રશિયાના પ્રખ્યાત લેખક ઍન્ટોન્ ચેખવ્‌ની દરેક વાર્તામાં એક ખાસિયત છે કે સીન બધાં ફની હોય પણ સ્ટોરી પર ધ્યાન જાય તો હસતાં-હસતાં રડવું આવી જાય. દરેક કોમેડી દૃશ્યમાં માનવ-સંબંધની કરુણતા છુપાયેલી છે કે ધ્યાન આપીએ તો આંખો છલકાઈ જાય.

**નિષ્પત્તિ અને સ્થાયીભાવ :** એટલે વિભાવ અનુભાવ સંચારીભાવ થી નિષ્પન્ન થાય તે સ્થાયીભાવ. નિષ્પન્ન થવું એટલે પેદા થવું એમ નહીં. સગડી ઉપર મૂકેલી ખિચડી સીજી જાય તે તેને પેદા નથી કરતી, નિષ્પન્ન કરે છે. શિલ્પકાર ટાંચાથી પત્થરને કંડારે તો મૂર્તિ પેદા થતી નથી, પત્થરને મૂર્તિમાં નિષ્પન્ન કરે છે. કલ્મિનેશન્ કરી દે છે. જેમ કમળની કળી રાતભર હોય અને સૂર્ય ઉગે ત્યારે ખિલી જાય તે નિષ્પન્ન છે. અર્થ શબ્દમાંથી ખિલે તે નિષ્પત્તિ છે. હૃદયમાં રહેલી વાસના કળીના રૂપમાં છે જે ભાવરૂપમાં ખિલી જતી હોય છે. વિભાવ અનુભાવ સંચારીભાવની પ્રોસેસ્‌થી તમારા હૃદયમાં રહેલી વાસના ખિલી ઉઠે છે. આપણી અંદરની વાસના હોય તે વિભાવ અનુભાવ સંચારીભાવ થી નિષ્પન્ન થાય તે સ્થાયીભાવ બનતો હોય છે. સ્થાયીભાવ = લિન્ગરિન્ગ મૂડ્. ખિચડી પાકે તેમ વાસના પાકે અને તે લિન્ગરિન્ગ મૂડ બને તે સ્થાયીભાવ થાય, તેને ‘રસ’ કહે છે. સંચારીભાવ સરળ છે પણ પરમૅનન્ટ્ લિન્ગરિન્ગ્ મૂડ્ હોવો ડિફિકલ્ટ્ છે.

મારા કાકાને તાજમહેલની ખૂબ માહિતી હતી. એક વાર અમે તેમની સાથે તાજમહેલ જોવા ગયા ત્યારે કોઈ પર્યટકે આવીને નેસ્ટી (ખરાબ) વાત કરી કે પત્થરમાં શું જોવાનું હોય? એ સાંભળી મારા અંકલ્ અતિશય ગુસ્સે થઈ ગયા અને તે પર્યટક નીકળે પછી જ તેમણે તાજમાં પ્રવેશ કર્યો. આ તેમના તાજમહેલ માટેનાં લિન્ગરિન્ગ્ મૂડ્‌ને કારણે તાજમહેલની વિરુદ્ધ ટિપ્પણી કરવાવાળા પર તે ગુસ્સે

થઈ ગયા. તેમનો મૂડ્ એટલો લિન્ગરિન્ગ્ હતો કે સાહિર લુધિયાનવી એ તાજ-મહેલ પર બનાવેલી એક નજમ ''મેરી મહેબૂબ કહીં ઓર મિલા કર મુજસે, એક શહેનશાહને દોલતકા સહારા લે કર ગરીબોકી મહોબ્બતકા ઉડાયા હૈ મજાક.'' જે મને અતિશય પસંદ હતી. પરન્તુ જ્યારે બીજા એક શાયરે સાહિર લુધિયાનવીની નજમ સામે બીજી એક શાયરી રચી, જેમાં તેણે કહ્યું તાજ-મહેલ એ ગરીબોની મહોબ્બતની મજાક નથી પણ પ્રેમની અમીટ નિશાની છે તે શાયરની વાત મારા અંકલ્ને ગમી જેને કારણે તેમણે મોટા મંદિરમાં તે શાયરનો પ્રોગ્રામ્ રાખ્યો. આપણે સમજી શકીએ છીએ કે તેમનો તાજ-મહેલ માટે ઍપ્રિસિયેશન્નો કેટલો લિન્ગરિન્ગ્ મૂડ્ હતો! જો સ્થાયીભાવ હોય તો રસ થઈ જાય છે.

### સ્થાયીભાવ જ રસરૂપ

કોઈ પણ ભાવ સ્થાયીભાવ હોય તો રૅલિશેબલ્ હોય છે કેમકે એની બારિકી વગર રૅલિશ્ નથી કરી શકતા. અચાનક રડવું, હસવું, ગુસ્સો આવી જવો કે પ્રસન્ન થઈ જવું પણ લિન્ગરિન્ગ્ ન હોય તો તેને સ્થાયીભાવ ન કહેવાય. સંસ્કૃતમાં કહેવાય છે ''ક્ષણે રુષ્ટ: ક્ષણે તુષ્ટ: રુષ્ટ: તુષ્ટ: ક્ષણે-ક્ષણે, અવ્યવસ્થિત: ચિત્તાનાં પ્રસાદોઽપિ ભયંકર:'' જેનું ચિત્ત વ્યવસ્થિત નથી એ ઉદાસ દુ:ખ પ્રસન્ન હસમુખ હોય તો પણ બીતા રહેવું જોઈએ. કેમકે આવા મૂડ્માં વ્યક્તિથી દૂરાવ રાખવો. વરસાદમાં ઘોડાપૂર હોય અને વરસાદ પછી ખાલી મેદાન થઈ જાય તેવી નદીમાં તરવાનું જોખમી હોય છે. જે નદી બારેમાસ વહેતી હોય તેમાં તમે તરી શકો. સ્થાયીભાવ હોય તો જ રૅલિશેબલ્ થશે, અન્યથા ક્ષણે રુષ્ટં ક્ષણે પુષ્ટં કરવા બેસો ત્યાં સુધીમાં તો સીન્ બદલાઈ જાય છે. એવા ભાવોને તમે રૅલિશ્ કરી શકતા નથી. જમવાની થાળીમાં બે-ચાર સ્વાદિષ્ટ વસ્તુઓ હોય તો તેનો સ્વાદ લઈ શકાય પણ ૫૦ વસ્તુઓ હોય તો તેનો સ્વાદ લઈ શકાતો નથી. આ રસની બાબતમાં સામાન્ય વિચાર કર્યો.

ભાવનો નિર્વાહ

જ્યારે હૃદયમાં કોઈ ભાવ છે ક્રોધનો પ્રેમનો ઘૃણાનો તે ઍક્સપ્રેસ્ થવો જોઈએ. મનમાં ધરબાવીને રાખેલો ભાવ સ્થાયીભાવ ન કહેવાય. ક્રોધનો ભાવ હોય કે હસવાનો ભાવ હોય, તમે હસસો તો વર્કિંગ્ ઑર્ડર્માં રહેશે. એક વખત નક્કી કરો કે મારે કોઈ પણ પરિસ્થિતિમાં હસવું નથી તો હસવું આવવું બંધ થઈ જશે. ક્રોધની બાબતમાં પણ એવું જ છે કે એક વખત નક્કી કરો કે ક્રોધ નથી કરવો પછી ક્રોધ આવતો બંધ થઈ જશે.

હરિન્દ્ર દવે માટે એવું કહેવાય છે કે ચા લઈને આવતા છોકરાને ભટકાઈ જતાં જો ચા ઢળી જાય તો તે છોકરાને સૉરી કહેતાં. રડવાનું પણ આવું જ છે. આ બધું ભાષાની જેમ છે. કોઈ પણ ભાષા બોલતાં રહો તો આવડી જાય અને બોલવાનું બંધ કરો તો બ્રેઈન્‌ને મૅસેજ્ મળી જાય કે હવે આનો ઉપયોગ નથી. તેથી તેને કચરાટોપલીમાં નાંખી દો. દરેક ભાવ કે સૅન્ટિમૅન્ટ્‌નો એ જ નિયમ છે કે તેને વર્કિંગ્ ઑર્ડર્માં રાખવો જોઈએ. આપણો સૅન્ટિમૅન્ટ્ (ભાવ) વર્કિંગ્ ઑર્ડરમાં રહે કારણકે સોસાયટીમાં તેની ઉપયોગીતા છે. આપણે સમજી શકીએ છીએ કે ક્રોધની ઉપયોગીતા નથી પરન્તુ ક્રોધ જ્યારે આપણને નિયમન કરતો થાય છે ત્યારે લફરું થઈ જાય છે. ક્રોધને આપણે નિયમન કરીએ તો તેની પણ ઉપયોગીતા છે. હસવામાં પણ તેવું જ છે. સાદડીમાં બેઠા હોઈએ અને હસવા લાગીએ તો તેનો મતલબ હસવું આપણને નિયમન કરે છે. રડવામાં પણ, દરેક વાતમાં રડવું આવે તે ખરાબ વસ્તુ છે પરન્તુ નિયન્ત્રિતરૂપમાં પ્રસંગોપાત રડતાં પણ આવડવું જોઈએ. તે નથી આવડતું તો એ આપણી અચેતના છે.

ભરતમુનિનો સિદ્ધાન્ત છે કે તમે તમારી day to day life માં ઍક્ટિવેટ્ નથી કરી શકતા તો ડ્રામામાં જઈને દરેક સૅન્ટિમૅન્ટ્‌ને

ઍક્ટિવ્ મોડ્માં રાખી શકો છો. ક્રોધ પ્રેમ વિસ્મય જુગુપ્સા દ્વેષ ના મૂડ્ને ત્યાં કોઈ નુકસાન નથી. ક્રાઈમ્ જોતાં ક્રિમિનાલિટી નહીં આવે પણ ક્રાઈમ્ને કેવી રીતે જોવું તેની સિફ્ત આવી જશે.

ભરતમુનિ કહે છે કે યોગી-મુનિ વિગેરે શાંત રસવાદી હોય છે એટલે બીજા ભાવોને નિંદિત માનતાં હોય છે. એક વિચારથી શાંતરસનો જબરદસ્ત સિગ્નિફિકન્સ્ છે પણ દરેક વખતે શાંત હોવું એ એક જાતની માંદગી છે. કોઈ વખત અશાંત થતાં પણ આવડવું જોઈએ. ભરતમુનિ સમજાવે છે કે રસ, નાટક-કવિતાની પ્રક્રિયાથી તમારા દરેક સૅન્ટિમૅન્ટ્ને નુકસાન કર્યા વગર ઍક્ટિવેટ્ મોડ્માં રાખી શકો છો. સોસાયટીમાં કોઈ ઉપર ગુસ્સે થઈએ તો નુકસાન થઈ જાય પણ ફિલ્મમાં વિલન ઉપર ગુસ્સે થઈએ એમાં નુકસાન થવાનું નથી છતાં ગુસ્સે થવાનો સૅન્ટિમૅન્ટ્ ઍક્ટિવ્ મોડ્માં રહે છે. ખિસામાં પૈસા હોય તો તમે ખર્ચી શકો. ભરતમુનિનો આ સિદ્ધાન્ત છે.

### અષ્ટરસ

ભરતમુનિ કહે છે **"શૃંગારવીરકરુણહાસ્યરૌદ્રભયાનકા: બીભત્સાદ્ભુત-સંજ્ઞા: ચ ઈતિ અષ્ટૌ નાટ્યે રસા: સ્મૃતા:"** (ભર.નાટ્ય.૬।૧૫) નાટ્યશાસ્ત્રમાં ૮ રસો હોય છે. જ્યારે નાટક બનાવો ત્યારે ૮માંથી કોઈ એક રસ ઉપર નાટક હોવું જોઈએ. નાટકમાં ઐતિહાસિક કૉમેડી સસ્પૅન્સ્ કે હોરર્, આ બધી થિમ્ (મુખ્યમુદ્દો) કહેવાય. થિમ્ને ભરતમુનિ 'રસ' કહે છે.

જ્યારે ચાઈનાએ ભારત ઉપર ઍટેક્ કર્યો ત્યારે આપણા સૈન્ય પાસે ન તો ઠંડીમાં પહેરવાના કપડાં હતાં ન બૂલેટ્ હતી. આર્મ્સ્ ઍન્ડ્ ઍમ્યુનેશન્ ની ફૅક્ટ્રીમાં કૉફીના પરક્યુલેટર્ બની રહ્યા હતાં તેથી તેઓ જીતી ગયાં. પરન્તુ આ ભૂલને નહેરુ સ્વીકારે તેવા ન હતા. જ્યારે લતા મંગેશકરે "એ મેરે વતનકે લોગો..." ગીત

નહેરુની સામે ગાયું ત્યારે નહેરુની આંખમાં જળહળીયાં આવી ગયાં અને હૃદયમાં કાંઈક અપરાધબોધ અનુભવાયો. આવો ભાવ કોઈ નેતા નોતો કરાવી શકતો કે તમે ભૂલ કરી છે પરન્તુ લતા મંગેશકરે તેમને અનુભવ કરાવ્યો કે તમારી ભૂલને કારણે આપણે અનેક જીવનો ગુમાવ્યા અને ભારતને હાર સ્વીકારવી પડી. આપણા દેશ સાથે આવી કરુણતા થઈ તેવું ધ્યાન પડે તો રડવું આવે.

### ભક્તિ, 'રસ' ક્યારે ?

આપણે જોયું કે આલંબન વિભાવ, ઉદ્દીપન વિભાવ અને સંચારીભાવ થી સ્થાયીભાવ નિષ્પન્ન થાય છે. Bharat muni has deep insight of human psychoanalysis how the sentiment has lingering mood and how lingering mood become 'ras' = relishable phenomena. વિભાવ (ઉદ્દીપન-વિભાવ, આલંબન-વિભાવ) અનુભાવ અને સંચારીભાવ થી જે મૂડ્ લિન્ગર્ઓન્ થતો હોય તેને 'સ્થાયીભાવ' કહેવાય. સ્થાયીભાવ હોય તો રૅલિશેબિલિટી (આસ્વાદ્ય) આવે, નહીં તો રૅલિશેબિલિટી આવતી નથી. ભકિતને જો આપણે રસ કહેવા માંગતા હોઈએ તો તેમાં તે ઍલિમૅન્ટ્ આવવા જોઈએ તો એ રસ કહેવાશે. તે ઍલિમૅન્ટ્ નહીં હોય તો ભક્તિ હશે પણ રસ નહીં હોય.

### ભરતમુનિદ્વારા શાન્ત અને ભક્તિ ને 'રસ' તરીકે અમાન્ય

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં ૮ રસને ગણાવ્યા છે પણ ભક્તિને રસ તરીકે ગણાવ્યો નથી. કારણકે ભકિતની બાબતમાં આપણો ઍક્સપૅક્ટેશન્ સિન્સીયારીટીનો (નિષ્કપટનો) હોય છે ઍક્ટીન્ગ્નો (ડોળનો) નહીં. આપણને ખ્યાલ આવે કે ભકિતનો ડોળ કરી રહયા છે, સિન્સીયર્ નથી તો ભકિતની રૅલિશિબિલિટી મરી પરવારતી હોય છે. ભલે બધા પૅરાફર્નેલિયા(સાધનસામગ્રી) ભક્તિના નથી પણ કોઈકની ભક્તિ સિન્સીયર્ છે એ ભકિતનો રંગ આપણને

પણ લાગતો હોય છે. એટલે ભરતમુનિને લાગતું હતું કે ભક્તિ સ્ટેજ ઉપર દેખાડવાની વસ્તુ નથી. ભક્તિ તો ભક્ત અને ભગવાન્ વચ્ચેનો પ્રેમાલાપ છે. આ પ્રેમાલાપને જો કોઈ વચ્ચે સાંભળવા આવે તો પણ ગુસ્સો આવે. ભરતમુનિ આ વાતમાં સાચા પણ છે કે ભક્તિને નાટકનાં રંગમંચ પર લાવી શકાતી નથી. તેથી શાંતરસને પણ રસ તરીકે ન્હોતો માન્યો કારણ કે શાંતની પરિભાષામાં એમ કહેવામાં આવે છે **"ન યત્ર દુઃખં ન સુખં ન ચિન્તા ન દ્વેષરાગૌ ન ચ કાચિદિચ્છા, રસઃ સઃ શાન્તો કથિતો મુનિન્દ્રૈઃ સર્વેષુ ભાવેષુ સમપ્રમાણઃ"** (સાહિ.દર્પ.૩।૨૩૦) શાન્તરસમાં દુઃખની અનુભૂતિ/લાગણી ન હોય, સુખની પણ લાગણી ન હોય, દુઃખથી બચવાની પણ લાગણી ન હોય, સુખને મેળવવાની પણ કોઈ લાગણી ન હોય તેથી કોઈના પ્રત્યે દ્વેષની લાગણી ન હોય. કેમકે રાગ-દ્વેષ કોની તરફ થાય? જેનાથી સુખ મળે તેનાથી રાગ થાય, જેનાથી દુઃખ મળે તેનાથી દ્વેષ થાય પણ જ્યારે સુખ-દુઃખની લાગણી નથી કરે તો તેમાં રાગ-દ્વેષ કેવી રીતે થશે?


ગીતામાં સમત્વયોગ કહ્યો છે તે શાન્તરસ છે. **"દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ, વીતરાગ-ભય-ક્રોધ સ્થિતધીઃ મુનિઃ ઉચ્યતે"** (ભગ.ગીતા ૨।૫૬) દરેક વાતમાં સમતા. સુખમાં કે દુઃખમાં ઉચ્છલિત (ઍક્સાઈટ્) ન થવું. આવા રસનો સ્ટેજ ઉપર કેવી રીતે અભિનય થઈ શકે? કઈ જાતનો અભિનય કરો તો તે રસ રૅલિશેબલ્ થાય! સ્થિતપ્રજ્ઞતા એ શાન્તરસ છે. પણ તેનો ડ્રામા ન જોઈ શકાય. તેથી ભરતમુનિએ કહ્યું કે શાન્તરસ સ્ટેજ ઉપર લાવી શકાતો નથી. તેમણે ઘણા રિસ્ટ્રિક્શન્ મૂક્યા છે કે આ વસ્તુ સ્ટેજ્ ઉપર લાવી શકાય અને આ વસ્તુ સ્ટેજ ઉપર લાવી ન શકાય. તેમાં શાન્તરસ અને ભક્તિરસ ની બાદબાકી કરી છે.

જૂના જમાનામાં છાયા-નાટક થતાં. પડદા પાછળ લાઈટ્ મૂકીને

તેનો પડછાયો દેખાય. તેમાં ઍક્ટર્ પાછળ હોય અને કૅરેક્ટર્ આગળ દેખાય. અને સ્ટોરી ચાલે તેને 'છાયા-નાટક' કહેવાય. છાયા-નાટકમાં પણ જો શાન્તરસ આવી જાય તો અસહ્ય થઈ જાય. જીવનમાં, સ્ટેજ ઉપર કે છાયા-નાટક માં શાન્તરસ થઈ જાય તો આપણને બીક લાગે તેથી ભરતમુનિએ શાન્તરસનો ઈન્કાર કર્યો. આ રીતે ભક્તિરસને પણ તેમણે સ્વીકાર્યો નથી.

ભરતમુનિ કહે છે કે શાન્તરસ જે ડિસ્ટર્બ જ નથી કરતો તેને સ્ટેજ ઉપર લાવી નથી શકાતો પણ જે અશાન્ત છે જે ડિસ્ટર્બ કરે છે તેને સ્ટેજ્ ઉપર લાવી શકાય છે. એટલે અશાન્તરસને સ્ટેજ ઉપર લાવી શકાય છે.

અશાન્તરસોની ઈન્ટર્-રિલેશનશિપ્




**રતિ( શૃંગાર )** = જેમાં આપણને રુચિ થાય. જેનો વિરોધી છે **રૌદ્ર.** જેમ શાન્તનો વિરોધી અશાન્ત છે તેમ રતિ આપણને થાય

તો સ્વીટ્ ડિસ્ટર્બન્સ્ આવે જ. રુદ્ર = ભયંકર. ભયંકર હોય તો રતિ ન થાય, રતિ હોય તો ભયંકર ન થાય. યુરોપ-અમેરિકામાં કેટલાક લોકો ઍનાકૉન્ડા સાથે દોસ્તી કરી લે છે. તેમને તે રૌદ્ર નથી લાગતો. રૌદ્ર હોય ત્યાં રતિ નથી હોતી અને રતિ હોય ત્યાં રૌદ્ર નથી હોતું.

ઉત્સાહ( વીર )નું વિરોધી છે **ભય( ભયાનક )** ઉત્સાહ હોય ત્યાં ભય નથી લાગતો. જેમ હિમાલય ચડવાનો ઉત્સાહ હોય તો ઑક્સીજન્‌ની ઓછપનો ભય નથી લાગતો. ઉત્સાહ હોય તો વ્યક્તિ ક્યારે પણ નિરાશ થતો નથી.

શોક( કરુણ )નું વિરોધી હાસ્ય છે.

**જુગુપ્સા( બીભત્સ )** = ઘૃણા. તેનું વિરોધી છે **વિસ્મય( અદભુત )** જ્યાં ઍસ્ટોનીશ્‌મૅન્ટ્‌ના ભાવ હોય ત્યાં ઘૃણાના ભાવ ન હોય. જે જોવાની આદત નથી તેવું જોવાથી ઘૃણા થતી હોય છે. વિસ્મય = ઍસ્ટોનિશમૅન્ટ્. રોજે-રોજમાં જે ન જોતાં હોય તેવી વસ્તુ જોવામાં વિસ્મય થાય. જે થવા લાયક ન હોય (અન્‌બિકમિંગ્) તેને જ્યારે થતું જુઓ (બિકમિંગ્) ત્યારે ઘૃણા કે વિસ્મય નૅગેટિવ્ કે પૉજિટીવ્ મોડ્‌માં આવતા હોય છે.

ભરતમુનિ કહે છે કે આ ભાવોને ડ્રામાના સ્ટેજ્ ઉપર ઉતારી શકાય. પણ શાન્ત અને ભક્તિ ને સરખી રીતે સ્ટેજ્ ઉપર ન ઉતારી શકાય.

**“અથ શાન્તો નામ શમસ્થાયિભાવાત્મકો મોક્ષપ્રવર્તક:, સતુ તત્ત્વજ્ઞાનવૈરાગ્યાશયશુદ્ધયાદિભિ: વિભાવૈ: સમુત્પદ્યતે, તસ્ય યમનિયમાધ્યાત્મધ્યાનધારણોપાસનસર્વભૂતદયાલિંગગ્રહણાદિભિ: અનુભાવૈ: અભિનય: પ્રયુક્તવ્ય:, વ્યભિચારિણશ્ચ અસ્ય નિર્વેદસ્મૃતિધૃતિસર્વાશ્રમશૌચસ્તંભરોમાઞ્ચાદય: અત્ર આર્યા: શ્લોકા: ચ ભવન્તિ.”**

**“ મોક્ષાધ્યાત્મસમુત્થ: તત્ત્વજ્ઞાનાર્થહેતુસંયુક્ત: ।**

નૈ:શ્રેયસોપદિષ્ટ: શાન્તરસો નામ સમ્ભવતિ ।।
બુદ્ધીન્દ્રિયકર્મેન્દ્રિયસંરોધાધ્યાત્મસંસ્થિતોપેત: ।
સર્વપ્રાણિસુખહિત: શાન્તરસો નામ વિજ્ઞેય: ।।
ન યત્ર દુ:ખં ન સુખં ન દ્વેષો નાપિ મત્સર: ।
સમ: સર્વેષુ ભૂતેષુ સ: શાન્ત: પ્રથિતો રસ: ।।
ભાવા: વિકારા: રત્યાદ્યા: શાન્તસ્તુ પ્રકૃતિ: મત: ।
વિકાર: પ્રકૃતે: જાત: પુનસ્તત્રૈવ લીયતે ।।
સ્વં સ્વં નિમિત્તમ્ આસ્વાદ્ય શાન્તાદ્ ભાવ: પ્રવર્તતે ।
પુનર્નિમિત્તાપાયે ચ શાન્તએવ ઉપલીયતે ।।
એવં નવરસા: દષ્ટા: નાટ્યજ્ઞૈ: લક્ષણાન્વિતા: ।।
(ભર.નાટ્ય ૬।૮૩)

જોકે ભરતમુનિએ નાટ્યદર્શી સાધારણ જનો માણી શકે શાન્તરસને એમ ન સ્વીકારવા છતાંય નાટ્યાભિનેય આઠ રસોના સ્થાયીભાવોના વિકારોની કારણપ્રકૃતિ તરીકે માન્ય કર્યો હતો.

### અશ્વઘોષ-અભિનવગુપ્તદ્વારા 'શાન્તભાવ'ની રસમાં ગણના

તેમના ખચકાટને કાલિદાસના પહેલાં અશ્વઘોષ કવિએ ખંડિત કર્યો. તેમણે બુદ્ધચરિત્ર લખ્યું. તેનું પૂરેપૂરુ વર્ણન શાન્તરસની કવિતા છે. એમાં વર્ણવેલ શાન્તરસને એટલું માણી શકીએ છીએ કે લોકોને થયું કે ભરતમુનિ ક્યાંક ચૂકી ગયા છે. એટલે શાન્તરસને નાટ્યદર્શી લોકો માણી શકતાં નથી એ હકીકત નથી પણ શાન્તરસને માણી શકાય છે.

કાશ્મીરમાં આ બાબતનો સૌથી પ્રથમ રિવૉલ્ટ્ થયો. કારણકે ત્યાં ઍસ્થેટિશિયન્ હતા. ઍસ્થેટિક્ = philosophy of beauty. કાશ્મીરના ઍસ્થેટિશિયનોએ અશ્વઘોષ પછી પહેલીવાર ભરતમુનિ રચિત નાટ્યશાસ્ત્ર ઉપર કમૅન્ટ્રી લખી. એમાં સૌથી મહત્ત્વપૂર્ણ કમૅન્ટ્રી કાશ્મીર શૈવદર્શનના

અભિનવગુપ્ત જે ઍસ્થેટિશિયન્ અને ફિલૉસૉફર્ પણ હતા તેમણે લખી છે. તેમના મતમાં મહાદેવજી પણ બુદ્ધ જેવા હતા. હિમાલયમાં બિરાજ્યા હોવાથી શાન્તિથી ધ્યાન કરી રહ્યા છે. તેવું મહાદેવજીનું વર્ણન છે. પહેલાના જમાનામાં મહાદેવજીની મૂર્તિઓ વધારે ન હતી, શિવલિંગ જ હતા. અલ્લાઉદ્દીન ખિલજીએ નાલંદા અને તક્ષશિલા બાળી નાખ્યા ત્યારે બુદ્ધધર્મ ખતમ થઈ ગયો. ત્યારે જેટલી પણ બુદ્ધની મૂર્તિ હતી તેના કપાળ ઉપર ત્રીજું નેત્ર બનાવીને તેમના ભક્તોએ મહાદેવજીની મૂર્તિ બનાવી દીધી. બુદ્ધ પણ ધ્યાનમાં બેઠા છે, મહાદેવજી પણ ધ્યાનમાં બેઠા છે. ફરક ફક્ત મસ્તક ઉપર ત્રીજા નેત્રનો છે. બન્નેમાં શાન્તરસ પૂરેપૂરો અનુભવાય છે. એટલે કાશ્મીર શૈવદર્શને શાન્તરસને પહેલીવાર રીકૉગ્નાઈજ કર્યો. શાન્તરસને નાટ્યાત્મક કે કાવ્યાત્મક રીતે વ્યક્ત કરી શકાય છે. ઍલિફન્ટાની ત્રિમૂર્તિને સ્થાયીભાવથી દર્શન કરીએ તો મુખારવિંદ પર શાન્તરસ દેખાય. ડાબીબાજુનો ચહેરો શૃંગારરસનો છે, જમણીબાજુનો ચહેરો રૌદ્રરસનો છે. એક શિવના ત્રણ ચહેરા(ફેસ્) છે. એક-એક ફેસ્‌ને ધ્યાનથી જોઈએ તો એક જ શિવમાં ત્રણ ભાવ પ્રકટ કર્યા છે. એમાં શાન્તરસ મુખ્ય છે. સંચારીભાવ તરીકે શૃંગાર = રતિ. રતિના ફેસ્‌માં પાર્વતીજીનું મુખ બનાવી દીધું છે. રૌદ્રરસના ફેસ્‌માં ભૈરવનું મુખ બનાવી દીધું છે. ઍલિફન્ટાની ત્રિમૂર્તિમાં વિરુદ્ધધર્માશ્રય રસનું સ્વરૂપ કેવી રીતે દર્શાવ્યું છે તે સમજી શકાય છે. અજંતાની ગુફામાં બુદ્ધના એક ફેસ્ પર ત્રણ ભાવો વ્યક્ત કર્યા છે. ડાબી બાજુ પ્રકાશ નાખો તો એક ભાવ દેખાય, જમણી બાજુ પ્રકાશ નાખો તો બીજો ભાવ દેખાય અને આગળથી પ્રકાશ નાખો તો ત્રીજો ભાવ દેખાય.

ભરતમુનિની એક ચૂક થઈ ગઈ કે શાન્તરસના સ્થાયીભાવમાં પણ સંચારીભાવ તરીકે રતિ-રૌદ્ર આવી શકે છે. જો રડતાં-રડતાં હસવું આવી શકે તો શાન્તમાં અશાન્ત કેમ ન આવી શકે? માણસમાં

કસબ હોય તો આવે. એટલે સંચારીભાવથી નિષ્પન્ન શાન્તરસ કેમ ન હોઈ શકે?

**ભાગવતદ્વારા ભક્તિને 'રસ'ની માન્યતા**

૧૯૫૦-૬૦ના વર્ષમાં અમેરિકાનો જાસ્ સિંગર્ નૅટ્ કિન્ગ્ કૉલ્ હતો. તેનું એક પ્રસિદ્ધ ગાયન છે Sometime i love you sometime i hate you but when i hate you it's cause i love you. લવ્માં હૅટ્રેડ્ છે અને હૅટ્રેડ્માં લવ્ છે.

ભાગવતે આ વાત ૫૦૦૦ વર્ષ પહેલાં કરી છે. "[૧] **મલ્લાનામ્ અશનિ: [૨] નૃણાં નરવર: [૩] સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્ [૪] ગોપાનાં સ્વજનો, [૫] અસતાં ક્ષિતિભુજાં શાસ્તા [૬] સ્વપિત્રો: શિશુ: [૭] મૃત્યુ: ભોજપતે: [૮] વિરાડ્ અવિદુષાં [૯] તત્ત્વં પરં યોગિનાં [૧૦] વૃષ્ણીનાં પરદેવતા ઈતિ વિદિતો રઙ્ગં ગત: સાગ્રજ:"** (ભાગ.પુરા.૧૦|૪૩|૧૭) એક સાથે કૃષ્ણે બધા રસો પોતાની પર્સનાલિટીમાં પ્રકટ કર્યા. કંસના દરબારના રંગમંચ ઉપર જ્યારે કૃષ્ણે પ્રવેશ કર્યો ત્યારે પહેલવાનોને વિજળી સમાન સ્ફૂર્તિવાળો પહેલવાન આવી ગયો એવું લાગ્યું, નગરજનોને લાગ્યું કે કોઈ શ્રેષ્ઠ પુરુષ આવ્યો છે, સ્ત્રીઓને સાક્ષાત્ કામદેવ લાગ્યા, ગોપ-બાલકોએ અને સ્વજનોએ ઠેકડી ઉડાડી કે કાલે અમારી સાથે હતો તે આજે કેવી છટાથી જઈ રહ્યો છે, દુષ્ટ રાજાને લાગ્યું કે અમને દંડ આપવા માટે આવ્યો છે, કંસને લાગ્યું કે મૃત્યુ આવ્યું છે, જે લોકો સૅન્સેટિવ્ ન હતા તેમને ઘૃણા થઈ કે આવા ગંદા કેશ અને શરીરે લોહીના છાંટા પડ્યા છે તેવો કોણ આવ્યો, યોગીઓને શાન્તતત્ત્વ લાગ્યા. કૃષ્ણમાં શાન્તરસ દેખાયો, કૃષ્ણ જે કુળમાં જન્મ્યા તે વૃષ્ણિઓને કૃષ્ણમાં જન્મથી જ ભક્તિ થઈ રહી હતી તેમને ભક્તિરસ પ્રકટ થયો કે આતો અમારો દેવતા આવી ગયો છે. આ રીતે કૃષ્ણનો પ્રવેશ થયો. એક જ વખતે કેટલા બધા ભાવોને ઑડિયન્સ્માં ઈન્સ્ટિગેટ્ કરે છે! કૃષ્ણમાં દરેક

જાણને વિવિધ રસોનો ભાવ થયો.

આપણામાં કસબ હોય તો એક રસમાં અનેક રસ પ્રકટ થઈ શકે છે. જેમ સામાન્ય રીતે વનસ્પતિ તૃણ = ઘાસ, ગુલ્મ, લતા, વેલ કે ઝાડ હોય છે. પણ બૅન્ગલોર્માં વૃક્ષ ઉપર ગુલાબની કલમ કરીને ૬ ફુટ્ ઉપર ગુલાબ ઉગાડયા, કારણ માળીમાં કસબ હતી. કવિ કે નાટકના લેખકમાં કસબ હોય તો શાન્તરસનો પણ ડ્રામા થઈ શકે છે. સૅમ્યુઅલ્ બૅકેટ્ના "waiting for Godot નાટકમાં absurdity ને પણ રસરૂપે માણી શકાય છે. એનું સૌથી મોટું પ્રમાણ ટી.વી. પર આવેલી રામલીલા. જે લોકો રામલીલા નહોતા જોતાં તે લોકો પણ જોતાં થઈ ગયાં. રામમાં નહોતા માનતાં તે લોકો માનતાં થઈ ગયાં. નાટકમાં કસબ હોવી જોઈએ કે અભિનેતાને અભિનયની સાથે એવી રીતે આઈડેન્ટિફાય્ કરો કે audience can identify with you and can enjoy drama only where you can identify with some character of drama. so actor is equivellent to character. character = audience. તો ઑડિયન્સ્ = એક્ટર્ થઈ જતી હોય છે. એ ઈક્વિવેલેન્સ્નો ત્રિકોણ છે. જેમ શિવાજી રંગમંચ પર પ્રવેશ લે તો આપણને તેવું ફિલ્ થવું જોઈએ કે શિવાજીનો પ્રવેશ થયો. જો માથું ખંજવાળતા આવતા હોય તો શિવાજીનો અનુભવ થાય નહીં. કૅરેક્ટર્ને ઍક્ટર્ જીવિત કરી શકે છે તો ઑડિયન્સ્ પોતાને એ કૅરેક્ટર્ સાથે આઈડેન્ટિફાય કરશે. રસની આ શરત છે. અને આનું નામ 'રસ' છે.

જ્ઞાનમાં જે ન હોય અને અનુભવાય તો તેને 'ભ્રાન્તિ' કહેવાય. દા.ત. દોરડા ઉપર સાપની ભ્રાન્તિ. હવે ઍક્ટર્ શિવાજી નથી પણ ઍક્ટર્માં શિવાજી દેખાતો હોય તો તેને ભ્રાન્તિ કહેશો? ના. જો તમને ભ્રાન્તિ લાગે તો નાટક જોવાને તમે લાયક નથી. નાટક જોવાની લાયકાત ક્યારે આવે જ્યારે શિવાજીનો આબેહૂબ અભિનય

કોઈ કરતો હોય ત્યારે દિલમાં શિવાજીને જોવાનું સ્વીટ્ ડિસ્ટર્બન્સ્ જાગે. બુદ્ધ અને શિવજી માં જેવી રીતે શાન્તરસ છે એ ભાવ આપણા દિલમાં જગાવી શકતો હોય તો તેને 'રસ' કહેવાય. જગાવી ન શકતો હોય તો રસ પ્રકટ ન થાય.

ભરતમુનિ શાન્ત અને ભક્તિ ને રસ કહેવાનું ચૂકી ગયા પણ પાછળથી જ્યારે શાન્તરસ સ્થાપિત થયો ત્યારે ભાગવતમાં પણ ભક્તિને **"વૃષ્ણીનાં પરદેવતા ઈતિ"** એમ કહીને ભક્તિને રસ તરીકે બતાવી. રંગમંચ ઉપર કૃષ્ણની જે રીતે ઍન્ટ્રી થઈ અને જેના હૃદયમાં જેવી વાસના હતી તે વાસના મુજબ તે કૃષ્ણ સાથે આઈડેન્ટિફાય્ કરી શક્યો. ત્યાં જે માતા-પિતા હતાં( યશોદાજી-નંદરાયજી છોડીને બીજા ) તેમના હૃદયમાં પણ વાત્સલ્યભાવ પ્રકટ થઈ ગયો. તેવી રીતે ત્યાં જે-જે ઉપસ્થિત હતાં તેમને તેમનાં ભાવને અનુરૂપ પ્રભુનાં દર્શન થયાં.

**"આકારૈઃ ઈંગિતૈઃ ગત્યા ચેષ્ટયા ભાષણેન ચ નેત્રવક્ત્રવિકારૈઃ ચ ગૃહ્યતે અન્તર્ગતં મનઃ"** ( મનુસ્મૃતિ ૮।૨૬ ) તમારો આકાર, ઈશારો, ચાલવાની સ્ટાઈલ્, બોલવાની સ્ટાઈલ્, આંખ અને મોઢાના ભાવો એ બધાં તમારા મનમાં શું ચાલી રહ્યું છે તેની ગવાહી આપતાં હોય છે. ત્યારે ઑડિયન્સ્ને એમ જ લાગે કે આ એક્ટર્ નથી રાવણ જ છે.

પહેલી વખતે કલકત્તામાં હરિશ્ચન્દ્રનું નાટક ટાગોરે કરાવ્યું હતું. તેમાં દુર્વાસા ઋષિ હરિશ્ચન્દ્રના સત્યની પરીક્ષા કરવા માટે બહુ ત્રાસ આપે છે તેવો સીન્ હતો. આ જોઈને ઑડિયન્સમાંથી એક જણ જઈને દુર્વાસાને મારવા લાગ્યો. બધાં છોડાવવા ગયાં પણ ઍક્ટરે એમ કહ્યું કે આ દર્શકે મારી સાચી કદર કરી. કારણકે દુર્વાસાનું પાત્ર વિલન્નું છે અને ઍક્ટિંગ્ જોઈને જો દર્શકને ગુસ્સો

આવી જાય તો અભિનેતા માટે તે રિવૉર્ડ કહેવાય. જ્યાં ઑડિયન્સ્ અને અભિનેતા ની વચ્ચે આવું આઈડૅન્ટિફિકેશન્ ઍસ્ટાબ્લિશ્ થાય છે, પુસ્તક અને તેના વાંચનાર ની વચ્ચે, ગાયક અને ગીત સાંભળનાર ની વચ્ચે જ્યારે આવું આઈડૅન્ટિફિકેશન્ ઍસ્ટાબ્લિશ્ થાય છે ત્યાં રસ પ્રકટ થાય છે.

એવો રસ ભગવદ્લીલાનું દર્શન કરીએ તો થાય કે નહીં? જો થતો હોય તો ભરતે જે પૅરામિટર્ (વિભાવ-અનુભાવ-સંચારી) બતાવ્યા છે તે ભક્તિ ઉપર લાગુ કરી શકાય. તેથી આપણે ચૈતન્ય સંપ્રદાય અને નિમ્બાર્ક સંપ્રદાય ભક્તિને રસ માને છે કેવળ ભાવ જ નથી માનતાં. આ ત્રણે ભક્તિવાદી (ભક્તિને રસ માનનારાં) સંપ્રદાય થયાં.

જોકે શ્રીરામાનુજાચાર્ય અને શ્રીમધ્વાચાર્ય ઈવન્ શ્રીશંકરાચાર્ય પણ ભક્તિવાદી છે પણ ભક્તિની બાબતમાં તેમનો ખ્યાલ રસ તરીકે લઈ શકાતો નથી. તેઓ ભક્તિને ભાવ માને છે.

## ભક્તિની વિવિધ પરિભાષા

કઈ જાતની ભક્તિ, રસરૂપમાં નિષ્પન્ન થઈ શકે છે અને કઈ જાતની ભક્તિનો ખ્યાલ રસરૂપમાં નિષ્પન્ન થઈ શકતો નથી તેના માટે 'ભક્તિ' એટલે શું તે જાણવું જરૂરી છે.

ભક્તિની બાબતમાં કોઈક કહે છે કે **"પરમાત્મવિષયકપરમાનુરક્ત્યવિરોધેન તત્પૂજાકથાદિવિષયકાનુરક્તિરૂપત્વમ્"** પરમાત્માની બાબતમાં પરમ અનુરાગથી જે વિરોધમાં ન જતો હોય તેવો અને પરમાત્માની બાબતમાં પૂજા-કથાની આપણા મનમાં લાગણી/રુચિ હોવી તેનું નામ 'ભક્તિ'. ભક્તિને ડિફાઈન્ કરવા માટે આ ઍલિમૅન્ટ્નું મહત્ત્વ સમજો. પરમાત્મા ન કહીએ તો દારૂડિયાને દારૂની બૉટલ્માં પરમ અનુરાગ

હોય છે, તો દારૂ પીવામાં પરમ અનુરાગ છે તેથી તેને ભક્તિ ન કહેવાય. ભક્તિ આત્યન્તિક પ્રેમ છે પણ કોની બાબતમાં હોય તો ભક્તિ કહેવાય અને કોની બાબતમાં ઍક્સ્ટ્રિમ્ પ્રેમ હોય તો પણ ભક્તિ ન કહેવાય, તેનો વિભેદ કરે છે કે પરમાત્માની બાબતમાં હોય તો 'ભક્તિ' કહેવાય. પરમાત્માની બાબતમાં હોય પણ અનુરાગ મનમાં જ રહેતો હોય, પ્રકટ (ઍક્સપ્રેસ્) જ ન થતો હોય તેને ભક્તિ ન કહેવાય. પરમાનુરાગ હોય તો કાંઈક પૂજા-કથા કરવી જોઈએ. ઠાકોરજીની સામે જઈને બેસી જાઓ અને ભાવ વ્યક્ત ન કરો તો કેટલી વાર પ્રભુ ઍન્ટરટેઈન્ કરે ?

ભક્તિની બીજી પરિભાષા. નારદભક્તિસૂત્રમાં નારદજી કહે છે **"તદર્પિતાખિલાચારત્વે સતિ તદ્વિસ્મરણે પરમવ્યાકુલતા"** (ના.ભ.સૂ.૧૫/૧૯) જે કાંઈ પણ કરતાં હોઈએ તેનું ઓરિયેન્ટેશન્ તે હોવું જોઈએ. એટલે જેની ભક્તિ કરી રહ્યા છીએ તે હોવો જોઈએ. એને બધું સમર્પિત છે પણ એને ભૂલી જાઓ તો, એટલે ભગવાન્થી છૂટા પડવાનું રડુ આવતું હોય તો ભક્તિ છે. જેમ માઁથી બાળકને છૂટા પડતાં રડવું આવે.

આમાં મુશ્કેલી એ છે કે ભક્તિનો આદર્શ કૅરેક્ટર્ હોઈ શકે. પણ માતૃભક્તિ પિતૃભક્તિ કે વાત્સલ્ય અને ભગવદ્ભક્તિમાં તફાવત દેખાતો નથી. મારું પુસ્તક કોઈ લઈ જાય તો પરમ વ્યાકુળતા થાય પણ તે ભક્તિ નથી. પુસ્તક પ્રત્યેનો મારો પ્રેમ છે. માતાની હાજરી બાળકમાં સલામતીનો ભાવ જગાડતી હોય છે એમ ભગવાન્ જે પણ આપણા દેવ હોય તેમાં તમારો અખિલાચાર અર્પિત કરતા હોવ અને એના અનુભવને કારણે જે સલામતીની લાગણી અનુભવાતી હોય અને એના વિસ્મરણથી અસલામતીનો અનુભવ થાય તો તે સ્નેહનું ચરમ લક્ષણ છે. But how far it can be distinguish from ordinary love and devotion. There must be some difference

betwen devotion and love.

દરેક સ્નેહને ભક્તિ ન કહેવાય. દરેક ભક્તિ સ્નેહાત્મક/રત્યાત્મક હોય છે પણ દરેક સ્નેહ/રતિ ભક્ત્યાત્મક નથી હોતો. રતિ અને સ્નેહ નું સર્કલ્ મોટું છે અને ભક્તિનું સર્કલ્ નાનું છે એનું કારણ મહાપ્રભુજીના હિસાબે શું છે તે પછી જોશું.

ભક્તિની ત્રીજી પરિભાષા છે : **"નિખિલભૂતગુહાશયસ્થભગવદ્ગુણ-શ્રવણત્વહેતુકત્વે સતિ અવ્યવહિતત્વે સતિ તદ્વિષયકાવિચ્છિન્નમનોગતિરૂપત્વ-મ્"** (ભાગ.પુરા.૩।૨૯।૧૧-૧૨) દુનિયાના કણ-કણમાં ભગવાન્ બિરાજમાન છે. એ ભગવાન્ના ગુણો સાંભળીને એમનામાં મનની અવિચ્છિન્ન ગતિ એટલે નિરન્તર એકધારવૃત્તિથી ભગવાન્માં ચિત્તની વૃત્તિ જોડાઈ ગઈ તેનું નામ 'ભક્તિ' છે. આ તો ભક્તિની આઈડિયલ્ કક્ષા છે. તેથી નીચેની કક્ષાની ભક્તિ નથી એમ કહી શકાય? એટલે ઍવરેસ્ટ્ પોતાની ટોચ પર ઍવરેસ્ટ્ છે તો ખીણમાં ઍવરેસ્ટ્ નથી? રાજાબાઈ ટાવર્નો ટોપ્-ફ્લોર્ જ રાજાબાઈ ટાવર્ હોય તો તેનો ગ્રાઉન્ડ્ ફ્લોર્ રાજાબાઈ ટાવર્નો નથી? એ પણ રાજાબાઈ ટાવર્ જ છે. ભક્તિને આવી રીતે ડિફાઈન્ કરવી એ ભક્તિને અભરાઈ પર ચડાવી દેવા જેવી વાત છે. ભક્તિ આ રીતે પરિભાષિત ન કરી શકીએ. This may be the characteristic of devotion at the highest stage. The defination must be applicable from the bottom to the top level. ભક્તિનું નિરૂપણ ખોટું નથી પણ પરિભાષા ખોટી છે.

માણસને બે પગવાળો જનાવર કહેવો ખોટું ડિસ્ક્રીપ્શન્ નથી પણ તે તેની પરિભાષા હોય તો કાગડા વાંદરા વિગેરે ઘણાને બે પગ છે. તો આ વર્ણન માણસ માટેની પરિભાષામાં ન ચાલે. પરિભાષા તરીકે ખોટી છે પણ નિરૂપણ સાચું છે.

ભગવાને ગીતામાં ભજનના ચાર પ્રકાર બતાવ્યા છે. **"આર્તો જીજ્ઞાસુ: અર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ!"** (ભગ.ગીતા ૭।૧૬) ચાર જાતના લોકો મારું ભજન કરે છે.

૧. **આર્ત** = જેને કાંઇ દુ:ખ આવી પડે એટલે ભગવાન્‌ને ભજવા સિવાય છૂટકો નથી.

૨. **જીજ્ઞાસુ** = જેને ભગવાન્‌ને જાણવાની ઈચ્છા હોય તે ભગવાન્‌ને ભજતો હોય છે.

૩. **અર્થાર્થી** = કોઈ ઈચ્છા પૂરી ન થતી હોય તો ભગવાન્ તો છે ને!

૪. **જ્ઞાની** = જે ભગવાન્‌ને જાણે છે તેને કારણે તેને સમજમાં આવે છે કે ભગવાન્‌ને ભજવા જોઈએ.

એમાં શ્રીશંકરાચાર્ય કહે છે જ્ઞાનીની ભક્તિ સાચી છે. આર્ત જીજ્ઞાસુ અર્થાર્થી ની ભક્તિ સાચી નથી ખોટી છે. **"ભગવદ્‌ભજનપરેષુ અર્થાર્થ્યાર્તજિજ્ઞાસુજ્ઞાનિષુ અન્તિમસ્ય જ્ઞાનલક્ષણા ભક્તિ:"** (ભગ.ગીતા - શાં.ભા.૧૮।૫૪)

શ્રીરામાનુજાચાર્ય કહે છે કે ભગવાન્‌માં અત્યર્થ ભક્તિ હોવી જોઈએ. **"પરમેશ્વરવિષયકાત્યર્થપ્રિયાનુભૂતિરૂપા "** (ભગ.ગીતા.રા.ભા.૧૮-।૫૪) Bhakti for the sake of bhakti જે તમને ગમતી હોય. અત્યર્થભક્તિ માટે શ્રીરામાનુજાચાર્ય ખુલાસો કરે છે કે અત્યર્થ ભક્તિને કારણે ભગવાન્‌ના ગુણોમાં તમારું મન છે, પ્રિયાનુભૂતિ થઈ રહી છે કે ભગવાન્ મને અત્યર્થ પ્રિય છે? ભગવાન્ માટે ભગવાન્ પ્રિય છે. ભગવાન્‌થી કોઈ કામ સિદ્ધ થાય છે એટલે ભગવાન્ પ્રિય નથી. એ ભક્તિ રતિ (emotion) નથી પણ કન્વિક્શન્ છે. બન્નેમાં થોડો ડિફરન્સ્ છે. Conviction means that is how you think all the time = permanent mind-set. ભગવાન્‌માં પ્રિયતા છે પણ મારા પાર્ટમાં એવું કન્વિક્શન્ (બૌદ્ધિક ધારણા) છે.

એક ભાઈને માણસોની સેવા કરવાની બહુ ધગશ હતી. ભગવાન્‌ની પ્રાર્થના છૂટે તે ચાલે પણ માણસની સેવા છૂટવી ન જોઈએ એ હદ સુધી સેવા કરતાં. એવા ભાઈ પાસે ઘરમાં એક ભિખારી આવીને કહે છે કે "ત્રણ દિવસથી મેં ખાધું નથી" તેમણે કહ્યું "ઑફિસ્‌માં મળજો, અહીં નહીં આવો. ત્યાં તમે સમયસર કેમ ન આવ્યા?" એટલે માણસની સેવા કરવી ગમે છે કારણકે માણસ પ્રિય છે એટલે નહીં પણ સેવા કરવી મને ગમે છે તેથી. That is my conviction. It is not emotional but it is an intellectual conviction. પુષ્ટિમાર્ગની દષ્ટિથી જુઓ તો આમાં તત્સુખનો વિચાર નથી, સ્વસુખનો વિચાર છે કારણકે મારું મન તે પ્રકારે બનાવી દીધું છે. જ્યારે લાગે કે ભક્તિ મારું કર્તવ્ય છે, ભક્તિ કર્યા વગર તો હું રહી નહીં શકું ત્યારે કન્વિક્શન્‌ થઈ ગયું. Because i have made up mind that i have to mould my life in this particular way by serving all the people. I don't have faith in people but i have faith in my duty of serving other. I do not love other but i love my duty.

ચૈતન્ય સંપ્રદાય પણ ભક્તિવાદી છે. તેમની ભક્તિની પરિભાષા મુજબ **"અન્યાભિલષિતાશૂન્યત્વે સતિ જ્ઞાનકર્માદ્યનાવૃતત્વે સતિ આનુકૂલ્યેન શ્રીકૃષ્ણાનુશીલનમ્‌"** (રૂપગોસ્વામી કૃત ભક્તિરસામૃતસિન્ધુ ૧।૧।૧૧) બીજા કોઈની અભિલાષા ન હોવી જોઈએ. એટલું પૂરતું નથી પણ જ્ઞાન કે કર્મ નું પોલ્યુશન્‌ પણ ન હોવું જોઈએ. કૃષ્ણનું અનુશીલન = દરેક વખતે કૃષ્ણની બાબતમાં ખોયા-ખોયા રહેવું તેનું નામ 'ભક્તિ'. આ ચૈતન્ય સંપ્રદાયની ભક્તિ છે. શા માટે એમ કહે છે, કારણકે ચૈતન્ય મહાપ્રભુનું કૅરેક્ટર્‌ પણ એવું જ હતું. હંમેશા કૃષ્ણમાં ખોવાયેલા રહેતાં હતાં. પહાડ દેખાય તો ગિરિરાજ સમજીને પરિક્રમા કરી લેતાં હતાં. નદી દેખાતી તો યમુનાજી માનીને ડૂબકી મારી લેતાં હતાં. તેઓ દરેક વખતે કૃષ્ણમાં તન્મય રહેતાં હતાં, અન્ય કોઈ

વસ્તુનો વિચાર કર્યા વગર. એમની ભક્તિની ઉંચાઇ હતી પણ પ્રૅક્ટિકલ્ ડિવોશન્ ન હતું.

આપણે ત્યાં લોજીક્ (વૈશેષિક) મતના પુરસ્કર્તાઓ છે. એમની પરિભાષા બહુ સારી છે. **"આરાધ્યત્વપ્રકારકજ્ઞાનરૂપત્વમ્"** (કિરણા.મં) આરાધના = ખુશ કરવું. તેનો વિરોધી થાય છે અપરાધ એટલે નાખુશ કરવું. તમે મારા આરાધક છો એટલે you make me please. આ વ્યક્તિને ખુશ કરવા જેવી છે એવી મારી સમજ તેનું નામ 'ભક્તિ'. Still it is not emotion, it is understanding but understanding with the tint of emotion that i want to make him happy.

**ભક્તિની ભાગવતોક્ત પરિભાષા**

ભક્તિની આ બધી પરિભાષા પછી મહાપ્રભુજી કહે છે કે સૃષ્ટિ પ્રકટ કરતાં પહેલાં ભગવાને બ્રહ્માજીને ઉપદેશ આપ્યો હતો **"અહમ્ આત્મા આત્મનાં ધાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ અતો મયિ રતિં કુર્યાદ્ દેહાદિઃ યત્કૃતે પ્રિયઃ"** (ભાગ.પુરા.૩।૯।૪૨) તમારા દેહમાં આત્મા છે તે આત્મામાં પરમાત્મા તરીકે હું છું. તમે જે બહારની વસ્તુઓને ચાહો છો તે શા માટે? કારણકે તમારા દેહને શાંતિ પહોંચાડે છે. જમવાનું રમવાનું ખાવાનું જે કાંઈ આપણા દેહને તકલીફ આપે તો આપણને ગમતું નથી. દેહને અનુકૂળ આવે તે વસ્તુ આપણને ગમે છે. દેહ કેમ ગમે છે? કારણકે આત્મા ગમે છે. આત્માની ભીતર હું છું. ખરેખર તો તમે મને ચાહી રહ્યા છો પણ તમને ખબર નથી કે મને ચાહી રહ્યા છો. નાના બાળકને માતાનું દૂધ ન મળે તો અંગૂઠો ચૂસવા લાગે. હકીકતમાં તે અંગૂઠાને નથી ચૂસી રહ્યો પણ માતાનું દૂધ માંગી રહ્યો છે તેવી રીતે તમને દેહ પ્રિય છે, દેહને લાગતું-વળગતું ઘર પ્રિય છે, દેહ પ્રિય લાગે છે આત્મા પ્રિય છે એટલા માટે. અને આત્મા પ્રિય છે કારણકે આત્માની ભીતર પરમાત્મા છે માટે. પણ (પરમાત્મા)

પ્રાપ્ત નથી એટલે આ બધાનાં અંગૂઠા તમે ચૂસી રહ્યા છો. તમે જાણો કે ન જાણો, માનો કે ન માનો કોઈ પણ હોય, બધાં પરમાત્માને ચાહે છે એ ભગવાન્નો ઉપદેશ છે. ભગવાન્ કહે છે Everybody loves me because i am the source of all love. I am not only the source of creation. I am not only the source of understanding but i am the source of entire love gamut. Therefor You love only me but you are not aware of it.

## મહાપ્રભૂપદિષ્ટ ભક્તિની પરિભાષા

મહાપ્રભુજી કહે છે કે રતિ તમારામાં સિદ્ધ છે પણ અંગૂઠો ચૂસવાની આદત પડી ગઈ છે. એને છોડાવવા માટે બીજી કોઈ આવશ્યકતા નથી. ભગવાન્નું માહાત્મ્ય સમજી જાઓ કે રતિનો સ્રોત તે છે. એટલે માહાત્મ્યજ્ઞાનપૂર્વક રતિ છે તે ભક્તિ છે. ભગવાન્નું આવું માહાત્મ્ય સમજ્યા પછી તમારી ભક્તિ અંગૂઠો છોડીને દૂધ પીવામાં પરાયણ થાય તે ભક્તિ. **"માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોઽધિકઃ સ્નેહો 'ભક્તિ'"**(ત.દી.નિ.૧૪૨) આ માહાત્મ્યજ્ઞાનપૂર્વક તમારામાં જે સ્નેહ છે તેને 'ભક્તિ' કહેવાય છે. તે ભક્તિ રસ છે કે નહીં તેના માટે મહાપ્રભુજીએ સેવાનો આખો કાર્યક્રમ ગોઠવ્યો છે.

## સેવાભિનયદ્વારા ભક્તિની રસરૂપતા

સેવામાં પ્રભુ આલંબન વિભાવ છે. લીલાના પદો, પિછવાઈ ઉદ્દીપન વિભાવ છે, શણગાર વસ્ત્ર સાજ-સજાવટ માં પ્રભુના ઍક્સપ્રેશન્ અનુભવાય તે ઠાકોરજીનો અનુભાવ છે. દાનલીલા કે માખણ ચોરી ની પિછવાઈ લગાવી હોય તો દર્શન થાય કે ઠાકોરજી માખણ ચોરી રહ્યા છે તે અનુભાવ છે. ઠાકોરજીને સહેરાના શૃંગાર કર્યા હોય તો તેવું લાગે કે ઠાકોરજી પરણવા જઈ રહ્યા છે. બાલભાવના ટોપી વિગેરેના શૃંગાર કર્યા હોય તો લાગે કે ઠાકોરજી બાલક જેવા છે. એ ઍક્સપ્રેશન્ ઠાકોરજીમાં પ્રકટ થાય છે.

સંચારીભાવમાં જુદા-જુદા ભાવો આવી રહ્યા છે. જેમ હોળીના દિવસોમાં ઠાકોરજીને ગાળો પણ આપીએ છીએ અને પછી આરતી કરીને દંડવત્ પણ કરી શકીએ છીએ. તો ઠાકોરના દાસ અને સખા પણ બની જતાં હોઈએ છીએ. ક્યારેક ઠાકોરજીને જગાવતાં હોઈએ ત્યારે યશોદાજી બની જતાં હોઈએ છીએ. ક્યારેક સખા ક્યારેક આત્મા બની જઈએ છીએ, પરમાત્મા માનીને. ક્યારેક ભગવાન્ માનીને પૂજા કરતાં પૂજારી બની જતાં હોઈએ છીએ. આ બધાં સંચારીભાવો છે. આ સંચારીભાવોમાં લિંગરિન્ગ્નો( દીર્ઘકાલ ) આપણો મૂડ છે તે એ કે ખરેખર તૂ જ મને ગમે છે. તુ ગમે છે તેથી બધું ગમે છે. તુ ન ગમતો હોય તો મને કોઈ વસ્તુ ગમતી ન હોત. તુ ગમે એટલે દુનિયા ગમે છે. તુ ન ગમતો હોત તો મને મારી જાત પણ ન ગમતી હોત. આને મહાપ્રભુજીના હિસાબે ભક્તિ કહેવાય. એટલે વિભાવ અનુભાવ સંચારીભાવ થી નિષ્પન્ન જે સ્થાયીભાવ છે તે 'ભક્તિ' છે. તે ભક્તિમાં ભરતમુનિએ રસના જે ઍલિમૅન્ટ્ આપ્યા છે તે આ પ્રક્રિયામાંથી પસાર થાય ત્યારે તે રસ થશે. આપણે ત્યાં સેવાનો આખો કાર્યક્રમ ભક્તિના ભાવને રસભાવમાં કલ્મિનેટ્ કરવાનો પ્રોગ્રામ્ છે. પ્રદર્શન માટે નથી પણ તેને માણવા માટે છે.

પુષ્ટિમાર્ગના દુર્ભાગ્ય છે કે આપણે તેને ( સેવાને ) પ્રદર્શનનો વિષય બનાવી દીધો. જો રૅલિશ્ કરો તો સ્થાયીભાવ થઈ ગયો અને સ્થાયીભાવ થયો તો રસ થઈ ગયો.

એક ગજલમાં કહે છે ‘‘દશ્તે વહેશતકા સફર લગતા હૈ, ઈશ્ક ભી કારે હુનર લગતા હૈ, એક અજબ શખ્સ ભરા હૈ મુજમેં, આઈના દેખું તો ડર લગતા હૈ, આદમી ખુદસે ગર બિછુડ જાય, અપને સાયેસે ભી ડર લગતા હૈ.’’ Now a days journey appears to be travell in desert of madness. Even love, instead

of sincere emotion apprears to artificial craftmanship, what sort of person is there within me that i am afraid of lookimg at my own reflaction if a person breaks apart from his own self he starts fearing his own shadow પાગલપનના રણમાં હું પ્રવાસ કરી રહ્યો હોય એવું મને લાગી રહ્યું છે. આપણે પ્રેમમાં પારંગત થઈ ગયા છીએ. Love is expertise in craft. મારી ભીતર કઈ જાતનો માણસ ભરાઈ ગયો છે કે અરીસામાં મારો ચહેરો જોઉં તો મને બીક લાગે છે. તમે તમારાથી છૂટા પડી ગયા તો તમારા પડછાયાથી પણ ભય લાગશે.

આજે આપણી પુષ્ટિભક્તિ એવા તબક્કામાં જઈ રહી છે. ભક્તિ રસાત્મક રહી નથી. બધા પારંગત થઈ ગયા છે, કોઈ શણગારના, કોઈ સામગ્રીના, કોઈ મનોરથો નોંધવાના, કોઈ મનોરથો નોંધાવવાના, કોઈ છપ્પનભોગ અથવા હિંડોળાના. આ બધા ''કારે હુનર'' છે, પણ ભાવ નથી.

મહાપ્રભુજીના હિસાબે પુષ્ટિભક્તિ એ છે કે તમે જે feel કરી રહ્યા છો કે તમે જેને પ્રેમ કરી રહ્યા છો તેનો સ્રોત તે પોતે નથી પણ મારો ભગવાન્ છે. કારણકે હું ભગવાન્‌ને ચાહુ છું માટે હું જગત્‌ને ચાહુ છું. ભાગવત કહે છે **''ભગવદીયત્વેનૈવ પરિસમાપ્તસર્વાર્થા:''** (ભાગ.પુરા.પા૬।૧૭) આ જાતની સભાનતા જ્યારે આપણને જાગે ત્યારે બધું ભગવદીય છે, પછી કાંઈ કરવાનું રહેતું નથી. **''પરિસમાપ્તસર્વાર્થા:''** પણ જ્યારે ભગવદીય નથી લાગતો એટલે ભગવાન્ પણ ભગવાન્ નથી લાગતા કારે હૂનર લાગે છે ત્યારે ભક્તિનું નાટક છે. તેથી ભરતમુનિ ના પાડતાં કે ભક્તિને રંગમંચ ઉપર દર્શાવી (ઍન્-ઍક્ટેડ્) ન શકાય. ભરતમુનિની વાત ભક્તિને નાટકીય રૂપ આપવાના દષ્ટિકોણથી સાચી છે પણ જો આપણે ભગવાન્‌ને પ્રેમ કરતાં હોઈએ તો ભક્તિ પણ રસાત્મક

થઈ શકે છે તેમણે આપેલી પરિભાષાને આધારે. **"અહમ્ આત્મા આત્મનાં ધાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ, અતો મયિ રતિં કુર્યાદ્ દેહાદિઃ યત્કૃતે પ્રિયઃ"** (ભાગ.પુરા.૩।૯।૪૨) આ જે ઉપદેશ ભગવાને બ્રહ્માજીને આપ્યો હતો, મહાપ્રભુજી, ભક્તિની રસાત્મકતાના ચિન્હો અહીંથી શોધે છે. આ તો સૃષ્ટિની શરૂઆતથી ભક્તિની કથા ચાલી રહી છે પણ એ વૃંદાવનમાં ચાલી રહી હતી, પાગલપનના રણમાં નહોતી. આજે ભક્તિની કથા દશ્તે વહેશતમાં = પાગલપનના રણમાં ચાલી રહી છે. આજની ભક્તિ જોઈએ તો ભરતમુનિ સાચા છે કે ભક્તિનું ક્યારે પણ પ્રદર્શન કરી શકાય નહીં અને જો કરો છો તો તે ભક્તિ, ભક્તિ નથી રહેતી. જે ક્ષણે તમે તેને પ્રદર્શિત કરો છો તો ભક્તિ ખંડિત થઈ જાય છે, ફક્ત તમારી કલાનું પ્રદર્શન કરો છો.

## ૪.ભગવત્સેવામાં રસાનુભૂતિ *

સેવાનો વિષય મહાપ્રભુજીના સિદ્ધાન્ત પ્રમાણે અતિમહત્ત્વનો છે. મહાપ્રભુના મતે સેવા દરેક પુષ્ટિજીવે પોતાના ઘરમાં કરવી જોઈએ પણ પોતાના ઘરમાં અનુકૂળ ન હોય તો સેવાનો આગ્રહ ન રાખવો જોઈએ. સેવા પોતાના તનથી પોતાના ધનથી અને પોતાના પરિવાર સાથે કરવી જોઈએ.

મહાપ્રભુજીના સિદ્ધાન્ત પ્રમાણે સેવા રિચ્યુઅલ્ નથી. રિચ્યુઅલ્ = કર્મકાંડ. અહીં યજ્ઞ-યાગાદિ કર્મકાંડની વાત નથી કરતાં. જેમ આપણા પુત્ર-પુત્રીના લગ્ન વખતે જે અતિથિ-સત્કાર (રિસેપ્શન્) ગોઠવીએ એમાં સ્ટેજ્ ઉપર જ્યારે બધાં એક પછી એક આવતાં જાય તે વખતે દરેકની સામે હસતાં ચહેરા સાથે આવકાર આપીએ તો પણ એક મિનિટથી બીજી મિનિટ્ થાય ત્યાં સુધી તો બીજી વ્યક્તિ સાથે હાથ મિલાવી લેતાં હોઈએ છીએ. એટલે 'આવકાર' કર્મકાંડ થઈ જાય. આપણે હૃદયથી ઈચ્છતા પણ હોઈએ કે તેઓ આવે છતાં, તેમની હાજરીનો આનન્દ સ્ટેજ પર બે મિનિટ્થી વધારે લઈ શકતા નથી. ફક્ત અતિથિ-સત્કાર નહીં પરન્તુ આખી લગ્નની વિધિ કર્મકાંડ થઈ જાય છે. આપણે ત્યાં ગોર-મહારાજ લગ્ન વખતે બોલતાં હોય છે ‘‘આ સુલક્ષણી રત્નાભરણથી ભૂષિત લક્ષ્મીરૂપા કન્યાને હું તમને આપું છું’’ આ વાત કન્યાના પિતાએ બોલવી જોઈએ પરન્તુ તે નથી બોલતા પણ ગોર-મહારાજ બોલે છે. આગળ તેઓ એમ પણ બોલે છે ‘‘હું આ સુલક્ષણી કન્યાને સ્વીકારુ છું’’ જે વરરાજાને બોલવાનું હોવા છતાં વરરાજા બોલતો નથી. આપણે સમજી શકીએ કે આખી લગ્નવિધિ કેવી રીતે કર્મકાંડ થઈ ગઈ છે!

એવી રીતે સેવાની બાબતમાં પણ થયું છે. ઘણી બધી હવેલીઓમાં

*વલ્લભવેદાન્ત વર્ષ ૨૦૨૦ ના સર્ટિફિકેટ્ કોર્સમાં આપેલું લૅક્ચર્

જ્યારે સ્વરૂપ અતિ નાનું હોય ત્યારે દર્શનાર્થી, ઘોડાની રેસમાં જેવી રીતે દૂરબીન લગાડીને જોતાં હોય તેવી રીતે તેઓ પ્રભુને જુએ છે. તેમાં તેમને જો પૂછીએ કે તમે આટલા વર્ષથી પ્રભુને જોઈ રહ્યા છો તો અમુક ઉત્સવમાં પ્રભુ કયા શૃંગાર ધારણ કરે છે? તો તેની તેમને ખબર નથી હોતી. છતાં પ્રભુને જોવાનો કર્મકાંડ ચાલતો રહે છે. મહાપ્રભુજીના સિદ્ધાન્ત ન સમજવાને કારણે કે સમજ્યા પછી ન પાળવાને કારણે સેવાનો આખો સિદ્ધાન્ત કર્મકાંડમાં ફેરવાઈ ગયો.

આધુનિક સ્થિતિમાં એટલે જ્યારથી બ્રિટિશરો આવ્યા ત્યારથી ઔદ્યોગિક નગરોનો દોર શરૂ થયો. ત્યારથી નવી પેઢીના વૈષ્ણવોએ નિત્ય-નિયમથી હવેલીમાં દર્શન કરવાનું શરૂ કર્યું, ભલે તેમનાં પૂર્વજો ઘરમાં સેવા કરતાં હતાં. તેને કારણે સેવા નાટક (બીજાને દેખાડવા માટે) થઈ ગઈ. કારણ આટલા વિશાળ ફલકમાં સેવાનો ક્રમ એક પરિવારથી નિભાવી શકાતો નથી. મંદિરવાળાઓએ પણ તેને સંભાળવા માટે નોકરો રાખ્યા. મંદિરની આવક પ્રમાણે નોકરોની સંખ્યા પણ તે પ્રમાણે રહેતી. તેવી સ્થિતિમાં જેમને માથે ઠાકોરજી બિરાજતાં હતાં તેઓ ફક્ત આરતી કરતાં પણ તે આરતી સેવા નથી.

'આર્તિ'નો અર્થ એ કે જે સેવા તમે ન કરી શક્યા તેનું તમને દુઃખ થાય તેની આર્તિ થતી હતી. આપણે ત્યાં મર્યાદામાર્ગ પ્રમાણે પૂજાના ભાગરૂપે આરતી નથી થતી. મર્યાદામાર્ગમાં ફૂલ પાણી નૈવેદ્ય વસ્ત્ર થી પૂજવામાં આવે તે રીતે દીપથી પણ પૂજન થતું હતું એટલે ષોડશોપચારથી પૂજનના પ્રકારમાં આરતી એક પૂજનનો પ્રકાર હતો.

પુષ્ટિમાર્ગમાં 'આર્તિ' પૂજન નથી. આપણે ત્યાં આર્તિનો મુખ્યભાવ એ છે કે જેટલો વખત આપણે સેવા ન કરી શક્યા તેની મનમાં

આર્તિ કે દુઃખ હોવું જોઈએ. તે આર્તિ જ્યારે પ્રભુના દર્શન થાય ત્યારે તેમના ઉપર વારીએ છીએ. આર્તિ એટલે pain of separation આપણે ત્યાં વારેલી આર્તિ લેવાતી નથી. મર્યાદામાર્ગમાં આરતી એ પૂજનનો પ્રસાદ છે તેથી ત્યાં લેવાય છે.

હકીકતમાં પ્રભુની સેવા ન થઈ તેની આર્તિ થતી જ નથી. તેનાથી ઉલટું દર્શનાર્થીઓની માનસિકતા એવી છે કે પ્રભુના દર્શન ન કરે પણ આરતીના દર્શન કરે. આનો અર્થ એ કે તમે થિયેટર્માં જઈને પિક્ચર્ જોવા નથી માંગતા પણ ઍર્કન્ડિશન્માં સૂવા માંગો છો. સેવાની આવી વિપરીત પદ્ધતિ કે વિપરીત મહત્તા આપણે ત્યાં થઈ ગઈ છે જે મૂર્ખતાની ચરમકક્ષા છે.

સેવાની આ પદ્ધતિ સાધનામાં ભલે વિકૃત થઈ ગઈ પણ તેનો સિદ્ધાન્ત સમજવો અતિ જરૂરી છે. મહાપ્રભુજીએ ઘણાં ગ્રન્થો લખ્યાં જેમ સુબોધિનીજી, એ ભાગવતના સાચા અર્થને સમજવા માટે, ભાષ્ય લખ્યું તે બ્રહ્મસૂત્રના સાચા અર્થો સમજવા માટે, નિબન્ધ લખ્યો પોતાના સિદ્ધાન્તની સાચી સમજ માટે અને ષોડશગ્રન્થ એટલા માટે લખ્યા કે પુષ્ટિમાર્ગીયને સિદ્ધાન્તનું અનુસરણ કરવામાં આવતી સમસ્યાના સમાધાન અથવા ઉપાય માટે. પ્રૅક્ટિકલ્માં આવતી ડિફિકલ્ટીઓના ઉપાયો માટે ષોડશગ્રન્થ લખ્યા છે.

બીજા ગ્રન્થોમાં મહાપ્રભુજી એમ નથી કહેતાં કે આ મારો અભિપ્રાય છે. જેમ નિબન્ધમાં મહાપ્રભુજી કહે છે **"વેદાઃ શ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તત્ચતુષ્ટયમ્ ઉત્તરં પૂર્વસન્દેહવારકં પરિકીર્તિતમ્ અવિરુદ્ધન્તુ યત્ત્વસ્ય પ્રમાણં તચ્ચ ન અન્યથા"** (ત.દી.નિ.૧૧૭-૮) વેદ ગીતા બ્રહ્મસૂત્ર અને ભાગવતની સમાધિભાષા, એ ચારે ગ્રન્થોની એકવાક્યતાના આધારે જે અર્થ નીકળતો હોય તે અર્થ હું સમજાવવા માંગુ છું. અન્તમાં પણ એમ જ કહે

છે **“અર્થોયમેવ નિખિલૈરપિ વેદવાક્યૈ: રામાયણૈ: સહિતભારતપઞ્ચરાત્રૈ: અન્યૈશ્ચ શાસ્ત્રવચનૈ: સહ તત્ત્વસૂત્રૈ: નિર્ણિયતે સહૃદયં હરિણા સદૈવ”** (ત.દી.નિ.૧૧૦૪) બધાં જ વેદવાક્યોનો અર્થ આ છે. રામાયણ મહાભારત વિગેરે જે પણ માન્ય શાસ્ત્ર છે તેનો અર્થ આ છે. એટલે મહાપ્રભુજી તે ગ્રન્થોમાં શાસ્ત્રોનો અર્થ બતાવે છે.

ષોડશગ્રન્થમાં મહાપ્રભુજી કહે છે **“ઇતિ મે મતિ:”**(નવરત્ન) **“વલ્લભસ્ય હિતં વચ: ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિન્તતાં વ્રજેત્”** (અન્ત:કરણપ્રબોધ) **“વદતિ વલ્લભ: શ્રીહરે:”** (યમુનાષ્ટકમ્) અહીં બધા ગન્થોમાં મહાપ્રભુજી પોતાનો અભિપ્રાય કહે છે કારણકે તે-તે સેવકને જે પ્રૅક્ટિકલ્ ડિફિકલ્ટી સિદ્ધાન્તના અનુસરણ કરવામાં આવતી હતી તેના ખુલાસારૂપે આ ગ્રન્થો પ્રકટ થયાં છે.

આ સોળે ગ્રન્થોનો મુખ્ય મુદ્દો સેવા છે. બીજા ગ્રન્થોમાં સેવાના બૅક્ગ્રાઉન્ડ્રૂપે અથવા નિષ્કર્ષરૂપે કહ્યું છે પણ ષોડશગ્રન્થ આખો સેવાની મહત્તા બતાવે છે. મહાપ્રભુજીના મતે સેવાનો ડિવોશનલ્ સિગ્નિફિકેશન્ છે.

ભક્તિરસના વિચાર વખતે એ સમજ્યા હતા કે જેમના પ્રત્યે આપણો જે ભાવ છે ચાહે કામ ક્રોધ દ્વેષ વિગેરેનો તેને કૉરસ્પોન્ડિન્ગ્ જે વિષય હોય તેને ‘આલંબન વિભાવ’ કહેવાય. તે આલંબન વિભાવ પર આપણી એકાગ્રતા આવે અથવા ઍટેન્શન્ થાય તે જે-જે વસ્તુથી કરવામાં આવે તેને ‘ઉદ્દીપન વિભાવ’ કહેવાય. જેમ રસ્તામાં નિયોશાઈન્ બૉર્ડને કારણે આપણું ધ્યાન આકર્ષિત થાય. સંચારીભાવમાં કોઈ વખતે ગમે કે કોઈ વખતે ન પણ ગમે. જેમ અમેરિકાનો જાસ્ સિંગર્ નૅટ્ કિન્ગ્ કૉલ્ હતો. તેનું એક પ્રસિદ્ધ ગાયન છે Sometime i love you sometime i hate you but when i hate you it’s cause i love you. લવ્માં હૅટ્રેડ્ છે અને હૅટ્રેડ્માં લવ્ છે.

પ્રેમના સૅન્ટીમૅન્ટ્માં કોઈ વખત સ્નેહ અને તિરસ્કાર બન્ને આવતા હોય છે. જે સ્થિરભાવ છે તેને 'સ્થાયીભાવ' કહેવાય અને ટ્રાન્જિટરી છે તેને 'સંચારીભાવ' કહેવાય. આપણી સેવાનો સ્થાયીભાવ ભક્તિભાવ છે. સ્થાયીભાવના ઍક્સપ્રેશન્ને 'અનુભાવ' કહે છે. experienc = અનુભવ expression = અનુભાવ. આપણા હૃદયમાં કોઈક ફીલિન્ગ્ કે ભાવ હોય તો આપણી આંખમાં પ્રકટ થાય છે. કોઈના માટે સ્નેહ હોય તો આંખ અને મોઢા પર દેખાશે. કોઈક પ્રત્યે ભય હશે તો ભય આપણા મોઢા પર દેખાશે. કોઈકનાં માટે વિસ્મયનાં ભાવ હશે તો તે આંખમાં દેખાશે તે 'અનુભાવ'.

જે ઠાકોરજીની આપણે સેવા કરીએ છીએ તે ઠાકોરજી આલંબનવિભાવ છે. એમાં સ્થાયીભાવ છે ભક્તિભાવ. સેવા એનો અનુભાવ છે. પ્રભુનાં કીર્તન ગાઈએ કે ઉત્સવની કથાને વાગોળીએ છીએ, જેમ જન્માષ્ટમી વખતે પ્રભુની જન્મકથા કે હોળીમાં પ્રભુ હોળી રમ્યા, તે ઉદ્દીપન વિભાવ છે. પ્રભુની પાછળ રાસ દાન ગોચારણ વિ. પિછવાઈ લગાવીએ અથવા ખિલોનાં સાજીએ કે નાટકનાં રંગમંચ પર પાછળ જંગલનો પડદો લગાવીએ અને કલાકાર ચાલે તો જંગલમાં ચાલે છે તેવો અનુભવ થાય તે બધું ઉદ્દીપન વિભાવ.

આપણી સેવાના આ પ્રકારને જોઈને કોઈકે એવું કહયું કે "પુષ્ટિમાર્ગની સાધના-પ્રણાલી આધ્યાત્મિક ઓછી છે અને નાટકીય વધારે છે" આવું નિરૂપણ મને ખૂંચતું હતું પણ જૅમ્સ્ ડી રેડિન્ગટન્ જે હાવર્ડ યુનિવર્સિટીનાં પ્રોફેસર છે, જેઓ મારી પાસેથી ષોડશગ્રન્થ ભણવા ત્રણ વર્ષ રહ્યા હતા; મુંબઈ યુનિવર્સિટીમાંથી પી.ઍચ.ડી. અને હાવર્ડથી સુબોધિનીપર પી.ઍચ.ડી. કરી. તેમણે એક સરસ વાત કરી કે કયો ધર્મ એવો છે કે જેની સાધનામાં ડ્રામા નથી. જેમ ક્રિશ્ચ્યનોમાં (eucharist) યુકેરિસ્ટ્ નિયમ છે જેમાં ચર્ચના અલ્ટાર ઉપર બ્રેડ્ અને દારૂ મૂકવામાં આવે. એમાં ભાવના એ

છે કે દારૂ એ ક્રાઈસ્ટ્નું બ્લડ્ છે અને બ્રેડ્ એ એમનું માંસ છે. દરેક ક્રિશ્ચ્યને વર્ષમાં એકવાર આ રિચ્યુઅલ્ કરવાની હોય છે. એમાં ક્રાઈસ્ટ્નો આશય એ છે કે હું તમારું જીવન છું જેવી રીતે બ્રેડ્. આ ડ્રામા ક્રાઈસ્ટે પોતે કર્યો અને આ ડ્રામા કૅથોલિક ક્રિશ્ચ્યનો માટે નિયમ છે. એટલે દરેક ધર્મમાં ડ્રામા તો હોય જ છે.

અહીં ડ્રામા અને રિચ્યુઅલ્ નો ડિફરન્સ્ સમજવો જરૂરી છે. ડ્રામા બીજા માટે કરતાં હોઈએ છીએ અને રિચ્યુઅલ્ ભગવાન્ સાથેના આધ્યાત્મિક સંબંધને દઢ કરવા માટે છે. આવી રીતે જ્યારે તમે સેવાને બીજાને દેખાડવા માટે કરો છો ત્યારે તે ડ્રામા છે પણ જ્યારે આપણા ઠાકોરજી સાથે કરીએ છીએ ત્યારે પ્લેફુલ્ (રમત) રિચ્યુઅલ્ છે. લગ્નવિધિમાં સોપારી મૂકીને કહીએ છીએ "ગણપતયે નમ:" સોપારીમાં ગણપતિજી માનીને નમન કરવું એ ડ્રામા તો છે ને! આમાં કોઈને બતાવવા માટે નથી કરતાં પણ વિધિમાં ગણપતિજી સાથેનું ઈન્વૉલ્વમૅન્ટ્ બતાવી રહ્યા છે. લગ્નની આખી વિધિ ડ્રામા જ છે ને! બીજા માટે કરતાં હોવ તો ફ્રોડ્ છે. આપણી સેવા આપણા સેવ્ય સાથે જોડવા માટે છે. પ્રભુ જે આપણો આલંબન વિભાવ છે તેના પ્રત્યેનો આપણો અનુભાવ સેવા છે. Because i am devoted to you what can i do for you. I can offer you anything which you and me consider as our. whatever our expression are, that may be a drama but it is our pious devotional feeling not for exibition.

જે ફીલિંગ્ આપણને જેના માટે હોય તે જ્યારે આપણે ઍક્સપ્રેસ્ કરીએ તો મનમાં હળવાશ આવે છે. તેવી રીતે પ્રભુ માટે આપણને વહાલ આવતું હોય અને આપણે તેને ઍક્સપ્રેસ્ ન કરીએ તો ડિપ્રેશન્ આવવું જોઈએ. આપણા ભક્તિભાવના અનુભાવ માટે કોઈક એવી જગ્યા હોવી જોઈએ, જે આપણા ઘરમાં આપણું મંદિર

છે. ઉપર સમજાવ્યું તે પ્રમાણે પ્રભુ આલંબન વિભાવ છે, ઉત્સવોની કથા ઉદ્દીપન વિભાવ છે, સેવા વખતે ક્યારેક ઉમળકો થકાન આનન્દ વિગેરે થવો એ સંચારીભાવ છે. તે બધો જ્યારે સેવાના રૂપમાં આપણે પ્રકટ કરીએ છીએ ત્યારે તે 'અનુભાવ' છે. સેવાની મહત્તા આપણે રસશાસ્ત્રની દષ્ટિથી અને આધ્યાત્મિક દષ્ટિથી જોઈ.

ષોડશગ્રન્થમાં યમુનાષ્ટકથી સેવાફલ સુધી બધાં ગ્રન્થોનો મુખ્ય ભાર સેવા પર જ છે. યમુનાષ્ટકમાં મહાપ્રભુજી કહે છે **"મમાસ્તુ તવ સન્નિધૌ તનુ-નવત્વમેતાવતા...ભવતિ વૈ મુકુન્દે રતિઃ"** (યમુનાષ્ટકમ્ ૭-૯) હે યમુનાજી! તમારી સન્નિધિમાં કૃષ્ણ પ્રત્યેની મારી રતિ એટલી વધે કે મને તનુ-નવત્વ થઈ જાય. 'તનુ-નવત્વ' એટલે Renewal of body જેમ મોબાઈલ્માં સીમ્કાર્ડને રીચાર્જ કરાવીએ તેમ. રીચાર્જ એટલા માટે થાય કે તારી સેવા નભે. મારા ભાવ ક્રિયા અને જ્ઞાન થી સેવા કરી શકું. આ સેવાની શરૂઆત યમુનાષ્ટકમાં આવી અને સેવાફલમાં કહે છે **"યાદશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમ્ ઉચ્યતે અલૌકિકસ્ય દાનેહિ ચાદ્યઃ સિદ્ધયેદ્ મનોરથઃ"** યમુનાષ્ટકથી સેવાફલ સુધી જે રીતે સેવા કહેવામાં આવી છે તે સેવા સિદ્ધ થાય તો તેનું ફલ અલૌકિક સામર્થ્ય, સેવોપયોગિદેહો વૈકુણ્ઠાદિષુ કહ્યું છે એટલે સેવાનું ફલ સેવા જ છે. જેમ રમતનું ફલ રમતનો આનન્દ જ છે. સેવા કરવામાં આનન્દ આવે તો અલૌકિક સામર્થ્ય અને કંટાળો કે બોર્ થઈ જઈએ તો સેવા વ્યર્થ થઈ ગઈ. અલૌકિક સામર્થ્ય તો જીવિત વ્યક્તિનું ફલ છે. મરી ગયા પછી સેવોપયોગિદેહ વૈકુણ્ઠાદિષુ, એ ફલ એટલે જ્યાં પણ જઈએ ત્યાં તારી સેવા ચાલુ રહે. ષોડશગ્રન્થની શરૂઆતમાં અને અન્તમાં પણ સેવા છે. વચ્ચેના ૧૪ ગ્રન્થો પણ સેવાની બાબતમાં જ કહી રહ્યા છે.

### શરણાગતિ

આમાં સૌથી પહેલું પગથિયું શરણાગતિનું છે. આપણે શરણાગતિનો

ખોટો અર્થ કરી રહ્યા છીએ કે ''ભગવાન્‌ના શરણે જવું'' પણ તેનો અર્થ તે નથી. ''શરણમાં આવવું'' તે અર્થમાં શરણાગતિ છે. ભગવાન્ ક્યાંક બીજે હોય અને આપણે જઈએ તો શરણગતિ કહેવાય. પણ શરણ + આગતિ એટલે શરણમાં આવવું એવો અર્થ થાય છે. બુદ્ધધર્મમાં ''બુદ્ધં શરણં ગચ્છામિ'' એમ કહે છે પણ બુદ્ધના ભક્તો બુદ્ધથી બહાર છે એટલે 'ગચ્છામિ' કહે છે. આપણે ત્યાં 'આગચ્છામિ' એ શરણનો અર્થ છે. શરણંનો સંસ્કૃતમાં અર્થ છે ''શરણં ગૃહરક્ષિત્રો'' એટલે ઘર અને રક્ષક. ઘરમાં માણસ જાય નહીં, આવે છે. એટલે જ્યારે આપણે **''શ્રીકૃષ્ણઃ શરણં મમ''** એવું બોલીએ છીએ તેનો અર્થ એ કે શ્રીકૃષ્ણ મારું એવું ઘર છે કે દુનિયામાં ભટકીને પણ મારે અન્તે આવવું છે કૃષ્ણમાં. સૂરદાસજી કહે છે ''જૈસે ઉડ જહાજકો પંછી ફિર જહાજપે આવે મેરો મન અનત કહા સુખ પાવે'' આપણે શરણમાં જતાં નથી, આવીએ છીએ.

હવે 'રક્ષક'નો અર્થ કરીએ તો રક્ષક ઘરની બહાર નથી. આપણા ઘરમાં આપણો રક્ષક બેઠો છે. આપણો રક્ષક આપણા આત્માની ભીતર બેઠો છે. તેની પાસે આવવાનું છે એની પાસે જવાનું નથી. જ્યારે તમે એમ કહો છો કે અમે કૃષ્ણની શરણમાં જઈએ છીએ તો કૃષ્ણને તમારી બહાર સમજો છો. કૃષ્ણની બહાર આપણે હોઈ શકતા નથી. જો કૃષ્ણ તમારી બહાર હોય તો તમે કૃષ્ણની શરણાગતિ કરી શકતા નથી. તમારે એમ કહેવું પડશે ''કૃષ્ણં શરણં ગચ્છામિ'' જે આપણો મન્ત્ર નથી. આપણે કૃષ્ણની શરણમાં છીએ એ શરણાગતિનો અર્થ છે.

શરણાગતિમાટે ષોડશગ્રન્થમાં ચાર ગ્રન્થો છે. આપણે ત્યાં sharnagati is not for the sack of sharnagati but it is for the sack of seva. જે શરણાગત છે તેને સેવા પ્રાપ્ત છે. જે

વિવેક-ધૈર્ય-આશ્રયથી રહિત છે તે સેવા કરશે તો કેવી રીતે કરશે?

શરણાગતિમાં સૌથી પહેલાં વિવેક ધૈર્ય અને આશ્રય ના ત્રણ ભાગ છે. વિવેક = intellectual quotient (I.Q) (બૌદ્ધિકસ્તર) ધૈર્ય = emotional quotient (E.Q) (ભાવાત્મક સ્તર) આશ્રય - = behaviar quotient (B.Q) (વ્યવહારાત્મક સ્તર) શરણાગત થવું એ માત્ર આપણો વ્યવહાર નથી. શરણાગતિ ત્યારે આવે જ્યારે આપણી IQ, EQ, BQ એ ત્રણે કૃષ્ણ સાથે ઓરિયેન્ટેડ્ હોય. જેવી રીતની આપણી સમજ તેવી રીતનો આપણો ભાવ, જેવી આપણી સમજ-ભાવ તેવી જાતનો આપણો વ્યવહાર તે વિવેક-ધૈર્યાશ્રય. એટલે મહાપ્રભુજી આજ્ઞા કરે છે **"એવમ્ આશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતં, કલૌ ભક્ત્યાદિમાર્ગાહિ દુ:સાધ્યા ઈતિ મે મતિ:"** (વિ.ધૈ.આ.૧૭) આશ્રય જો દૃઢ નહીં થાય તો વ્યાવહારાત્મક સ્તર સુધરશે નહીં, તો સેવા કેવી રીતે કરશું? વ્યવહારાત્મક સ્તર સુધર્યો અને ભાવાત્મક સ્તર ન સુધર્યો તો મોઢા ઉપર ખાલી હાસ્ય વેરતી ઍરહોસ્ટેસ્ કે સેલ્સ્ગર્લ જેવું થશે. જેવો વ્યવહાર તેવો ભાવ હોવો જોઈએ તેનું નામ 'ધૈર્ય' = ધીરજ. જેવી ધીરજ તેવો તમારો વિવેક પણ હોવો જોઈએ. તો શરણાગતિ થઈ. **"આત્મન: પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્"** જે મને નથી ગમતું તેવો વ્યવહાર બીજા સાથે ન કરવો જોઈએ, આનું નામ 'વિવેક'. જે પ્રભુને ન ગમતું હોય તે આપણે ન કરીએ તો વિવેક. એ વિવેકને જાળવવા ધીરજ રાખવી પડશે. ધીરજ ખોઈએ તો વિવેક પણ ખોવાઈ જાય. મહાપ્રભુજી કહે છે કલિયુગમાં વિવેક-ધૈર્ય-આશ્રય વિના ભક્તિ તમારાથી જળવાશે નહીં. આ ત્રણ હશે તો ભક્તિ જળવાશે. ભક્તિની વાત તો જવા દો, પતિ-પત્ની ગુરુ-શિષ્ય કે માતા-પુત્ર નો સંબંધ પણ નહીં જળવાય. કોઈ પણ સંબંધને જાળવવો હોય તો આ ત્રણે હોવા જરૂરી છે. કોઈ પણ કામ પરાણે કરીએ તો આપણા હૃદયના ધબકારા વધી જતાં હોય છે.

સેવામાં ઠાકોરજીના હૃદયના ધબકારા વધવા ન જોઈએ કે હવે આવી ગયો, હવે છોડશે નહીં. તમે જેમ કહેશો તેમ ઠાકોરજી કરશે. જાગવાનું કહેશો તો જાગી જશે. સ્નાન-શૃંગાર કરવાનું કહેશો તો તે પણ કરી લેશે પણ પ્રભુના હૃદયના ધબકારા ન વધવા જોઈએ. એવું થાય તો તે સેવા નથી. ઠાકોરજીના પ્રદર્શનના ચક્કરમાં, પ્રભુના નાના નાજુક સ્વરૂપમાં મીણની લાંબી બાતી ધરાવીને શૃંગાર તો ખૂબ ધરાવી શકાય, એ સુંદર પણ લાગે પણ ક્યારેય એ વિચાર્યું કે તમને કોઈ આવા શૃંગાર ફરજીયાત ધરાવી દે તો તમારી શું હાલત થાય! ક્યારે એ વિચાર્યું આ પ્રદર્શનને કારણે પ્રભુને કેટલો પરિશ્રમ થયો હશે! છપ્પનભોગના દર્શન ચાર કલાક ચાલે. જમ્યા પછી ડાઈનિંગ્ ટેબલ્ ઉપર ચાર કલાક બેસી શકો છો? આપણા પ્રદર્શનના શોખને કારણે પ્રભુને દંડ આપી રહ્યા છીએ. સેવાની પદ્ધતિમાં ચોખ્ખું કહ્યું છે કે ''યથા દેહે તથા દેવે''. અને સેવાનો મુખ્ય સિદ્ધાન્ત તત્સુખના સિદ્ધાન્તનો છે. સાથે-સાથે આપણને જે તકલીફ થતી હોય તે વસ્તુ કોઈ દિવસ ઠાકોરજીમાં કરવી નહીં.

## સમર્પણ

શરણાગતિ પછીનું બીજું પગલું છે સમર્પણ. પ્રભુ સાથે ઘરોબો ફીલ્ થવો જોઈએ. હું અને પ્રભુ અલગ છીએ તેવું ફીલ્ ન થવું જોઈએ. જે મારું ઘર છે તે પ્રભુનું ઘર છે. જે આપણે જમીએ છીએ તે પ્રભુને ભોગ ધરીએ છીએ. આપણે જેમ સૂઈ જઈએ છીએ તેમ પ્રભુને પણ પોઢાડીએ છીએ. આ રીતે પ્રભુ સાથે આપણે આપણા દરેક ક્રિયા-કલાપમાં પ્રભુને સહભાગી બનાવીએ છીએ. એ સમર્પણનો ભાવ છે. સમર્પણની રૅન્જ્ બતાવતાં મહાપ્રભુજી કહે છે કે **''દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિગતી સદા, શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિ:''** (નિરોધલક્ષણ-૧૮) તમે પુત્ર પણ શારિરીક સંતોષ માટે પેદા નથી કરતાં. પુત્ર પેદા પણ એટલે કરીએ છીએ કે મારી સેવામાં સહયોગી મળે. લગ્ન પણ એટલા માટે કરો છો

કે સેવામાં સહયોગી મળે. હકીકતમાં લગ્નમાં વર-વધૂને એ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે ''ધર્મે ચ અર્થે ચ કામે ચ ત્વયા અહં નાતિચરિતવ્યા'' ફેરા ફરે ત્યારે પત્ની આગળ ચાલે અને પતિ પાછળ ચાલે. ચાર ફેરા પૂરા થવાના હોય ત્યારે પત્ની પતિ પાસેથી અગ્નિની સાક્ષીમાં શપથ લેવડાવે છે કે ધર્મ અર્થ અને કામ ની બાબતમાં તુ કોઈ દિવસ મને દગો નહીં આપે. પતિ વચન આપે છે કે તુ મારા ધર્મમાં ધર્મપત્ની રહીશ. પત્ની કહે છે કે ધર્મમાં તુ અતિચરણ નહીં કરે. એવા કોઈ ધર્મમાં હું તારી પાર્ટનર્ નહીં થાઉં કે જ્યાં તેં અતિચરણ કર્યું હોય. આ વાત તુ સ્વીકારે તો હું તારી પત્ની. તારી જે પ્રોસ્પેરિટી છે એમાં હું પાર્ટનર્ હોઉં જેનાથી બન્નેને સંતોષ થતો હોય તેમાં મને છોડીને કોઈ ઍપ્રોચ્ ન હોય. આ જાતનું વચન પતિ જ્યારે આપે છે ત્યારે પત્ની જમણી બાજુથી ડાબી બાજુએ આવે છે. વેદમાં કહ્યું છે કે **''કૃતં મે દક્ષિણે હસ્તે''** જે કાંઈ કરવું જોઈતું હતું તે મેં જમણા હાથથી કર્યું, મારું ઍચીવમૅન્ટ્ મારા ડાબા હાથમાં છે. એટલે પત્ની પતિમાટે ઍચીવમૅન્ટ્ છે. એ ઍચીવ્ કરીને પતિને તેનો જમણો હાથ ફ્રી રાખવો પડશે. પત્ની ફ્રી નથી રાખતી એ વચન ઉપર કે તુ જમણા હાથથી જે કાંઈ ધર્મ કરીશ, જે કાંઈ સંતોષની વસ્તુઓ ભેગી કરીશ એમાં મારો તુ રાઈટ્હૅન્ડ્ છે. એ મારું ઍચીવમૅન્ટ્ છે. તેથી પત્ની જમણો હાથ તે તરફ રાખે છે. એટલે પરફોર્મન્સ્ માટે જમણો હાથ અને ઍચીવમૅન્ટ્ માટે ડાબો હાથ. પત્નીનો પરફોર્મન્સ્નો જમણો હાથ પતિ તરફ છે અને પતિનો ડાબો હાથ એ બતાવે છે કે મારી પત્ની મારું ઍચીવમૅન્ટ્ છે. તેનો જમણો હાથ ધર્મ અર્થ કામ માટે ફ્રી રાખે છે એ તેની પાછળનો ભાવ હતો.

દાંપત્યના અનેક પર્યાયવાચી છે. 'પત્ની'નો અર્થ ''પત્યુ: નો યજ્ઞસંયોગાત્'' 'પતિ' શબ્દ સાથે 'યજ્ઞ = યજ્+ન'નો ન લગાડો તો 'પત્ન્' થાય. તે 'પત્ન્' શબ્દને સ્ત્રીલિંગમાં કન્વર્ટ કરવા માટે 'ઈ'

જોડતાં 'પત્ની' શબ્દ ઘડાતો હોય છે. એટલે 'પતિ + યજ્ઞ' = પત્ન્ = સ્ત્રીલિંગમાં પત્ની. પતિ = પાતિ ઈતિ = પાલન કરે તે. ધર્મ અર્થ કામ નું પાલન કરે છે. એ પાલન કરે છે એટલે પતિને 'ભર્તા' પણ કહે છે. પત્ની પાર્ટનર્ છે એટલે તેને 'ભાર્યા' પણ કહે છે. પત્ની એ પતિની જવાબદારી છે. જેનું તમારે ભરણ કરવાનું હોય તે. તેવી રીતે ઠાકોરજી પણ આપણી જવાબદારી છે. ઠાકોરજીને 'ભાર્ય' કહી શકો. એટલે આપણે ત્યાં 'નિધિ' કહે છે. નિધિ = સમ્પત્તિ. સેવાનો આ ભાવ હતો.

હિન્દુઓના દેવતા સાથે એટલો વિચિત્ર વ્યવહાર થઈ ગયો છે કે લગ્નમાં વૉચમૅન્ની જગ્યાએ ગણપતિજીને પધરાવી દે! દીવાલ પર કોઈ ગંદુ ન કરે એટલે દેવતાની ટાઈલ્સ લગાવી દે પણ ત્યાં કોઈ ગંદુ કરે કે કૂતરા ગંદુ કરે તો દેવતાના અપમાનના જવાબદાર આપણે છીએ. આપણે દેવતાને આવી રીતે ટ્રીટ્ કરીએ છીએ અને તેમને અવનતિ કરીએ છીએ. આ ભક્તિની પદ્ધતિ નથી કે નથી આશ્રય. બીજાને સન્માન આપશો તો તમને પણ સન્માન મળશે. બીજાને ઈલ્ટ્રીટમૅન્ટ્ આપશો તો તમે તમારી સાથે ઈલ્ટ્રીટમૅન્ટ્ ઈનવાઈટ્ કરી રહ્યા છો. પોતાના પ્રભુને ઈલ્ટ્રીટમૅન્ટ્ કરવાની વાત ક્યારે પણ ન વિચારતાં. Treat your deity as a core of heart. કાળજાના કટકા તરીકે પ્રભુ સાથે વ્યવહાર કરશો તો સમર્પણનો ભાવ સમજમાં આવશે નહીંતો સમર્પણનો ભાવ સમજમાં નહીં આવે. સેવાનો આ પહેલો ધર્મ છે. સમર્પણનો મતલબ આપવું છોડવું ફેંકવું નથી. મહાપ્રભુજી કહે છે **"યદ્-યદ્ ઈષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ યેન સ્યાદ્ નિર્વૃતિઃ ચિત્તે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્"** (ત.દી.નિ.૨।૨૩૬) તમને જે ગમે છે તે પ્રભુ સાથે શૅર્ કરો.

શરણાગતિ પછી સેવાના સિદ્ધાન્તમાં સમર્પણ આ રીતે આવી રહ્યું છે. શૅરિંગના ત્રણ લેવલ્ છે. ૧. **નિવેદન** = intimation ૨.

**સમર્પણ** = offering ૩. **વિનિયોગ** = implementation.

**નિવેદન :** પ્રભુની સન્મુખમાં તુલસી હાથમાં લઈને કહીએ છીએ કે હે પ્રભુ! મારા સંબંધી બધું જ હું તારી સાથે શૅર્ કરવાનું પ્રોમિસ્ આપી રહ્યો છું. પ્રભુને સૌથી પ્રથમ નિવેદન કરીએ છીએ. Whatever i am and whatever belongs to me is between you and me for sharing with each other.

**સમર્પણ :** બ્રહ્મસંબંધનો મતલબ મહારાજના શિષ્ય થવું તેવો નથી. જેમ પરણવું છોકરા અને છોકરી એ છે, ગોરમહારાજ સાથે નહીં. તો સ્વસ્થ થવા માટે ડૉક્ટર્ને ઍન્ગેજ્ કરીએ છીએ તેવી રીતે મહારાજને ગુરુ બનાવવા બ્રહ્મસંબંધ લેવાનું નથી. ગુરુનો રોલ્ સેવામાં પ્રવૃત્ત કરાવવા પૂરતો છે. જ્યારે પણ મહાપ્રભુજી વૈષ્ણવને બ્રહ્મસંબંધ આપતાં ત્યારે તે વૈષ્ણવ પૂછતો કે "હવે મારું કર્તવ્ય શું" અને મહાપ્રભુજી કહેતાં કે "ઘરે જાઓ અને સેવા કરો". સમર્પણ ઠાકોરજી માટે છે, ગુરુ માટે નહીં. સેવામાં શરણાગતિ પછી બીજું પગલું સમર્પણનું છે.

હવેલીઓમાં હકીકત અલગ છે. પ્રભુનો પ્રસાદ સ્ટાફ્ના સમાધાનમાં જતો હોય છે અને બાલકોની રસોઈ તપેલીમાં (કિચનમાં) અલગ થતી હોય છે. જે બાલકો જમે છે તે પોતાની સેવામાં બિરાજતા ઠાકોરજીથી શૅર્ નથી કરતા અને પ્રભુએ આરોગેલું તેઓ લેતાં નથી. સેવામાં બિરાજતાં ઠાકોરજીનો પ્રસાદ વેચે છે. આમાં પરસ્પર શૅરીંગ રહ્યું નહીં. ખાલી પ્રસાદનું માહાત્મ્ય વધારતાં હોય છે. અસમર્પિત ખાવાની મનાઈ હોવાથી સેવા માટે નહીં પણ અસમર્પિત ન ખવાઈ જાય તેના માટે તપેલીના એક નોખા ઠાકોરજી હોય છે.

મહાપ્રભુજીએ પ્રસાદનું માહાત્મ્ય નથી વધાર્યું. સિદ્ધાન્ત-રહસ્યમાં કહે છે **"અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્"** (સિ.ર.૪)

અસર્પિતનો ત્યાગ કરવો એમ કહ્યું છે અનપ્રસાદીનો ત્યાગ કરો એવું મહાપ્રભુજીએ ક્યાંય નથી કહ્યું. સૈદ્ધાન્તિક રીતે પણ તે શક્ય નથી. જેમ તમને માથું દુઃખે અને ઍનાસીન્ ખાવી પડે તો શું તેનો ભોગ ધરશો? ચશ્મા પહેરવા છે તો તેનો ભોગ ધરશો? ઘણી બધી વસ્તુઓ અનપ્રસાદી વાપરવી પડશે. મહાપ્રભુજીની આજ્ઞા અસર્પિતના ત્યાગની છે. દરેક પ્રસાદનું સમર્પિત હોવું જરૂરી નથી અને દરેક સમર્પિતનું પ્રસાદ હોવું જરૂરી નથી. ચશ્મા પહેરીને સેવા કરો છો, તેના વગર પ્રભુનું મુખારવિંદ દેખાતું નથી તો ચશ્મા સમર્પિત છે પ્રસાદી નથી. પ્રસાદી કરવાની જરૂર પણ નથી.

સમર્પણ = sharing with thhakorji જેની સાથે જે વસ્તુને જે રીતે શૅર કરાવાય તેવી રીતે શૅર્ કરવું. જે વસ્તુ શૅર્ થતી નથી તેથી અસમર્પિત છે તેવું ન સમજવું. તે પણ સમર્પિત છે. સાંભળવામાં અજુગતું લાગે તેવું ઉદાહરણ મહાપ્રભુજીએ આપ્યું છે. બધી ઈન્દ્રિયો પ્રભુમાં સમર્પિત છે છતાં પેટ સાફ થાય પછી સેવા કરો તો સેવા સરખી રીતે થાય. તેથી પાયુનું પણ સમર્પણ થયું. પ્રસાદ એટલે જેને ધરવાથી ઠાકોરજીની ગરિમા ખંડિત ન થતી હોય. પતિ સાથે ફરવા જતાં સાડી પહેરી તો તે પતિને સમર્પિત છે પણ પ્રસાદી નથી. પતિ સાડી પહેરે તો પ્રસાદી થાય પણ તેમાં તો બેઈજ્જતી થઈ જાય. એટલે દરેક વસ્તુ પ્રસાદી થઈ શકતી નથી. સમર્પણની રૅન્જ્ ઘણી વિસ્તૃત છે.

અસમર્પિતના વર્જનની આજ્ઞા કરી છે. જે વસ્તુને સૈદ્ધાન્તિક રીતે ઠાકોરજીને સમર્પિત નથી કરી શકતાં તે વસ્તુને ઍવોઈડ્ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. કારણકે સમર્પણની એક મર્યાદા છે કે જેની સાથે જે શૅર્ કરવાથી તેની ગરિમા જળવાય તે વસ્તુ શૅર્ કરવાની હોય. ઘરમાં નોકર હોય અને તેના રૂમ પણ હોય તો નોકરનો રૂમ પ્રભુને શૅર કરવાનો નથી હોતો કારણકે પ્રભુ નોકર નથી.

આપણે તેમના સેવક છીએ. ઘરમાં જે સારામાં સારી જગ્યા હોય તેમાં પ્રભુને પધરાવવા જોઈએ. તમારો નોકર તમને જે સર્વ કરી રહ્યો છે તે સુવિધા સાથે તમે ઠાકોરજીને સર્વ કરી રહ્યા છો તો નોકરનો રૂમ પણ ઠાકોરજીને સમર્પિત છે.

પુષ્ટિમાર્ગમાં સેવાના નામે કૌભાંડ થયા છે. મોટેભાગે વૈષ્ણવના મનમાં એવી ભ્રમણા છે કે નેગ-ભોગ-રાગ-શૃંગાર બધું કેવી રીતે જળવાય, જો ગામથી ભેટ ન લેવામાં આવે તો! હવે તકલીફ એ થઈ કે આટલી બધી ભેટ આવે તો ટૅક્સ્ લાગે. ટૅક્સ્ ન ભરવો પડે એટલા માટે ઠાકોરજીને પબ્લિક્ કરી દીધા કે ઠાકોરજી અમારા નથી પબ્લિક્ના છે. આપણે આપણી પત્નીને તો પબ્લિક્ નથી કરતાં, તો પ્રભુ સાથેનો આવો વ્યવહાર શું સમર્પણ છે? બીજું કાંઈ ન મળ્યું એકલા ઠાકોરજી જ મળ્યા? પત્ની માટે સારા કપડા જોઈતા હોય તો તેને પબ્લિક્ કરી દેવી તેવો વિચાર તો અતિ ભયાનક છે. ટૅક્સ્ બચાવવા માટે તમે તમારા પ્રભુને પબ્લિક કરો તેના જેવી નિમ્નતા એક પણ નથી. પોતાના બાળક કે પત્ની સાથે આવો વ્યવહાર કરતાં હોઈએ તો એને સમર્પણ માની શકાય!!! સમર્પણનો આપણે પુષ્ટિમાર્ગીઓ ખોટો અર્થ સમજી બેઠા છીએ.

સમર્પણમાં પ્રભુની ઈન્ટિમસી અને પર્સનલ્ નિધિ માની હોય એટલે આ ઠાકોર મારો છે તેવો ભાવ હોવો જોઈએ. કીર્તનમાં પણ આવે છે **"અનત ન જઈએ પ્રિય રહીએ મેરે હી મહલ, જોઈ જોઈ કહોગે સોઈ-સોઈ કરોંગી ટહલ, શૈયા-સામગ્રી-વસન-આભૂષણ સબવિધ રાખુંગી પહલ, ચતુરબિહારી ગિરિધારી પ્રિયાકી રાવરી યહ સહલ"** બીજે ઠેકાણે આપ ન જાઓ અને મારી ઝૂંપડી જેવા મહેલમાં રહો. હું તમારી સખી છું. આ સમર્પણનો ભાવ છે. જે તમારું છે તે તમારા પ્રભુ સાથે શૅર્ કરવાનું છે. એમાં પ્રભુની ગરિમા

જળવાય તે રીતે શૅર કરવાનું છે. ગામનું હોય તો પ્રભુ સાથે શૅર્ કરવાનો મતલબ શું? કાલે ઉઠીને તમને તાજમહેલ સારો લાગ્યો તો પ્રભુને કહેશો કે હું તમને તાજમહેલ સમર્પિત કરું છું. એ તો મુમતાજ મહેલની કબ્રસ્તાન છે. સમર્પણ એટલે તમને જે લીગલી(કાયદાકીય) મોરલી(નીતિ) પ્રાપ્ત થયું હોય તેને પ્રભુને શૅર્ કરો તેનું નામ 'સમર્પણ'.

મહાપ્રભુજી કહે છે **"યદ્-યદ્ ઈષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ યેન સ્યાદ્ નિર્વૃતિઃ ચિત્તે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્"** (ત.દી.નિ.૨।૨૩૬) લોકમાં જે ઈષ્ટતમ હોય તેનું સમર્પણ થાય. 'ઈષ્ટ' = ઈચ્છિત. ઘણીવાર આપણી આવશ્યકતાને કારણે આપણી ઈચ્છા ન હોય તો પણ તેની ઈચ્છા કરવી પડતી હોય છે. માંદા થઈને હૉસ્પિટલ્માં રહેવું ગમતું નથી છતાં રહેવું પડે છે. 'ઈષ્ટતમ' એટલે Most desirable. which is desirable for it's own sack and not for other reason. ગાડી ચલાવતી વખતે ટ્રાફિક્ સિગ્નલ્ તોડવાને કારણે પોલિસ્ને ઘૂસ ખવડાવતાં હોઈએ છીએ તે ડિજાયરેબલ્ છે? હરિન્દ્ર દવે કહે છે "મારું સ્વમાન રક્ષવા જાતાં કદિ-કદિ કરગરી ગયો છું પણ મને યાદ તો નથી." પોતાનું સ્વમાન જાળવવા માટે માફી માંગી લીધી. આવી સ્થિતિમાં ડિજાયરેબલ્ થઈ જાય છે. કારણકે આવા ટ્રોમેટિક્ અનુભવોને યાદ રાખવાથી મનમાં નૅગેટિવ્ ભાવ પેદા થાય છે. પોતાના ઈગો સાથે કોમ્પ્રોમાઈજ્ કરવું પડે છે. એટલે ઈષ્ટ છે પણ ઈષ્ટતમ નથી.

ઠાકોરજીને ગમે, તેવી વસ્તુનું સમર્પણ થાય. ઠાકોરજીને ન ગમતી હોય તેવી વસ્તુનું સમર્પણ કરીએ તો તે સમર્પણ, સમર્પણ નથી. નાથદ્વારામાં મળતાં કડક ઠોરનું કઠોરપણું પ્રભુને કેટલું પ્રિય હશે? પ્રસાદ વેચવા માટે ઠોરને આ રીતે તૈયાર કરવામાં તત્સુખનો કેટલો વિચાર છે? સમર્પણમાં તત્સુખના સિદ્ધાન્તનો વિચાર છે.

જે અતિપ્રિય હોય તે પ્રભુને આપવું જોઈએ. **"યેન સ્યાન્ નિર્વૃતિ: ચિત્તે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્"** (ત.દી.નિ.૨૨૩૬) જે વસ્તુને પ્રાપ્ત કરવાથી તમને પસ્તાવો ન થતો હોય તેવી વસ્તુનું સમર્પણ કરો. આનાથી વિપરીત વસ્તુનું સમર્પણ ન કરો. તમે લૉફુલી લીગલી જે પ્રાપ્ત કર્યું નથી અને સમર્પણ કરો છો તો હૃદયમાં ક્લેશ ઉત્પન્ન થાય છે તેથી તેવી વસ્તુનું સમર્પણ ન થાય. **સમર્પણ એ સેવાનું રહસ્ય છે.** ષોડશગ્રન્થમાંના બીજા કોઈ પણ ગ્રન્થમાં 'રહસ્ય' નથી પણ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં મહાપ્રભુજી 'રહસ્ય' એમ કહી રહ્યા છે. એટલે સેવાનું આન્તરિક રહસ્ય સમર્પણ છે. આ રીતે નિર્વાહ થાય તો સિદ્ધાન્તનું રહસ્ય છે નહીંતો અપસિદ્ધાન્ત છે.

સમર્પણને જીવવામાં જે કનડગત આવતી હતી તેનો ખુલાસો મહાપ્રભુજીએ નવરત્નમાં કર્યો છે. એટલે નિવેદન સમર્પણ અને વિનિયોગ બધા લેવલ્નો ખુલાસો ત્યાં કર્યો છે. ઉપર નિવેદન અને સમર્પણ નો વિચાર કર્યો હવે વિનિયોગનો વિચાર કરીએ.

**વિનિયોગ** = ઈમ્પ્લિમૅન્ટેશન્. જેની(પ્રભુની) ગરિમા જળવાય તેવી વસ્તુનો જ વિનિયોગ થાય. સમર્પણમાં વિનિયોગ થાય તો પણ સમર્પિત છે અને વિનિયોગ ન થાય તો પણ સમર્પિત છે. પણ વિનિયોગ વખતે કાળજી લેવી પડશે કે પ્રભુની ગરિમા ખંડિત ન થાય.

નવરત્નમાં અન્તે મહાપ્રભુજી આજ્ઞા કરે છે **"સેવાકૃતિ: ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા, અત: સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્"** (નવરત્ન-૭) શરૂઆતના તબક્કામાં ગુરુના માર્ગદર્શન પ્રમાણે સેવા કરવી. ગુરુ એટલે મહાપ્રભુજી શ્રીગોપીનાથજી ગુસાંઈજી અને પ્રાચીન બાલકોએ જે સેવા બતાવી તે પ્રકારે સેવા કરવી જોઈએ પણ સેવામાં જડાગ્રહ ન રાખવો. ભગવદાજ્ઞાથી ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન

કરીને સેવા કરવી પડતી હોય તો ગુરુઆજ્ઞાનો ભંગ થાય તેવું નથી. હરીચ્છયા = ગુરુની આજ્ઞાની ઉલ્લંઘન તમે કરી શકો છો. એટલે મારી આજ્ઞાનું પણ ઉલ્લંઘન કરી શકો છો. તેનું માપદંડ એ છે કે **"અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્"** જે કરતાં તમારું ચિત્ત સેવાપર થાય તે રીતે સમર્પણની આજ્ઞા પાળવી. જે કરવાથી તમારું ચિત્ત સેવાપર ન થાય તેવું સમર્પણ કરવાની જરૂર નથી. ડૉકટર્ પણ દવા જો તમને માફક આવે તો ચાલુ રાખવાનું કહે છે અને માફક ન આવે તો ફરીવાર કન્સલ્ટ્ કરવાનું કહે છે. આ પ્રકારની મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગની કાળજી લીધી છે કે હું જે કાંઈ કહી રહ્યો છું તે પ્રમાણે કરો પણ તેમાં તમારું સ્વાસ્થ્ય એટલે તમારા ચિત્તની સેવાપરતા જળવાતી હોય તો મારી આજ્ઞા મુજબ કરો. સેવાપરતા ખંડિત થતી હોય તો જેવી રીતે સેવાપરતા નભે તે રીતે સેવાનો નિર્વાહ કરો, મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પણ. નવી પરણેલી વહુ ઘરમાં આવે તો તેને પતિની આદતોની ખબર નથી. પતિને તેની માતાએ જેવી રીતે જમાડ્યો હોય જેવી રીતે તેનો ઉછેર કર્યો હોય તેવા ટેસ્ટ્ અને તેવી ટેવો તેનામાં હશે. શરૂઆતમાં પત્નીનું કર્તવ્ય છે કે સાસુથી તેની આદતો જાણી લે. પણ પતિ પોતે જ કહે કે આ વસ્તુ મને નથી ગમતી, આવા સંજોગોમાં પત્ની એમ કહે કે આ સાસુએ કહ્યું છે એટલે તમારે ખાવું જ પડશે. તો પતિની શું હાલત થશે? એવી રીતે **"સેવાકૃતિઃ ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા, અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્"** પુષ્ટિમાર્ગમાં સુખથી ક્યારે રહેશો? ગુરુઆજ્ઞા પાળવાથી કે તોડવાથી નહીં, ચિત્તની સેવાપરતાથી. નહીંતો તમે દુઃખી રહેશો. આ ત્રાજવાનો કાંટો સમર્પણના સિદ્ધાન્તનો મહાપ્રભુજીએ ઈમ્પ્લિમૅન્ટેશન્ના( વિનિયોગ ) લેવલ્માં સમજાવ્યો છે.

શરણાગતિ સમર્પણ પછી સેવા આવી રહી છે.

**સેવા** = સર્વિસ્. એમાં ઘણા બધાં પ્રકાર છે. પગારદાર, કૉન્ટ્રાક્ટર્,

જાનવરો ની પણ સર્વિસ હોઈ શકે છે. પગારદારની સર્વિસ, 'સર્વિસ' નહીં કહેવાય. એ તો સોસાયટીની એક સિસ્ટમ્ છે. તુ તારી મહેનત વેચે છે, હું તને તેના પૈસા આપું છું. તેવી રીતે કૉન્ટ્રાક્ટર્ અને ડેકોરેટર્ ની સર્વિસ પણ સોસાયટીની કમર્શિઅલ્ સિસ્ટમ્ જ છે. ઘોડા ભેંસ કૂતરા એ પાલતું પ્રાણીઓ આપણી સેવા જ કરતા હોય છે પણ આ બધી સેવા સમર્પણાત્મિકા સેવા નથી. મુખિયા-ભીતરિયા કરે છે તે સર્વિસ છે સેવા નથી. નોકરોથી કરાવતા હોવ તેને સેવા ન કહેવાય અને તેને સેવા ન સમજાય.

સેવાની બાબતમાં મહાપ્રભુજી આજ્ઞા આપે છે "કાર્યલક્ષણ **કૃષ્ણસેવા સદા કાર્યા,** ફલલક્ષણ **માનસી સા પરા મતા,** સ્વરૂપલક્ષણ **ચેત: તત્પ્રવણં સેવા,** કારણલક્ષણ **તત્સિદ્ધયૈ તનુ-વિત્તજા,** અવાન્તરફલલક્ષણ **તત: સંસાર-દુ:ખસ્ય નિવૃત્તિ: બ્રહ્મબોધનમ્"** (સિ.મુ.૧) કૃષ્ણસેવા સદા કરવી જોઈએ. સદા તો થાય નહીં. 'સદા' કરીએ તો કમાવા, નિત્યકર્મ વિગેરે ક્યારે કરીએ? એટલે 'સદા'નો અર્થ એ કે જે કાંઈ જીવનની પદ્ધતિ છે તેને જીવતાં-જીવતાં આપણું અનુસંધાન તે પ્રકારે હોવું જોઈએ કે આ કરવાથી મારી સેવા નિર્વિઘ્ને થશે એ સદા સેવા થઈ. એટલે મહાપ્રભુજી કહે છે **"પાયોર્મલાંશત્યાગેન શેષભાગં તનૌ નયેત્"** (નિ.લ.૧૮) મલવિસર્જનની ક્રિયા પણ સેવા છે. કેમકે તેનાથી દેહ સ્વસ્થ થાય છે. તમે દવા ખાઓ છો તે પણ સેવા છે. અને શ્રીગોપીનાથજી સાધનદીપિકામાં આજ્ઞા કરી રહ્યા છે કે સેવા કર્યા પછી થોડી લૌકિક ચર્ચા કરવી જેથી મન હળવું થઈ જાય.

સેવામાં **"તત્સિદ્ધયૈ તનુ-વિત્તજા"** તનુજા એ તમારી અહંતા (સૅલ્ફઅવૅયર્નેસ્) છે કારણકે આપણા દેહ સાથે આપણી અહંતા જોડાયેલી હોય છે. વિત્તજા = આપણી મમતા. (પજેસીવનેસ્) 'વિત્ત'નો અર્થ તમે જે પ્રાપ્ત કર્યું હોય તે. 'વિદ્'નો મતલબ લાભ. જે તમારી જીવનશૈલીને કારણે તમને લાભ મળ્યો હોય તે ઘર સંબંધ

પૈસા પાલતુ જાનવર આ બધાંને 'વિત્ત' કહેવાય. વિત્ત આપણી પઝેસીવનેસ્‌નો ટોકન્‌ છે. પઝેસીવનેસ્‌નું મૂળ છે આપણી મમતા અને સૅલ્ફ-અવૅયરનેસ્‌નું મૂળ છે અહંતા. એટલે Me and mine. આનું ઓરિયેન્ટેશન્‌ પ્રભુ સાથે જોડવાનું છે. હું તમારો કેવી રીતે થઈ શકું. જે કાંઈ બધું મારું છે બધું પ્રભુ માટે કેવી રીતે યુટિલાઈઝ્‌ કરી શકું? આ સેવાનું માર્ગદર્શન છે. 'સદા' માટે ગુસાંઈજી કહી રહ્યા છે કે કાલનો કોઈ ક્રમ નથી. પણ મારી અહંતા અને મમતા નું ઓરિયેન્ટેશન્‌ પ્રભુ સાથે જોડાયેલું હોય તો તેનો અર્થ સદા સેવા થાય છે. દા.ત. તમે કમાવા જઈ રહ્યા છો તે કમાવાની પ્રવૃત્તિ પણ સેવા જ છે.


**''માનસી સા પરામતા''** ઘણા લોકો આનો એવા અર્થ કરે છે કે મનમાં સેવા કરી લેવી તે માનસી સેવા. પણ આ સાચો સિદ્ધાન્ત નથી. મનમાં કરવામાં આવતી સેવા, સેવા જ નથી. મનમાં થતી સેવા, સેવા છે. ''મનમાં કરવામાં આવતી'' અને ''મનમાં થતી'' એમાં અંતર છે.

સેવાના ચાર લક્ષણ છે, ૧. સ્વરૂપલક્ષણ ૨. કારણલક્ષણ ૩. કાર્યલક્ષણ ૪. અવાન્તરફલક્ષણ. સ્વરૂપલક્ષણ = કોઈ પણ વસ્તુને એના સબ્‌સ્ટન્સ્‌થી ડિફાઈન્‌ કરવું. જેમ પાણીના અણુને Liquid કહો તે એનું સ્વરૂપલક્ષણ છે. હાઈડ્રોજન્‌ અને ઑક્સિજન્‌ થી ઘડાયેલું હોય તે પાણી છે, તે તેનું કારણલક્ષણ છે. H2O ને બ્રેક-અપ્‌ કરો તો કારણલક્ષણ થઈ જાય. અને બ્રેક્‌ ન કરો તો સ્વરૂપલક્ષણ. ઘડો માટી કે સ્ટીલ્‌ નો બનેલો છે એમ કહીએ તો તેનું કારણલક્ષણ થયું. ઘડાના સ્વરૂપલક્ષણ માટે સંસ્કૃતમાં કહેવાય છે 'પૃથુબુધ્નોદરાકાર:' ગણપતિજીના પેટ જેવો જેનો આકાર હોય તેનું નામ 'ઘડો'. જે વસ્તુને તેના કાર્યથી ડિફાઈન્‌ કરવામાં આવે છે તેને 'કાર્યલક્ષણ' કહેવાય. જેવી રીતે પાણી પીવાથી તરસ

છિપાય અથવા તેનાથી વૃક્ષનું સીંચન થાય છે તે તેનું કાર્યલક્ષણ છે. ફલલક્ષણ = જ્યારે કોઈ વસ્તુને તેના ફલ કે પ્રયોજન થી ડિફાઈન કરવામાં આવે તો તેનું ફલલક્ષણ કહેવાય. જેવી રીતે થર્મોમીટર્ શરીરનું ઉષ્ણતામાન માપવા માટે વપરાય છે તો તેનું ફલલક્ષણ થઈ ગયું. ઘડાનું પ્રયોજન પાણી ભરવા માટે છે એમ કહીએ તો તેનું ફલલક્ષણ છે.

કોઈ પણ વસ્તુને ડિફાઈન કરવા માટે અલગ-અલગ લક્ષણ આપી શકાય છે. **"માનસી સા પરામતા"** એ સેવાનું પ્રયોજનલક્ષણ છે. સેવાનું પ્રયોજન એ હોવું જોઈએ કે સેવા કરતાં-કરતાં આપણા મનમાં સેવા થવા લાગે તેનું નામ 'માનસીસેવા'. જેવી રીતે કોઈ પણ કામ નિત્ય કરીએ તો તે મનમાં આવી જાય. કારણલક્ષણ = **તત્સિદ્ધ્યૈ તનુ-વિત્તજા.** આપણા તન અને વિત્ત થી જ્યારે સેવા કરીએ તો તે સેવાનું કારણલક્ષણ છે. આપણું તન સૅલ્ફ-અવૅયર્નેસ્નું ટોકન્ છે. કેમકે પૈસાવાળા હોય તો તમારી ટેન્ડેન્સી દરેક વસ્તુને ખરીદવાની થઈ જતી હોય છે. પોતાના તનને વાપરવાની હોતી નથી. તેવી માનસિકતા ભક્તિને ખરીદવા માટે પણ પ્રકટ થતી હોય છે. હવેલીઓમાં ચાલતી સેવામાં તન મુખિયા-ભીતરીયાનું હોય છે અને વિત્ત વૈષ્ણવોનું હોય છે. આવા પાર્શિયલ્ ઈન્વૉલ્વમૅન્ટ્થી કોઈ દિવસે ચિત્ત સેવામાં લાગતું નથી. મહાપ્રભુજી સેવાના સ્વરૂપલક્ષણમાં બતાવે છે **"ચેતસ્ તત્પ્રવણં સેવા"** ચિત્ત તમારું સેવામાં લાગે તે સેવા છે. ચિત્ત ન ચોંટ્યું અને હવેલીઓમાં કોઈનું તન વાપરવાથી (મુખિયા-ભીતરીયા) કોઈનું વિત્ત વાપરવાથી (દર્શનાર્થી) અથવા કોઈ મનોરથીનું મન વપરાઈ રહ્યું છે અને તેનાથી મહારાજશ્રીઓને હાશકારો અનુભવાઈ રહ્યો છે કે સેવા ચાલી રહી છે. આવા 'હાશકાર'ને મહાપ્રભુજી સેવા નથી માની રહ્યા. આપણા તન-મન-ધનથી જો સેવા કરીએ તો ચિત્ત ભગવાન્માં પ્રવણ થશે. જ્યારે આમાંથી કોઈ એકને જ સેવામાં વાપરી રહ્યા છો તો ચિત્ત ભગવાન્માં પ્રવણ થતું નથી.

અવાન્તરફલલક્ષણ = બાય્-પ્રોડક્ટ્, મહાપ્રભુજી તેનું લક્ષણ આપી રહ્યા છે **"તત: સંસારદુઃખસ્ય નિવૃત્તિ: બ્રહ્મબોધનમ્."** પછી સંસારનું દુઃખ તમને તકલીફ નહીં આપે અને દરેક વસ્તુમાં બ્રહ્મ કેવી રીતે છે તેનો અનુભવ થશે. આ રીતે સેવાને સમજશું તો તે સેવા, સેવા છે. હવેલીઓમાં ચાલતી સેવા મહાપ્રભુજીની સેવાથી વિપરીત સેવાનો પ્રકાર છે. આને મહાપ્રભુજી સિદ્ધાન્ત-મુક્તાવલીમાં કહે છે. મુક્તાવલી = મોતીની માળા, સિદ્ધાન્તના મોતીઓની માળા.



ષોડશગ્રન્થમાં શરણાગતિ સમર્પણ સેવા અને ભક્તિ ની બાબતમાં દરેકના ચાર-ચાર ગ્રન્થો વર્ગીકૃત કર્યા છે.

આખો ષોડશગ્રન્થ સેવાથી ભક્તિમાં કેવી પરિણત થાય તેનો દૃષ્ટિકોણ મહાપ્રભુજી બતાવે છે. ભક્તિ = "[1] **માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ** [2] **સુદૃઢ:** [3] **સર્વતોઽધિકો સ્નેહો ભક્તિ:**" (ત.દી.નિ.૧।૪૨). ભક્તિ = સ્નેહ. કઈ જાતનો સ્નેહ? તેને ક્વોલિફાય્ સ્પષ્ટ કરવો પડશે. કારણ સ્નેહ તો પૈસામાં, શત્રુને મારવામાં, પરિવારમાં પણ હોઈ શકે છે. દરેક જાતનો સ્નેહ ભક્તિ કહી શકાતો નથી. પુત્રમાટેનો સ્નેહ 'વાત્સલ્ય' કહેવાય. ગરીબને સ્નેહ કરીએ તો તેને 'દયા' કહેવાય. ગુનેગારને સ્નેહ કરીએ તો તેને 'ક્ષમા' કહેવાય. 'ક્ષમા' એટલે કોઈના અપરાધને સહન કરવો, તેના પ્રતિ ક્ષમારૂપ સ્નેહ હોય છે. ભાગવત બહુ સુંદર વાત કરે છે **"ઉત્ક્ષેપણં ગર્ભગતસ્ય પાદયો: કિં કલ્પતે માતુ: અધોક્ષજાગસે કિમ્ અસ્તિ નાસ્તિ વ્યપદેશભૂષિતં તવાસ્તિ કુક્ષે: કિયદપ્યનન્ત:"** (ભાગ.પુરા૧૦।૧૪।૧૨) દરેક બાળક માના પેટમાં હોય ત્યારે તેણે માતાને લાત મારી જ હોય છે. પણ માંને તેનું માઠું લાગતું નથી એમ આખી દુનિયા તારા પેટમાં રહેલી છે. કોઈ તને 'તુ છે' એમ કરીને તારી સામે માથું નમાવે છે. કોઈક 'તુ નથી' એમ કહીને તને લાત મારે છે તેનું તને માઠું લાગતું નથી. આખું જગત્ તારી કૂખમાં છે તો તને કેવી રીતે માઠું લાગે? એટલે ક્ષમા દયા કામ એ બધાં સ્નેહના જ પ્રકાર છે પરન્તુ ભક્તિ નથી. કેવો સ્નેહ ભક્તિને યોગ્ય છે તે નક્કી કરવું પડશે.

સ્નેહની પહેલી ચોખવટ છે [1] **માહાત્મ્યજ્ઞાન** : You must have awareness of greatness of the thing or person to whom you are devoted. તેનું માહાત્મ્ય જાણ્યા વગર જો પ્રેમ કરો તો તે ભક્તિ નથી. પ્રભુનું માહાત્મ્યજ્ઞાન એ ભક્તિની પ્રાથમિકતા છે. જે ઠાકોરજીની આપણે સેવા કરીએ છીએ તેનું માહાત્મ્ય આપણને

ગમતું નથી પણ હવેલીના ઠાકોરજીનું માહાત્મ્ય વધારે લાગે એટલે જેને પરણ્યા છીએ તે ગમતી ન હોય અને ઐશ્વર્યા રાયની પાછળ પાગલ થઈ ગયા હોવ તો તેનો મતલબ શું? [૨]**સુદૃઢ:** : ભક્તિની બીજી યોગ્યતા છે સ્નેહની દૃઢતા. ઘણી વસ્તુઓમાં આપણને વહાલ પ્રકટ થાય છે. કોઈ છોકરાને છોકરી સાથે પ્રેમ થઈ ગયો હોય અને છોકરીના મા-બાપને ઈચ્છા ન હોય અને તેઓ છોકરાને મારવાની ધમકી આપે તેવે વખતે છોકરાનો પ્રેમ ગાયબ થઈ જાય છે. તે પ્રેમ છે પણ દૃઢ નથી. ગાલિબ કહે છે ''મોજેયૂં સરસે હિ ન ગુજર જાયે આસ્તાને યારસે ઉઠ જાયે ક્યા?'' લોહીની લહેર માથા ઉપરથી ભલે જાય પણ જેની (પ્રિયતમાની) દેહલી પર બેઠો છું હવે ઉઠીશ નહીં જે થવું હોય તે થાય. આ સુદૃઢ સ્નેહ. [૩]**સર્વતોઽધિક:** : સૌથી વધારે સ્નહે હોવો જોઈએ. બીજાને પ્રેમ કરીએ છીએ પણ પ્રભુથી વધારે નહીં. સુરતના એક બેટીજી હતાં તેમનું મંદિર લાકડાનું હતું. તેમાં આગ લાગી છે એવા સમાચાર મળતાં તેઓ બળતા મંદિરમાં અંદર ગયાં અને બધાં પ્રભુને બહાર પધરાવી લાવ્યા પછી તેમણે દેહ છોડ્યો તે તેમનો સુદૃઢ સર્વતોધિક સ્નેહ હતો. ગિરના જંગલમાં ઘણીવાર એવા પ્રસંગ બને છે કે સિંહ રબારી પર તરાપ મારે છે તે વખતે તેની સાથે રહેલી ગાયો પણ પોતે નિર્બળ હોવા છતાં સિંહ ઉપર વળતો પ્રહાર કરે છે રબારીને બચાવવા. ગાયોનો રબારી ઉપર સર્વતોધિક સ્નેહ કેવો હોય છે તે સમજી શકાય છે.

આ ત્રણે લાયકાતવાળો સ્નેહ હોય તો તે ભક્તિ છે. તેને કારણે તાદાત્મ્ય થાય છે. ભક્તિના બે ઍલિમૅન્ટ્ છે, માહાત્મ્ય (Realisation of greatness) + તાદાત્મ્ય. (Relishment of identification) જેને તમે પ્રેમ કરો છો તેની સાથે પોતાને આઈડૅન્ટીફાઈ કરતાં આવડવું જોઈએ. ભક્તિ વ્યક્તિગત છે. ભજ્ = સેવા કરવી, રૅલિશ કરવી. જેમ વાયુ ઔષધી નું સેવન કરીએ તેમ. 'ભજ્' ધાતુથી

ભક્તિ બને છે પણ ભક્તિ ત્યારે બને જ્યારે કર્તા ભક્ત હોય અને કર્મ ભગવાન્ હોય. ભગવાન્માં 'ભગ' પણ 'ભજ્' ધાતુથી બનેલો છે. જેને ભજવામાં આવે તેનું નામ 'ભગવાન્'. જે ભજન કરતો હોય તેનું નામ 'ભક્ત'. ભક્તની વ્યક્તિગત રૅલિશમૅન્ટ્ ભક્તિ છે.

શ્રીગોકુલનાથજી અપરસમાં નાહીને જ્યારે સેવામાં પધારતાં હતાં ત્યારે ફારસી ભાષાના લખાણવાળા કાગળ પર તેમનો પગ પડી ગયો. ત્યારે તેમને લાગ્યું કે હું છોવાઈ ગયો. પાછળથી જ્યારે કોઈકને કહ્યું કે વાંચો, આમાં શું લખ્યું છે? ત્યારે તેમણે કહ્યું ''શીરી-ફરહાદની વાત છે'' ત્યારે શ્રીગોકુલનાથજીએ કહ્યું કે ''આતો શુદ્ધ પ્રેમની વાર્તા છે એટલે અપરસ છોવાતી નથી'' ફરહાદને શીરી માટે શુદ્ધ પ્રેમ હતો તે કાણી અને કાળી હોવા છતાં.

બોરીવલીમાં એક બિલ્ડિંગ્માં નીચે રૅસ્ટોરામાં ગૅસ્ ફાટવાને કારણે બિલ્ડિંગ્ બળી ગયું. તે બિલ્ડિંગ્માં એક ડોકરીના ઠાકોરજી આગની ગરમીને કારણે પિચકાઈ ગયા. હવે તેમની સેવા થાય કે ન થાય, તેનો વિવાદ મારી પાસે આવ્યો. ઘરની વ્યક્તિઓ કહેતી કે પિચકાઈ ગયેલા ઠાકોરજીની સેવા ન થાય. મેં જ્યારે ડોકરીને પૂછ્યું તો તેમણે કહ્યું કે મારે તો આ જ ઠાકોરજીની સેવા કરવી છે. ત્યારે મેં કહ્યું કે આ જ ઠાકોરજીની તમે સેવા કરજો. ઠાકોરજી પિચકાઈ ગયા પણ પ્રભુ પ્રત્યેનો તેમનો ભાવ પિચકાઈ નહોતો ગયો. શાલિગ્રામજી ગિરિરાજજી ની પણ સેવા તો કરીએ જ છે, તેમનું મુખારવિંદ ક્યાં હોય છે? એટલે 'ભજ્' ધાતુ ભક્ત, જે રૅલિશ્ કરે છે તે અને One who is being relished એ ભગવાન્ છે.

સેવા ભક્તિરૂપ કમલમાં ખિલવી જોઈએ. એ સેવાનો અર્થ

રસ (રૅલિશમૅન્ટ્) છે. આ રસને સેવાફલમાં મહાપ્રભુજી કહે છે સેવા પોતે ફલ છે. સેવામાં તન્મયતા આવશે તો સેવા ફલ લાગશે અને તન્મયતા થોડી ઓછી હશે તો સાધન લાગશે. ભક્તિની ઉત્તરોત્તર અવસ્થા બતાવતાં મહાપ્રભુજી કહે છે કે પ્રેમ આસક્તિ પછી વ્યસન છે. 'વ્યસન' એટલે જેના વિના તમે રહી ન શકતા હોવ. જેમ ચાનું વ્યસન હોય તો તેના વગર આપણે રહી શકતા નથી. તેવી રીતે સેવાનું વ્યસન થઈ જાય તો અલૌકિક સામર્થ્ય આવી ગયું.

કોઈ પણ નિયમ બતાવવામાં આવે તેમાં નિયમની ત્રણ-ચાર અપેક્ષાઓ હોય છે. ૧. શેનાથી, ૨. કોને, ૩. શા માટે, ૪. કેમ અથવા કેવી રીતે

**૧. સેવા કેન કઃ ઈતિ સિદ્ધાન્તમુક્તાવલ્યામ્ :** સેવા શેનાથી કરવી અને કોણે કરવી તેના માટે સિદ્ધાન્ત-મુક્તાવલી છે.

**૨. સેવા કં કઃ ઈતિ પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાયામ્ :** સેવા કોની કરવી અને કોણે કરવી તેના માટે પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા છે.

**૩.સેવાયાં કિમ્ અકૃત્વા સંન્યાસં કિં કૃત્વા ભાવના ઈતિ પરિસંખ્યયા સંન્યાસનિર્ણયે :** સેવામાં શું ન કરવું, શેની ભાવના કરવી તેના માટે સંન્યાસ-નિર્ણય છે.

**૪. સેવા કઃ કસ્મૈ ફલાય ઈતિ સેવાફલે :** સેવા કોણે અને શેના માટે કરવી એના માટે સેવાફલ છે.

**૫.સેવા કથમ્ ઈતિ નવરત્ને :** સેવા કેવી રીતે કરવી તેના માટે નવરત્ન છે.

**૬. સેવા કુત્ર ઈતિ ભક્તિવર્ધિન્યાં :** સેવા ક્યાં કરવી તેના માટે ભક્તિવર્ધિની "ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ" કહેવામાં આવ્યું છે.

**૭. સેવાયામ્ કિં કૃત્વાકૃત્વા ઈતિ સિદ્ધાન્તરહસ્યે :** સેવા શું કરવું અને શું ન કરવું તેના માટે સિદ્ધાન્ત-રહસ્ય કહ્યો.

અન્તે "ધર્મો રક્ષતિ રક્ષિતઃ" ધર્મ તમારી રક્ષા ત્યારે કરે

જ્યારે તમે ધર્મની રક્ષા કરો. એ જેવી રીતે ધર્મની બાબતમાં કહેવામાં આવ્યું છે તેવી રીતે ભગવાન્‌ની બાબતમાં પણ કહેવાયું છે. વેદમાં કહ્યું છે **"ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ"** = **ધર્મો/કૃષ્ણો રક્ષતિ રક્ષિત: = સેવ્ય: સેવતે સેવિત:** ભગવાન્ આપણા ભર્તા છે એટલે આપણું ભરણ કરનારા છે. આપણી જવાબદારી લે છે પણ ક્યારે? જ્યાર તમે ભગવાન્‌ની જવાબદાર લો છો ત્યારે. એ જ વાત સેવાની બાબતમાં લાગુ કરી શકાય. ભજનીય જો ભગવાન્ હોય તે ત્યારે જ ભજનીય છે જ્યારે તમે ભક્ત હોવ તો. તમે ભક્ત નથી તો ભગવાન્ ભજનીય નથી. તે સેવ્ય ત્યારે જ છે જ્યારે તમે સેવા કરીને સેવક બનો છો. તે સેવકના સેવ્ય છે. દરેકના સેવ્ય નથી. God relishes you when you relish God. તમે સેવન કરતાં હો તો ભગવાન્ સેવ્ય થશે. તમે નિગ્લેક્ટ્ કરતા હો તો ભગવાન્ પણ તમને નિગ્લેક્ટ્ કરશે. પ્રભુ અરીસા જેવા છે, તમે હસશો તો પ્રભુ હસશે અને રડશો તો રડશે.

સેવ્ય સેવકની વચ્ચે સેવા હોય તો ભગવાન્ રૅલિશેબલ્ થઈ જાય છે.

# ૫.લીલાવાદ આલ્ફાથી ઓમેગા*
## (વાલ્લભદૃષ્ટિ)

'આલ્ફા' ગ્રીક્ ભાષાનો પહેલો અક્ષર છે અને 'ઓમેગા' અંતિમ અક્ષર છે. હવે વાત સદંતર સાચી છે પણ આમાં એવું લાગે છે કે આ વલ્લભ-સંપ્રદાયની ખાસિયત છે. બારીક દૃષ્ટિથી જોઈએ તો આ વલ્લભ-સંપ્રદાયની જ ખાસિયત નથી, આ ઔપનિષદિક દૃષ્ટિકોણની ખાસિયત છે અને આ ખાસિયત હોવાને કારણે શાંકર-વેદાંત અને વાલ્લભ-વેદાંત નો પ્રભેદ કરીએ તો ત્યાં માયાવાદ છે અને આપણે ત્યાં લીલાવાદ છે. પણ લીલાવાદ છે એનો અર્થ એ નથી કે આપણે ત્યાં માયાને રિજેક્ટ્ કરવામાં આવે છે અને ત્યાં માયાવાદ છે, એનો મતલબ એ નથી કે એમણે લીલા સ્વીકાર નથી કરી. માયાવાદી હોવા છતાં પણ તેઓ લીલાને સ્વીકાર કરે છે અને આપણે લીલાવાદી હોવા છતાં પણ માયાવાદને સ્વીકાર કરીએ છીએ. વેદાંતના જો આ બે પોલ્ હોય તો વચ્ચે આવતા રામાનુજ-વેદાંત, માધ્વ-વેદાંત નિમ્બાર્ક-વેદાંત અથવા વિજ્ઞાનભિક્ષુ-વેદાંત કે શાક્ત-વેદાંત કે શૈવ-વેદાંત અથવા શ્રીકંઠનું વેદાંત, આ બધામાં કોઈપણ વેદાંત એવું નથી કે જેમાં લીલા સ્વીકારવામાં નથી આવી.

એટલે શ્રીશંકરાચાર્યને પણ લીલાવાદ સ્વીકાર કરવો પડે છે. એમાં ઉમેરો એવી રીતે કરે કે આ લીલા માયા છે, પણ લીલા તો છે જ. આપણે પણ માયા તો સ્વીકાર કરવી પડે છે. પણ મહાપ્રભુજીના મતમાં માયા છે એ લીલાત્મિકા માયા છે. જે ભેદ આવે છે તે એ બાબતમાં નથી આવતો કે લીલાવાદ, આલ્ફાથી ઓમેગા ફકત વલ્લભ મતમાં જ છે અને બીજા વેદાંતમાં નથી. દરેકે-દરેક વેદાંતમાં આલ્ફા ઓમેગા લીલાવાદના તો છે છે અને છે જ. આ જો ના હોય તો થિયોરેટીકલી એ વેદાંત થઈ શકતો નથી. જે લોકો દ્વૈતવાદી છે, એ લોકો પણ લીલા તો સ્વીકાર

*વાલ્લભવેદાન્તનાં સન્ ૨૦૨૦માં ઍડવાન્સ્ કૉર્સમાં થયેલ પ્રશ્નોત્તર

કરે છે. ભારત-ભૂમિની આ એક ખાસિયત છે.

આરંભમાં જૈન-બૌદ્ધોએ આ લીલાવાદનું પુષ્કળ ખંડન કર્યું છે છતાં એમનામાં પણ લીલાવાદ પાછળથી ઘૂસી જ ગયો છે. મને લાગે છે કે આ લીલાવાદ ભારતની માટીની સુગંધ છે. વરસાત પડે તો માટીમાં સુગંધ આવે તેમ આપણા ભારતની ચિંતન-પ્રણાલી જો વિકસિત થાય તો લીલાવાદ તો આવે ને આવે. એના કારણે આ વલ્લભ-વેદાંતમાં પણ આવે છે. આપણે એનો સ્વીકાર કરીએ છીએ પણ એ લોકો (જૈન-બૌદ્ધ) તેનો સ્વીકાર નથી કરતા. તેથી એમને ત્યાં લીલાવાદ નથી, એવું નથી. લીલાવાદ વિના તો ભારતીય દર્શનશાસ્ત્ર હોવુ સંભવ નથી. સર્વોત્તમના પ્રવચનમાં મેં આનો પુષ્કળ વિસ્તાર કર્યો છે કે આ લોકો લીલાવાદને કેવી રીતે સ્વીકાર કરે છે. આ વાતથી આપણે એ સમજી શકીએ કે વેદાંતની પાછળ લીલાવાદ તો છે છે અને છે.

હવે રહી વાત સૅમેટીક્ રિલીઝન્‌ની, અબ્રાહ્મિક ધર્મોની. એ લોકોને ત્યાં લીલાનો કન્સૅપ્ટ્ નથી તેથી આ લોકો આપસમાં પુષ્કળ ઝગડા કરતા હોય છે. ક્રિશ્ચન્ લોકોને ત્યાં ૨૭ સંપ્રદાય છે, જ્યારે રોમન્ કૅથોલિક્ સંપ્રદાયે પુનર્જન્મનો સિદ્ધાંત માન્યો તો લીલાવાદ એના ગળામાં આવીને પડી જ ગયો. એમને ત્યાં એવું કહે છે કે ક્રાઈસ્ટ્‌નું વ્યક્તિત્વ “ગૉડ્ ઈન્ ફ્લેશ્” છે. એટલે હાડ-માંસના દેહમાં ભગવાન્. હવે હાડ-માંસના દેહમાં ભગવાન્‌નું અસ્તિત્વ લીલાત્મક જ હોઈ શકે, અલીલાત્મક હોઈ નથી શકતું અને એમના સિદ્ધાંત મુજબ ગૉડ્ હોય તો હાડ-માંસનો થઈ શકતો નથી. જ્યારે તમે કહો છો કે “ગૉડ્ ઈન્ ફ્લેશ્” તો તમે સમજી લો કે તમે લીલા કબૂલ કર્યા વિના કબૂલ કરી લીધી. મારી સદા એક ઓપન્ ચૅલેન્જ્ હોય છે કે જે લોકો પુનર્જન્મના સિદ્ધાંતને નથી માનતા તે લોકો પણ જ્યારે ભગવાન્ પયગમ્બરને મોકલાવે છે, એ મોસેસ્

હોય અથવા મોહમ્મદ હોય, એને લીલા માન્યા વગર છુટકારો નથી. કેમકે જે ભગવાન્ આખા જગતનું નિર્માણ પોતાની ઈચ્છા માત્રથી કરી શકે છે એને જગતને સુધારવા માટે પયગમ્બરની જરૂર શું હોય? એની કોઈ લાચારી હોય તો એ ભગવાન્ નથી અને કોઈ લાચારી ના હોય છતાં પણ પયગમ્બર મોકલતા હોય એ તો લીલા થઈ ગયી. કેમકે ઉપરથી ઈચ્છાથી બનાવી શકતો હોય તો એને સુધારી કેમ નથી શકતો! કોઈ પણ રીતે લીલાવાદ તો તમે સ્વીકારી લીધો.

હવે તમે કહો કે આ સૃષ્ટિમાં લીલાવાદ નથી. પણ લીલાવાદ તો "માન-ન-માન મૈં તેરા મહેમાન"ની માફક છે કેમકે ગૉડ્ જગત ન બનાવે તો શું ગૉડ્માં ખાલીપણું હતું? જો ખાલીપણું હોય તો એ ગૉડ્ નથી. બીજી વાત એ કે એને કોઈ કમ્પલ્શન્ હતું? જો એને કમ્પલ્શન્ હોય તો પણ એ ગૉડ્ નથી, છતાંય જગત બનાવ્યું. તો આવી ગયોને લીલાવાદ! લીલાવાદ કેવી રીતે આવી રહ્યો છે એ તમે જુઓ.

લીલાવાદના ઍન્ટિડોઝ્ બે છે. કયાં તો તમારામાં કોઈ ખામી છે અથવા તમારા ઉપર કોઈ કમ્પલ્શન્ છે. જો તમને કોઈ કમ્પેલ્ નથી કરતું અને તમારામાં કોઈ જાતની ખામી પણ નથી છતાંય તમે સૃષ્ટિને ઉત્પન્ન કરી રહ્યા છો તો આ લીલા થઈ. **"અનાયાસેન હર્ષાત્ ક્રિયમાણા ચેષ્ટા 'લીલા'"** (ભાગ.સુબો.૧૧૧૧૭) તમે સ્વીકાર કરતા હોવ તો તમે સભાન છો અને નહીં કરતા હોવ તો તમે અભાન છો. સંસ્કૃતમાં કહેવાય છે કે "કલૌ વેદાન્તિનઃ સર્વે ફાલ્ગુને બાલકાઃ યથા" આજ-કાલ પદ્ધતિ નથી રહી પણ એના થોડા ઘણા ઍલિમેન્ટ્ તો છે કે કોઈ પરિવારમાં ગાલી-ગલોચનું વાતાવરણ હોય તો આમાં બાળક બધી ગાળો શીખી જાય. તે જમાનામાં ફાગણ માસમાં ગાળો છૂટથી ગવાતી હતી. એટલે ફાગણ મહીનો

આવે તો બાળકોને બધી ગાળો યાદ થઈ જતી હતી. એમ કલિયુગમાં બધા વેદાંતી થશે. જે બોલશે તે વેદાંત બોલશે. ''કલૌ વેદાન્તિન: સર્વે ફાલ્ગુને બાલકા: યથા''. આમ ઈશ્વરને જે સર્વજ્ઞ સર્વશક્તિમાન પૂર્ણકામ માને છે અને એને સૃષ્ટિકર્તા માને છે, તેને આ સૃષ્ટિ લીલા માનવી જ પડશે. એના સિવાય કોઈ છુટકારો નથી.

આમ આ લીલાવાદ ફક્ત વલ્લભ-વેદાંતનો જ આલ્ફા ઓમેગા છે, આ સમજ ખોટી છે. આ તો ઈશ્વરથી સંકળાયેલી વાત છે. હવે આ વાતથી આપણે એમ કહીએ કે ''તો ઈશ્વરનો ગણપતિ બાપા મોરિયા કેમ નથી કરતા?'' તો એક બાત ધ્યાનથી સમજો કે આજે સાયન્સ્ ઈશ્વરને નથી સ્વીકારતો, તો તમે જોઈ શકો છો કે જે જાતની સૃષ્ટિ પેદા થઈ એનું રૂપ જુઓ તો સમજમાં આવશે કે પ્રકૃતિનો આ લીલાવાદ છે. એક પ્રકૃતિનો સામાન્ય સિદ્ધાંત છે કે દરેક સ્પિશીસ્ સર્વાઈવ્ થવી જોઈએ. રિચાર્ડ ડૉકિંસ્ નામના વૈજ્ઞાનિકે 'એડમૅન્ટ્ સેલ્સ્' નામની એક પુસ્તક લખી છે. એમાં એ કહે છે કે જે સેલ્ પેદા થાય; એ મરવા નથી માંગતા, જીવવા જ માંગે છે. એટલે સેલ્માં જીવવાનો એક જાતનો અદ્ભુત ઝુકાવ હોય છે. આપણે ત્યાં ભાગવતમાં કહેવામાં આવ્યું છે કે **''જીવો જીવસ્ય જીવનમ્''** (ભાગ.પુરા.૧૧૧૩૧૪૭) માટી ખાઈને, હવા ખાઈને કોઈ જીવ જીવતો નથી. જીવ તો જીવને જ ખાઈને જીવે છે. હવે જો સર્વાઈવલ્નો જ સિદ્ધાંત હોય તો કોઈ જીવે બીજા જીવને ખાવુ ન જોઈએ. જો કોઈ જીવ, જીવને ખાઈને જીવે તો મરવાનો સિદ્ધાંત હોવો જોઈએ. આ વાત આપણે ત્યાં વેદમાં બહુ સારી રીતે કહેવામાં આવી છે. જ્યારે બ્રહ્મને એકાકી રમણ ન્હોતુ કરવું ત્યારે બ્રહ્મે પોતાનામાંથી જ એક બીજો ટુકડો બહાર પ્રકટ કર્યો અને પ્રકટ કર્યા પછી એને ખાવા જતો હતો. એટલે એ ટુકડો રડવા મંડયો કે ''તુ મને ન ખા. એક તો તેં મને પેદા કર્યો પાછો તું જ મને ખાય છે!'' એકદમ સેલ્ની માફક. ત્યાં

ઉપનિષદ્ બહુ સુંદર વર્ણન કરે છે. જે પેદા કરવાવાળાએ વિચાર્યુ કે આ તબક્કે એને ખાઈ જાઉં તો બહુ ઓછું ખાવાનું મળશે એટલે એણે વિચાર્યુ કે એને થોડો મોટો થવા દઉં પછી એને ખાઈશ. જેવી રીતે ફ્લાઇંગ્ ડ્રૅગન્‌ની માદા કરોડો ઈંડા મૂકતી હોય અને લાખોની તાદાતમાં એને ખાઈ જાય અને લાખોની તાદાતમાં એ જીવતા પણ રહે છે. આ બધું વિચારીએ તો પણ લીલા આવી રહી છે. સેલ્‌માં જો બાય્ ડિફૉલ્ટ્ સર્વાઈલ્‌ની કિટ્ તમે મૂકો છો તો સિસ્ટમ્ એવી હોવી જોઈએ કે માટી હવા ખાઈને જીવિત રહે, પણ એવું નથી. સેલ સેલને જ ખાઈને જીવે છે અને આ બધા ડ્રામાને મૅનેજ્ એવી રીતે કરે છે કે ખાનારા ઓછા પેદા થાય છે અને ખવાનારા ગણતરીમાં વધારે પેદા થાય છે. સેલ્ જ સેલ્‌ને ખાઈ રહી છે અને સેલ્ જ સેલ્‌થી ખવાઈ રહી છે અને એનાથી જ સેલ્‌નો વિકાસ થઈ રહ્યો છે. એ જ તો લીલા છે. સાયન્સ્ ઈશ્વર નથી માનતો પણ આ પૅટર્નને તો માને છે! કહેવાનો અર્થ આ કે લીલાથી સાયન્સ્ પણ બચી શકતું નથી ચાહે એ સ્વીકાર કરે કે ન કરે.

વલ્લભ-વેદાંતના હકમાં એટલું કહી શકાય કે આ વાતને ઍવોઈડ્ નથી કરતો અને ઍડમિટ્ પણ કરે છે કેમકે એ જ તો સત્ય છે. આપણે કહીએ કે હું જ ખવાઈ રહ્યો છું અને હું જ ખાનારો છું. આમાં આપણને દુ:ખ લાગે છે. સાયન્સ પણ એવું માને છે. રિચર્ડ ડૉકીન્ કહે છે કે "ભગવાને જો સૃષ્ટિ બનાવી હોય તો એણે આ સૃષ્ટિ આ પ્રકારથી કેમ બનાવી? કોઈ સારી રીતે બનાવવી જોઈતી હતી કે જેમાં એટલી હિંસા ના હોય. આમાં તો એવું લાગે છે કે ભગવાન્ બહુ ક્રૂર હશે". રિચર્ડ ડૉકીન્ એવું કહી શકે. પણ વેદાંત આ વિષય ઉપર શું કહવા માંગે છે એ આપણે જોઈએ. વેદાંત કહે છે **"અહમ્ અન્નમ્! અહમ્ અન્નમ્!! અહમ્ અન્નમ્!!! અહમ્ અન્નાદો! અહમ્ અન્નાદો!! અહમ્ અન્નાદો!!!**

**અહમ્ અન્નમ્ અદન્તં માં અદ્મિ. અહં વિશ્વં ભુવનમ્ અભ્યભવામ. સુવર્ણજ્યોતી: ય: એવં વેદ''** (તૈત્તિ.ઉપ.૩।૧૦।૬) ઉપનિષદ્ સૃષ્ટિનું રૂપ તમને સમજાવે છે. ઉપનિષદ્ કહે છે કે જ્યારે તમે આ વાત સમજી શકો કે તમે અન્ન છો અને અન્નાદ પણ છો. you are being eaten and you are the eater. આ અવધારણાની રિચર્ડ નિંદા કરે છે પણ એને ઉપનિષદ્ કેવી રીતે વધારે છે એ જોવા જેવી વાત છે. 'સુવર્ણજ્યોતી:' આ એક જાતની ગોલ્ડન્ લાઈટ્ છે. જો આ વાત ઉપનિષદ્‌ની સમજમાં આવે તો ઉપનિષદ્ તમને સમજ આવશે. શા માટે આ ગોલ્ડન્ લાઈટ્ છે? કેમકે ખાનારો કોઈ બીજો નથી અને ખવાઈ જનારો પણ કોઈ બીજો નથી. પોતે પોતાને ખાઈ રહ્યો છે અને પોતે પોતાને ખાઈને જીવી રહ્યો છે. જ્યારે પોતે પોતાને ખાઈ રહ્યો છે તો એમાં ક્રૂરતા ક્યાંથી આવી! આ તો વાત લિવિંગ્ બીંગ્‌ની છે. નોન્-લિવિંગ્ જે મૅટર્ છે એ એક-બીજાને જમી રહી છે કે નહીં!

બ્લેક્ હોલ્ શું છે? વ્હાઈટ્-મૅટર્‌ને જે જમી જાય તે 'બ્લેક્-હોલ્'. આ બ્લૅક્-હોલ્ ગૅલેક્સીના સૅન્ટર્‌માં છે અને પૅરાફેરીમાં વ્હાઈટ્-મૅટર્ છે. ખાનારી પણ ગૅલેક્સી છે અને ખવાઈ જનારી પણ ગૅલેક્સી છે. આ બ્લૅક્ હોલ્ બહુ સ્પીડ્‌થી વ્હાઈટ્-મૅટર્‌ને ખાઈ રહી છે અને એટલી જ વ્હાઈટ્ મૅટર્ પેદા થઈ રહી છે. બસ આ જ તો લીલા છે. તમે ઈશ્વરને નથી માનતા, કોઈ વાંધો નથી. સ્પિનોજા એટલે જ કહેતો હતો કે "God is a natura naturata" સ્પિનોજા મહાપ્રભુજીના પચાસ વર્ષ પછી જન્મ્યો. એ ડચ્ ફિલોસૉફર્ હતા પણ શુદ્ધાદ્વૈતવાદી ભક્તિવાદી હતા મહાપ્રભુજીની માફક. એ પણ મહાપ્રભુજીની માફક માહાત્મ્યજ્ઞાન સુદૃઢ સર્વતોધિક સ્નેહમાં માનતો હતો. એ પણ માનતો હતો કે જડ અને ચેતન ગૉડ્‌ના બે સ્વરૂપો છે. ઘણી બધી રીતે મહાપ્રભુજીના સિદ્ધાંત સાથે એનો મેળ ખાતો સિદ્ધાંત છે. એને આ બહુ સુંદર શબ્દ વાપર્યું છે "Natura naturata"

જે નેચર્થી આ સૃષ્ટિ પેદા થઈ, એનો એ નેચર્ ગૉડ્ છે. સાઈંટિસ્ટ્ નેચર્ના નેચર્ સુધી નથી જતા, નેચર્ સુધી જાય છે. પણ સૃષ્ટિ અને નેચર માં જે સંબંધ હોય તે નેચર્ અને એના નેચુરા માં પણ એ જ સંબંધ હોવો જોઈએ.

એટલે જ્યારે તમે કહી રહ્યા છો કે વાલ્લભ-વેદાંતના આલ્ફા અને ઓમેગા લીલાવાદ છે તો આમાં એ વાત યાદ રાખવી બહુ જરૂરી છે કે આ તો યુનિવર્સલ્ ટ્રુથ્ છે અને ટ્રુથ્નો આપણે ઈન્કાર(મનાઈ) નથી કરતા. આ હતો તમારા પ્રશ્નના ઉત્તરની પ્રથમ ભાગમાં ભૂમિકા. બીજા ભાગમાં આલ્ફા અને ઓમેગા ની બાબતમાં એક વાત એ કહવા માંગીશ કે લીલાની પરિભાષામાં એ વાત કહી છે કે **"અનાયાસેન હર્ષાત્ ક્રિયમાણા ચેષ્ટા 'લીલા'"** કોઈ પણ આયાસ વગર હર્ષથી કરાતી ચેષ્ટાને 'લીલા' કહેવાય છે. 'આયાસ' એટલે આપણામાં રહેલા ખાલીપણાને પૂરવામાટે કોઈ ચેષ્ટા કરીએ તો એને 'આયાસ' કહેવાય. આપણે કરવા ન માંગતા હોઈએ અને કોઈ આપણને ફોર્સ કરે તે પણ 'આયાસ' કહેવાય છે. ભીતર અને બહાર ના કોઈપણ પ્રેશર્ વગર ભીતર રહેલી આપણી પોટેન્શિયલીટીને બિગ્-બૅન્ગ્ની માફક આઉટલેટ્ આપવું. એક વાત સમજો કે ફટાકડા ફૂટવામાટે એકદમ તૈયાર હોય છે. એ તો કેવલ વાટ જુએ છે કે તમે ક્યારે કાંડી લગાડો. એ તરત બહાર પ્રકટ થઈ જાય છે. એવી જ રીતે જ્યારે આપણો આનંદ ભીતર ભરાઈ રહેવા નથી માંગતો અને બહાર પ્રકટ થવા માંગે છે, તે કરવામાં જે ક્રિયા પ્રકટ થઈ રહી છે એનું નામ 'લીલા' છે. હવે તમે એને બિગ-બૅન્ગ્ કહો કે પલસેટ્ કહો કે સ્ટ્રીંગ્ કહો, જે પણ કોઈ એને નામ આપો.

તેથીજ આનંદ માટે ઉપનિષદ્ એમ કહે છે કે **"આનન્દાદ્ધ્યેવ ખલુ ઈમાનિ ભૂતાનિ જાયન્તે, આનન્દેન જાતાનિ જીવન્તિ, આનન્દં**

**પ્રયન્તિ અભિસંવિશન્તિ તદ્વિજિજ્ઞાસસ્વ તદ્ 'બ્રહ્મ'"** (તૈત્તિ.ઉપ.૩।૬) આ સૃષ્ટિ આનંદમાંથી જ પ્રકટ થઈ છે. આનંદમાં રહી છે અને આનંદમાં લીન થશે. તે **"આનંદો 'બ્રહ્મ'ઈતિ વ્યજાનાત્"** હવે આ આનંદની બાબતમાં ઘણા લોકોની ધારણા એવી છે કે આનંદ નૅગેટીવ્ છે કે પૉઝીટીવ્?

'નૅગેટીવ્'નો અર્થ છે કે દુઃખ ન હોવું. જેને સંસ્કૃત ભાષામાં કહેવાનું હોય તો આપણે કહીએ "દુઃખાસંસ્પૃષ્ટં સુખમ્" સુખ એટલે જે ઈન્દ્રિયોને સુહાવનું લાગે અને દુઃખ એટલે જે ઈન્દ્રિયોને સારું ન લાગે. આપણા કોઈ સુખ એવા નથી કે જેની સાથે કોઈ દુઃખ ન આવતા હોય. શેરડીને જ્યારે તમે ચૂસો તો જ્યાં સુધી રસ નિકળે છે ત્યાં સુધી સુખ છે પછી છૂંછ રહ્યા પછી આ જ શેરડી દુઃખનું કારણ બની જતી હોય છે. એ શેરડીની જ હકીકત નથી પણ વસ્તુમાત્રની હકીકત છે. હકીકત ના હોય તો માતા-પિતાથી બાળક કોઈ દિવસે કંટાળે નહીં અને પતિથી કોઈ દિવસે પત્ની કંટાળે નહીં.

હમણાં જ કોઈ કહેતું હતું કે કોરોના અને પત્ની માં શું તારતમ્ય છે? કોરોના હસ્તમિલાપથી આવે છે અને પત્ની પણ હસ્તમિલાપથી આવે છે. કોરોનામાં જાન જાય છે અને પત્નીની સાથે રહેવામાં પણ જાન જાય છે. કોરોના આવ્યા પછી શ્વાસ લેવામાં તકલીફ થાય છે અને પત્ની સાથે રહેવામાં પણ તકલીફ થાય છે. આવા જોક્સ્ સૂઝવાનું કારણ એ કે આપણે કોઈ પણ સુખ-દુઃખથી અસંસ્પૃષ્ટ નથી.

જ્યાં સુખ છે ત્યાં દુઃખ છે અને કોઈ પણ દુઃખમાં કાંઈકને કાંઈક સુખ મળતા હોય છે. એટલે આનંદની પરિભાષા ઘણા લોકો એવી રીતે કરે છે કે દુઃખથી અસંસ્પૃષ્ટ જે સુખ તેનું નામ 'આનંદ'. પણ મારા મુજબ ઍસ્થેટીકલી આ પરિભાષા આનંદની અપૂર્ણ

વ્યાખ્યા છે. અમારા એક ઓળખીતા હતા, મારા નીચે જ રહેતા હતા. એક દિવસે એમણે મને બ્રહ્મજ્ઞાન આપ્યું , બોલ્યા કે ''બાબા, આપને જમવાની સાચી પ્રક્રિયા બતાઉં''. મેં કીધું ''બતાઓ'', એમને કહ્યું કે ''તમે જે કાંઈ વસ્તુ મોઢામાં મૂકો તેને બત્રીસ વાર ચાવીને પછી પેટમાં ઉતારો'', આપણે એટલું ચાવીએ તો સ્વાદ જ ચાલ્યો જાય. તો સ્વાદનું જે સુખ છે એજ દુ:ખ થઈ જાય. મારો કહેવાનો મુદ્દો આ છે. એટલે દુ:ખથી અસંસ્પૃષ્ટ સુખ આનંદ છે, એ પરિભાષા વેદાંતની નથી. વેદાંતની પરિભાષા એ છે કે દુ:ખ અને સુખ જ્યાં એકાકાર થઈ જતું હોય તે 'આનંદ' છે, એક ડ્રામાની માફક. ડ્રામામાં સુખ પણ હોય છે અને દુ:ખ પણ હોય છે. ડ્રામામાં આપણે સુખનો અને દુ:ખ નો એટલો જ આનંદ લઈએ છીએ. હીરોનો અને વિલન્‌નો આનંદ સરખો છે. એટલે જ્યાં સુખ-દુ:ખ એકીભૂત હોય, તેનું નામ 'આનંદ' છે.

સુખ-દુ:ખના જે વિભાગ છે એ આપણી લાઈફના બે પાસા છે પણ જે માનસિક અવસ્થામાં એ એકીભૂત થઈ જાય તેનું નામ 'આનંદ'. એના પણ મલ્ટિપલ્ લેયર્સ થશે. આનો એક વ્યાવહારિક પક્ષ, સંસ્કૃતમાં એક શ્લોક છે ''આયાતમ્ આયન્તમ્ અપેક્ષણીયં ગતઞ્ચ ગચ્છન્તમ્ ઉપેક્ષણીયમ્ અલં વૃથા ખેદનામોદનાભ્યાં યદ્ અસ્મદીયં નહિ તત્પરેષામ્'' જે આવતું હોય તેને આવકારો, જે વિદાય માંગતું હોય તેને વિદાય આપો. જે આવતું હોય તેનાથી અનાવશ્યક સુખી નહીં થાઓ અને જેની વિદાય થાય તેનાથી અનાવશ્યક દુ:ખી નહીં થાઓ. જે માણસ એવું જીવન જીવી શકે તો તે લીલા થઈ ગઈ. સુખ-દુ:ખ બન્ને એકીભૂત થઈ ગયા.

એવું સાઈકૉલૉજીકલી થઈ શકે અને સ્પિરિચ્યુઅલી પણ થઈ શકે. મહાપ્રભુજીની વાણીમાં કહેવું હોય તો આપણે કહી શકીએ **''યચ્ચ દુ:ખં યશોદાયા નંદાદીનાં ચ ગોકુલે''** ( નિ.લ.૧ ) જે ગોપિકાઓને

દુ:ખ થયું, જે નંદ વિગેરેને દુ:ખ થયું, તે દુ:ખ પ્રભુ મને ક્યારે થશે? **"ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં વ્રજવાસિનાં યત્ સુખં સમભૂત્ તન્મે ભગવાન્ કિં વિધાસ્યતિ"** (નિ.લ.૨) એ સુખ મને ક્યારે મળશે? તો સુખ અને દુ:ખ ની બાબતમાં વળી જવાની ટેડેન્સી નહીં પણ બન્નેની મજા માણવાની ટેડેન્સીનું નામ 'આનંદ'. એ ડ્રામામાં અને લીલામાં થાય છે. એ સૃષ્ટિમાં પણ થાય છે જેને ઉપનિષદ્ 'ગોલ્ડન્ ટ્રુથ્' (સુવર્ણજ્યોતી:) કહે છે. **"અહમ્ અન્નમ્! અહમ્ અન્નમ્!! અહમ્ અન્નમ્!!! અહમ્ અન્નાદો! અહમ્ અન્નાદો!! અહમ્ અન્નાદો!!! અહમ્ અન્નમ્ અદન્તં માં અગ્નિ. અહં વિશ્વં ભુવનમ્ અભ્યભવામ. સુવર્ણજ્યોતી: ય: એવં વેદ"** (તૈત્તિ.ઉપ.૩।૧૦।૬) જે અન્નને અન્નાદ જમતો હોય તો અન્નને દુ:ખ થાય. અન્નાદને અન્ન ન મળે તો દુ:ખ થાય, મળી જાય તો સુખ થઈ જાય. એટલે અન્ન અને અન્નાદ નું એકીકરણ, સુખ અને દુ:ખ ના એકીકરણનું ટોકન્ છે. **"તસ્માદ્ ઉત્તિષ્ઠ કૌન્તેય! યુદ્ધાય કૃતનિશ્ચય:, સુખ-દુ:ખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ"** (ભગ.ગીતા ૨।૩૭-૩૮) ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે. ધ્યાનથી જોઈએ તો આ લીલાવાદનો જ પ્રાથમિક ઉપદેશ છે. માણસ યુદ્ધ કરે તો લીલા તો આવી ગયી. તમે જંપ લેવા લીલાના પૅડ્ ઉપર આવી ગયા. બસ પુલ્માં કૂદવાનું જ બાકી રહ્યું. **"દુ:ખેષુ અનુદ્વિગ્નમના: સુખેષુ વિગતસ્પૃહ: વીતરાગ-ભય-ક્રોધ: સ્થિતધી: મુનિ: ઉચ્યતે"** (ભગ.ગીતા ૨।૫૬) જ્ઞાનમાર્ગ હોય કે ભક્તિમાર્ગ હોય કે કર્મમાર્ગ હોય. કર્મમાર્ગમાં આપણે જ્યારે નિષ્કામ કર્મની વાત કરીયે છીએ, પણ માણસ કર્મ ત્યારે જ કરે જ્યારે એને કામના હોય. જ્યારે કામના જ ન હોય તો કર્મ કરવાનું શા માટે? જ્યારે આપણે એમ કહીએ કે નિષ્કામ કર્મ કરવું છે તો તે લીલાવાદની ભૂમિકા છે કે નહીં? તુલસીદાસજી જેમ કહે છે કે "જાહી વિધ રાખે રામ તાહિ વિધ રહીએ" દરેક પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવું એ સુખ-દુ:ખનું એકીકરણ થયું. એને આપણે ત્યાં 'આનંદ' કહેવામાં આવે છે. એ એક સ્ટેજ્

છે. આ આપણી ઈન્ટલૅક્ચ્યુઅલ્ સાઈકૉલોજીકલ્ અને સ્પિરિચુયલ્ પણ થઈ શકે કે જ્યાં જઈને આપણા સુખ-દુ:ખ એકીકૃત થઈ જાય તેનું નામ 'આનંદ'.

આ આનંદનો કોઈ પણ આઉટલેટ્ હોય **"અનાયાસેન હર્ષાત્ ક્રિયામાણા ચેષ્ટા: 'લીલા'"** જ્યાં સુખ-દુ:ખ એકીકૃત હોય અને આ એકીકૃતનો અનુભવ જ લીલા છે. આ મેં તમને મોટા ફલક ઉપર દેખાડી દીધું. બુદ્ધ ભગવાન્ તો ત્યાં સુધી કહે છે કે "મ્હારું પ્રાકટ્ય નિર્વાણમાટે થયું છે પણ આખું ગામ દુ:ખી રહે અને હું નિર્વાણ પામું, એવા સ્વાર્થમાં મને દુ:ખ લાગે છે. એટલે મળેલા નિર્વાણને હું વિલંબિત કરીને જનમતો રહીશ" હવે બુદ્ધ ભગવાન્નો સિદ્ધાંત છે કે જન્મ-મરણ જ દુ:ખનું સ્વરૂપ છે. તો નિર્વાણ પામ્યા પછી જન્મ લેતા રહેવું પોતાની ઈચ્છા નથી. આ લીલા થઈ કે ના થઈ? તમે ગૉડ્ને સ્વીકાર નથી કરી રહ્યા, પણ નિર્વાણ પામ્યા પછી જન્મ-મરણની ઈચ્છા થઈ રહી છે જેને તમે દુ:ખ માની રહ્યા છો. આ "ગૉડ્ ઈન્ ફ્લેશ્"વાળો તો સિદ્ધાંત થયો, જેને ક્રિશ્ચેનિટી કહે છે. જેમ મુસલમાન અને યહૂદી ધર્મો કહે છે કે ભગવાન્ પોતે નથી આવતો પયગમ્બર મોકલાવે છે. કુરાનમાં તો ત્યાં સુધી કહયું છે કે "ભગવાન્ કહે છે કે હું જ્યારે પયગમ્બર મોકલાવું છું ત્યારે માણસ એમનો સ્વીકાર નથી કરતો, એનો વિદ્રોહ કરે છે. એના સામે ઝઘડો કરે છે, એને બદનામ કરે છે." અરે ભગવાન્! જ્યારે તમે જાણે છો કે માણસ એવો છે તો તમારે પયગમ્બર મોકલાવવાથી ફાયદો શું? તો ફકત પયગમ્બરનું બલિદાન આપવા માટે તમે એ કામ કરી રહ્યા છો કે તમને જાણ નથી. પણ જાણ તો છે. હવે જાણ્યા પછી પણ તમે પયગમ્બર મોકલાવો તો આ તો લીલા થઈ ગયી. આ તો દ્રાવિડ પ્રાણાયામ થઈ ગયા. આ રીતે લીલાવાદ તો બધે ઠેકાણે છે. આ વાતને કોઈ ઈન્કાર નથી કરી શકતું. બીજા દાર્શનિકોને

થોડો સંકોચ થાય છે લીલાવાદને સ્વીકાર કરવામાં પણ શ્રીવલ્લભાચાર્યને આ કહેવામાં કોઈ સંકોચ નથી થતો. આ દૃષ્ટિથી શ્રીવલ્લભાચાર્યના દર્શનમાં આલ્ફા અને ઓમેગા લીલાવાદમાં છે. કેમકે **"આનન્દાદ્ધ્યેવ ખલુ ઈમાનિ ભૂતાનિ જાયન્તે, આનન્દેન જાતાનિ જીવન્તિ" "આનન્દં પ્રયન્તિ અભિસંવિશન્તિ તદ્વિજિજ્ઞાસસ્વ તદ્ 'બ્રહ્મ'"** (તૈત્તિ.ઉપ.૩।૬) આવા આનંદથી જે સૃષ્ટિ પેદા થતી હોય, આવા આનંદમાં જો સ્થિત હોય અને આવા આનંદમાં જે લીન થવાની હોય, તો લીલાવાદ તો આવશે અને આવશે. આલ્ફા આ લીલાનો **"આનન્દાદ્ધ્યેવ ખલુ ઈમાનિ ભૂતાનિ જાયન્તે"**, બીટા ગામા થીટા આદિ **"આનન્દેન જાતાનિ જીવન્તિ"** છે. અને ઈનો ઓમેગા એટલે લય **"આનન્દં પ્રયન્તિ અભિસંવિશન્તિ"** છે. એટલે આ અર્થમાં આપણે આનો અર્થ સમજવો જોઈએ. આલ્ફા અને ઓમેગા આ લીલાવાદની સ્વીકૃતિ છે. પણ તમે ખોટી ઈમ્પ્રેશન્‌માં ન રહેતા કે આ ફકત વાલ્લભ-વેદાંતમાં વર્ણવેલું કોઈ નવું દર્શન છે. આ તો યુનિવર્સલ્‌ ટ્રુથ્‌ છે. કોઈ એનો સ્વીકાર કરે છે કોઈ નથી કરતા. કોઈને એનું ભાન પણ નથી. વાલ્લભ-વેદાંતને ભાન છે અને એ સ્વીકાર પણ કરે છે કે જગત લીલાત્મક છે.

## ઉદ્ધરણતાલિકા


| | | |
|---|---|---|
| અઘોરેભ્યો અથ ઘોરેભ્યો | (મહાના.ઉપ.૧૦।૬) | ૬૪ |
| અછેદ્યો અયમ્ અદાહ્યો | (ભગ.ગીતા ૨।૨૪) | ૩૬ |
| અજાયમાનો બહુધા વિજાયતે | (મુદ્ગલોપ.૩।૧) | ૧૫ |
| અટતિ યદ્ ભવાન્ અહ્નિ | (ગોપીગીત.૧૫) | ૯૦ |
| અણોઃ અણીયાન્ મહતો | (કઠોપ.૨।૨૦) | ૧૫ |
| અથ નામધેયં સત્યસ્ય | (બૃહ.ઉપ.૨।૩।૬) | ૨ |
| અથાત આદેશો | (બૃહ.ઉપ.૨।૩।૬) | ૨ |
| અનાયાસેન હર્ષાત્ ક્રિયમાણા | (ભાગ.સુબો.૧૧।૧૭) | ૧૬૩ |
| અન્યાભિલષિતાશૂન્યત્વે | (ભક્તિરસામૃતસિન્ધુ.) | ૧૨૮ |
| અપામ્ ઓષધયોઃ રસઃ | (છાન્દો.ઉપ.૧।૧।૨) | ૧૦૭ |
| અર્થૌયમેવ નિખિલૈરપિ | (ત.દી.નિ.૧।૧૦૪) | ૧૩૭ |
| અનલ્પમ્ અપ્રત્યક્ષમ્ અસ્તિ | (ચરક) | ૯૮ |
| અલ્પીયસી હિંસા | (સુબો.૩।૨૯।૧૫) | ૪૩ |
| અષ્ટૌ નાટ્યે રસાઃ સ્મૃતાઃ | (ભર.નાટ્ય.૬।૧૫) | ૭૪ |
| અસદ્ વા ઈદમ્ અગ્રે | (તૈત્તિ.ઉપ.૨।૭) | ૧૦૭ |
| અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ | (સિ.ર.૪) | ૧૪૬ |
| અસ્માન્ માયી સૃજતે | (શ્વેતા.ઉપ.૪।૯) | ૨૮ |
| અહં બ્રહ્મ અસ્મિ | (શુકરહસ્યોપ.૨૨) | ૨૫ |
| અહમ્ અન્નમ્ અહમ્ અન્નમ્!! | (તૈત્તિ.ઉપ.૩।૧૦।૬) | ૧૬૫ |
| અહમ્ આત્મા આત્મનાં | (ભાગ.પુરા.૩।૯।૪૨) | ૧૨૯ |
| આંડકોશો બહિર્ અયં | (ભાગ.પુરા.૩।૧૧।૩૯) | ૪૬ |
| આકારૈઃ ઈંગિતૈઃ ગત્યા | (મનુસ્મૃતિ.૮।૨૬) | ૧૨૩ |
| આનન્દં પ્રયન્તિ અભિસંવિશન્તિ | (તૈત્તિ.ઉપ.૩।૬) | ૧૭૨ |
| આનન્દાદ્ધ્યેવ ખલુ ઈમાનિ | (તૈત્તિ.ઉપ.૩।૬) | ૧૬૭ |
| આરાધ્યત્વપ્રકારકજ્ઞાનરૂપત્વમ્ | (કિરણા.મં) | ૧૨૯ |
| આર્તો જીજ્ઞાસુઃ અર્થાર્થી | (ભગ.ગીતા ૭।૧૬) | ૧૨૭ |
| આસીનો દૂરં વ્રજતિ | (કઠોપ.૨।૨૧) | ૧૫ |

| | | |
|---|---|---|
| ઈતિ મે મતિ: | (નવરત્ન) | ૧૩૭ |
| ઉત્ક્ષેપણં ગર્ભગતસ્ય પાદયો: | (ભાગ.પુરા૧૦।૧૪।૧૨) | ૧૫૬ |
| એકમેવાદ્વિતીયં | (છાન્દો.ઉપ.૬।૨।૧-૩) | ૧૫,૧૯ |
| એવમ્ આશ્રયણં પ્રોક્તં સર્વેષાં | (વિ.ધૈ.આ.૧૭) | ૧૪૨ |
| એષ: હિ એવ આનન્દયાતિ | (તૈત્તિ.ઉપ.૨।૭) | ૩૮ |
| એષાં ભૂતાનાં પૃથિવી રસ: | (છાન્દો.ઉપ.૧।૧।૨) | ૧૦૬ |
| ઐતદાત્મ્યમ્ ઈદં સર્વં સ: | (છાન્દો.ઉપ.૬।૮।૭) | ૨૫ |
| ઓષધીનાં પુરુષો રસ: | (છાન્દો.ઉપ.૧।૧।૨) | ૧૦૭ |
| કવિં પુરાણમ્ અનુશાસિતારમ્ | (ભગ.ગીતા.૮।૯) | ૨૧ |
| કૃષ્ણસેવા સદા કાર્યા | (સિ.મુ.૧) | ૧૫૨ |
| કો હિ એવ અન્યાત્ ક: | (તૈત્તિ.ઉપ.૨।૭) | ૩૮ |
| ક્ષર: સર્વાણિ ભૂતાનિ | (ભગ.ગીતા ૫।૧૬) | ૪૬ |
| ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં | (નિ.લ.૨) | ૧૭૦ |
| ગોપીનાં તત્પતીનાં ચ | (ભાગ.પુરા.૧૦।૩૩।૩૬) | ૧૯ |
| જીવો જીવસ્ય જીવનમ્ | (ભાગ.પુરા.૧।૧૩।૪૭) | ૧૬૪ |
| તદર્પિતાખિલાચારત્વે સતિ | (ના.ભ.સૂ.૧૫।૧૯) | ૧૨૫ |
| તદ્ આત્માનં સ્વયમ્ અકુરુત | (તૈત્તિ.ઉપ.૨।૭) | ૩૮,૧૦૭ |
| તદ્ હિ એતત્ પશ્યન્ | (બૃહ.ઉપ.૧।૪।૧૦) | ૨૨ |
| તસ્માત્ તત્ સુકૃતમ્ | (તૈત્તિ.ઉપ.૨।૭) | ૩૮,૧૦૭ |
| તસ્માદ્ ઉત્તિષ્ઠ કૌન્તેય! | (ભગ.ગીતા ૨।૩૭-૩૮) | ૧૭૦ |
| તસ્ય પ્રિયમેવ શિર: | (તૈત્તિ.ઉપ.૨।૫) | ૭૫ |
| તીર્ત્વા મોહાર્ણવં હત્વા | (દ્ર.શ્રીશં.વિ.આત્મબોધ.૫૦) | ૨૩ |
| ત્વં ભાવયોગ પરિભાવિત | (ભાગ.પુરા.૩।૯।૧૧) | ૧૭ |
| દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા | (નિરોધલક્ષણ-૧૮) | ૧૪૩ |
| દુ:ખેષુ અનુદ્વિગ્નમના: સુખેષુ | (ભગ.ગીતા ૨।૫૬) | ૧૧૬,૧૭૦ |
| દ્રવ્યં કર્મ ચ કાલશ્ચ | (ભાગ.પુરા.૨।૫।૧૪) | ૨૯,૩૮ |
| દ્વે વાવ બ્રહ્મણો | (બૃહ.ઉપ.૨।૩।૧) | ૧,૨૭,૭૧ |
| ધર્માડવિરુદ્ધો ભૂતેષુ કામો | (ભગ.ગીતા ૭।૧૧) | ૬ |

| | | |
|---|---|---|
| ન માંસભક્ષણે દોષ: | ( મનુસ્મૃ.પા૫૬ ) | ૪૩ |
| ન યત્ર દુ:ખં ન સુખમ્ | ( સાહિ.દર્પ.૩ા૨૩૦ ) | ૭૧ |
| નમોસ્તુ યમુને સદા | ( યમુનાષ્ટક.૬ ) | ૮ |
| નિખિલભૂતગુહાશયસ્થ | ( ભાગ.પુરા.૩ા૨૯ા૧૧-૧૨ ) | ૧૨૬ |
| નિયતિકૃતનિયમરહિતાં | ( કાવ્યપ્રકાશ.૧ા૧ ) | ૫૫ |
| પરમેશ્વરવિષયકાત્યર્થપ્રિયા | ( ભગ.ગીતા.રા.ભા.૧૮ા૫૪ ) | ૧૨૭ |
| પાયોર્મલાંશત્યાગેન શેષભાગં | ( નિ.લ.૧૮ ) | ૧૫૨ |
| પુરુષસ્ય વાગ્ રસ: | ( છાન્દો.ઉપ.૧ા૧ા૨ ) | ૧૦૭ |
| બ્રહ્મ પુચ્છમ્ પ્રતિષ્ઠા | ( તૈત્તિ.ઉપ.૨ા૫ ) | ૭૪ |
| ભગવદીયત્વેનૈવ પરિસમાપ્ત | ( ભાગ.પુરા.પા૬ા૧૭ ) | ૧૩૨ |
| ભગવદ્ભજનપરેષુ અર્થા | ( ભગ.ગીતા.શાં.ભા.૧૮ા૫૪ ) | ૧૨૭ |
| ભગવાનેવ હિ ફલં સ: | ( પુ.પ્ર.મ.૧૭ ) | ૧૧ |
| ભાવો ભાવનયા સિદ્ધ: | ( સં.નિ.૮ ) | ૭૭ |
| ભીષા અસ્માદ્ વાત: | ( તૈત્તિ.ઉપ.૨ા૮ ) | ૧૫ |
| મધ્યે શ્યામ: સ્તનઈવ ભુવ: | ( મેઘદૂત.૧૮ ) | ૮ |
| મમાસ્તુ તવ સન્નિધૌ | ( યમુનાષ્ટક.૭-૯ ) | ૧૪૦ |
| મલ્લાનામ્ અશનિ: નૃણાં | ( ભાગ.પુરા.૧૦ા૪૩ા૧૭ ) | ૬૪,૧૨૧ |
| માં સ ખાદયિતા અમુત્ર | ( મનુસ્મૃ.પા૫૫ ) | ૪૩ |
| માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢ: | ( ત.દી.નિ.૧ા૪૨ ) | ૧૩૦,૧૫૬ |
| મોક્ષાધ્યાત્મસમુત્થ: | ( ભર.નાટ્ય.૬ા૮૩ ) | ૧૧૮ |
| યચ્ચ દુ:ખં યશોદાયા | ( નિ.લ.૧ ) | ૧૬૯ |
| યત: અભ્યુદય-નિ:શ્રેયસ | ( કાણા.સૂ.૧ા૧ા૨ ) | ૫ |
| યદિદં કિઞ્ચ તત્ ‘સત્યમ્’ | ( તૈત્તિ.ઉપ.૨ા૬ ) | ૫૨ |
| યદ્ વૈ તત્ સુકૃતમ્ | ( તૈત્તિ.ઉપ.૨ા૭ ) | ૩૮,૧૦૭ |
| યદ્-યદ્ ઈષ્ટતમં લોકે | ( ત.દી.નિ.૨ા૨૩૬ ) | ૧૪૫,૧૪૯ |
| યદ્-યદ્ ધિયા ત ઉરુગાય | ( ભાગ.પુરા.૩ા૯ા૧૧ ) | ૭૬ |
| યસ્મિન્ સર્વાણિ ભૂતાનિ | ( ઈશા.ઉપ.૭ ) | ૨૦ |
| યસ્ય અમતં મતં તસ્ય | ( કેનોપ.૨ા૩ ) | ૧૫ |

| | | |
|---|---|---|
| યેન સ્યાન્ નિર્વૃતિ: ચિત્તે | (ત.દી.નિ.૨।૨૩૬) | ૧૫૦ |
| રસં હિ એવ અયં લબ્ધ્વા | (તૈત્તિ.ઉપ.૨।૭) | ૩,૩૮ |
| રસો વૈ સ: | (તૈત્તિ.ઉપ.૨।૭) | ૩,૩૮, ૧૦૬,૧૦૭,૧૦૮ |
| વદતિ વલ્લભ: શ્રીહરે: | (યમુનાષ્ટક) | ૧૩૭ |
| વલ્લભસ્ય હિતં વચ: | (અન્ત:કરણપ્રબોધ) | ૧૩૭ |
| વાચારમ્ભણં 'વિકારો' નામધેયં | (છાન્દો.ઉપ.૬।૪।૧) | ૫૧ |
| વિભાવાનુભાવસંચારિભાવસંયોગાદ્ | (ભર.નાટ્ય.૬।૩૨) | ૫૮,૧૦૮ |
| વેદપ્રણિહિતો ધર્મો | (ભાગ.પુરા.૬।૧।૪૦) | ૬ |
| વેદા: શ્રીકૃષ્ણવાક્યાનિ | (ત.દી.નિ.૧।૭-૮) | ૧૩૬ |
| વેદોખિલો ધર્મમૂલં સ્મૃતિશીલે | (મનુસ્મૃ.૨।૬) | ૬ |
| વ્યશેમ દેવહિતં યદાયુ: | (પ્રશ્ન.ઉપ.મંગ.૧।૧) | ૧૧ |
| વ્રજ વ્હાલું રે વૈકુંઠ | (ભક્તકવિ શ્રીદયારામભાઈ) | ૧૧ |
| શૃંગારવીરકરુણહાસ્યરૌદ્ર | (ભર.નાટ્ય.૬।૧૫) | ૧૧૪ |
| સ એષા આનન્દસ્ય મીમાંસા | (તૈત્તિ.ઉપ.૨।૮) | ૧૫ |
| સ ભૂમિં વિશ્વતો વૃત્ત્વા | (પુરુ.સૂ.૧) | ૧૭ |
| સ વૈ નૈવ રેમે, | (બૃહ.ઉપ.૧।૪।૩) | ૧૯,૨૪ |
| સંગાત્ સંજાયતે કામ: | (ભગ.ગીતા૨।૬૨) | ૭૯ |
| સર્વં ખલુ ઈદં બ્રહ્મ | (છાન્દો.ઉપ.૩।૧૪।૧) | ૪૩,૫૧ |
| સર્વં સર્વમયં સર્વે જીવા: | (નૃસિંહો.ઉપ.૯) | ૪૯ |
| સર્વકર્મા: સર્વકામ: સર્વગન્ધ: | (છાન્દો.ઉપ.૩।૧૪।૪) | ૭૫ |
| સર્વાણિ રૂપાણિ વિચિત્ય | (ચિત્યુપ.૧૨।૭) | ૧૫ |
| સેવાકૃતિ: ગુરોરાજ્ઞા બાધનં | (નવરત્ન-૭) | ૧૫૦ |
| સો અકામયત બહુ સ્યાં | (તૈત્તિ.ઉપ.૨।૬) | ૨૮,૬૦ |